# લોગસ્સ સૂત્ર

## એક દિવ્ય સાધના





સાધ્વી
ડૉ. દિવ્યપ્રભા


आरुग्ग बोहिलाभं समाहिवरमुत्तमदिंतु

# લોગસ્સ સૂત્ર

## એક દિવ્ય સાધના

સાધ્વી ડૉ. દિવ્યપ્રભા

પ્રકાશક

ચોરડિયા ચેરિટેબલ ટ્રસ્ટ, જયપુર-3

■ સંસ્કરણ : 3 , ૨૦૦૫ ઇ.(વિક્રમ સં.૨૦૬૨)

■ સર્વ હકો પ્રકાશકને આધીન
પ્રકાશકની લેખીત અનુમતિ વગર આ પુસ્તક અથવા તેના કોઇ પણ હિસ્સાને ભાષાંતર કરવું કે છાપવું એ ગેરકાનૂની ગણાશે.

■ મૂલ્ય: રૂા. ૨૦૦/-

■ પ્રકાશક : ચોરડિયા ચેરિટેબલ ટ્રસ્ટ
ચોરડિયા ભવન, ચૌડા રાસ્તા, જયપુર-3
ફોન : (૦૧૪૧) ૨૫૬૦૮૯૯
ફેક્સ : (૦૧૪૧) ૨૫૬૩૬૫૧

■ અનુવાદક : શ્રી કિશોરભાઇ સી. દોમડિયા
ફોન નં.ઘર (૦૨૨) ૨૮૫૫૫૨૬૫
મોબાઇલ નં. ૯૮૬૯૨૮૭૨૩૪

સંપર્ક સૂત્ર : શ્રી લોગસ્સસૂત્ર આરાધના કેન્દ્ર
વાસ્તુશિલ્પ, બંગલા નં.૧૮,
યૂનિયન બૈંકની સામે, ૬ નં.નાકા,
લામ રોડ, દેવલાલી, નાસિકરોડ-૪૨૨૪૦૧
ફોન.(૦૨૫૩)૨૪૫૨૭૯૭, મો.૯૮૬૦૨૨૧૭૫૯
મો.૯૮૬૯૨૮૭૨૩૪

■ મુદ્રક: પ્રેમચન્દ જૈન દ્વારા
રવિ ઓફસેટ પ્રિન્ટર્સ એન્ડ પબ્લિશર્સ પ્રા.લિ.
૫/૧૬૯/૧, લત્તા કુંજ, આગરા-મથુરા રોડ,આગરા-૨

# પ્રાપ્તિ સ્થાન

- શ્રી કિશોરભાઈ દોમડિયા
  c/o શ્રી લોગસ્સસૂત્ર આરાધના કેન્દ્ર
  વાસ્તુશિલ્પ, બંગલા નં.૧૮,
  યૂનિયન બૈંકની સામે, ૬ નં.નાકા,
  લામ રોડ, દેવલાલી, નાસિકરોડ-૪૨૨૪૦૧
  ફોન.(૦૨૫૩)૨૪૫૨૭૯૭, મો.૯૮૬૦૨૨૧૭૫૯
  મો.૯૮૬૯૨૮૭૨૩૪
- વિપુલ જેમ્સ
  ૧૧૦૫ એ, પંચરત્ન,
  ઓપેરા હાઉસ,મુંબઇ.
  ફોન : (૦૨૨) ૨૩૬૩૭૫૨૯, ૨૩૬૪૩૧૫૭
  ફેક્સ : ૯૧-૨-૨૩૬૭૦૩૧૭.
- શ્રી જયંતિભાઈ પટેલ
  જયદીપ કન્સટ્રકશન કંપની,
  ૩૬પાર્શ્વનાથ ટાવર, સુભાષ ચોક,
  ગુરુકુલ રોડ, ડ્રાઈવ ઈન રોડ, મેમનગર,
  અમદાવાદ-૩૮૦૦૫૪
  ફોન.૦૭૯-૨૭૪૮૦૮૪૪, મો.૦૯૮૨૫૦૩૭૮૨૮
- શ્રી દિલીપભાઈ ધોળકિયા
  ૯૮-ડી, દિવ્યકૃપા, કમલાનગર,
  દિલ્લી- ૭
  ફોન. ૩૯૨૦૨૬૪, મો.૦૯૮૨૪૬૫૩૪૪૦
- શ્રીમતી જ્યોત્સ્નાબેન ધનસુખભાઈ વોરા
  ૫૦/૫૧ અતુલ સોસાયટી, કુમકુમ,
  વલસાડ રોડ, વાપી (ગુજરાત)
  ફોન. (૦૨૬૦)૨૪૨૨૫૧૨, ૫૫૩૯૮૨૧
  મો. ૯૮૯૮૯૩૪૨૮૪, ૯૮૨૪૪૭૬૦૭૦
- શ્રીમતિ ઉર્મિલાબેન કાર્તિકભાઇ પકવાસા
  ૪૦૩ - હોમ કોર્ટ, લોખંડવાલા કોમ્પલેક્ષ,
  વરસોવા, મુંબઇ-૫૩
  ફોબ.૨૬૩૬૯૮૫૨, ૨૬૩૩૫૧૧૮
- શ્રી. સુમેરભાઇ જૈન
  ૨ એ-બી, ઉદય દર્શન, પહલા માલા,
  ૧૧ રોડ, નેહરુ રોડ, સાન્તાક્રુઝ (ઇસ્ટ)
  મુંબઇ-૫૫
  ફોન. ૯૮૨૧૭૨૪૩૦૯

# અંતઃકરણનું નજરાણું !!!

હે પરમ સ્વરૂપ!
પહેલું પાનું ખોલતાં પહેલાં હું સ્મરણ કરું છું તારું,
કારણ, તારા થકી જ બધું કાર્ય સફળ થયું છે મારું,
તારી જ યાદમાં કલમ બોળી લખ્યું ભલે મેં આ બધું,
છતાં તે પણ તું જ લખાવતો ભલે ભુલૂ હું તે બધું,
લખાયેલું તે મારું જ છે, તેમ માની અર્પણ કરુ છું આજ તને,
પણ હું તારી જ છું, તેમ માની આ સ્વીકારી ઋણમુક્ત કર તું આજ મને,
લોગસ્સ તો તારા જ આગમનો અણસાર છે,
તારા આત્માનો ગમ અને આગમનો આધાર છે,
તારા નામનો મારા દિલમાં રણકાર છે,
મને હવે ખબર પડી કે તું આટલો દિલદાર છે,
તું માત્ર મહેરબાન જ નહીં પણ સરગમનો શણગાર છે,
હવે સમજાયું કે મારા આ અવતારમાં તારો જ અણસાર છે.
અમારામાં તો પ્રેમનો છાંટોય નથી,
તમે જ કરી છે પ્રેમની શરૂઆત,
અને તેથી જ તમારી પ્રેમભરી હૂંફમાં,
થઈ ગઈ મારાથી તમારી સાથે વાત,
ખબર છે તને નથી પરવાહ,
કે ભક્તની શું નાત કે જાત,
છતાંય તે સહેજે પૂછી લીધું કે તું કોણ?
કોની કરીશ સ્તુતિ અને ક્યારે કરીશ શરૂઆત?
માંડ માંડ જવાબ માટે વીતાવી મેં રાત,
અને સહેજે થઈ ગઈ મારા જીવનની પ્રભાત,
આંતો છે ગુરુ ગૌતમની સૌગાત,
આનંદ-ઉજ્જવલની છે અમીરાત,
અંતઃકરણની પ્રભુ ચરણે રજૂઆત
પરમાત્માની આત્મા સાથે મુલાકાત
અને તારી જ દિવ્યાની છે આ જાહેરાત

સાધ્વી દિવ્યા

૧૦/૦૪/૦૩, ગુરુવાર

# ! અર્પણમ્ !

જિનેશ્વરં તીર્થંકરં,
ગૌતમ મુનિ ગુરુવરં।
અર્પણં સમર્પણં,
નમામિ ચરણં મહાવીરં ।।

ચરણં શરણં સુકર્ણ સુપર્ણમ્,
વિકલ્પ રહિતં ત્વં કલ્પવૃક્ષમ્ ।
જય હો વિજય હો સદા સર્વત્રમ્,
લોગસ્સ સૂત્રં પરમં પવિત્રમ્ ।।

-સાધ્વી દિવ્યા

# આશીર્વચન

પ્રાતઃકાળે હૃદયનાં દ્વાર ખોલી એક સુંદર સ્વર પરંપરાઓથી જાગૃતતા માટે પોતાનો સંદેશ દેતો આવ્યો છે. જે સંદેશ અમારા બધાં માટે પરમ દિવ્ય ઉપદેશ બની ગયો. એકાએક પરમાત્માનાં અનુગ્રહથી અને ગુરુદેવનાં આશીર્વાદથી મારી અનુજાનાં ભાવનો અનોખો આનંદ બની ગયો.

આનંદમાં રહેવું અને આનંદમાં જીવવું .
આનંદ મેળવવો અને આનંદ વહેંચવો .

એજ આત્માર્થી ગુરુદેવ યુગલભ્રાતૃ મોહન-વિનયની આજ્ઞા છે....

આ લોગસ્સ સૂત્ર આકૃતિ, પ્રકૃતિ અને સંસ્કૃતિનાં નિર્માણમાં સંપૂર્ણ સહયોગ આપી રહ્યો છે. મને ગર્વ છે કે આ લઘુસૂત્રને મહાસાગર સમ બનાવી મારી અંદરથી ઉભરાતી આશીર્વાદની સરિતાને વહેવડાવી સર્વદા ગૌરવવંતિ બનાવી છે.

છેલ્લે અંતઃકરણની અભિલાષા છે કે દિવ્યા ! તું આવા મહાન કાર્યો દ્વારા સદા તારી ક્ષણે ક્ષણ પરમાત્માને અર્પણ કરતી રહે. આનંદમાં વહેતી રહે અને પ્રભુનો પ્રસાદ વહેંચતી રહે.

— સાધ્વી ડૉ. મુક્તિપ્રભા.

# મંગળ અભ્યર્થના

આ તો છે પ્રભુનો સંવાદ,
સાંભળી ! દઉં છું આશીર્વાદ।
જે કરે છે આ સંવાદ,
તેને રહે ન વાદ વિવાદ।।

ઘરે ઘર પહોચે આ સંવાદ,
આ છે મારો અંતરનાદ।
આનંદ ઉજ્જવલનાં આશીર્વાદ
ધન્યવાદ મુબારકબાદ।।

- સાધ્વી દર્શનપ્રભા

# પ્રકાશકીય

આજે લોગસ્સ સૂત્ર વિવેચન આપ સહુનાં હાથમાં મૂકતા મને બહુ જ આનંદ થાય છે. આજે પણ એ દિવસ મને યાદ છે જ્યારે ૧૯૯૭માં જયપુરનાં જવાહર નગરમાં શ્રુતાચાર્યા સાધ્વી ડૉ.મુક્તિપ્રભાજી અને વાત્સલ્ય સ્વરૂપા પૂ. દર્શનપ્રભાજી મ.સા.નું ચાતુર્માસ હતું. એ વર્ષે દિવાળી પછી બીજે દિવસે ગૌતમ પ્રતિપદા સ્વરૂપે વિ.સં.૨૦૫૫ નો પ્રથમ દિવસ હતો. ત્યારે અરિહંતપ્રિયા સાધ્વી ડૉ.દિવ્યપ્રભાજીએ આશીર્વાદ સ્વરૂપે શબ્દો દ્વારા ભગવાન મહાવીરનાં નિર્વાણ અને શ્રી ગૌતમ સ્વામીનાં કેવળજ્ઞાનનાં સંદર્ભમાં લોગસ્સ સૂત્રનું રહસ્ય ખોલેલું. એ દિવસ લોકો આજે પણ યાદ કરે છે. એ પછી એક સ્વતંત્ર પ્રવચન પણ થયેલું. લોકોની આંખ માંથી વહેલા પ્રભુ મિલનનાં એ આનંદાશ્રુ હજી પણ ભૂલ્યા ભૂલાતા નથી.

એ સમયે જનસમુદાયને સમજાણું કે અનાદિકાળનાં મિથ્યાત્વનો નાશ કરવામાં લોગસ્સ સૂત્રનું બોધિ-બીજ અત્યંત મદદરૂપ થાય તેમ છે. આમાં સમક્તિની અખંડધારાનો પ્રવાહ વહે છે. પ્રભુ મિલનનું આ અદ્ભુત સૂત્ર છે. ત્યારથી લોકોનો એક આગ્રહ રહ્યો કે આ વિશે અમને કંઇ વધારે જાણવા મળે. સમયની મર્યાદામાં રહીને કંઇ કેટલાયે જાણ્યાં અજાણ્યાં કારણોસર આ વિષય ને પ્રસિધ્ધ કરવામાં વિલંબ થતો રહ્યો.

સાધ્વી સમુદાયના બે અલગ અલગ ચાતુર્માસને કારણે પણ વધારે ઢીલ થઇ. આમા સંપાદિત પ્રવચનો ઇ.સ.૧૯૯૯ માં મુંબઇ વાલકેશ્વરમાં આયંબિલ ની ઓળીમાં આપેલા,ઇ.સ.૨૦૦૦ માં અમદાવાદ સ્થાનકવાસી સોસાયટીમાં આપેલા ત્રણ પ્રવચનો અને આબુમાં ડૉ.જે.પી.જૈન અને શ્રીમતી વિનોદજી આદિ ગ્રુપને આપેલા તેનું સંકલન છે. ત્રણ કેસેટ મને મુંબઇથી આવેલા બીનાબેન ગાંધી અને થોડી કેસેટ આબુથી મળેલી તેની ઉપરથી વ્યવસ્થિત લખાવી મેં સાધ્વીજી ને મુંબઇ પહોચાડી. આમા પાછા સાધ્વી શ્રી સહજ સાધનાજીની લખેલી

નોંધો પણ ઘણી ઉપયોગી થઇ. ચિત્રો સાથે લખેલી પ્રવચનોની નોંધો જોઇ ને હું ખૂબ જ ભાવવિભોર થઇ ગયો. આ અદ્વિતીય આનંદને માણવામાં વાચકવર્ગ ને સરળ થાય તે માટે આ સંકલનને પ્રકાશિત કરવા માટે શ્રુતાચાર્ય સાધ્વી ડૉ.મુક્તિપ્રભાજીની અનુમતિ માગી અને સંપાદન માટે સાધ્વી ડૉ.અનુમાજી ને નિવેદન કર્યું. સાધ્વી સમુદાયે આ કાર્ય પૂર્ણ કરવા સમ્પૂર્ણ સહયોગ આપ્યો એ માટે હું સાધ્વી સમુદાયનો અત્યંત આભારી છું.

કાર્યને પૂર્ણ સ્વરૂપે પહોચાડવા માટે મ.સ. પાસે લાવવા લઇ જવાની જરૂરી સુધારા-વધારાની હસ્તપ્રતો,ચિત્રો વગેરેની વ્યવસ્થા ખૂબ જ સુંદર રીતે પાર પાડનાર શ્રી જયંતિભાઇ પટેલ તથા શ્રી મેહુલભાઇ ધોળકિયા નો પણ હું અત્યંત ઋણી છું. ઉપરાંત નાસિકરોડ સ્થિત શ્રી દિલિપભાઇ સંકલેચાને પણ હું કેમ કરી ને ભૂલી શકું ? જેમણે શાનદાર સજાવટ કરી આવરણ પૃષ્ઠ તૈયાર કરી આપ્યું. સાથે રવિ જૈન અને ચિ. અતુલ જૈન નો પણ હું એટલો જ આભારી છું કે તેમણે પુસ્તક સ્વરૂપે આ પ્રસાદ ને વાચકવર્ગ સુધી પહોંચાડવા માટે મુદ્રણ કળાનો અદ્‌ભૂત પરિશ્રમ કર્યો છે. સાધુ સમાજ તથા લોગસ્સ સૂત્રનાં આરાધકો આ પુસ્તકને વાંચી સાધના સ્વીકારીને આત્મ વિકાસ કરે તેવી મનોકામના.

અંતમાં હું કિશોરભાઇ દોમડિયાનો આભાર માનું છું જેઓ અરિહંત પ્રિયા સાધ્વી ડૉ.દિવ્યપ્રભાજીનાં નાના ભાઇ છે. તેઓ પોતે લોગસ્સનાં આરાધક છે,તેમણે પુસ્તકનો ગુજરાતી અનુવાદ કરી ગુજરાતી વાચકોને આ નવું નજરાણું ધર્યું. અતિશયોક્તિ ન માનતા અનુભવ કરશો કે આ કૃતિ ગુજરાતી સાહિત્યની સંશોધન અને સાધના બંને માટે ધરોહર સ્વરૂપ છે.

વિશેષમાં હું ધન્યવાદ આપીશ કિશોરભાઈના ધર્મપત્ની આશાબેન અને વાપીવાળા જ્યોત્સ્નાબેનને જેમણે ગુજરાતી પ્રુફરિડિંગમાં સહયોગ પ્રસ્તુત કર્યો.

આપનો જ

ઉમરાવમલ ચોરડિયા

# સંદેશ બની ગયો ઉપદેશ

- કહ્યું તું એમણે..!
  સંસારમાં તરી જવાનું સરળ સાધન છે..! લોગસ્સ સૂત્ર..!
- કહ્યું તું એમણે..!
  લોગસ્સ સૂત્રં પ્રણમામિ નિત્યં..!
- સમજાવેલું એમણે..!
  લોગસ્સ બે ચીજ આપે છે.
  સિધ્ધિ અને પ્રસિધ્ધિ
  તમે પ્રસિધ્ધિ પામવા નહીં
  પણ સિધ્ધિ પામવાની ભાવના ભાવજો.
- સાથે કહ્યું હતું એમણે..! કે
  તરવા માટે ઉંડા પાણી માં કુદવું પડશે
  પણ પૂછતા નહીં..! કે પાણી કેટલું ઉંડુ છે ?
  કારણ કે તમારે ડુબવું નથી..!
  ખરવું છે..!
- સમજાવ્યું તું એમણે..કે
  સંસારમાં આકાર છે પણ બધાં આકાર આહત છે.
  નિરાકાર જ ફક્ત અનાહત છે અને તે અનાયાસે જ મળે છે.
  અનાયાસનો પ્રયાસ નથી હોતો
  અનાહત આપશે અનાયાસ પ્રકાશ
  તમે એ અજવાળે અજવાળે ચાલ્યા જજો..! જ્યાં તમારી મંજિલ છે.
- માર્ગમાં ઉચ્ચારજો ત્રિપદી..!
  તિત્થયરા મે પસીયંતુ
  સમાહિવરમુત્તમં દિંતુ.
  સિધ્ધા સિધ્ધિ મમ દિસંતુ.

• સાધના બતાવી હતી એમણે ..!

ઉસભં-અજિઅં આદિ ચોવીસ નામ મંત્ર છે.
પ્રણામ કરતા જજો..નામ જપતા જજો અને
અનામ હોવાનું પરિણામ પામતા જજો.
મૂળ મંત્ર જિણં છે! પ્રત્યેક સાત ચક્રમાં કરવામાં
આવતી સાત નામમંત્રની મંત્રણા
જિણં મંત્ર દ્વારા આત્મસાત્ કરજો.
આ હતો એમનો શક્તિપાત્
આ હતો મારો ભક્તિપાત્
આજ થયો તે આત્મસાત્..!
એમણે પૂછયું હતું.....!
આજે જે દેખાતું નથી છતાં દેખાય તેવું શું?
પછી એમણે જ કહ્યું ......!
ઉજ્જોયગરે એટલે પ્રભાત..
જેમાં સૂરજ ન દેખાય છતાં અજવાળું થઇ જાય છે.
સમગ્ર સંસાર ને જોઇ શકાય છે.
પછી સૂરજ ઉગે છે! ગર્મી થાય છે, તડકો આવે છે.
એને કહેવાય છે પ્રકાશ.
લોગસ્સ સૂત્ર ઉજ્જોયગરે થી પ્રારંભ થઇ પયાસરા માં
સમ્પન્ન થઇ સિધ્ધોં દ્વારા સિધ્ધિ નો અધિકાર અપાવે છે.
લોગસ્સ સૂત્રનો સ્વાધ્યાય મારું પ્રભાત છે.
ઉદ્યોત છે. અજવાળું છે. એને પુસ્તક સ્વરૂપ
પ્રાપ્ત થવું એ પણ એમનો જ પ્રકાશ છે.
તમારા હાથમાં પહોચ્યું તે તમારી સિદ્ધિનો અવકાશ છે.
અને અંતમાં......!
તેમના ચરણમાં મૂકી મસ્તક,
કહું છું આ છે આપનું પુસ્તક.
પુસ્તક અને મસ્તક લઇ લો,
મને મારી સિદ્ધિ દઇ દો.

પ્રિય પાઠકો..!

તમે શું વિચારી રહ્યાં છો ? કે કોણ હશે આ ? જેણે મને આ બધું આપ્યું ? ફક્ત મને જ..! આશ્ચર્ય નહીં પામો છોડો બધી જંજટ..! ચૂપચાપ ચાલ્યા આવો મારી સાથે.! ભૂલી જાવ સમગ્ર સંસાર ને કરો દર્શન ભાવોનું ભાવ થી સ્પર્શન, કરો ઓળખાણ તેમની ઓળખાણમાં છે આત્મ સ્વરૂપની જાણ..!

યાદ આવે છે એ દિવસ..!જો કે અતીત વ્યતીત થઇ જાય છે અને વિતેલો સમય પાછો કદી આવતો નથી, પણ વિતેલી યાદો આવી શકે છે ધ્યાનમાં અને સ્મૃતિમાં. ધ્યાનની ધારણા અવધારણા બની શકે છે. મહાપુરુષોનાં પ્રથમ દર્શનની અનુભૂતિ ક્યારેય ઓજલ નથી થઇ શકતી.

આ છે આત્માર્થી ! ભવ્ય જીવો ના પરમાર્થી !
બની ને સ્વાર્થી ! છોડી ને બન્યા મોક્ષાર્થી!
એમનું નામ છે ઋષિમોહન!

લોગસ્સ છે એમનું આત્મસમ્મોહન .લોગસ્સ સૂત્રમાં છે.....!

ગુરુ ગૌતમ નો આદેશ,ગુરુ મોહન નો સંદેશ.
મળી ને બની ગયો ઉજ્જવલ ઉપદેશ.

-સાધ્વી દિવ્યા

# સમ્પાદકીય

અસ્તિત્વ ની જિજ્ઞાશા છે અસ્તિત્વનાં હસ્તાક્ષર. દરેક જિજ્ઞાશાનું સમાધાન હોય છે. પ્રત્યેક નિરાકાર એક આકારમાં બંધ હોય છે! એટલે જે પ્રયાસ થશે તે પણ પ્રથમ તરંગ લાવશે! આકારમાં બંધ અંગ અંગનો રંગ, રંગની તરંગ, તરંગમાં આકાર, આકારનાં પ્રકાર, પ્રકાર પર પ્રહાર! બન્નેનાં સમાહાર જેમાંથી પ્રગટ થશે નિરાકાર,નિરાકારની સરકારને ઝુકાવી દો મસ્તક, જાગી ઉઠશે આત્મસંસ્કાર.

આજે આ સૂત્ર જિનેશ્વરોંનો મંત્ર બની, પરમ તત્વનો યંત્ર બની પ્રવચનોનાં સંગ્રહ સ્વરૂપે તમારા હાથમાં આવ્યો છે. પુસ્તક રૂપ આ આકારમાં સમાઇ ગયા એ નિરાકાર.

હાથમાં ભલે લ્યો પુસ્તક પણ હા એક છે શરત. તમારે પ્રવચન નહીં પણ પોતાને જ વાચવા, પોતાને જ સાંભળવા. સ્વમાં રહીને સ્વમાં જ રમણ કરજો, સ્વને સ્પર્શીને સ્વને જ પ્રેમ કરજો. આ વિચારો પણ એમના જ છે, જેમની ભાવના નાનું જળબિંદુ બની સમાઇ ગઇ ''સાગર વર ગંભીરા'' માં . ગંભીરતા પામવી બહુ જ દુર્લભ છે. પણ સદ્‌ગુરુની જો કરુણા હોય તો અવશ્ય પાર ઉતરાય છે. કોઇ કે કહ્યું પણ છે....

દુર્લભો વિષયત્યાગઃ, દુર્લભં તત્વદર્શનમ્ ।
દુર્લભા સહજાવસ્થાઃ, સદ્‌ગુરોઃ કરુણાં વિના ।।

સ્તોત્ર સ્વરૂપે આપણા સ્વાધ્યાયમાં જે નિયમિત વંચાય છે,કાઉસ્સગ સ્વરૂપે જે પળાય છે, પૂજાય છે, ભજાય છે.પ્રાયશ્ચિત સ્વરૂપે જેને સ્વીકારવામાં આવે છે તે લોગસ્સ સૂત્ર અધ્યાત્મનો મોટો ખજાનો છે. તે વિચાર્યુ પણ ન હતું, અને સાંભળ્યું પણ ન હતું. આત્મ વિજ્ઞાનના આવરણોં ને જે ખોલી નાખે અને ભૌતિક વિજ્ઞાનના નિયમોને પોતાનામાં નિયમો સાથે અપનાવી લે, એવું અદ્‌ભુત સામંજસ્ય સ્વરૂપ લોગસ્સ સૂત્ર રજુ થઇ રહ્યું છે.

પ્રસ્તુત સંકલન અરિહંતપ્રિયા દિવ્યાજીની આ સૂત્ર પર કરેલી શોધ છે.અમે એને અપનાવી મોજ કરીએ. એમના દ્વારા આપણે એક ગૂઢ રહસ્ય

પામ્યા છીએ.ઘણીવાર રાતમાં ,મધરાતમાં, સુનીરાતમાં, એકાંત રાતમાં એવો આભાસ થયો છે કે દિવ્યાજી કોઇની સાથે કઇંક વાત કરે છે. જોઇએ પણ કોઇ દેખાય નહીં. સાથે રહેતી હતી હું અને મારા ગુરુણી શ્રુતાચાર્યા સાધ્વી ડૉ. મુક્તિપ્રભાજી. અમે બન્ને ચુપચાપ સાંભળવવાનો પ્રયત્ન કરીએ પણ ત્યાંતો અવાજ બંધ થઇ જાય. રહસ્ય આજે ખૂલ્યું! આ હતો લોગસ્સ સૂત્રમાં પ્રસ્તુત સંવાદ! આમ તો પરંપરાઓથી લોગસ્સ સૂત્ર આપવામાં આવતું રહ્યું છે. પણ સાધ્વી શ્રી દિવ્યાજીનું કહેવું એમ છે કે તે દાન સ્વરૂપે નહીં પણ ઉપહાર સ્વરૂપે માનવું જોઇએ.દાનનો મતલબ દયા છે અને ઉપહાર નો મતલભ પ્રેમ છે. આ રીતે પરંપરાઓથી લોગસ્સ સૂત્ર રજુ થતું રહ્યું છે. શાશ્વત સૂત્ર હોવા છતાંયે પણ પ્રત્યેક ચોવીસીમાં એનુ પુનઃગ્રથન થતું રહ્યું છે. ચિરકાળ થી સૂત્ર સ્વરૂપે અવતરી ને ઉપહાર બની રજુ થતું રહ્યું છે.

ઉપહારોની આ પરંપરાને જાળવનાર સાધ્વી શ્રી દિવ્યપ્રભાજીનું સ્પષ્ટ માર્ગદર્શન તેમની વિચારધારાઓ માંથી મળી આવે છે કે જેમના અંગુઠામાં અમૃત ઉત્પન્ન થઇ લબ્ધિ રૂપે પ્રગટ થઇ ને પ્રસાદ રૂપે પંદરસો સાધકોની સાધના ને કેવળજ્ઞાન ની સાધના માટેનું સાધન બની ગયું , એ અમૃતધારા ક્યાંથી આવેલી ? ભગવાન મહાવીરની અનુગ્રહધારા , ગૌતમ સ્વામીની ભાવધારામાં વહેતી હતી. અને ગૌતમ સ્વામીની ભાવધારા કરધારા બનીને સમસ્ત ભરત ક્ષેત્રમાં વહેતી રહી એ ધારા એટલે જ લોગસ્સ ધારા.

એક રહસ્ય સાંભળ્યું છે! ઇ.સ. ૧૯૬૦ માં ડીસેમ્બર મહિનાની તારીખ બરાબર યાદ નથી, રાષ્ટ્રોનું રાષ્ટ્ર મહારાષ્ટ્રમાં શિરુર તાલુકાનું ઘોડનદી ગામ,ગામનાં પરમધામમાં બિરાજમાન પ્રસ્તુત લોગસ્સ સૂત્રનાં સંવાદની કૃપા નો સાક્ષાત્કાર કરાવનાર આત્માર્થી ગુરુદેવ પૂ.શ્રી મોહનઋષિજી મ.સા. તથા વિનયઋષિજી મ.સા. ધ્યાન સાધનામાં લીન હતા.તે સમયે મહાવિભૂતિ જૈન શાસન ચંદ્રિકા પૂ.શ્રી ઉજ્જવલકુમારીજી મ.સ. વાત્સલ્યમૂર્તિ રૂપ પૂ.માતાજી મ.સ. સાથે પૂ. ગુરુદેવના સ્થાનક તરફ આવી રહ્યાં હતા, સામેથી એક ૯/૧૦ વર્ષની બાળિકાને આવતી જોઇ તેમના મોઢા માંથી ઉદ્‌ગાર નીકળી પડયાં કે ભારતી! તું આવી ગઇ, ચાલ તને ગુરુદેવનાં દર્શન કરાવું , એમ કહી બાળિકાનો હાથ પકડી અંદર પધાર્યા ગુરુદેવને કહ્યું લ્યો ભારતી આવી ગઇ. બાળિકા વિચારવા લાગી કે સાધુ સાધ્વીઓ તો જોયા હતાં પરંતુ આવા મહાન વિભુતિ જેમનું ફક્ત નામ સાંભળ્યુ હતું પણ જોયા ન હતા. એમણે મને મારા નામ થી કેવી

રીતે ઓળખી ? તે જ વખતે તેને કથા યાદ આવી અને ઇતિહાસની પુનરાવૃતિ થઇ કે ઇન્દ્રભૂતિ ગૌતમ ને ભગવાન મહાવીરે આવી રીતે જ બોલાવ્યા હતાં.

ગુરુ શિષ્યની ઓળખાણ આ રીતે જ થાય છે. અપરિચિત છતાં ચિરપરિચિત બાળિકા ગુરુ ચરણોમાં વારી ગઇ. થોડીવાર પછી ગુરુણી શ્રી ના કરાગ્રો પર ફરતી આંગળીઓ ને જોઇ બાળિકાએ પૂછયું..! તમે આ શું ગણો છો ?

સામેથી ઉત્તર મળ્યો લોગસ્સ.....!

બાળિકાએ ફરી પૂછયું નવકાર મંત્ર તો હાથ ઉપર ગણી શકાય છે પણ આવડો મોટો લોગસ્સ કેવી રીતે ગણી શકાય ?

ગુરુણી શ્રીએ કહ્યું એ જ રીતે જેમ નવકાર ગણી શકાય છે.

ગુરુદેવે બાળિકા ને પૂછયું શું તને લોગસ્સ આવડે છે ?

હા! કહેતા જ બાળિકા પોપટની જેમ લોગસ્સ બોલવા લાગી. બાળિકાનાં મોઢામાંથી આ પ્રકારે લોગસ્સ સાંભળતા જ ગુરુજી અને ગુરુણી બન્ને હસી પડયાં.

ગુરુદેવે પૂછયું: આ લોગસ્સ તને કોણે શીખવ્યો ?

બાળિકાએ કહ્યું: પિતાશ્રી ચિમનભાઇએ.

ગુરુદેવે પાછુ પૂછયું: કેટલીવાર લોગસ્સ બોલે છે ?

બાળિકા કહે : ગુરુદેવ બાર વાર બોલીને કાઉસ્સગ કરું છું.

બસ પછી આગળ ગુરુદેવે જે કંઇ પણ આપ્યું તે ગ્રંથાકારે આજે રજુ થઇ રહ્યું છે.

સમયની સાથે બાળિકા ભારતી તે સાધ્વી દિવ્યપ્રભાજી બન્યાં અને ગુરુદેવે બીજી કેટલીક ગૂઢ સાધનાઓ બહેનને કરાવી. કરાવવાવાળાએ કરાવી, કરવાવાળાએ કરી પણ હા! એ સાધનાનું સફળ રહસ્ય તો પુસ્તક સ્વરૂપે આજે રજુ થઇ રહ્યું છે.

સોનામાં જાણે સુહાગ. આપણાં અહોભાગ્ય ઇ.સ. ૧૯૮૨ની સાલ એ જ અહમદનગરની ધરતી. પાત્રો બદલાયા હતાં, પણ પાત્રતા તો એ જ હતી. નાસિકરોડનું સફળ ચાતુર્માસ પૂર્ણ કરીને વાત્સલ્યમૂર્તિ પૂ. માણેકકુંવરજી મહાસતીજી પોતાના ૧૧ સાધ્વીઓનાં સમુદાયને લઇ ને અહમદનગર પધાર્યા. સાથે અમારી પ્યારી બહેન અરિહંતપ્રિયા સાધ્વી ડૉ.દિવ્યપ્રભાજીની આચાર્ય ભગવંત સાથે રોજ સાધના ની ગંભીર વાતો ચાલતી હતી, સાધ્વી જી ને શક્રસ્તવ

તરફ લોગસ્સ આરાધિકાના સ્વરૂપે જોઇ ભગવન્તે ખજાનો ખોલી નાખ્યો. અને કહ્યું આ એક અનુપમ ચીજ તને આપું છું જે તને અન્યત્ર ક્યાંય પણ મળવી દુર્લભ છે. આની સાધના કરજે અને આના રહસ્યો ને ખોલજે.

આટલું કહીને ભગવંતે તેમને ૨૪ અનાહત યંત્રની એક અનાહતપ્રત દેખાડી અને સંશોધન તથા સાધના માટે અર્પિત કરી જે આ ગ્રંથનું નવીન પ્રકરણ છે.

આનું સંપાદનનુ કામ અને નામ બન્ને મને મળે છે. પરંતુ આમાં અનેક લોકોનું યોગદાન છે. વાલકેશ્વરમાં થયેલા પ્રવચનોની મુખ્ય નોંધ મને મારી વ્હાલી નાની ગુરુ બહેન સાધ્વી સહજ સાધના પાસેથી મળી છે. જે આજે લોગસ્સ સૂત્રં પ્રણમામિ નિત્યં ની ધૂન લગાડી અનેકો આત્માઓ ને સાધનામાં જોડી રહી છે. બીજી કેટલીક વિગત બીના ગાંધી અને દેવયાની બહેન પાસેથી મળી. તો પણ ઓછપ લાગતી હતી. જમ્મુ સમુદાય સાથે આવેલા ચંદન બહેન પોતાનું અંતઃકરણ ખોલીને એ અધૂરપ પૂર્ણ કરી. એમણે કેટલુંક ધ્વનિબધ્ધ અને કેટલુંક સ્વલિખીત પણ આપ્યું છે. શિરોતાજ પરમ ઉપકારી સાધ્વી માતા શ્રુતાચાર્યા સાધ્વી ડૉ.મુક્તિપ્રભાજી ત્યાં બિરાજમાન હતાં. તેઓ પણ એમને સાધના અને લખવાની પ્રેરણા આપતા રહ્યાં. આબુ પર્વત એક રીતે દિવ્યાજી માટે લોગસ્સનું સ્મૃતિકેન્દ્ર બની રહ્યું .

શ્રીમાન ઉમરાવમલજી ચોરડિયાનાં સુપુત્ર શ્રી શાંતિકુમાર ચોરડિયાએ ઉપયોગી સાહિત્ય ઉપલબ્ધ કરાવી સંશોધન માટે પૂરેપૂરો સહકાર આપ્યો છે.

કેટલુંક અપ્રાપ્ત સાહિત્ય મુંબઇ યુનિવર્સીટીનાં વિશાળ ભંડાર માંથી લાવી દેવાનું કાર્ય સંસારી ભાઇ કિશોરે કરી આપ્યું. આ રીતે અનેકોનાં સાથ સહકાર દ્વારા આ શોધ પરમાત્માનાં ચરણોમાં ખોવાઇ જવા માટે આશીર્વાદ રૂપ, પરમતત્વ સાથે વાતો કરવા માટે સંવાદ રૂપ અને મુક્તિ પામવા માટે પ્રસાદ રૂપ બનો. એજ મંગળ અભ્યર્થના. આ પુસ્તક વાચક વર્ગ ખૂબ ઉંડાણથી વાંચે અને સાધનામાં આગળ વધે એજ મંગળ પ્રાર્થના.

સાધ્વી અનુપમા.

# "લોગસ્સ ધુન"

લોગસ્સ સૂત્રં - પ્રણમામિ નિત્યમ્
વંદામિ તીર્થં - વંદામિ જિણં
સુકર્ણં સુપર્ણં - ઉદારં વિશાલમ્
અવલોકનીયં - દૈદિપ્યમાનમ્
એકાત્મધ્યાનં - સિધ્ધાલોકતોષમ્
કલ્પં વિકલ્પં - સ્વયં કલ્પવૃક્ષમ્
દેવા પૂજન્તિ - ત્વ પાદ્ પદ્મમ્
સર્વ ભીતિ મુક્તં - સ્વ ધ્યાન યુક્તમ્
સમ દ્રષ્ટિ ક્ષાયિક - પ્રખર જ્ઞાન રૂપમ્
બહિરંગ ત્યાગી - ચિદાનંદ લીનમ્
વંદામિ નિત્યં - પ્રણમામિ નિત્યમ્
જય હો વિજય હો - સદા સર્વત્રમ્
લોગસ્સ સૂત્રં - પરમં પવિત્રં
સંસાર સાગર થી પાર ઉતારો
સિધ્ધો મને મારી સિધ્ધિ અપાવો
લોગસ્સ સૂત્રં - પ્રણમામિ નિત્યમ્

# અનુક્રમણિકા


| ક્રમાંક | | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૧. | દેહાલય માં દેવાલય | 3 |
| ૨. | દેવાલય માં વિશ્વાલય | 25 |
| ૩. | વિશ્વાલય માં સ્વવિલય | 43 |
| ૪. | સ્વવિલય માં નિજાલય | 61 |
| ૫. | નિજાલય માં સ્વરાલય | 83 |
| ૬. | સ્વરાલય માં જિનાલય | 101 |
| ૭. | જિનાલય માં સિધ્ધાલય | 123 |
| ૮. | સિધ્ધાલય માં આત્મવિલય | 141 |
| ૯. | આત્મવિલય માં પરમાત્મલય | 195 |

# લોગસ્સ ઉજ્જોયગરે
# અમ સહુંનું તમ હરે

લોગસ્સ ઉજ્જોયગરે, ધમ્મતિત્થયરે જિણે।
અરિહંતે કિત્તઇસ્સં, ચઉવીસં પિ કેવલિ।।

ઓ વિશ્વંભર ! જગહિતકર લોકનું સૂત્ર તું છે.
ચોવીસ જીનવર જેમાં દિશે એવું એક જ ચિત્ર તું છે.
કીર્તનમયી બની અવતરિત થયો એ ગૌતમનો પત્ર તું છે.
મુક્તિ સુધી પહોંચાડે જે એવો એક જ મિત્ર તું છે.

# ૧. દેહાલય માં દેવાલય.

પરોઢનો પ્રારંભ પ્રભાત છે અને પ્રભાતની બક્ષિસ રાત છે. રાતો આવતી રહે છે અને પરોઢો લાવતી રહે છે. એવી જ એક રાત ની આ વાત છે. એ અંધારી રાતે અધૂરી રહી ગયેલી વાતે એક મુનિ એકલા હતાં,જો કે આમ તો એ પ્રભુનાં વ્હાલા ચેલા હતાં. એકલા હોવું એ એક પ્રકૃતિ છે. સ્મૃતિનું સાનિધ્ય એ સંસ્કૃતિ છે. યાદોનું ઉપધાન છે. પવિત્ર પ્રણિધાન છે. વિચારી રહ્યાં હતાં, કે જે અપૂર્ણ છે તેને પૂર્ણ કરવું છે. હવે ક્યાંય નથી જવું માત્ર પ્રભુની પાસે જ રહેવુ છે. પ્રભુ ! મારી પુકાર સાંભળો અને મને તમારુ સાનિધ્ય આપો. ભલે રાત અંધારી હોય પણ પ્રભુ તમે જ મારું અજવાળું ,અને તમે જ મારી પૂર્ણિમા. તમે જ મારા ગુરુ અને તમે જ મારા પરમાત્મા.

આ વાત છે પરમાત્મા મહાવીરનાં પરમ શિષ્ય ગૌતમ ગણધરની. અંતિમ તીર્થંકરનાં અદ્‌ભુત શિષ્ય. અનેકો કેવળી શિષ્યોનાં ગુરુ. ભક્તોનાં ભગવાન. જન જનનાં કષ્ટ હરનાર. સહુંનાં તારણહાર. કર્મોનો સંહાર કરનાર. દુઃખીયોનાં રક્ષક. હજારો સંતોનાં ગણનાયક. ચાર જ્ઞાનનાં સ્વામી. સહુનાં અંતર્યામી. અવશ્ય મોક્ષગામી. પરોઢની પ્રતીક્ષા છે. કાયમ પ્રભુ સાથે રહેવાની અપેક્ષા છે. પ્રભુ વિરહની વિવશતા છે. વર્તમાન ક્ષણોંની સમીક્ષા છે.

પ્રભુ મિલન માટે અધીરા બનેલા બહાવરા, ઉતાવળા ગૌતમ સ્વામીનાં કાને કાંઇક વિચિત્ર અવાજો સંભળાય છે. એ શબ્દો હતાં..!.જય જય નંદા..જય જય ભદ્દા..! આ ઉદ્‌ઘોષ કેવળિભગવંતોનાં નિર્વાણ સમયનો છે. એમણે વિચાર્યું કે પરમાત્માનાં તીર્થ માં રોજ કોઇ ને કોઇ કેવળિનું નિર્વાણ તો થતું જ રહે છે. એટલામાં કોઇ વાર્તાલાપ નાં શબ્દો સંભળાયા. આ વાર્તાલાપ હતો, ભારત વર્ષની ઉત્તર દિશામાં ૧૯,૩૧,૫૦,૦૦૦( ઓગણીસ કરોડ,એકત્રીસ લાખ,પચાસ હજાર)કિ.મી.નાં અંતરે આવેલ જંબુદ્વીપનાં મહાવિદેહ ક્ષેત્રની આઠમી પુષ્પકલાવતી રાજધાનીનાં પુંડરિકગિણી નગરમાં બિરાજમાન સીમંધર સ્વામીનાં શાસન રક્ષક દેવ યુગલનાં. તેઓ અંદરો અંદર વાતો કરી રહ્યાં હતાં કે હવે શું થશે ? આ.નિર્વાણ તો ભરતક્ષેત્રનાં અંતિમ તીર્થંકરનું નિર્વાણ છે. ભરત ક્ષેત્રમાં ફરી કોઇ તીર્થંકર આ કળિકાલમાં નહીં થાય.ભગવાન મહાવીરનો આ વિરહ ભરતક્ષેત્રવાસીઓ માટે કાયમી વિરહ બની ગયો. ત્યાંથી પસાર થતાં એ ગગનગામી યુગલનો વાર્તાલાપ ગૌતમ સ્વામીનાં કાને અથડાય છે. એમને આ વાત પર વિશ્વાસ ન આવ્યો. એ પોતે જ પોતાની જાત પ્રત્યે શંકાસીલ બની ગયા. પરમાત્માથી વિમુખ રાખવાના પ્રભુનાં અભિપ્રાયો પર પોતાને વિચારો આવવા લાગ્યાં. શરૂઆત થઇ ગઇ અતીતનાં આકલનની વર્તમાનનાં સંકલનની અને

અનાગતનાં આહ્વાનની.

હે પ્રભુ! શું સાચે જ તમે મને કાયમ માટે છોડીને ચાલ્યાં ગયા ? છેલ્લી ક્ષણોમાં મને પાસે પણ ન બોલાવ્યો ? લોક વ્યવહાર પણ ન કર્યો ? તમારો અંતિમ સમય છે તે તમે જાણવા છતાં પણ મને અળગો કયો ? હે દીનાનાથ! મારા ભગવાન! તમે ક્યાં ચાલ્યા ગયા ? મને સૂચના પણ ન આપી ? અનાથોનાં નાથ બનીને મને જ અનાથ બનાવી દીધો ? આપનું સહજ આત્મસ્વરૂપ પૂર્વે પણ નિર્વાણ સ્થિતિનો અનુભવ કરતુ હતુ.આપ પૂર્વે પણ મુક્તાવસ્થામાં મહાલતા હતાં. સિધ્ધત્વની અનુભૂતિ ત્યારે પણ આપનામાં પ્રગટ હતી. આપને શું ફરક પડત ? ફરક તો આજે ભરત ક્ષેત્રનાં જન સમુદાયને પડયો. આપનો પ્રકાશ જનસમુદાયનો શ્વાસ હતો. પ્રભુ! હવે મારા આ પ્રશ્નનો જવાબ આપો..!

**અંધિયારે તમે ઘોરે ચિટ્ઠંતિ પાણિણો બહુ।**
**કો કરિસ્સઇ ઉજ્જોયં, સવ્વલોયંમ્મિ પાણિણં।।**

શું કરશે ? હવે એ લોકો ઘોર અંધકાર માંથી ઉજાસ ને પામવા ? ત્રણેય લોકનાં સર્વ પ્રાણિઓના તન-મન અને જીવનમાં વ્યાપી ગયેલા અંધકારને હવે કોણ દૂર કરશે ? કો કરિસ્સઇ ઉજ્જોયં અંધકારમય આ લોકને કોણ પ્રકાશમય બનાવશે ? બોલો પ્રભુ મારા પ્રશ્નનો જવાબ આપો. અહીં ડગલે ને પગલે અંધારુ છે. તું દરેક અંધકારનો એક માત્ર પ્રકાશ હતો. આધિ-વ્યાધિ-ઉપાધિ રૂપ પાપ-તાપ-સંતાપ હવે કોણ દૂર કરશે ?

આ પ્રશ્ન સર્વલોકનાં પ્રાણિઓના હિતચિંતક, શાસનનાં અધિનાયક, સંઘ રક્ષક, ગૌતમ સ્વામીનો પોતાનો હતો. પજ્ઞાથી પૂર્ણ જાગૃત, આજ્ઞાથી સદા આશ્વસ્ત, કરુણાથી આપ્લાવિત ગૌતમ સ્વામી પ્રભુ વિરહથી અશાંત અવશ્ય હતાં, પણ ભ્રમિત ન હતાં. પ્રભુમાં મુગ્ધ જરૂર હતાં, પણ સ્વયંમાં ક્ષુબ્ધ જરા પણ ન હતાં. પ્રભુનાં રાગમાં રત હતાં પણ અન્ય સમસ્ત પુદ્ગલ ભાવમાં અવિરત હતાં. તરણ તારણનાં દેહભાવમાં લીન રહેતાં હતાં, પણ સ્વનાં સ્વભાવમાં અલીન પણ હતાં. પરમાત્માનાં પાર્થિવ દેહ ભાનમાં ભલે હતાં, પણ અપાર્થિવ સત્તામાં સભાન હતાં.

વીતરાગ પ્રત્યેનો રાગ વિરાગ અપાવે છે. વીતરાગ બનાવે છે. સત્ય જગાવે છે. અને આખરે એજ થવાનું શરૂ થયું સત્ય જાગે છે! મોહ ભાગે છે! અંધકાર દૂર થયો, જન્મો જન્મનાં ફેરા તૂટયા. મોહ છૂટયો. પ્રભુની શાશ્વત સત્તાનો સ્પર્શ થયો. પૂર્ણ મુક્ત દશાના દર્શન થયા. સિધ્ધત્વનો આસ્વાદ થયો. અંતર ખૂલવા લાગ્યું, અંધકાર દૂર થવા લાગ્યો. એકાંતમાં એકતા પ્રગટ થઇ. શાંતિમાં અનેકતા પ્રગટ થઇ. પ્રભુ મહાવીરની શાસન સત્તામાં પૂર્વેનાં ૨૩ તીર્થંકરોની સમાન શાસન સત્તામાં ધ્યાન ગયું. સહું ને સિધ્ધત્વનું ભાન થયું.તીર્થંકર નામ કર્મની પૂર્ણતાનું જ્ઞાન થયું. કર્મક્ષયનો બોધ થયો. સ્વનાં અંતરની ઓળખ થઇ. ચોવીસ તીર્થંકરોંની સ્તુતિ

કરવાનો ભાવ જાગ્યો. ભાવ સ્ત્રાવમય બન્યો. સ્ત્રાવ સ્ત્રોતમય બન્યો. સ્ત્રોત વહેવાં લાગ્યો આકાર પામવા લાગ્યો. નિરાકારનો આકાર અક્ષરમય બન્યો, અક્ષરો સૂત્ર બની શબ્દોમાં ગૂંથાઇને ચાલ્યા સંબંધની યાત્રા પર ! મિલનની પ્રતીક્ષામાં સ્વરૂપનાં દર્શન થઇ ગયા. પ્રશ્ન પોતે જ જાણે ઉત્તર બની ગયો. "કો કરિસ્સઇ "ઉજ્જોયં" પ્રગટ થયું "સો કરિસ્સઇ ઉજ્જોયં" માં, અને ઉત્તરમાં પ્રગટ થઇ ગાથા.......

**ઉગ્ગઓ વિમલો ભાણૂ , સવ્વ લોયપભંકરો ।**

**સો કરિસ્સઇ ઉજ્જોયં, સવ્વલોયંમ્મિ પાણિણં ।।**

સો કરિસ્સઇ એજ કરશે ઉધોત-એજ કરશે ઉધોતની ધૂન શરૂ થઇ ગઇ. જ્યાં સુધી તેઓ મને પાછા નહીં મળે ત્યાં સુધી હું કીર્તન કરતો જ રહીશ. એમની એ કિત્તઇસ્સંની પ્રતિજ્ઞા સાંભળીને ભગવત્સત્તા એમનામાં પ્રગટ થવા લાગી. આત્મસત્તાનો પરમસત્તા સાથે ચાલતો સંવાદ પ્રગટ થાય છે.

વત્સ! કીર્તન કરવા વાળો તું કોણ છે ?

પ્રભુ! એક દિવસ તમે જ મને મારી ઓળખાણ કરાવેલી. તમારો અને મારો પૂર્વ નિયોજીત સંબંધ સમજાવેલો.

પ્રભુ તમે જ તો કહ્યું હતું..!

ચિરસંસિટ્ઠોસિ મે ગોયમા ! ચિરસંથુતોસિ મે ગોયમા !
ચિરપરિચિતોસિ મે ગોયમા । ચિરજુસિઓસિ મે ગોયમા !
ચિરાણુગઓસિ મે ગોયમા । ચિરાગુણવત્તીસિ મે ગોયમા
અણંતર દેવલોએ અણતરં માણુસ્સએ ભવે કિં પરં મરણકાયસ્સ ભેદા,
ઇતો ચુતો દો વિ તુલ્લા એગટ્ઠા અવિસેસમણાણપત્તા ભવિસ્સસામો ।।

ગૌતમ! તારો ને મારો અનેક ભવો થી સ્નેહ સંબંધ રહ્યો છે. તું ચિંરકાર થી મારી સાથે સ્નેહ સૂત્રથી બંધાયેલો છે. તું ચિંરકારથી મારા દ્વારા પ્રસિધ્ધ, પરિચીત, સેવીત અને આજ્ઞાનુવર્તી રહ્યો છે. ક્યારેક દેવતાઓના ભવમાં તો ક્યારેક મનુષ્ય ભવમાં મારી સાથે રહ્યો છે. એટલું જ નહીં પણ હવે સ્વરૂપે ભેદ રહિત ક્યારેય ન છુટા પડનાર એક સાથે રહેવા વાળા સંગી અને સાથી બનીશું.

ઠીક છે વત્સ! પણ તું કીર્તન શા માટે કરે છે ?

પ્રભુ! શું કીર્તન કરવા માટે પણ કોઇ કારણ હોવું જરૂરી છે ? ભકતની આરાધના અને પ્રભુનો અનુગ્રહ હંમેશા અકારણ જ હોય છે. તમે અહેતુકી કૃપાનાં સ્વામી છો. પરમ કરુણાવાન અન્તર્યામી છો. અને પાછા પ્રશ્ન પૂછો છો કે હું કીર્તન શા માટે કરું છું ?

ઠીક છે ! ભલે તું કીર્તન કર. પણ પહેલા તું એ અપાપી નગરીમાં જા જ્યાં મહાવીર કહેવડાવનાર તીર્થંકરની સત્તા તારી ઇંતજાર કરે છે. તું એ તીર્થંકર મહાવીર નાં શાસનની સત્તાનો પુજારી છે. આજ થી તું એ રાજ્ય સત્તાનો

ઉત્તરાધિકારી છે. એ સત્તા તારી પ્રતિક્ષા કરી રહી છે. તે રાજસત્તા તને પોકારે છે. તું મને શા માટે પોકારે છે ? હું તો હવે અનંત સિધ્ધત્ત્વમાં વિલીન થઇ ગયો છું . તું તો તારા માટે જે પુકાર થાય છે તેને સાંભળ. તારી રાહ જોવાઇ રહી છે.તું પગલું માંડ, મહાવીરની શાસન સત્તા તારુ રાજ્યતિલક કરશે. એ સત્તાનો સ્વામી બન.

પ્રભુ મારે સત્તા નહીં સત્ જોઇએ છે. પરમસત્ય જોઇએ છે. તમારુ શાસન નહીં અનુશાસન જોઇએ છે. મને તો મારા સ્વામી જોઇએ છે. મને મારા અંતર્યામી જોઇએ છે.

ગૌતમ ! તું એ સત્તાનો ઉત્તરાધિકારી છો. વારસદાર છો. હવે તારી જવાબદારી એ સત્તા ને સંભાળવાની છે.

પ્રભુ ! જો આવું કરવું જ હતું તો મને પહેલાં જ તમારી પાસે બોલાવવો હતો. તમારા હાથે જ મને તમારી સત્તા સોંપી જવી હતી. તમે તો મને દેવશર્માને પ્રતિબોધિત કરવા મોકલ્યો અને મને અંતરશોધ માટે આ ઘનઘોર જંગલમાં એકલો મૂકી ગયા. તમારી અંતિમ આજ્ઞા પ્રતિબોધ અને અંતરશોધની જ રહી. હું હવે એ જ કરીશ. સ્વની અંતરશોધનો સ્વીકાર અને સહુંનાં સ્વામીનો પોકાર એટલે કે કીર્તન કરીશ. ત્યાં જવાની હવે મારી કોઇ જવાબદારી નથી રહેતી. તમારી આજ્ઞા એ મારી જવાબદારી હતી. સત્તા તો એ સાચવશે જેઓ તમારી પાસે હતા. મારા સત્તાધિકારી તો તમે ભગવાન છો. તમારા વિનાની સત્તાનો હું સ્વીકાર નહીં કરું. હું તો અહીં જ રહીશ જ્યાં તમે મને છોડી ગયા છો.

અહીં તું શું કરીશ ?

તમારા નામનો પોકાર કરીશ.
તમારા ચરણોમાં નમસ્કાર કરીશ.
તમારા સહજ સ્વભાવનો સ્વીકાર કરીશ.
તમારા પરમ સત્યનો સાક્ષાત્કાર કરીશ.

અહીં તું કોની સાથે રહીશ ?

તમારી સ્મૃતિમાં ! તમે જ મારી સાથે છો.

તને ખબર છે કે હવે હું ક્યાં છું ?

હાઁ ! પ્રભુ ! જ્યાં પહેલાં ચોવીસ છે ત્યાં તું પણ છે. એટલે "ચઉવિસં પિ કેવલિ" શબ્દ અહીં "કિત્તઇસ્સં" સાથે ભેગો થઇ "પિ" અર્થાત ચોવીસ અને સ્વયં ગૌતમ.

આનું પ્રમાણ છે પૈસઠિયા યંત્ર આ યંત્ર ૨૫-૨૫ અંકનો છે. આ ૨૫ અંકો થી જ આ યંત્ર આજે પણ પૂર્ણ રીતે ફળીત થતું રહ્યું છે.

જન્મો જન્મનાં અંધકારને દૂર કરવા માટે સૃષ્ટિવાસીઓ સદીઓથી જે સવારની રાહ જોઇ રહ્યાં હતાં તે નવી સવાર ઉગી. સવાર થતાં જ સૃષ્ટિનો સૂર્ય અવનિ ઉપર અવતરે છે. એ કઇ હિસાબ થોડો રાખે છે કે આજે કેટલાક ચોક્કસ

સંખ્યાનાં લોકો ને જ હું પ્રકાશ આપીશ. ફલાણા ગામનું અંધારુ દૂર કરીશ,આટલા જ ફૂલોને ખીલવીશ, આટલા ફળોમાં જીવન અર્પીશ , એતો બસ જેમ જેમ દિવસ ચઢે છે..તે વહેંચે છે, વહે છે, વીખરાય છે, વ્યાપે છે. પણ હા..જ્યારે સાંજ પડે છે ત્યારે બધું જ બદલાઇ જાય છે. સૂર્યનો અસ્ત થતો જ નથી અંધકારનો ઉદય થઇ જાય છે. જગતનાં લોકોનો અંધકાર શરૂ થવા પૂર્વે ની આ ઘટના છે.

વાતાવરણ માં સવાર હતી. પ્રભુ વિરહમાં વિતેલી રાત હતી. ક્યાંક ભક્ત-ભાવિકાઓનાં જીવનમાં અંધકાર ન છવાઇ જાય ? જન્મો જન્મ અજવાળે એવો દીપ પ્રગટાવો. એવો સૂર્ય ઉગો જે છૂપાય નહીં વાદળોમાં. અંધકારમાં અસ્ત ન થાય. ભલે આરો બદલાય, સમય બદલાય, કાળ પડખું ફેરવે પણ એ ઉજાસ જ દે તેવો પરમભાવ પરમ કૃપાળુ ગુરુ ગૌતમમાં ઉદ્ભવો. ભાવ ક્યારે ખાલી નથી રહેતા તે ભરે છે ચેતનાને શબ્દોથી. ગુરુ ગૌતમનો પરમાત્મા પ્રત્યેનો પ્રેમ અંતરનો હતો, ઔપચારીક નહીં. જેનું ફળ છે “લોગસ્સ”.

આખરે આ લોગસ્સ છે શું ? લોગસ્સ એટલે જેનાથી તૂટે છે વિભાવ અને પ્રગટ થાય છે સહજ સ્વભાવ, આનંદનો આવિર્ભાવ અને પરમાત્માનો પ્રભાવ. કેમ કે વિભાવ સંસારનો પર્યાય છે. અને એ વિભાવમાં છૂપાયેલો છે આપણો સ્વભાવ. જો લોગસ્સ આત્મસાત્ થઇ જાય તો સ્વભાવ પ્રગટ થઇ જાય છે. લોગસ્સ સંગીત બની સર્વને સ્વ સાથે લયબધ્ધ કરે છે. પ્રીત બનીને પરમાત્મા સાથે આબધ્ધ કરે છે. સેતુ બનીને પાર ઉતારે છે. સંવાદ બનીને મિલન કરાવે છે. સ્વાદ બનીને અવિરત આનંદ આપે છે. પ્રસાદ બનીને પ્રસન્નતા પ્રગટ કરે છે. શાશ્વત અને સમગ્ર સાથેની મુલાકાતની આ પ્રયોગશાળા છે. લોગસ્સની આરાધનામાં એવી પણ ક્ષણો આવે છે જ્યારે આપણા શાશ્વત અને શુધ્ધતમ અસ્તિત્વની સજગતા પ્રગટ થાય છે.

લોગસ્સનો લાક્ષણિક અર્થ છે, વિશ્વની સમગ્રતા. લોગસ્સ સૂત્ર એટલે વિશ્વની સમગ્રતાનું સૂત્ર. સમગ્રતાનો અભિપ્રાય છે ચેતનાનાં અસ્તિત્વનું સાક્ષીસૂત્ર. આ એક એવું સાધન છે જે પોતે જ સાધ્ય બની જાય છે. આ એક એવી યાત્રા છે જે અંતે મંજિલ બની જાય છે.

આ સૂત્રમાં સાત ગાથા છે. એના અંતરા સાડા ત્રણ છે. પ્રત્યેક ગાથાઓનાં ચાર ચરણ છે. ૨૯ સંપદા છે.કુલ ૨૫૬ અક્ષરો છે. આ સ્તવ છે. કીર્તન છે. આનું મૂળ નામ ચતુર્વિંશતિ સ્તવ છે. પ્રથમ શબ્દ લોગસ્સ હોવાને કારણે એ નામથી પ્રસિધ્ધ થઇ ગયુ. સ્તવ અથવા કીર્તન ગાઇ શકાય છે અને ગવરાવી શકાય છે. એ દ્રષ્ટિએ પણ લોગસ્સ સૂત્ર સક્ષમ રહ્યું છે. આમા બે પ્રકારનાં છંદનો ઉપયોગ થયો છે. પ્રથમ પદ સિલોગ છંદ છે. અને બેથી સાત પદ ગાહા છંદ છે. આપણે છંદનાં નિયમો વિષે ચર્ચા નથી કરતાં. આપણાં માટે આટલી જાણકારી બહુ થઇ ગઇ. હવે આપણે એટલું જ ધ્યાન રાખવાનું છે કે આપણે તેને સારી રીતે ગાઇ શકીએ. પ્રથમ ગાથાને શ્લોક

સ્વરૂપે અને બાકીની ગાથાઓને ગાથા સ્વરૂપે ગાઇ શકાય છે. આમાં અક્ષરો અને પદોની સંપદા અલગ અલગ હોવાને કારણે આનું સમાયોજન કરવુ પડે છે.શાસ્ત્રીય દ્રષ્ટિથી લોગસ્સ માલકોસ, શિવરજની, તોડી અને કલાવતી મિશ્ર રાગ ગણાય છે. આપણો અવાજ ગમે તેવો હોય ગાતા આવડે કે ન આવડે કોઇ ગભરાતા નહીં. છંદની ગતિની ચિંતા નહીં કરતા આ કીર્તન સાંસારીક નથી પરમાત્માનું છે. છંદ આયોજન વ્યવસ્થા જાળવે છે. પણ આપણે તો આપણો સ્વછંદ છોડી ને કીર્તન કરવું છે. આ સૂત્ર નાત-જાત-સંપ્રદાયથી પર છે. આપણે સમર્પણ અને કીર્તનની કિંમત ચૂકવી ને પરમતત્વની મુલાકાત કરવાની છે.

આ સૂત્રની સાત ગાથા હોવી એ પણ એક રહસ્ય છે. આકાશ અનંત છે. એટલે એની વિશાળતા પણ અનંત છે. એને અલોક કહે છે. આ અલોકનાં મધ્યભાગે આકાશમાં લોક છે. આ લોક અસંખ્યાતા જોજન લાંબો પહોળો છે: આનું બીજું નામ ચૌદ રાજલોક છે. ( કેમકે એ ચૌદ રજ્જુનું બનેલું છે.) ધર્મ , અધર્મ, આકાશ,કાળ,પુદ્ગલ અને જીવ આ છ દ્રવ્યોથી યુકત આ લોક એક વિશિષ્ટ પ્રકારનો પવનપુંજ છે. જેને વાતવલય કહેવાય છે. એના આધારે આ લોક આકાશમાં સ્થિર રહે છે. આધારભૂત આ વાતવલય ત્રણ પ્રકારનાં છે. પ્રથમ ધનોદધિવાતવલય જેમાં હવા અને પાણીનું મિશ્રણ છે. બીજું ઘનવાતવલય જે સઘન વાયુઓ થી સભર છે અને ત્રીજું તનુવાતવલય જે એકદમ હળવો વાયુપુંજ છે.

શાસ્ત્રકારોએ અલોકમાં આ લોકનો આકાર બતાવતા કહ્યું છે કે જેમ કોઇ પુરુષ પોતાના બન્ને પગ ફેલાવી , કમ્મરે હાથ રાખી ઉભો હોય તેવી આકૃતિ વાળો લોક હોય છે.એને બીજી રીતે સમજીએ તો જેમ એક માટીનું કોડિયુ ઉંધુ મૂકીએ તેની ઉપર બીજુ સીધુ કોડિયુ મૂકીએ તેની ઉપર ત્રીજુ એક ઉંધુ કોડિયુ મૂકીએ ત્રણેય કોડિયા આ રીતે ગોઠવતા જે આકૃતિ બને તેવો નકશો આ લોકનો સમજવો.

આ લોકનાં મધ્યભાગે એક નિસરણી જેવી એક રસ્સી (જાડું દોરડું) જેટલી પહોળી ઠેઠ નીચે તળીયાથી ઉપર મોક્ષ સુધી ચૌદરસ્સી જેટલી લાંબી એક ત્રસનાળ છે. લોકનાં ત્રણ વિભાગ છે. ઉર્ધ્વલોક-મધ્યલોક અને અધોલોક આ ત્રસનાળનાં મધ્યભાગમાં જ્યાં બે કોડિયાઓ ભેગા થતાં જોવાય છે. ત્યાં વર્તુળાકાર રૂપે ૧૮૦૦ જોજનની ઉંચાઇ વાળો મધ્યલોક છે. એનુ બીજું નામ તીર્છાલોક છે. પુરુષ આકૃતિમાં આ મધ્યલોક નાભિનાં સ્થાને છે. ઠીક મધ્યમાં મેરુ પર્વત છે. જેનું બીજું નામ લોકનાભિ છે.મધ્યલોક સમ પૃથ્વીની ધરીથી ૯૦૦ જોજન નીચે ૯૦૦ જોજન ઉપર એમ ૧૮૦૦ જોજનની ઉંચાઇ વાળો વર્તુળાકારે છે.

આપણે બધાં આ લોકનાં મધ્યભાગે આવેલી ત્રસનાળમાં રહીએ છીએ. અસંખ્ય દ્વીપસમુદ્રોની વચ્ચે જ્યાં આપણે રહીએ છે તે અઢીદ્વીપ ક્ષેત્ર ૪૫ લાખ જોજનનો છે. એની ઉપર ૪૫ લાખ જોજન ઉંચે છેલ્લા ભાગમાં મુકતાત્માઓને નિવાસ કરવાનું મોક્ષસ્થાન સિધ્ધશિલા આવેલી છે. મનુષ્ય લોક માંથી જ મોક્ષે

જવાય છે. અને મુક્તાઆત્મા સમશ્રેણીમાં જ ગતિ કરે છે. જેથી બન્નેનું પ્રમાણ એક સરખું રહે છે.

जैन दर्शनानुसार **१४ राजलोक**



આજ લોકપુરુષનાં નામે કાવ્ય લખી શ્રીમદ્ રાજચંદ્રજી એ બહુ જ સુંદર કહ્યું છે કે પ્રથમ, મધ્ય કે અંતે આવેલા કોઇ પણ ભાગને જોવો એ અલોકમાં સંસ્થિત છે. બીજી રીતે જેમ અલોક અમૂર્ત છે તેમ આત્મા પણ અમૂર્ત છે.જેમ અલોકમાં ત્રણે લોક મૂર્ત રૂપે સંસ્થિત છે તેમ અમૂર્ત આત્મા ત્રણેય મૂર્ત લોકમાં પોતાનાં મૂર્તકર્મોનાં અનુસાર ફરતો જ રહે છે. અર્થાત જીવનાં ઉર્ધ્વલોક , મધ્યલોક કે અધોલોકનાં પરિભ્રમણમાં કોઇ તેને મોકલી નથી શકતા, પરંતુ સહું જીવ પોતાનાં કર્મોનાં આધારે જ જન્મ-મૃત્યુ કરતો રહે છે. સુખ અને દુઃખ પણ જીવ પોતાના જ કર્મ અનુસાર ભોગવતો રહે છે. આજ સમ્પૂર્ણ અભિપ્રાયને શ્રીમદ્ રાજચંદ્રજીએ પોતાના લોકપુરુષ કાવ્યમાં ખૂબ સુંદર રીતે સમજાવ્યું છે....

લોક પુરુષ સંસ્થાને કહ્યો,તેનો ભેદ કાઇ લહ્યો.

..................................

..................................

..................................

પ્રથમ અંત ને મધ્યે એક, લોક રૂપ અલોકે દેખ.

શું કરવાથી પોતે દુઃખી ? શું કરવાથી પોતે સુખી ?

પોતે શું ક્યાંથી છે આપ તેનો માગો શિઘ્ર જવાબ.

આપણ ને ભ્રમ છે કે બીજા ને લીધે આપણે દુઃખી છીએ. પરંતુ આપણાં સુખ દુઃખનું કારણ તો આપણે પોતે જ છીએ .

જેમ જીવ પોતાના જ પ્રયાસે સંસાર પરિભ્રમણ કરે છે તેમ સર્વ કર્મોથી મુક્ત થવા માટે પણ જીવનો પોતાનો જ પુરષાર્થ કામ આવે છે.નવા કર્મ-બંધન રોકી પૂર્વેનાં કર્મોનો ક્ષય કરી લોકાગ્ર સુધી પહોંચવાની સફળ યાત્રા કરાવે છે .. "લોગસ્સ સૂત્ર". ટૂંકમાં નાભિ ક્ષેત્રમાં રહેલા આપણે બાકી રહેલા સાત રજ્જુની યાત્રા માટે આપણને થાકેલા માનતા હોઇએ તો લોગસ્સની સહાયતા લેવી આવશ્યક છે.જેમ ચૌદ માળનાં મકાનમાં સાત માળ ચઢીને થાકી ગયેલા માણસને સાતમે માળે લીફ્ટની જાણ થતાં આનંદ થાય. તેમજ સાત રજ્જુ પાર કરેલા આપણે પણ લોગસ્સની લીફ્ટની જાણ થતાં આનંદ પામીએ તે સ્વાભાવિક છે. "લોગસ્સ" શબ્દથી શરૂ થઇ "સિધ્ધા સિધ્ધિ મમ દિસંતુ" માં પૂર્ણ વિરામ પામતું લોગસ્સ સૂત્ર સાત ગાથાઓ દ્વારા સાત રજ્જુની યાત્રા પૂર્ણ કરાવી સિધ્ધ સ્થિતિનો અનુભવ કરાવે છે.

આવી રીતે ક્ષેત્ર પ્રમાણની દ્રષ્ટિએ ઉર્ધ્વલોક, મધ્યલોક કરતા સાત રજ્જુથી થોડો ઓછો છે.અને અધોલોક સાતરજ્જુથી થોડો વધારે છે. આપણે એક બહુ મોટો

પ્રયાસ પૂર્ણ કરીને મધ્યલોક સુધી આવ્યા છીએ. શું વિચારી રહ્યાં છો તમે ? એવો ક્યો મહાપ્રયાસ કર્યો, કે જેથી આપણો અર્ધો પ્રવાસ પૂર્ણ થયો ? આ પરિણામ આપણા મહાપ્રયાસનું નહીં પણ પરમાત્માનાં મહાપ્રસાદનું છે. એક જીવ મુક્ત થાય છે, અને આપણી વિકાસ યાત્રાનો પ્રારંભ થાય છે. વિકાસ પૂર્વે જે સ્થિતિમાં હોઇએ છે તેને અવ્યવહાર રાશિ કહેવાય છે. આ રાશિમાં ફક્ત જન્મ-મૃત્યુ થતું જ રહેતું હોય છે. જીવન વિકસિત કરવાની અહીં કોઇ તક મળતી નથી. વિકાસ યાત્રાનું પ્રથમ સોપાન વ્યવહાર રાશિ છે. એમાં જન્મ થવો એ આપણાં જીવનવિકાસનો પ્રારંભ છે.

તીર્થંકર પરમાત્માની આપણા પર કરુણા વહે છે. તીર્થંકરોની આ કરુણા "સવિ જીવ કરુ શાસન રસિક"ની આ ભાવનામાં બળવાન બની પ્રવાહિત થાય છે. પરિણામે આ કરુણા ને લીધે આપણે નિરંતર આગળ વધતા જ રહીએ છીએ. એકેન્દ્રિય, બે ઇન્દ્રિય આદિ યાત્રા સમ્પન્ન કરી આપણે મધ્યલોકમાં સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય જન્મને પ્રાપ્ત કરીએ છે. અહીં પરમાત્માએ કરુણાની જગ્યાએ આજ્ઞાને સ્થાન આપ્યું . હવે આપણા પ્રયાસ યાત્રાની શરૂઆત થઇ રહી છે. કરુણાનાં ભંડાર હવે આજ્ઞાનો અવસર બની ગયા છે. માતા જેમ બાલ્ય અવસ્થામાં બાળકને ખોળામાં લે છે, દુધ પીવડાવે છે, પણ બાળક જ્યારે મોટું થઇ જાય છે ત્યારે માતા તેને ચલાવે છે, બોટલ વગેરે છોડાવી, હાથે જમતા શીખડાવે છે. આજ્ઞા કરે છે. અંદરનાં પરાક્રમને જાગ્રત કરે છે.

અરિહંત પરમાત્માએ તો આપણને આજ્ઞાકિંત કરીને આત્મનિર્ભર કરી દીધાં, પરંતુ ગુરુ ગૌતમ સ્વામી તો અમારી સ્થિતિ અને સામર્થ્યને જાણતા હતા, એમણે જોયુ કે પરિભ્રમણથી થાકી ગયેલાં જીવો કેવી રીતે આગળ વધશે? એટલે એમણે ત્રસનાળનાં મધ્યભાગે લોગસ્સની લીફ્ટ લગાવી દીધી.

સાત ગાથાઓ છે. સાત માળનો પ્રવાસ છે. જેમ ગુણસ્થાન આરોહણમાં સાત શ્રેણી હોય છે એવી જ આ ગાથાઓ છે. સૂર્યનાં સાત રંગોની જેમ પ્રકાશ પાથરે છે. રાતે આકાશગંગામાં ચમકતા સપ્તર્ષિનાં નક્ષત્રની જેમ આ મહાસૂત્ર સર્વે સૂત્રોમાં પોતાનું અદ્‌ભુત સ્થાન ધરાવે છે. પરમતત્વ સાથે મુલાકાત કરવી હોય તો બે રસ્તા છે. એક તો આપણે તેમને મળવા જઇએ અને બીજો તેઓ આપણને મળવા આવે ? આપણે જ તેમની પાસે જવું પડશે. ઉપર ચઢવું પડશે. પ્રવાસ પૂર્વે આપણે તેમને સાદ દેવો પડશે. તેમને આમંત્રણ આપવાનું છે,એટલે આપણે કીર્તન કરશું. આપણે કોઇને બોલાવીએ અને એ જો દૂર હોય તો આપણે ડાબા-જમણા બન્ને હાથનો ખોબો કરીને બૂમ પાડીએ છે. એમ કરવાથી આપણો અવાજ યોગ્ય દિશામાં યોગ્ય સ્થાને પહોંચે છે. અહીં કીર્તનમાં આપણે આપણાં ડાબા હાથની હથેળી વાળી તેના ઊપર જમણા હાથની હથેળી મૂકીને નાભિથી થોડી નીચે ગોઠવીને રાખવાની છે. આ મુદ્રામાં રહીને આપણે કીર્તન કરવાનું છે.

પરમ ગુરુ ગૌતમ સ્વામી પોતે મુદ્રામય બની ગયા. નાભિને સ્પર્શેલા હાથ ઉર્જામય બની ગયા. નાભિની ઉન્નતિ થઇ. ઉન્નતિમાં જાગૃતિ આવી. જાગૃતિમાં લય, લયમાં મુક્તિનો મહાલય, મહાલયમાં હૃદયનો હિમાલય, હિમાલયમાં જિનાલય, જિનાલયમાં સિધ્ધાલયની અનુભૂતિ થવા લાગી. ભક્તિની ચરમ સીમા છે. પૂર્ણતાનું લક્ષ્ય પરમ છે. પરમશોધ હવે સંબોધનમાં અને સંબોધન હવે સમાધિમાં સમાઇ રહ્યું છે. વાતાવરણમાં સન્નાટો છે. શાંતિ છે. એકાંત છે. ભયાનક જંગલની ભયાનકતા ભગવત્સત્તામાં સમાપ્ત થઇ રહી છે.

"કો કરિસ્સઇ ઉજ્જોયં ? " નો પ્રશ્ન પોતે જ પ્રકાશિત બની ને અવતરી રહ્યો છે. શ્વાસ- વિશ્વાસમય બની ગયો. જગતમાં છવાયેલો અંધકાર પરમાત્મા જ દૂર કરશે. અજવાળુ એ જ કરશે. અપાર્થિવ સત્તાપણ અદ્‌ભુત છે. અંધકાર પ્રકાશમાં બદલાવા લાગ્યો. "અંધિયારે તમે ઘોરે"નો પ્રશ્ન ઉત્તર બની ને અવતરિત થયો.

**ઉગ્ગઓ વિમલો ભાણુ: સવ્વલોય પભંકરો।**

**સો કરિસ્સઇ ઉજ્જોયં, સવ્વલોયમ્મિ પાણિણં।।**

એજ કરશે પરોઢ, એજ કરશે પ્રભાત. એજ દૂર કરશે અંધકાર. અંધકારનાં કેટલા પ્રકાર રાતનો અંધકાર, અમાસનો અંધકાર, અંદરનો અંધકાર, બહારનો અંધકાર, અંધકાર જ અંધકાર; પણ સર્વે પ્રકારનાં અંધકાર માત્ર એજ હરશે. એજ કરશે બધાની સવાર. ભલે રાત અમાસની હોય પણ સાથે લોગસ્સનો પ્રકાશ છે. પ્રકાશમાં ઉજાસ છે. ઉજાસમાં ચોવીસ જિનેશ્વરોનો વાસ છે. લોગસ્સ પ્રગટ થયો. સમીકરણ અદ્‌ભુત થયું. સૂત્ર સિધ્ધ થયું. પ્રવાસનો પ્રારંભ થયો. આ પ્રવાસ છે આત્માનાં પ્રત્યક્ષીકરણનાં પ્રયત્નનો. પરમાત્માનાં પ્રત્યક્ષીકરણનો પ્રયોગ અને પરિણામનો. તમે એ તો સારી રીતે સમજી શકો છો ને કે પરમાત્માનાં મિલન માટે ધ્યાન જરૂરી છે. ધ્યાન માટે બેસવું જરૂરી છે. સીધા બેસવાથી આપણી બરોળ પણ સીધી રહે છે. કરોડ-રજ્જુને આરામ મળવાથી પ્રાણધારા સામાન્ય રીતે પોતાનું કાર્ય શરૂ કરી દે છે. એટલે આપણું મન શાંત થઇ જાય છે. કરોડ-રજ્જુ એટલે જ મેરુદંડ.

લોકનું ચિત્ર તમે જોયુ હશે. જેમાં નાભિસ્થાનનાં મધ્યમાં મેરુપર્વત બતાવેલ છે. એના વર્તૃળાકારે સૂર્ય ચંદ્ર પ્રદક્ષિણા કરતાં રહે છે. શાસ્ત્રકારોએ એને મલસ્તંભ જેવો વર્ણવેલો છે. સ્તંભ જેવી રીતે ઉભો હોય છે, એજ રીતે બરાબર મધ્યભાગમાં નીચે અધોલોકને અને ઉપર ઉર્ધ્વલોકને સ્પર્શ કરતો બતાવવામાં આવેલ છે.

એવી રીતે મેરુપર્વતનું પ્રતીક છે આપણો મેરુદંડ. કરોડનો છેલ્લો ભાગ શક્તિકેન્દ્ર રૂપે મૂળાધારમાં નિષ્ક્રિય અવસ્થામાં પડેલો છે. જેમ મેરુપર્વતની આસપાસ સૂર્ય, ચંદ્ર ફરે છે. એવી જ રીતે મરુદંડની આસપાસ સૂર્ય ચંદ્ર નાડી ચાલે છે. અને નક્ષત્રની જેમ બીજી અનેક નાડીઓ ચાલે છે. આપણા અંદર ૭૨,૦૦૦ નાડીઓ આવેલી છે. એમાની મુખ્ય મુખ્ય નાડીઓ મેરુદંડ સાથે સંકળાયેલી છે. મેરુદંડનો

ઉપરનો ભાગ આપણા મગજ સાથે જોડાયેલ છે.

આત્મવિકાસની દ્રષ્ટિએ મેરુદંડનું ખૂબ જ મહત્વ રહ્યું છે. સમગ્ર જીવસૃષ્ટિમાં મેરુદંડ હોય છે. પ્રાણધારાને વહેવાનું આ એક સાધન છે. જ્યાં જીવતત્વ છે ત્યાં પ્રાણધારા છે અને જ્યાં પ્રાણધારા છે ત્યાં મેરુદંડ છે. મનુષ્યનો મેરુદંડ સીધો છે. ઉભો

## मेरु पर्वत और घूमता हुआ ज्योतिषचक्र



છે. જે પ્રાણધારાને નીચેથી ઉપર તરફ મોકલે છે. બધી ચીજો ગુરુત્વાકર્ષણને કારણે નીચે જાય છે. પણ મનુષ્યની પ્રાણધારા નીચેથી ઉપર તરફ જઇ શકે છે. પશુઓમાં આ મેરુદંડ આડો હોય છે. વનસ્પતિમાં આ મેરુદંડ નીચે તરફ જતો એટલે કે ઊંધો હોય છે. કંદમૂળમાં આ મેરુદંડ આડોઅવળો અને તૂટેલો હોય છે. એ રીતે જીવ જગતની સમગ્ર સૃષ્ટિમાં માનવ સૌથી ઉત્તમ જીવ છે. મેરુ પર્વતની જેમ માનવીનો મેરુદંડ ઉર્ધ્વગમન માટેનું પ્રતીક છે. તમે ચિત્રમાં જોઇ શકો છો કે એક પંડકવન છે. આ પંડકવનમાં અભિષેક શિલા છે. આ શિલા પર તીર્થંકર ભગવાનનાં જન્મોત્સવનો અભિષેક થાય છે. ઇંન્દ્ર પોતે પાંચ રૂપ ધારણ કરીને પ્રભુનો અભિષેક કરે છે. આપણી અંદર આ સ્થાન આપણું આજ્ઞા ચક્ર છે. આમાં આપણી પાંચેય ઇંન્દ્રિઓ અભિષેક કરવા માટે તત્પર રહે છે. જ્યારે આપણાં આત્મામાં ભગવત્સતા પ્રગટે છે ત્યારે આપણી પાંચેય ઇન્દ્રિયો ભગવત્સતાનું અભિનંદન કરે છે. ધ્યાનમાં પાંચ ઇન્દ્રોનું સ્થાન પાંચેય ઇન્દ્રિયોં લે છે.

મેરુપર્વતનાં ચિત્રમાં પંડકવનમાં આવેલી અભિષેક શિલા જે આવા આકારની છે. એ મેરુદંડમાં મગજ સાથે સંબંધિત સંયોજન સ્થાને આજ્ઞાચક્રમાં છે. હવે આપણે એક પ્રયોગ કરીશું. આ કલ્પના નથી, વિજ્યુલાઇજેશન છે. આજે આપણે એમનો જન્માભિષેક કરવાનો છે જેમણે આપણા જન્મ-મૃત્યુનું નિવારણ બતાવ્યું છે. મોક્ષમાર્ગ બતાવ્યો છે. આવી પળો પાછી ક્યારે મળશે ? દેવેન્દ્ર જેવા આપણે થઇએ ન થઇએ, પ્રભુનો જન્મઅભિષેક આપણા હાથે થાય કે ન થાય, આત્મજનો ! તમે એ દેવજન્મ પ્રાપ્તિની આશા કે ચિંતા ન કરો ! એ આનંદને આપણે આ જન્મમાં આજે જ અત્યારે જ અનુભવવો છે. પ્રભુના અભિષેકમાં આવવાનું આજે મારું તમને ભાવભર્યું પ્રેમમય આમંત્રણ છે. તમે આવો ભગવત્સત્તાનાં અભિનંદન કરો. તમે કેટલાયે જન્મોમાં કેટલાયે બાળકોને જન્મ દીધો હશે. પછી તેને સ્નાન પણ કરાવ્યું હશે. પણ આજે અન્ય કોઇ બાળકનો આ જન્મોત્સવ નથી, પણ આ તો છે પરમાત્માનાં જન્મનો અભિષેક. જેનો જન્મ પવિત્ર છે. તન-મન-જીવન પવિત્ર છે. એમના અભિષેકથી શું તાત્પર્ય હોય શકે ? છતાં પણ આ અભિષેક એટલા માટે કરવામાં આવે છે કે પરમાત્માનો અભિષેક આપણો પોતાનો આત્મઅભિષેક છે. જન્મો જન્મનાં કષાય કર્મો આ અભિષેકથી તોડી શકાય છે. આત્માનાં શુધ્ધ ચિરંતર પરિણામ પ્રગટે છે.

આવો આજે આપણે આપણાં શુભ ભાવોથી શુધ્ધચિદ્રૂપનો અભિષેક કરીએ. શુભભાવ સ્રોતથી આયોજીત આ અભિષેકનાં એક-એક ટીપાંમાં આપણાં આત્મકલ્યાણનું આયોજન કરીએ. ભગવત્સત્તાનો અભિષેક આપણો પોતાનો અભિષેક છે. એ કહે છે જેનો તું અભિષેક કરે છે એ તું પોતે જ છે. આ તારો જ અભિષેક છે.

શકેન્દ્ર દ્વારા કરવામાં આવતો અભિષેક પરમાત્માનાં દેહનો અભિષેક છે. આજે આપણે જે અભિષેક કરી રહ્યાં છે તે પરમતત્વ પ્રત્યેનાં આપણા શુભ ભાવોનો અભિષેક છે. શારીરિક રીતે આપણી પાંચ ઇંન્દ્રિયોને આજે શકેન્દ્ર બનવાનો અવસર મળ્યો છે. જે ઇંન્દ્રિયો આજ સુધી ફક્ત સંસાર વિસ્તરણનાં કાર્યમાં રત હતી તે આજે સંસાર ક્ષયનું કારણ બની રહી છે. પરમાત્મા તો શરીર થી પણ પવિત્ર છે અને આત્માથી પણ નિર્મળ સત્તાના સ્વામી છે. એમને કોઇ જ અભિષેકની જરૂર નથી. જરૂર તો આપણે છે. આપણી નિર્મળતા પ્રગટ કરવા માટે આપણે અભિષેકની જરૂરી છે.

દેવેન્દ્ર આ પ્રક્રિયા પૂર્વે પ્રભુની આજ્ઞા માગે છે. પ્રભુ જન્મઅભિષેક કરવા માટે અમે આપને પંડકવનમાં અભિષેક શિલા પર લઇ જવા માગીએ છે તો આજ્ઞા આપો. આપણે આજે આપણા આજ્ઞા ચક્રમાં પ્રભુનાં અભિષેકની આજ્ઞા લઇશું. એટલે એક સાથે ઉચ્ચાર કરીશું.....

| | |
|---|---|
| નીસીહિયાએ | :- હે પ્રભુ ! તમારા સાનિધ્યમાં આવવાની. |
| અણુજાણહ | :- અમને આજ્ઞા આપો. |
| મે મિ ઉગ્ગહં | :- તમારા અવગ્રહ મંડળમાં ( જેની મેં મારા આજ્ઞા ચક્રમાં પ્રતિષ્ઠા કરી છે. ) |
| નિસીહિ | :- આવવાની |
| અહો કાયં | :- આપની કાયા ને |
| કાયે સંફાસ | :- મારી પોતાની કાયાથી સ્પર્શ કરવા માટે |
| ખમણિજ્જો ભે કિલામો | :- આપને જો કષ્ટ-અશાતના થાય તો ક્ષમા કરજો. |

હવે બંધ આંખોએ એમનો અભિષેક કરો. મેરુપર્વતનાં ચિત્રમાં તમે જે અભિષેક શિલા જોઇ છે એને આજ્ઞા ચક્ર પર અંકિત કરી અને ત્યાં જ આ કાર્ય સંપન્ન કરો. અભિષેક કરતા કરતા કીર્તન કરો. શું બોલશો કીર્તનમાં ? આ શબ્દો ગુરુ ગૌતમ સ્વામીનાં છે. શબ્દો મંત્ર બન્યા, અને મંત્રો સૂત્રમાં બંધાયા. આ સૂત્રને ગુરુ ગૌતમસ્વામીની પરમ ભેટ સમજીને તેનો સ્વીકાર કરો. ધ્યાન પૂર્વક હવે જ્યાં સુધી અભિષેકનાં દર્શન ન થાય ત્યાં સુધી પ્રથમ ગાથા બોલતા રહો.

**લોગસ્સ ઉજ્જોયગરે, ધમ્મતિત્થયરે જિણે ।**

**અરિહંતે કિત્તઇસ્સં, ચઉવિસં પિ કેવલિ ।।**

''લોગસ્સ ઉજ્જોયગરે'' નો અર્થ છે લોકમાં પ્રકાશ પાથરનાર લોક શબ્દનો અર્થ લુક્ ધાતુ ઉપરથી બનેલો છે. જેનો અર્થ થાય છે જોવું.

લોકમાં આપણે જોવું છે, ફક્ત જોવું નથી.

લોકમાં આપણે રહેવું છે, ફક્ત રહેવું નથી.

લોકમાં આપણે રમણ કરવું છે, ફક્ત રમણ જ નથી કરવું.

લોકમાં આપણે જમવું પણ છે, ફક્ત જમવું જ નથી.

લોકમાં આપણે ચાલવું પણ છે, ફક્ત ચાલવું જ નથી.

લોકમાં આપણે સ્થિર થવું છે, ફક્ત સ્થિર જ નથી થવું.

લોકને આપણે ઓળખવો પણ છે, જાણવો પણ છે, અને આપણું અંતિમ લક્ષ્ય જે સિધ્ધ શિલા છે ત્યાં સુધી પહોંચવું પણ છે.

મેરુ પર્વતનાં આજ્ઞા ચક્રમાં અંકિત અભિષેક શિલા દ્વારા સિધ્ધ શિલા સુધી પહોંચી શકાય તેવું કાર્ય સિધ્ધ કરવું છે. લોગસ્સ સૂત્ર ની પ્રથમ ગાથાનાં પ્રથમ ચરણનો પ્રથમ શબ્દ "લોગસ્સ" છે. લોક યાત્રાનો પ્રારંભ થાય છે. આ સૂત્રની અંતિમ ગાથાનું છેલ્લું ચરણ "સિધ્ધા સિધ્ધિં મમ દિસંતુ" છે. લોક યાત્રાની સમાપ્તિ લોકાગ્ર સ્થાન છે. જ્યાં સિધ્ધશિલા છે. સિધ્ધાવસ્થાનું આજ સ્થાન છે. આવી રીતે લોગસ્સ "સિધ્ધા સિધ્ધિં મમ દિસંતુ" નિર્વાણસ્થિતિનું સંપર્ક સૂત્ર છે. આપણે અહીં પ્રવાસ કરી પહોંચવું છે અને આપણું સિધ્ધ સ્વરૂપ પ્રગટ કરવું છે. લોગસ્સ અર્થાત વિશ્વની સમગ્રતા. લોગસ્સ સૂત્ર એટલે ચેતનાનાં અસ્તિત્વનું સાક્ષી સૂત્ર. આ એક એવું સાધન છે જે પોતે સાધ્ય બની જાય છે. આ એક એવી યાત્રા છે જે પોતે જ મંજિલ બની જાય છે.

લોક શબ્દ સર્વત્ર વ્યાપ્ત છે. લોકનું સ્વરૂપ આપણે હમણાં જોયું. લોકમાં મેરુ પર્વત જોયો. શબ્દની દ્રષ્ટિએ આ નવકાર મંત્રનાં પાંચમાં પદમાં લોએ શબ્દ રૂપે છે. મંગલિકમાં લોગુત્તમા રૂપે છે. નમોત્થુણં માં લોગુત્તમાણં, લોગનાહાણં, લોગહિયાણં, લોગપઇવાણં,લોગપજ્જોયગરાણં માં લોક શબ્દ છે. આચારંગ સૂત્રમાં લોકસ્વરૂપ અને લોકવિજય એ બે નામનાં અધ્યાય છે. આવી રીતે લોક શબ્દ લોકપ્રિયતા સાથે અધ્યાત્મપ્રિય પણ રહ્યો છે. લોક બહાર પણ છે અને અંદર પણ છે. બન્ને લોકને જીતીને જ સિધ્ધ થવું છે. લોક અર્થાત્ જગત, બ્રહ્માંડ, દુનિયા, સૃષ્ટિ, સંસાર, વિશ્વ, યુનીવર્સ. જ્ઞાની પુરુષોએ લોકનાં ચાર ભેદ બતાવીને તેની વ્યાખ્યા વધારે સ્પષ્ટ કરી છે.

૧.દ્રવ્યલોક, ૨. ક્ષેત્રલોક, ૩. કાળલોક, ૪. ભાવલોક.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, આ પંચાસ્તિકાય અને કાળ આવા ષડ્દ્રવ્યનાં સમૂહને દ્રવ્યલોક કહે છે. ચૌદ રાજલોકનો વિસ્તાર ક્ષેત્રલોક છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાનનું એકીકરણ કાળલોક છે. ગુણ અને પર્યાયનો સમૂહ ભાવલોક છે.

આ લોક આપણી ચેતનાનાં અસ્તિત્વનો સાક્ષી છે. લોક શાશ્વત છે. એમાં રહેલી આપણી ચેતના પણ શાશ્વત છે. પોતાનામાં સપૂર્ણ વિશ્વની સમગ્રતા સમાવનાર આ લોક, બ્રહ્માંડસત્તાનું તથા સમસ્ત જીવરાશિની ચેતનસત્તાનું પ્રતીક

છે. લોકનાં આ મહત્વને કારણે આને લોક પુરુષનાં નામથી અભિહિત કરવામાં આવેલ છે.

આચારંગ જેવા આગમોમાં લોક સ્વરૂપ, લોકવિજય વગેરે અધ્યનોનાં નામ છે. એમાં લોક વિજયનો અર્થ સમસ્ત સંસાર ઉપર વિજય મેળવવો એમ નથી થતો પણ પોતાના ઉપર વિજય મેળવવો એમ થાય છે. માનવની અંદર એનું પોતાનું બનાવેલું બ્રહ્માંડ છે. પોતાની ઉપર વિજય મેળવવો અર્થાત સમગ્ર વિશ્વ ઉપર વિજય મેળવ્યા બરાબર છે.

લોકમાં રહીને અલૌકિકતાને પ્રગટ કરનાર , પોતાની ચેતના શક્તિથી અન્ય ચૈતન્યજગતનાં પરમાર્થિક રહસ્યને પ્રગટ કરનાર, લોકપુરુષ શ્રીમદ્ રાજચંદ્રજીએ કાવ્યમાં આનું સ્પષ્ટીકરણ કરતા કહ્યું છે, માનવી લોકમાં રહીને પણ લોકને નથી સમજી શક્યો. પોતાના સુખ દુ:ખનાં કારણોને તે અન્ય વ્યક્તિને જવાબદાર માની તેને દોષિત ગણે છે. સુખ દુ:ખનાં કારણો સ્વનિર્મિત અને સ્વનિયોજીત હોય છે. પ્રત્યેક સ્વ નો વિસ્તાર આ લોક છે. ન તો કોઇ બીજા ને સુખ દુ:ખ આપી શકે છે કે ન તો કોઇ બીજા અન્ય પર સુખ દુ:ખનું આરોપણ કરી શકે છે. જગતનું મોટામાં મોટું આશ્ચર્ય એ જ કે પોતે પોતાને જ નથી સમજી શકતો!

સ્વ માં સ્વ ને જોડવા માટે પરમ પુરુષોનું સાનિધ્ય જરૂરી છે. જોડવાની પરમ પવિત્ર પ્રણાલી ભારત વર્ષની ગૌરવગાથા રહી છે. પરમ પુરુષોનો સ્વ નો વિસ્તાર એટલો વિશાળ હોય છે કે બીજા જીવોની સુખ દુ:ખની સંવેદનાને સમજી શકે છે. સ્વાનુભૂતિ થી સમાનાભૂતિનું દર્શન સમગ્ર ભારતનાં ધર્મ દર્શનમાં વ્યાપેલું છે. લોગસ્સનાં આ લઘુ સૂત્રમાં સ્વચેતના અને બ્રહ્મચેતનાનાં સમીકરણ સ્વરૂપ મનુષ્ય છે અને બ્રહ્મસત્તાનું પ્રગટ સ્વરૂપ પરમાત્મા છે. માનવ અને ભગવાન વચ્ચેની આ ભેદ રેખાને ભેદવાવાળી સાડાત્રણ આવર્તનની ભવ્ય પ્રક્રિયાનું નામ છે ''લોગસ્સ''.

લોગસ્સની પ્રથમ પંક્તિમાં પ્રભુને લોકને પ્રકાશિત કરનાર બતાવેલ છે. ''ઉધોત'' શબ્દ બે અર્થોની અભિવ્યંજના પ્રસ્તુત કરે છે સૂર્યોદય અને અરુણોદય. અરુણોદયનું આગમન સૂર્યોદયનાં આગમનનાં પૂર્વની સૂચના છે, પ્રસ્તાવના છે. એટલે સૂર્યોદયથી કંઇ એનું મહત્વ ઓછું નથી! અંધકારનું દૂર થવું ને પ્રકાશનું આગમન થવું એ એક અગત્યની ઘટના છે. આ ઘટનામાં જ પૂર્વ દિશાનું રહસ્ય સમાયેલું છે. સૃષ્ટિની અખંડતામાં દિશાઓનું વિભાગીકરણ કોણ કરી શકે છે? કોણ તેને તોડી શકે છે? રાત અને દિવસનાં મિલનનો સમય દિશા વિભાજનની રૂપરેખા છે. અંતરિક્ષની અખંડતા ખંડોમાં વિભાજીત થાય છે છતાં ખંડિત નથી થતી.

આ અખંડ અવિભાજ્ય સત્તામાં સત્ય પ્રગટ થાય છે. પૂર્ણત્વ માંથી જે પ્રગટ થાય છે તે પૂર્ણ જ હોય છે. જેમ માતા બાળકને જન્મ આપે છે, પોતાના જેવા જ પૂર્ણ અસ્તિત્વનો આ જન્મ હોય છે. એક પૂર્ણ અસ્તિત્વને પ્રગટ કરવાવાળી માતા અપૂર્ણ નથી હોતી. બાળકનાં જીવનનો વિકલ્પ માતા જ બનાવે છે. એક દેહમાં માતા પૂર્ણ

ચેતના ભરે છે. એક જ્યોતથી બીજી જ્યોત પ્રગટ થાય છે. તે પણ પૂર્ણતા પામી ને જ આવે છે. પ્રગટાવનારા દિવડાનું અજવાળુ કંઇ ઓછું નથી થઇ જતુ. પૂર્ણની જિજ્ઞાસા પણ પૂર્ણત્વનાં પ્રારંભની પ્રસ્તાવના છે. પ્રસ્તાવનામાં સ્તવના છે અને સ્તવનામાં છે "લોગસ્સ સૂત્ર".

ઉધોત એ પરમાત્માની સૌથી વધારે રહસ્યમયી ઉર્જા છે. આ એક સર્વાધિક શુધ્ધ ઉર્જા છે. અતંરમાં નિરંતર કેન્દ્રિત અમૃત છે. ઉર્ધ્વગતિનું પ્રતીક ઉધોત, ચાલે છે, ફેલાય છે, સમસ્ત લોકમાં વ્યાપ્ત થાય છે. તેને નથી જરૂર કોઇ સાથ કે સહયોગની. જે દ્રશ્યમાન થઇ ને ફેલાતો દેખાય છે તે પ્રકાશ છે. અદ્રશ્ય રહીને જે અંધકારને દૂર કરે છે તે ઉધોત છે. એટલે જ પ્રથમ ગાથામાં ઉધોત અને છેલ્લી ગાથામાં પ્રકાશ શબ્દ આપેલો છે. અહીં પ્રકાશ સાથે સૂર્ય શબ્દ પણ આપવામાં આવેલો છે . આપણે સૂરજને તથા તેના પ્રકાશને જોઇ શકીએ છીએ.

આ એ ઉધોત છે જે ભગવાન મહાવીરની પરમ શિષ્યા સાધ્વી પ્રમુખઆર્યા ચંદનાનાં સાનિધ્યમાં સાધ્વી મૃગાવતીમાં કેવળજ્ઞાન સ્વરૂપે પ્રગટ થયેલો. આ એજ ઉધોત છે જેણે ચંડકૌશિક અને મેઘમાળીમાં પૂર્વ જન્મનો અંધકાર તોડીને તેમનામાં જાતિસ્મરણ જ્ઞાન પ્રગટ કરેલું. આ એજ ઉધોત છે જેણે રાજા શ્રેણીકનાં અંતઃકરણનો અંધકાર દૂર કરી તીર્થંકરત્વનો પ્રકાશ પ્રગટાવીને એમને સમાનધર્મી બનાવેલા.

અંધકાર ત્યાં સુધી સારો લાગે છે જ્યાં સુધી આપણે નિંદર માં હોઇએ છીએ. જાગૃત અવસ્થા માગે છે ઉધોત-પ્રકાશ. જાગૃતિ છે પોતાપણાનું જ્ઞાન. પોતાની શોધ. જ્ઞાનને સંશોધનાર્થે કોઇ અવરોધ ન આવે એટલે એને પ્રકાશની જરૂર પડે છે. આ ઉધોત ફકત અજવાળુ નહીં ,પ્રકાશ નહીં પણ સ્રોત છે. એમાં ઓતપ્રોત બની જાવ. એની જ્યોત ઝળહળવા દો. એનું આવરણ અનુભૂતિમય છે. અનુભૂતિની અભિવ્યકિત થાય છે. અભિવ્યકિત શકિત પ્રગટ કરે છે. શકિત ભકિતમાં પ્રિતીને પ્રગટ કરે છે. જેમ બાળક ને શરદી થાય તો માતા પથારી માંથી ખોળામં લઇ લે છે. ખોળામાં કંઇ હિટર નથી હોતું પણ હૂંફ હોય છે. ઉષ્મા હોય છે. ત્યાં દઝાડનારી ગરમી નથી હોતી.

કોઇ પણ સહાયતા વગર કોઇ પણ સાધન વગર જે ઊચ્ચગતિમાં લઇ જાય તે ઉધોત છે. સાધનોથી પ્રકાશ આપવાવાળી વસ્તુઓ તો આ દુનિયામાં અનેક છે. જીવજગતમાં આગિયા નામનું જંતુ, લેટલી નામની માછલી વગેરેનાં શરીરમાં એવો પર્યાય હોય છે કે તેઓ જ્યારે ગતિ કરે છે ત્યારે પ્રકાશની રશ્મિઓ તેમના શરીર માંથી બહાર ફેંકાય છે. પૃથ્વી જગતમાં સૂર્યકાંત, ચન્દ્રકાંત આદી મણિઓ પ્રકાશમય હોય છે. અંતરિક્ષમાં સૂર્ય,ચન્દ્ર, ગ્રહો,નક્ષત્રો,તારાઓ વગેરે પણ પ્રકાશના પિંડ છે. કૃત્રિમ પ્રકાશ તો આપણી ઇચ્છાનુસાર હોય છે. પરમાત્મા મહાવીરે કહ્યું છે કે પ્રકાશ બે પ્રકારના હોય છે. પુદ્ગલ પરિણામી અને આત્મપરિણામી. પુદ્ગલ પરિણામી

પ્રકાશ જગતના કેટલાક જ ભાગો ને પ્રકાશિત કરી શકે છે, એની પોતાની મર્યાદા હોય છે, પરંતુ આત્મપરિણામી પ્રકાશ અસીમિત હોય છે. સમગ્ર લોકને તે પ્રકાશિત કરતો હોય છે.

"ધમ્મતિત્થયરે" દુ:ખ દૂર કરે. ધર્મ અન્તર્યાત્રા છે. તીર્થંકર એ અન્તર્યાત્રા નું અનુસંધાન છે. સાક્ષાત્ વિધાન છે. જગતનું મોટામાં મોટું અનુદાન છે. તરવા લાયકને તારવા એ એમનો નિયમ છે.પાર ઉતારવા એમનો ધર્મ છે. સાધુ ,સાધ્વી, શ્રાવક,શ્રાવિકા રૂપ તીર્થની સ્થાપના તો એ કરે છે, પણ તેમનું નામ પણ તીર્થંકર છે . એમનું સ્વરૂપ તીર્થમય છે. એમની વાણી પણ તીર્થમય છે. એમનો વ્યવહાર પણ તીર્થમય છે. એમની સદ્ધર્મ પ્રરૂપણા પોતે તીર્થ છે. તેઓ તીર્થના અધિપતી છે, સાથે સ્વયં સાક્ષાત તીર્થ છે. કોઇને ડૂબવા ન દેવા. બધાને બચાવી લેવા. બધાને તારી લેવા. દરેક જીવોને આ તીર્થશાસનનાં ભક્ત બનાવવાની ભાવના જ તીર્થંકર બનવાનો નિયમ છે. નિયમનાં નાથ આજે પોતે નિયમ બની ને આપણા માં પરમ સ્વરૂપ પ્રગટ કરે છે.

જે તીર્થની રચના કરે છે તેઓ તીર્થંકર કહેવાય છે.

તીર્થંકર પ્રજ્ઞા ને જગાવી પરોપકાર કરે છે.

સિધ્ધાંતનું સમીકરણ કરી આપણને સંસ્કાર આપે છે.

સિધ્ધત્વનું અનુદાન કરી આપણામાં સાક્ષાત્કાર કરે છે.

તેઓ સ્વીકારે છે આપણાં નમસ્કાર અને સામે આપે છે નિરાકાર અનુભૂતિ નો પુરસ્કાર. નિર્વિકાર વાસ્તવિકતા નો મૂળાધાર.

પોતે ખાતા નથી પણ આપણ ને પ્રેમથી ખવરાવે છે, ખાતા શીખવે છે.

પોતે સૂતા નથી પણ આપણ ને પ્રેમથી સૂવરાવે છે, સૂતા શીખવે છે.

સ્થિરીકરણ કરે છે સ્વયંની સિધ્ધ પર્યાયમાં પણ વિચરણ કરે છે આપણી વિશુધ્ધ આત્મપર્યાયમાં. તેમને આપણા આત્મ દરબારમાં આમંત્રિત કરીએ. નિમંત્રિત કરીએ. અન્તર્દશામાં આવિર્ભૂત કરીએ. અંતઃકરણમાં અન્તર્નિહિત કરીએ. સ્વર અને શબ્દમાં સંયોજીત કરીએ. કિર્તિત કરીએ. વંદિત કરીએ. પૂજિત કરીએ.

જિન સ્વરૂપ અને નિજ સ્વરૂપ બન્ને એક છે. આ એકમાં અનેક છે. અનેકમાં એક છે. જિનાનંદની અનુભૂતિમાં નિજાનંદનો પ્રસાદ છે. જિનેશ્વર દેવ આપણાં નિજસાક્ષીભાવનાં સાક્ષાત્ પરિણામ છે. પ્રસાદ ને પરિણામ બન્ને પ્રત્યક્ષ થાય છે. તો પ્રતિકુળતા પરોક્ષ બની જાય છે. રાગ અને દ્વેષ એ વિકારોના બીજ છે. લોગસ્સ સૂત્રના પ્રશાસ્તા વીતરાગ પ્રભુ ! પોતાની વીતરાગતા દ્વારા રાગ દ્વેષનું ઉનમૂલન કરે છે. આપણી અંદર પડેલા સુષુપ્ત વીતરાગ ભાવો ને જાગૃત કરી આપણામાં સિધ્ધત્વનું ઉન્મિલન કરે છે.

આ અરિહંત છે. પોતાના અને આપણાં કર્મોનો અંત કરનાર છે. એ સંયમ

જીવનનાં સંત છે. આપણી વીતરાગતાની વસંત છે. શાંત છે. પ્રશાંત છે. અરિહંત ભગવંત છે. આપણો ભવાંત એ જ કરશે. આપણો ભયાંત એ જ કરશે. અજ્ઞાતનાં કિનારેથી આપણે જ્ઞાતની મુલાકાત લેવાની છે. સાકારનાં આલંબનથી નિરાકારનું અનુસંધાન કરવાનું છે. સંબંધાતીત થી સબંધ બાંધવાનો છે. આપણી અવ્યકતતામાં પરમ અવ્યકત ને વ્યકત કરવાનાં છે. દ્રશ્યમાં એકાકાર બનેલી ચેતનાને અંતર્મુખી બનાવી દ્રષ્ટા ભાવમાં અંતર્દર્શીનાં દર્શન કરાવવાનાં છે. આમ તો આ કરવાની નહીં પણ થઇ જવાની પ્રક્રિયા છે. આમાં આપણે પોતાનામાં જ ખોવાઇ જઇ પોતાનો જ આનંદ મેળવવાનો છે. આમાં શબ્દોની લાક્ષણિકતા અને ભાવનાઓની અભિવ્યંજના છે. તીર્થંકર, જિન, કેવળી અને અરિહંત આ પરમ તત્વોનું શ્રેષ્ઠ સંયોજન છે. આપણા આત્મ પ્રદેશનું પરમસત્ ભગવત્સત્તાની ભક્તિ દ્વારા અનાવૃત થાય છે. આવો આપણે આવરણો તોડી નાખીએ, પડદાઓ ખોલી નાખીએ. અભેદનો ભેદ કરીએ. ભેદનો અભેદ કરીએ. વેદ મુકત બનીએ. અવેદનો આનંદ લઇએ. સંવેદનો સ્વાદ લઇએ. પરમભેદનો પ્રસાદ લઇએ.

અનુકૂળતા સાથે જોડાઇ રહેવું અને પ્રતિકૂળતાથી તૂટતા રહેવું એવી અનંતા જન્મોની વૃતિ, અભિવૃતિ અને પરાવૃતિથી મુક્તિની તરકીબવાળું આ પદ , પદ હોવાં છતાં અપદ છે. એને તીર્થંકર કહો, જિનકહો, અરિહંત કહો જે પણ કહો પણ આતો આનંદમય અનુભૂતિનું પરમતત્વ છે. અંતઃકરણમાં તીર્થ કરવાને કારણે આપણે એમને તીર્થંકર કહીએ છીએ. લીન થવા માટે આપણે એમને જિન કહીએ છીએ. સંત સ્વરૂપે, ભગવંત સ્વરૂપે, ભવાંત સ્વરૂપે મેળવવા આપણે એમને અરિહંત કહીએ છીએ.તેઓ દેશ અને કાળની સીમાઓથી પર અને અસીમ છે, તો પણ ભક્તિ દ્વારા આપણા અસંખ્ય આત્મપ્રદેશમાં સીમાબધ્ધ અને સસીમ થઇ જાય છે.

જેઓ શબ્દાતીત છે તેમને આપણે ગમે તે શબ્દોથી સંબોધિત કરીએ એમને કાંઇ જ ફરક પડતો નથી. હા! માત્ર આપણો સાદ તેમના સુધી પહોંચવો જોઇએ. શબ્દોં દ્વારા ત્યાં પહોંચવા માટે લોગસ્સ સૂત્ર એક અદ્‌ભૂત આલંબન છે. સફળ સાધન છે. આ સૂત્રમાં સંકલિત શબ્દોમાં સરગમનો સાજ છે. સાજમાં રાજ છે. રાજમાં સૂર છે. સૂરમાં નૂર છે. એટલે આપણે સૂરમાં કીર્તન કરીએ. કીર્તનમાં નર્તન કરીએ. કીર્તનની પ્રતિજ્ઞા લઇએ. "કિત્તઇસ્સં" શબ્દમાં કીર્તન કરીશ એવુ ભવિષ્ય-કથન છે. આમાં કોઇ ચોક્કસ સમયગાળો નક્કી નથી કરવામાં આવ્યો કે કીર્તન કયારે કરવું જોઇએ. "કિત્તઇસ્સં"શબ્દ ત્રણ પ્રશ્નો ઉભા થાય છે. કીર્તન કરવાવાળો તું કોણ છે ?, તું ક્યારે કીર્તન કરીશ ? અને તું કોનું કીર્તન કરીશ ? આ પ્રશ્ન એમના માટે છે. જેઓ લોગસ્સનું કીર્તન, સ્મરણ અને સ્તવન કરવા માટેનું પગલું ભરી રહ્યાં છે.

દુનિયામાં સામાન્ય વ્યક્તિને ચૂંટણીમાં મતદાન પૂર્વે પોતાનું ઓળખપત્ર જોઇએ. પરદેશ જવા માટે પાસપોર્ટ જોઇએ. કોઇ વ્યાપાર કરવો હોય કે વાહન ચલાવવું હોય તો લાયસંસ જોઇએ. તો આ તો વિદેહની યાત્રા છે. આ તો પરમ

અધ્યાત્મ તત્વોની ખોજ છે. અહીં કર્મોનો હિસાબ કરવાનો છે. અહી પરમ કિનારે પહોંચવા નાવ ચલાવવાની છે . તો આપણે આપણું ઓળખપત્ર તો આપવું જ પડશે.

આપણી ઓળખાણ આપવા માટે ગભરાઇ ગયેલા એવા આપણે પરમગુરુ ગૌતમસ્વામી ની મુલાકાત લઇ પૂછવું જોઇએ કે હવે અમે શું કરીએ ? તો તેઓ પ્રેમથી કહેશે વત્સ! જાગૃત થા! સ્વ ને શોધ. સ્વ ને ઓળખ. અસ્તિત્વનો સ્વીકાર કર. આગળ વધ. અટકવાની જરૂર નથી. કીર્તન કરીશનું કથન જે ભવિષ્ય માટે લીધેલું તેને વર્તમાનમમાં અપનાવી લે. પળ ને ઓળખી લે. મોડું ન કર. કીર્તનમાં પ્રવેશ કર. કીર્તનનો પ્રારંભ કર. કીર્તનને પૂર્ણ કર. કીર્તન કરી પૂર્ણતા સુધી પહોચી જા. સંસાર અપૂર્ણ છે. પરમ પૂર્ણ જ તારું પૂર્ણત્વ પ્રગટ કરશે.

તમારા માંથી જે કોઇ કીર્તન કરવા માગે તેઓ આજે "કિત્તઇસ્સં" નો એટલો જવાબ અવશ્ય નક્કી કરે કે અમે કાલે ચોક્કસ કીર્તન કરશું. જેઓ આવતી કાલે કીર્તન કરવા માગે છે તેઓને મારુ હાર્દિક આમંત્રણ છે.આપણે આપણને કેવી રીતે ઓળખવા ? કેવી રીતે કીર્તન કરવું ? અને કોનું કીર્તન કરવું ? એવા ઉત્તમ ભાવો સાથે આપણે આપણો આજનો સંવાદ અહીં સમાપ્ત કરીએ છીએ.

## :- કિત્તઇસ્સં ચઉવીસં :-

ઉસભમજિઅં ચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઇં ચ ।
પઉમપ્પહં સુપાસં , જિણં ચ ચંદપ્પહં વંદે ।।

તું હરનારો જનમ જનમનાં પાપ સંતાપ સારા,
તું કરનારો જગ અજવાળું તોડી તમ અંધકારા,
પ્રગટાવે તું સત જીવનમાં સહુ જીવોનાં છો સહારા,
કીર્તન કરવા થયા અધીરા સુણો અંતર્યામી મ્હારા.

# ૨. દેવાલય માં વિશ્વાલય

તમે મંદિરમાં ઘંટ જોયો હશે. નાનપણમાં વગાડયો પણ હશે. વાગ્યા પછી તેના રણકારથી ઉત્પન્ન થતાં ઘોષ-પ્રત્યાઘોષ પણ સાંભળ્યા હશે. પણ તમે જાણો છો કે તમારા મગજમાં પણ એક ઘંટ છે. જ્યારે આપણે મંત્રોનું રટણ કરીએ, કીર્તન કરીએ, ત્યારે તેમાં મહા ઘોષ ઉત્પન્ન થાય છે. મસ્તિષ્કનું આ કેન્દ્ર શ્રધ્ધાથી સક્રિય થાય છે. વંદનાથી ઉત્તેજીત થાય છે. ભક્તિથી ભાવિત થાય છે. સમર્પણથી સ્રાવિત થાય છે. શબ્દોથી ભાષિત થાય છે. કીર્તનથી ઘર્ષિત થતાં આ ઘંટ વાગવા લાગે છે. મંદિરનો ઘંટ વગાડવાથી જેવા ધ્વનિ તરંગો ઉત્પન્ન થાય છે એવા જ ધ્વનિ તરંગો મસ્તિષ્કનાં ઘંટ વાગવાથી પણ થાય છે. આપણું મગજ પણ એક મંદિર છે. એમાં મંત્રોનું આવર્તન-પ્રત્યાવર્તન થતું રહે છે.




કીર્તન, રટણ,વંદન વગેરે પ્રક્રિયાઓનાં કારણે મસ્તિષ્ક માંથી એક આભા નીકળે છે. એ આભા મહાઘોષનું રૂપ ધારણ કરી અને મહાનાદનાં રૂપે ફેલાઇને પોતાનું પ્રભાવક્ષેત્ર નક્કી કરે છે.જુઓ આ ચિત્રમાં તમે મગજમાં બનેલા કુદરતી ઘંટને જોઇ શકો છો.




આ ઘંટ ઉર્જામય છે. તેને ઓપરેશન કરીને નથી જોઇ શકાતો, છતાં પણ આ કોઇ નરી કલ્પના પણ નથી . આ આપણું પોતાનું સ્વનિર્મિત ઉર્જામંડળ છે. યોગી પુરુષોએ સાધનામાં એને લોલક અથવા પેન્ડુલિયમ કહ્યું છે. મગજનાં આદાન-પ્રદાનનાં વ્યવહારમાં આ લોલક ચક્રનો બહુ મોટો હિસ્સો સક્રિય હોય છે. આ પેન્ડુલમ વ્યવસ્થિત રીતે ફરી આવર્તન-પ્રત્યાવર્તન કરી પ્રક્રિયાઓનો સંચાર કરે છે. વિકિરણ રૂપે એ ફેલાતો રહે છે. એને

આભા મંડળ કહો, પ્રભા મંડળ કહો, કે ભામંડળ કહો જે કહેવું હોય તે કહો પણ એ મગજની પ્રતિભાઓનું મુખ્ય કેન્દ્ર બિન્દુ છે. બિન્દુનો વિસ્તાર જેમ સિન્ધુનું નિર્માણ કરી સમગ્ર વિશાળતા અને ગંભીરતાનું રૂપ ધારણ કરે છે તેમજ આ કેન્દ્ર પણ સંપૂર્ણ સંચાર વ્યવસ્થાનું સંયોજન છે.

## मेरु पर्वत



આગલા પ્રવચનમાં આપે જોયું કે જેમ બહાર લોક છે તેમ અંદર પણ લોક છે. જેમ બહાર લોકમાં મેરુપર્વત છે તેમ આપણા માનવીય દેહ પર્યાયમાં પણ મેરુદંડ સ્વરૂપે કહેવાતો મેરુપર્વત છે.

તમે ક્યારેક સૂયગડાંગ સૂત્રનું છઠ્ઠુ અધ્યન જેને "પુચ્છિસ્સુણં" કહેવાય છે. તે સાંભળ્યું હશે. તેમાં પરમાત્મા મહાવીરને મેરુપર્વતની ઉપમા આપી છે. તેની બારમી ગાથામાં કહ્યું છે "સે પવ્વએ સદ્દમહપ્પગા સે" આ ગાથામાં મેરુપર્વતને શબ્દોનો મહાપ્રકાશ કહેવામાં આવ્યો છે. શબ્દોનો મહાપ્રકાશ મહાધ્વનિથી ઉત્પન્ન થાય છે. પરમાત્મા મહાવીર મેરુપર્વત સમાન છે. "પુચ્છિસ્સુણં" માં રહેલું પરમ તત્વ આ મહાધ્વનિનો પ્રતિધ્વનિ છે. સંપૂણ મેરુપર્વતને તમે જુવો જેનું અહીં ચિત્ર રજુ કરવામાં આવ્યું છે. આમા મેરુપર્વતનાં કંદ-કાંડ વિભાગથી આયોજીત વન, આપણી અંદરની બધી જ ચક્ર વ્યવસ્થાનાં પ્રતીક બની ગયા છે.

નાભિકંદ નંદનવન છે, હૃદયનું અનાહત ચક્ર સોમનસ વન છે. કલ્પસૂત્ર, અંતગડસૂત્રમાં સંતોનાં પદાર્પણ વખતે, ખુશી વ્યક્ત કરવા હૃદયને માટે આ શબ્દોનો ઉપયોગ કેટલાયે ઠેકાણે જોવા મળે છે. "પરમ સોમણસ્સ હિયયા" આ વાક્ય અહીં ઉપયોગમાં આવ્યું છે. સોમનસનાં કમળ અને સુમનસ્ એમ બે અર્થ થાય છે. હૃદય કમળની જેમ ખીલી ઉઠયું અને મન પવિત્ર સુમનસ્ બની ગયું. આજ્ઞા ચક્રનું સ્થાન પંડકવન મનાય છે. આજ્ઞા સ્થાનને અભિષેક શિલા સ્વરૂપે માનવામાં આવ્યું છે. એની ઉપર એટલે કે લલાટની ઉપર આવેલું મંદિર છે જે સ્થાન આપણુ મગજ છે. એની મધ્ય ભાગમાં લોલક, પેન્ડુલિયમ અને ઘંટનું ચિત્ર આપવામાં આવ્યું છે. ત્યાં મહાધ્વનિનું સ્થાન છે.

આપણા મગજનાં બે વિભાગ છે. રાઇટ હેમોસ્ફીઅર અને લેફ્ટહેમોસ્ફીઅર. અર્થાત રેશનલ માંઇડ. બાળપણમાં આપણે લેફ્ટ હેમોસ્ફીઅરને સક્રિય કરીને રાંઇટ ને સુષુપ્ત કરી દઇએ છે. તો પણ જોવા જઇએ તો પુરુષો કરતાં સ્ત્રીઓનું મગજ વધારે સક્રિય હોય છે. રાઇટ હેમોસ્ફીઅરને સક્રિય કરવા માટે આપણે દિવ્યશક્તિનો ઉપયોગ કરવો પડે છે.

જેવી રીતે ધ્વનિતરંગો રડાર પરથી પૃથ્વીનાં પોલાણમાં ભટકાઇને રડારમાં પાછા ફરે છે. ઠીક એવી જ રીતે આ પધ્ધતિ મગજમાં લોલક દ્વારા ગતિમાન થઇ ચૌદ રાજલોકમાં ફરી અને પાછી લોલક પર આવી પહોંચે છે. જગતમાં જે મેક્રોકોસ્મિક છે, તે બધું જ આપણામાં માઇક્રોકોસ્મિક રૂપે છે. આજ થી ૧૫૦૦ વર્ષ પહેલા એક શોધ થઇ હતી જેનુ નામ હતું હોલોગ્રામ થિયરી. આ થિયરી મુજબ વસ્તુનાં એક અંશની નેગેટીવ તેના સંમ્પૂર્ણતત્વની પોઝેટીવ આપી શકે છે. લેસર સિસ્ટમથી તેઓએ કેળા પર પ્રયોગ કરેલો. લેસરમાં સ્પેક્ટરનાં સાત રંગો સાથે અલ્ટ્રાવાયોલેટ વેવ્સ અને ઇન્ફ્રોરેડવેવ્સ મળીને કૂલ નવ વેવ્સ એક સાથે ફેંકવામાં આવે છે. જો હોલોગ્રાફિક

સિસ્ટમમાં સંપૂર્ણ જગતનું ચિત્ર મળી શકતુ હોય તો આપણા મગજમાં શા માટે ન મળે ? હવે આપણે એને ચિત્રો દ્વારા જોઇએ.



આ ચિત્રમાં લોલક માંથી નિકળતા તરંગો પાછા વળે છે. કીર્તન દ્વારા ભાવોથી ઉત્પન્ન થયેલા વેવ્સ દોરીઓની જેમ લટકતા દેખાડવામાં આવ્યાં છે. એ ભાવોનાં આદાન-પ્રદાનનું પ્રમાણ આપે છે. આપણી નિજચેતના સાથેના ઉર્જામય સંબંધની સાક્ષી બની રહે છે. આ ચૈતસિક સંબંધ છે. કેવળ ચેતન માંથી આ સંબંધ બંધાય છે. સમસ્ત લોકમાં , ચૌદરાજલોકમાં પરિભ્રમણની આ યોજના છે. ફોલ્યા વગરની શીંગનાં આકારમાં એ પાછી ફરી રહી છે. આ વેવ્સ ચારે તરફ ફરે છે. અને જ્યાં સંબંધ રાખે છે ત્યાં જ સ્પર્શે છે. આને ટેલીપેથી સિસ્ટમ કહેવામાં આવે છે. ચારે ખૂણે દેખાતી ગ્રાફિક સિસ્ટમ ચારે દિશામાં પરિભ્રમણનો ઇશારો કરે છે. શરૂઆતમાં આ વેવ્સ પરિભ્રમણ કરે છે પછી એ બે વિભાગોમાં વહેંચાઇ જાય છે. આવો હવે આને બીજા ચિત્રમાં જોઇએ.



આ ચિત્રમાં પાછા ફરેલા વેવ્સ મગજનાં ડાબા-જમણા વિભાગમાં ફેલાતા જાય છે. આ વિસ્તાર તરંગમય છે. બધા તરંગો કલોકવાઇઝ ફરતા દેખાઇ રહ્યાં છે. કોઇ પણ તરંગ એન્ટીકલોકવાઇઝ કે કાઉન્ટર કલોકવાઇઝ નહીં મળે. આ છે પરમાત્માનાં સ્મરણથી ઉદ્ભવેલ પરિણામ. પાછા ફરતી વખતે એ અનંતગણી શક્તિઓ લઇને આવે છે. આ છે પ્રભુનો આપણને મળેલો ઉપહાર.આ છે પરમાત્માની રિટર્ન ગીફ્ટ.

ઉપરોક્ત સિસ્ટમ એ સમજાવે છે કે કેટલાયે પ્રકારનાં નામ હોય છે. એ નામની અનેક વ્યક્તિઓ હોઇ શકે છે. પણ આપણે જેને ઓળખીએ છે તેમનું નામ લેતાં જ

તેમની છબી આપણાં મગજમાં ઉપસી આવે છે. એ નામની બીજી ઘણી વ્યક્તિઓ હોવા છતાં આપણું મગજ કેવળ સંબંધિત વ્યક્તિનું જ ચિત્ર ઉપસાવે છે. પ્રભુ નામ સ્મરણનું પણ આજ મહત્વ છે. નામને આધારિત તેમનું આત્મતત્વ, આદેશતત્વ, ઉપદેશતત્વ વગેરે આ રીતે જ ઉપસી આવે છે.

મગજનાં દશ ભાગ છે. એમાં પ્રથમ ચેતનમન છે જે જમણી બાજુ હોય છે. એનું કામ વિચારો કરવાનું છે. અન્ય નવ ભાગ અચેતન મનનાં હોય છે. ચેતનભાગ જે રીતે સૂચના આપે તે રીતે બાકીનાં નવ ભાગ કાર્ય કર્યા કરે છે. તમે બરફને પાણીમાં તરતો જોયો હશે. તેનો એક જ ભાગ પાણીની ઉપર હોય છે. એ રીતે જ મગજનું સમજવું. આપણુ સ્મરણ, રટણ,કીર્તન ,નમન વગેરેનો ભાવનાત્મક પ્રવાહ પહેલા પ્રથમ વિભાગમાં જ એકઠો થાય છે. જમા થાય છે. જ્યારે એ પરિભ્રમણ રૂપે સખત બની જાય છે ત્યારે તે સક્રિય બની અચેતન મનમાં ચાલ્યા જાય છે. આના કારણે અજપાજપ ચાલુ થઇ જાય છે.

લોગસ્સ સૂત્ર સાડાત્રણ વલયનું સ્પેક્ટ્રમ છે. સાત ગાથાઓનાં સાત રંગોમાં કીર્તન અને ભાવનાનાં બે રંગો ઉમેરતા નવ રંગો દ્વારા સ્પેક્ટ્રમ બની આપણાં જન્મો જન્મનાં કર્મોને ખપાવી દે છે. શરત માત્ર એટલી જ છે કે આ કીર્તન મગજનાં બીજા ભાગથી અચેતન મન સુધી પહોંચવુ જોઇએ. અહીં મસ્તકને સમર્પિત કરવું પડશે.

પરમાત્મા આપણું મસ્તક રાખતા નથી પણ શુભત્ત્વથી ભરીને આપણને પાછું આપે છે. સામાન્ય પણે શ્રીફળ-નાળિયેર અને કુંભ-કળશને મસ્તકનું પ્રતીક માનવામાં આવે છે. મસ્તકને ફોડી નથી શકાતું એટલે નાળિયેર ફોડીને દેવતાઓને પ્રસન્ન કરવાનો મિથ્યા પ્રયત્ન કરવામાં આવે છે. કુંભ-કળશને શુભ સ્થાન મળેલું છે. શુભ કાર્યોમાં એને માથા પર ધારણ કરીને સ્થાપન કરવામાં આવે છે. સ્થાપના વખતે તેમાં મંગળ દ્રવ્યો મુકીને તેની સ્થાપના કરવામાં આવે છે. મસ્તક સ્થાપિત નથી યતું એટલે કળશ સ્થાપિત કરીએ છીએ. મતલબ એજ કે આપણે આપણું મગજ ખાલી કરી અહીં સ્થાપિત કરીએ છીએ. પ્રભુ! તારા ચરણે માથું મૂકીએ છીએ. તું એને ભરી આપ. કેટલીય આધિ-વ્યાધિ-ઉપાધિથી એ ભરેલું છે. પ્રભુ પાસેથી જો કંઇક મળતું પણ હોય તો એ આમાં ક્યાંથી સમાવવાનું છે ? પરમાત્માનાં અનુગ્રહનું પ્રવાહ જો આપણું મસ્તક ખાલી હોય તો જ ભરી શકાય છે. આપણુ કામ તો ખાલી કરીને ધરી દેવાનું છે, પછી ભરી દેવાનું કામ તેમનું છે. બસ! આપણે માત્ર ધરી દેવાનું, તે અવશ્ય ભરી આપશે જ તેવી ખાત્રી આપુ છું. લોગસ્સ સૂત્ર તે આપણું ગેરન્ટી કાર્ડ છે. પૈસા ખર્ચીને લીધેલા નકામા નશ્વર પદાર્થોનાં ગેરેન્ટી કાર્ડો તમે સંભાળી રાખો છો પણ લોગસ્સની સાર્થકતાનું ગેરેન્ટી કાર્ડ તમે ઓળખી શકતા નથી. આ તો મોક્ષનો પરવાનો છે.

જે કેવળનું અનાવરણ કરે તે કીર્તન છે.
જે કર્મોનું છેદન કરે તે કીર્તન છે.
જે કષાયોનું નિવારણ કરે તે કીર્તન છે.

કીર્તન કરે છે અનાવરણ-છેદન-નિવારણ. પ્રદક્ષિણામાં કીર્તન ઉત્પન્ન થાય છે આવર્તનમાં. પરિવર્તન કરે છે વર્તનમાં અને નિષ્પન્ન કરે છે સમાપનમાં. આવર્તનનાં બે પ્રકાર છે. શબ્દમય અને ઉર્જામય. જેની ચર્ચા આપણે પછી કરીશું.

આપણા દ્વારા બોલાયેલા શબ્દોનો ઉદ્ભવ નાભિમાંથી થાય છે. તે પ્રગટ કંઠમાથી થાય છે અને તેનુ પરિણમન મગજમાં થાય છે. પરિણમનથી જ પરિવર્તન થાય છે. શબ્દોને ઉત્પન્ન થવાની અને પ્રગટ થવાની ક્રિયા તો જાણી શકાય છે. પરંતુ એ થકી મગજમાં થતાં પરિવર્તનથી આપણે અજ્ઞાત રહીએ છે. ઘડિયાળ જેવું લોલક મગજમાં પણ હોય છે. આ પેન્ડુલિયમ બરોબર મગજનાં મધ્યભાગે મંદિરનાં ઘંટની જેમ જોવા મળે છે. જેમ નાદ થાય છે અને તેનો નિનાદ સંભળાય છે. તેમજ મંત્ર, રટણ, કીર્તન સમયે મગજમાં નાદ, નિનાદ અને પ્રતિનાદ ઉત્પન્ન થાય છે.તેને ઘોષ, મહાઘોષ અને પ્રત્યાઘોષ પણ કહેવાય છે.

શાસ્ત્રોનું હંમેશા વાંચન થતું હોય છે. અને મંત્રોનું હંમેશા કીર્તન થતું હોય છે. અને સ્તોત્રોનું સદા સ્મરણ અને સ્તવન થતું હોય છે. લોગસ્સ આ બધાં સાથે સબંધ રાખે છે. એટલે લોગસ્સનું વાંચન (સ્વાધ્યાય) પણ થાય છે. કીર્તન પણ થાય છે. સ્મરણ અને સ્તવન પણ થાય છે. આવશ્યક સૂત્રમાં મુખ્ય ૬ આવશ્યક બતાવવામાં આવેલ છે,

૧. સામાયિક. ૨. ચઉવિસંસ્તવ. ૩. વંદણા. ૪. પ્રતિક્રમણ. ૫. કાઉસગ્ગ. ૬. પચ્ચક્ખાણ. આમાં ચઉવિસંસ્તવ નો અર્થ છે ચતુર્વિંશતિસ્તવ અર્થાત લોગસ્સ. આમ લોગસ્સ સૂત્ર બીજો આવશ્યક ગણાય છે. એની બીજી, ત્રીજી અને ચોથી ગાથામાં ઉસભં અજિઅં વગેરે નામ મંત્રગર્ભિત શૈલીમાં રજુ થયા છે. જેમા સંસ્તવન છે તે હંમેશા સ્તોત્ર સ્વરૂપે મળે છે. સ્તોત્રમાં સંસ્તવ અને સ્તુતિ બન્ને હોય છે. સંસ્તવનમાં પ્રભુનું સ્મરણ અને સ્તવન કરવામાં આવે છે. પ્રભુનાં મહાનતાનાં ગીતો ગાવામાં આવે છે. સ્તવન કરતાં કરતાં સ્વયંનાં અવગુણોને પરમાત્મા સમક્ષ પ્રગટ કરવાથી સ્તુતિ પરિણમે છે. અહીં પરમાત્મા સમક્ષ જ છે એવી અનુભૂતિ પ્રગટ થાય છે અને પ્રભુની સાથેનો વાર્તાલાપ સંવાદાત્મક શૈલીમાં રજુ થાય છે.

લોગસ્સ સૂત્રમાં રજુ થયેલો સંવાદાત્મક શૈલીનો દાખલો આપણે અહીંયા પ્રાયોગિક રૂપે જોઇએ. પ્રયોગનાં પ્રારંભમાં આપણે બન્ને હાથ જોડી ભાવનાસભર હૃદય સાથે પરમાત્માનાં ચરણમાં નમસ્કાર કરીએ. અન્ય વ્યક્તિઓ, વસ્તુઓ અને વિચારોને ભૂલી જઇએ. ફક્ત પરમતત્વ સાથે સબંધ બાંધવા તત્પર બની જઇએ.

પ્રથમ આપણે પરમાત્માનું અદ્ભુત સંબોધન દ્વારા સ્વાગત કરીએ. "એવં મએ અભિથુઆ" મારા દ્વારા થયેલી સ્તુતિનો સામે રહીને જેમણે સ્વીકાર કર્યો છે.

એવો તું! તારી સામે આવવાનો પ્રત્યક્ષ થવાનો આજે પહેલીવાર અવસર મળ્યો છે. અભિ અર્થાત સામે સર્વજ્ઞ- સર્વદર્શી સાથે અહી એવી રીતે સંવાદ છે, જેમ બાળક મા સાથે વાતો કરતું હોય. પ્રભુ બોલ્યા તું જ્યાં છો ત્યાં વિશાળ સંસાર છે. કેટલાયે લોકો છે તેઓની સ્તુતિ કર. મને મારી સ્તુતિની કોઇ અસર નહી થાય. કેમકે હું તો "સમો નિંદા પસંસાસુ" નિંદા અને પ્રશંસામાં હું સમાન છું. સમભાવ મારો સ્વભાવ છે. જેઓ પ્રસન્ન થાય છે તેમની સ્તુતિ કર, મારી સ્તુતિ શા માટે કરે છે ? હવે પ્રભુનાં આ પ્રશ્નનો જવાબ આપણે આપી રહ્યાં છીએ. પ્રભુ ! અમે તારી સ્તુતિ એટલે કરીએ છીએ કે તું "વિહુયરયમલા" છે. રજ એટલે કર્મ અને મલ એટલે કષાય તું કર્મ અને કષાય.રજ અને મળથી રહિત છો. પરમ વિશુધ્ધ છો. હું મલિન છું પણ તારે મારો સ્વીકાર કરવાનો છે. મને સમીપ લાવવાનો છે. કાદવમાં પડી ગયેલાને કાદવથી ખરડાયેલા બાળકને જેમ મા ઉપાડી લ્યે છે એમ તારે મને આ સંસારથી વિમુખ કરવાનો છે. તું મારી મા છો. મારી એ માતાએ તો મને જન્મ આપ્યો છે ! પણ તારે તો મને જન્મ-મૃત્યુનાં નકામા ફેરા માંથી છુટકારો અપાવવાનો છે. કેમકે તું "પહીણ જરમરણા" છે. તે જન્મ-મરણને સમાપ્ત કરી દીધા છે.

પ્રભુ એ પૂછયુ બોલ તને શું જોઇએ ? પ્રભુ જ્યારે તમને પણ આમ પૂછી લે તો તમે શું જવાબ આપો ? જો કે ગુરુ ગૌતમસ્વામીએ આનો જવાબ તો આપણને શિખવી રાખ્યો છે. એમણે કહ્યું "મે પસીયંતુ" મારા પર પ્રસન્ન થાવ. પ્રભુ કહે હું તો સદાયે સ્વ માં જ પ્રસન્ન છું. એટલે તારે વિનંતિ કરવાની જરૂર નથી. આત્માનો સ્વભાવ જ પ્રસન્નતા છે. પ્રસન્નતા કોઇ પ્રદાર્થ તો નથી કે જેની આપ-લે થઇ શકે. હવે આપણે ખૂલાસો કરવો પડશે! પ્રભુ આપનું કહેવું સાચુ છે. પણ "મે પસીયંતુ" તમે તો મને પ્રસન્ન કરો. તમે તે રાજી-નારાજગી થી અલિપ્ત છો. પણ મને તો પ્રસન્નતા જોઇએ છે. તમે મને પ્રસન્ન કરો, મારી પ્રસન્નતા મારામાં પ્રગટ કરો. પ્રભુ ગંભીર બની ગયા. તો ભકત ફરી બોલ્યો પ્રભુ કેમ ગંભીર બની ગયા ? તમો "કિત્તિય-વંદિય-મહિઆ" છો. જેનુ કીર્તન કર્યુ છે તે તમે મારા કીર્તીત છો, વંદિત છો, પૂજિત છો. આ લોક માંથી જેઓ પણ સિધ્ધ થયા છે. તેઓ બધા મારા દ્વારા કીર્તીત, વંદિત, પૂજિત છે. આજે તો મને કઇંક આપવું જ પડશે. પરમાત્માએ પૂછયું બોલ શું જોઇએ છે ? ભકત એ કહ્યું, "આરુગ્ગ બોહિલાભં સમાહિ વરમુત્તમં દિંતુ"

આ રીતે લોગસ્સ સૂત્ર સંવાદાત્મક શૈલીનો ઉત્કૃષ્ટ નમુનો છે. સંવાદાત્મક હોવાનો એનો બીજો પૂરાવો એ છે કે એની મહત્વપૂર્ણ સંબોધન શૈલી. એમા અનેક સંબોધન રજુ થયા છે. આ સંબોધનો ખૂબ મીઠા, ગંભીર અને રહસ્યમય છે. સ્તુતિ કરનાર પરમાત્માને પ્રત્યક્ષ સમજી સ્વયં ને વ્યકત કરે છે. એટલે તો એમા સ્તુતિ કરનારનું કોઇ નામ નથી. પરંતુ "મએ", "મે", "મમ" વગેરે શબ્દો છે. "મએ" અર્થાત મારા દ્વારા, "મે" અર્થાત મને, અને "મમ" અર્થાત મારુ. પરમાત્માને માટે

તુમ" શબ્દ ગર્ભિત અને અને અવ્યક્ત છે. "એવં મએ અભિથુઆ" આ રીતે મારાથી અભિસ્તુત થનાર એ વ્યક્ત નથી. અહી "અભિથુઆ" શબ્દ પ્રભુ પ્રત્યેનો પ્રેમ અને અધિકાર યુક્ત સંબોધનાર્થે વપરાયેલો છે. એમા "મએ" શબ્દથી પોતાને જ સાંકળી દીધા છે. કદાચ આ વસ્તુ તમને સમજવી અઘરી લાગશે. અઘરી તો લાગશે જ કારણ તેઓ મહા છે અને આપણે લઘુ. તેમની સાથે જોડાઇ રહ્યાં છે. આજે આપણે આપણો પરિચય એમની સાથે રહીને આપીએ છીએ.

લગ્ન પહેલા કન્યા પોતાના નામની સાથે પિતાનું નામ અને ગોત્ર જોડે છે. પરંતુ લગ્ન બાદ પોતાના પતિનું નામ અને ગોત્ર જોડે છે. એટલું જ નહી લગ્ન પછી સામાન્ય પરિવારની દીકરીનો સબંધ કોઇ ધનવાનનાં ઘરમાં થયો હોય તો તે લગ્ન પહેલા જ બદલાઇ જાય છે. સાંસારિક પૌદગોલિક સબંધો તો ફક્ત એક જ ભવનાં હોય છે. છતાં તેમા પરિવર્તન આવે છે . આતો પ્રભુ સાથેનો ભવો-ભવનો પવિત્ર સબંધ છે એનાથી આપણામાં કેટલું પરિવર્તન આવવું જોઇએ ? આ સબંધની ગરિમા જ કઇંક જુદી છે. ભક્તનો રુઆબ જ કઇંક બદલાઇ જાય છે. હવે આપણે બીજા સબંધ વિષે વિચારશું.

જેમ કોઇક મોટા પ્રધાન કે એવીજ કોઇ મોટી વ્યક્તિ પાસેથી કામ લેવું હોય અને સંજોગવશાત તમને તેમની સાથે કોઇ ઓળખાણ નીકળે તો તમે એવી રીતે જ રજુ થઇ ને વાતચીત કરશો ને ? ઓળખાણને લીધે તેમણે તમારુ કામ તો કરવું જ પડશે ના તો એ પાડી નહીશકે. અહીં પરમાત્મા સાથે આપણે આપણી સબંધોની યાદ અપાવવાની છે. આપણે જે સ્તુતિ કરી છે એ જ આપણું ઓળખ પત્ર બની જાય છે. તું મારો પ્રેમી છે. મારો અભિસ્તોતા છે. મારા દ્વારા કીર્તીત છે. વંદિત છે. મારી પૂજાનો તું અધિકારી છે. આ લોગસ્સ સૂત્રની ભાષા છે.

આત્માની અમાપ સમૃધ્ધિનાં અનંત વૈભવનું અહીં ઉદ્‌ઘાટન છે. આપણી પરમ આત્મસત્તાનું અહીં વિમોચન છે. અસહાય દયનિયતા અહીં નથી. અહીં અપાર સામર્થ્યનો દાવો છે. આટલું લઇ લીધા પછી પણ આમાં માગણીનાં શબ્દો છે "પસીયંતુ", "દિંતુ", "દિસંતુ" વગેરે શબ્દપ્રયોગો આમાં થયા છે. આ પ્રયોગો માંગવાની પ્રાર્થનાની , કરગરવાની શૈલીમાં નહીં! પણ અધિકારની ભાષામાં છે.

સંવાદ વગર કીર્તન કેવી રીતે થાય ? દૂર હોય કે નજીક એમનું સમક્ષ હોવું જરૂરી છે. જેમ આપણે કોઇને બૂમ પાડીને બોલાવીએ તો આપણને વિશ્વાસ હોય છે કે તે વ્યક્તિ આપણી આસપાસ જ હોવી જોઇએ. છતાં આપણને એમ લાગે કે તે થોડી વધારે દૂર છે તો આપણે આપણા બન્ને હાથનો ખોબો કરીને એને બોલાવીએ છીએ. આમ કરવાનું કારણ કે અવાજને આપણે યોગ્ય દિશામાં દૂર સુધી મોકલી શકીએ છીએ. આ છે શબ્દોની સાથે શક્તિને સંકલિત કરીને તેનો વાસ્તવિક ઉપયોગ. લોગસ્સ સૂત્ર પણ કાઉસગ્ગ દ્વારા પરમાત્માને સાદ દેવાની પધ્ધતિ છે. એટલે જ તો એને સંસ્તવન અને કીર્તન કહ્યું છે.

ગયા પ્રવચનમાં આપણે જોયુ કે "કિત્તઇસ્સં" શબ્દથી પ્રતિજ્ઞા કરી છે કે આપણે કીર્તન કરશુ. એમને સાદ દેશું. રટણ કરશું. મંત્ર જપશું. આવી સ્થિતિમાં કીર્તન કરવા માટેનાં કેટલાક જરૂરી નિયમોને આપણે સમજવા પડશે અને અપનાવવા પણ પડશે. આ છે ત્રણ કીર્તનના નિયમ,

૧. પરમ અસ્તિત્વની હાજરીનું જ્ઞાન.

૨. સ્વરૂપની સમાનતાનું જ્ઞાન.

૩. સમસ્વરતાનું જ્ઞાન.

(૧) પરમ તત્વ છે પરમાત્માનું અસ્તિત્વ છે. જે છે તે ઉપસ્થિત છે. હાજર છે. એમના પ્રત્યે કરવામાં આવેલી આપણી ઉપાસનામાં એમની ઉપસ્થિતિ જ સાક્ષી છે. પરમ અસ્તિત્ત્વની સાક્ષીપણાનું જ્ઞાન થયા વગર આપણે કેવી રીતે અજ્ઞાત સાથે વાત કરી શકીએ ? પૂર્ણ આસ્થા, શ્રધ્ધા, પ્રતિતિ, રૂચી, સ્પર્શ વગેરે બધું અહીં છે. જ્યારે પરમ અસ્તિત્વની સાક્ષી થઇ જાય છે, ત્યારે કોઇ નિયમ કે શર્ત વચ્ચે વિઘ્ન નથી નાખી શકતું.

(૨) સ્વરૂપની સમાનતાનો વિચાર કર્યા વગર એકરૂપતા આવી નથી શકતી. અર્ધો રસ્તો કાપી ચૂક્યા છીએ, હવે એટલું તો છેવટે સમજી શક્યા છીએ કે આપણામાં અને એમનામાં કોઇ ભેદ નથી. આપણે સરખા છીએ. હવે તો આપણે એમની દ્રષ્ટિએ એમના પ્રરુપિત માર્ગે ચાલવું છે.

સ્પષ્ટતા માટે આચારાંગ સૂત્રમાં એક પંચસૂત્રીય યોજના છે.

**૧. તદ્દિટ્ઠિએ :-** જ્યાં એમની (પરમાત્માની) દ્રષ્ટિ છે ત્યાં દર્શન દિદાર કરી પગલું માંડ. પરમાત્માની દ્રષ્ટિ બેટરીનું કામ આપે છે. રસ્તા પર ગમે તેટલુ અંધારું કેમ ન હોય એમની દ્રષ્ટિમાં જ પ્રકાશ છે. જન્મો-જન્મનો અંધકાર અહીં દૂર થઇ જાય છે.

**દૂરે સહસ્ત્ર કિરણઃ કુરુતેપ્રભૈવ ।**
**પદ્માકરેષુ જલજાનિ વિકાસ ભાંજિ ।।**

એ ભલે સાત રાજલોક દૂર હોય પણ એમનું એકાદ કિરણ પણ જો આપણને મળી જાય તો આપણું આત્મકમળ ખીલી ઉઠે. એમની દ્રષ્ટિએ પંથ માર્ગ એ એમનો અભિપ્રાય છે. પંથ કે માર્ગનો કોઇ સંપ્રદાય નથી. પરમ તત્વ શાશ્વત પંથને બતાવે છે. પંથ પર ચાલતા શિખવાડે છે. ચાલવા માટેનું માર્ગદર્શન આપે છે. આજ્ઞા આપે છે. જ્ઞાન આપે છે. ચાલવાની પ્રેરણા અને સામર્થ્ય આપે છે. એમના જ્ઞાન અને તત્વનાં

પ્રકાશમાં આપણે ચાલવાનું છે. માર્ગમાં આગળ વધવાનું છે.

૨. તમ્મુત્તિએ :- પરમ ગુરુ ગૌતમસ્વામી કહે છે વત્સ! પરમાત્મામાં તન્મય થઇ જા. એમનામાં તલ્લીન થઇ ને ચાલતો જા. તારી ધીમી છે ચાલ અને પંથ છે વિશાળ પણ તું થાકીશ નહી. હારીશ નહી. એમનું સ્વરૂપ સામે રાખ. તું અને એ બન્ને સમાન સ્વરૂપે છો. તમ્મુત્તિએ અર્થાત તેમના સ્વરૂપમાં આપણે તન્મય થઇ જવાનું છે. તલ્લીન થઇ જવાનું છે.

૩. તપ્પુરક્કારે :- વત્સ ! તું સર્વજ્ઞ-સર્વદર્શીનો અનુગામી બન. એમનું સ્મરણ કર, એમને સદાયે સન્મુખ રાખ. એમની વાતનું હમેંશા ધ્યાન રાખ. એમની આજ્ઞા ને તું તારો ધર્મ બનાવી લે. તેઓ આગળ ચાલશે તું એમના પગલે પગલે ચાલજે. તું એમનો ચરણ સ્પર્શ કરીને ચાલતો રહે. તારો માર્ગ મોકળો થઇ જશે. તને મંજિલ મળી જશે.

૪. તસ્સણ્ણે :- સ્વ સંજ્ઞાને એ પરમસંજ્ઞામાં લીન કર. તારા મનમાં વિચારોમાં એકાગ્રતા લાવી આગળ વધ. ફક્ત એને જ યાદ કર. એમનું સ્મરણ તારુ કલ્યાણ કરશે.

**ત્વત્સંસ્તવે ભવસંતતિ સન્નિબધ્ધં,**

**પાપં ક્ષણાત્ ક્ષયમુપૈતિ ।**

એમના સ્તવનથી સ્મરણ માત્રથી ભવોભવનાં બાંધેલા પાપ ક્ષણ માત્રમાં દૂર થઇ જાય છે. તારુ ચિત્ત એમના ચરણમાં મૂકી દે.

૫. તન્નિસેવણે :- સદાય તેમની (પરમાત્માની) સાથે રહે. સદાયે ચરણોમાં આવાસ કર.

**તવ ચેતસિ વર્તેઽહં, ઇતિ વાર્તાઽપિ દુર્લભા ।**

**મચ્ચિતે વર્તસેચેત્વં, અલં અન્યેન કેનચિત્ ।।**

હે ! પરમાત્મા તું મને તારા ચિત્તમાં રાખે, મને યાદ કરે તેવુ તો અશક્ય છે, પણ તું મારા ચિત્તમાં તો સદાય રહી શકે છે ને ?

(૩). ત્રીજો નિયમ સમસ્વરનો છે. એથી અભિપ્રાય છે.

છંદનાં નિયમોનું ધ્યાન રાખી પહેલાં ભાષ્ય જપમાં કીર્તન કરવું. ઉંચા અવાજે ઉદ્‌ઘોષ કરવો. પછી ઉપાશું જપ કરવો. જેમા સાન્નિધ્યની પ્રતીતિ થાય. અને ત્રીજો માનસ જપ ત્યારે કરવો જ્યારે ચિત્ત પૂરી રીતે સમર્પિત હોય. એકાગ્ર હોય. એમા નિયોજીત ગાથાઓ અને છંદ પોતાની સંપૂર્ણ વિશેષતા અને નિયમિતતા જાળવી રાખે છે.

**ગાથા ક્રમ :-** છંદ શાસ્ત્ર અનુસાર નામ અને અર્થ અહીં રજુ કરવામાં આવે છે.

**૧. સિલોગ :-** જેનો અર્થ પવિત્ર, ઉત્તમ, શ્રેષ્ઠ છે. આ ગાથાઓ દ્વારા પરમ પુરુષો સાથે સબંધ સ્થાપિત કરી શકાય છે. હવે આવે છે ગાથાઓ. ગાથાઓ એટલે જે ગ્રંથિ ખોલે છે. નિર્ગ્રંથતાની અનુભૂતી જગાડે છે. અને પરમ નિર્ગ્રંથની સાથે આપણને ગુંથી દે છે. ગ્રંથિત કરી દે છે.

**૨.હંસી ગાહા :-** હંસની જેમ ક્ષીર-સાગર જેવો ન્યાય અપનાવો પડશે. આ ગાથાથી જ સ્મરણનો આરંભ થાય છે. દેહ સબંધનું સ્મરણ છોડી, જડ ચેતનનો ભેદ સમાપ્ત કરી આપણી ચેતનાને પરમ ચેતનામાં સમાવી દેવાની છે.

**૩.લક્ષ્મી ગાહા :-** અમાપ આત્મ વૈભવની અધિકારીણી આપણી આત્મ ચેતનાનાં સાર્મથ્ય ને આ ગાથા પ્રગટ કરે છે. આ ગાથાથી મોક્ષ લક્ષ્મી મેળવવાનો અધિકાર પ્રાપ્ત થાય છે.

**૪. માગધી ગાહા :-** નામ સ્મરણ ની ત્રીજી ગાથાનું નામ માગધી છે. મગધદેશની ભાષા માગધી કહેવાય છે. આપણી અંદર આપણો પ્રદેશ છે. અસંખ્ય આત્મ પ્રદેશ છે. એમની સમર્પણ ભક્તિ આપણી માગધી ભાષા, પરિભાષા છે. આ ગાથાનાં સ્મરણથી આપણે પરમ પ્રત્યે મુગ્ધ બની અગાધતાને સ્પર્શીએ છીએ.

**૫, જાન્હવી ગાહા :-** ગંગા નદીને જાન્હવી કહે છે. જે હિમાલય માંથી પવિત્ર સ્ત્રોત રૂપે વહેતી વહેતી સમગ્ર ભારત વર્ષમાં ફેલાય છે. એવી જ રીતે પરમાત્માનો વાણી પ્રસાદ વહેતો વહેતો બધે ફેલાય છે. એમાથી જૂજ શબ્દોનો પણ જો આપણને સ્પર્શ થઇ જાય, મીઠો રસાસ્વાદ મળી જાય

તો પાપ-તાપ-સંતાપ દૂર થઇ જાય. જો સુમધુરતા અને શીતળતાનો અનુભવ થઇ જાય તો જન્મ સફળ થઇ જાય.

૬. લક્ષ્મી ગાહા :- આ ગાથામાં કીર્તનની સમાધિ સુધીનાં પ્રવાસનો સંકેત છે. સમાધિ જ શ્રેષ્ઠ લક્ષ્મી છે. અગર દ્રવ્ય લક્ષ્મી હોય અને સમાધિ ન હોય તો તેની કંઇ કિંમત નથી. સમાધિ સાક્ષાત લક્ષ્મી સ્વરૂપ છે.

૭. વિધુત ગાહા :- વિધુત અર્થાત લોહચુંબક. પરમાત્મા લોહચુંબક છે. લોઢું જેમ લોહચુંબક તરફ આર્કષાય છે તેવી રીતે આત્મા પરમાત્મા સાથે આકર્ષાય છે. પોતાને સમર્પિત કરતો રહે છે.વિધુતનો બીજો અર્થ વિજળી છે. જેમ વિજળી ચમકે છે, અજવાળું ફેલાય જાય છે. એવી જ રીતે આ ગાથા આત્મ પ્રદેશની આકાશગંગામાં ઝડપથી ચમકારો-પ્રકાશ-નિર્મળતા અને ગંભીરતા ઉત્પન્ન કરે છે. આવી રીતે આ સાતેય ગાથાઓનું કીર્તન કરવાનું છે. છંદ શાસ્ત્રિઓએ છંદનાં કેટલાક નિયમો બનાવ્યાં છે. એને પણ સમજવા જરૂરી છે. એમાં જો ક્રમ બદલાય જાય તો આપણે ક્રમબધ્ધ આગળ નથી વધી શકતા. અહીં છંદ વ્યવસ્થાને નિયમો સાથે સમજાવવામાં આવી છે. બધી ગાથાઓમાં ચાર ચરણ છે. એ ચારે ચરણોમાં ચાલવા માટે આપણા સ્વરની કેટલીક ચોક્કસ ગતિઓ છે જેમ કે..

પહેલું ચરણ : હંસની જેમ હળવી ગતિએ બોલવું જોઇએ.
બીજુ ચરણ: સિંહની જેમ ગર્જના કરી ઉંચે અવાજે બોલવું જોઇએ.
ત્રીજુ ચરણ: ગજગતિની જેમ લલિત સ્વરે ઉચ્ચારવું જોઇએ.
ચોથુ ચરણ: સર્પગતિની જેમ ડોલતા હોઇ તેમ બોલવું જોઇએ.

છંદ શાસ્ત્રિઓનાં આ નિયમોમાં કીર્તનનો આનંદ અને વાસ્તવિકતા સામેલ છે. કીર્તનમાં ભક્તિની અગ્રતા હોય છે. ભક્તિમાં એકાગ્રતા અને સ્થિરતા પછી ધ્યાનાવસ્થા આવે છે. એમ ભક્તિની પૂર્ણતા જ ધ્યાન છે. આ રીતે ચારે ગતિઓનું પોતાનું મહત્ત્વ છે.

હંસ ગતિ ભેદજ્ઞાનનું પ્રતિનિધિત્વ કરે છે. લોકવાયકા પ્રમાણે હંસ ક્ષીર-નીર-વિવેકી હોય છે. એ પાણીને બદલે દુધ લે છે. હંસ શબ્દ અહમ્ + સઃ આ બન્ને ને

જોડીને બનેલો છે. હું+તે= હંસ, જેને આપણે ગોતીએ છે તે હું છે. શોધ પૂર્ણ થાય છે તેની જાણ યતા હંસ, સોહં બની જાય છે. એ હું જ છું એ ભેદજ્ઞાન છે. સોહંનાં જૈન ધર્મમાં બે અર્થ બતાવ્યા છે.સ:+અહમ્ એ હું આમાં એવો અર્થ પ્રેરિત થાય છે. પ્રથમ એ એટલે કે સ્વજ્ઞાનથી અનાદિકાળ પૂર્વેથી પરિભ્રમણ કરે છે તે હું બીજો અર્થ એ કે જે પરમતત્વ પરમાત્મા છે. જે શુધ્ધ-બુધ્ધ નિરંજન નિરાકાર સ્વરૂપે છે. તે હું જ છું. એમાં પહેલો એ વર્તમાન સાથે સબંધ રાખે છે. બીજો એ ભૂત અને ભવિષ્ય બન્ને સાથે જોડાયેલું છે.

ગતિ અર્થાત ગમન. ભેદજ્ઞાન વગર આપણે આપણને નથી ઓળખી શકતા. અન્યની ઓળખાણને પોતાની ઓળખાણ સમજી આપણે પોતાને નથી ઓળખી શકતા. જ્યારે આપણે આપણાં આંતરિક સ્વરૂપને નથી ઓળખી શકતા તો પરમાત્માને આપણો પરિચય કેવી રીતે આપશું? પહેલી હંસ ગતિ આપણને ભેદજ્ઞાનમાં ગતિ કરાવે છે, ગમન કરાવે છે, પ્રવેશ કરાવે છે. "કિત્તઇસ્સં" ની પહેલી શરત ભેદજ્ઞાન છે.

બીજી સિંહ ગતિ છે. પરિચય થઇ જવાથી શું થાય છે ? કેવી રીતે ખબર પડે છે કે ભેદજ્ઞાન થઇ ગયું ? જ્ઞાની પુરુષો કહે છે કે જ્ઞાન થવાથી ભાષા બદલાય જાય છે. જેમ એક વખત સંજોગવશાત એક સિંહબાળ એક ગોવાળીયાને મળી જાય છે. એણે તેને બકરીઓનાં ટોળા વચ્ચે મુકી દીધુ. એ બકરીઓ સાથે જ એનુ લાલન- પાલન થવા લાગ્યુ. એણે બકરીઓની સાથે જંગલમાં જઇને ચારો ચરતા શીખી લીધુ. અને બેં-બેં પણ કરવા લાગ્યું. બકરીઓ સાથે નાની મોટી ઉછળ કુદ કરતી વખતે એને સ્હેજે અંદાજ નથી આવતો કે એ પોતે આવી નકામી હરકતોને લાયક નથી. પોતે સિંહ છે.

એક વાર એ બકરીઓનું ટોળું જંગલમાં ચારો ચરતુ હતુ ત્યાં અચાનક એક સિંહે ગર્જના કરીને હુમલો કર્યો. ડરની મારી બધી બકરીઓ ત્યાંથી ભાગી ગઇ, પણ સિંહબાળ એકીટશે સિંહને જોતું રહ્યું. એ ફક્ત એને જોતું જ રહ્યું. જોતાં જોતાં એને પ્રશ્ન થયો કે હું કોણ છું ? બકરી કે સિંહ ? બેં-બેં કરીને પોતાની રક્ષા માટે ભીખ માગવાવાળો કે ગર્જના કરીને ધરતી ધ્રુજાવવાવાળો સિંહ ? ના-ના હું કંઇ બેં-બેં કરવાવાળો ઘાસ ખાવાવાળો કે નાના મોટા ઠેકડા મારનારી બકરી નથી. હું સિંહ જ છું. એજ મારુ સ્વરૂપ છે. એક મોટી ગર્જના એની અંદરથી નિકળી. ગરજતું ગરજતું એ પેલા સિંહ પાસે જઇને ઉભુ રહી ગયું. સિંહની આંખોમાં આંખ પરોવી કહેવા લાગ્યું, તું જ હું , અને અંતે હું જ હું છું આવી જ રીતે પરમાત્માનું સ્વરૂપ જોતાં જોતાં આપણને આપણી ઓળખાણ થાય છે.

ત્રીજી ગતિ ગજગતિ છે. હાથીની બે અવસ્થા છે. મદોન્મત અને મદરહિતમસ્ત. મદોન્મત હાથી ઉછાછળો અને ચંચળ હોય છે. એવા હાથીને માનની ઉપમા પણ

આપવામાં આવે છે. મદરહિત હાથીની પોતાની મસ્તી હોય છે. આપણે જેની પાસે જઇ રહ્યાં છીએ એ ગંભીર છે . આપણે ઉછાછળાપણાનો ત્યાગ કરવાનો છે. અહીં તો જોઇએ ડોલતા ડોલતા લલિત ચાલથી ગતિનો વિકાસ.

ચોથી ગતિ સર્પની જેમ ડોલતી હોય તેમ વર્ણવેલ છે. સર્પ સીધો ચાલે છે. પણ ગારુડી બીન વગાડી સર્પને વશ કરીને ડોલાવે છે, નચાવે છે. એ વખતે એને ગારુડી સીવાય કોઇ દેખાતું નથી. આપણે પણ પરમાત્મામાં વશ થવાનું છે એમના આદેશ અને ઉપદેશની બીન સાંભળી એમા લીન બનવાનું છે. એમના સીવાય આપણને કંઇ જ ન દેખાય એવી એકાગ્રતા લાવવી છે.

**દ્રષ્ટ્વા ભવન્તમનિમેષ વિલોકનીયમ્ ।**
**નાન્યત્ર તોષમુપયાતિ જનસ્ય ચક્ષુ।।**

હે ! પ્રભુ! એકવાર તને અનિમેષ નયને જોયા પછી સંસારની કોઇ પણ વસ્તુ કે વ્યક્તિમાં મને ક્યાંથી રસ ઉપજે ? અર્થાત્ ક્યાંય કોઇ પણ વસ્તુ ગમતી નથી.

આ રીતે જ કીર્તનની સમસ્વરતાનું સમાયોજન કરી સાક્ષાત સાથે સંવાદ કરી કીર્તન અને રટણ સાથે સાતે ગાથાઓનું સ્મરણ કરી ચોવીસ નામોનાં આવર્તનનાં સ્પેક્ટ્રમ દ્વારા લોગસ્સને આત્મસાત્ કરવો છે. હવે પ્રયોગો દ્વારા યોગ કરી અયોગી સાથે સંયોગ કરી અને એમના સાનિધ્યને માણવા ફરી મળીશું. થાકેલાઓને સાથ આપશું જરૂર પણ બધાં સાથે ચાલશું અને અવશ્ય પહોંચશું.

## ૐ શાંતિ શાંતિ શાંતિ

# નમો જિણાણં જિઅભયાણં

સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ ।
વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિ ચ વંદામિ ।।

તીર્થ બનાવી તીર્થંકર પ્રભુ તીર્થનું જ્ઞાન તું છે.
જિનવર બનીને જિનસ્વરૂપનું પ્રગટાવે નિજભાન તું છે.
સર્વ જીવોનાં દુઃખ હરનારો, ભક્તોનો ભગવાન તું છે.
કર્મકંત, ભગવંત અરિહંત મુક્તિનું વરદાન તું છે.

# ૩. વિશ્વાલય માં સ્વવિલય.

આવર્તનનાં બે પ્રકાર છે. શબ્દ આવર્તન અને ઉર્જા આવર્તન. જ્યારે શબ્દો ઉત્પન્ન થાય છે ત્યારે તે અક્ષર હોય છે. અક્ષરો જ્યારે ઉત્પન્ન થાય ત્યારે ભાષા બને છે. ભાષા જ્યારે ભાવમાં જોડાય છે ત્યારે વાણી બને છે. વાણી જ્યારે પરાવાણી બની મહાપુરુષોની ચેતનાને સ્પર્શે છે ત્યારે મંત્ર બની જાય છે. મંત્રોનું જ્યારે રટણ થાય છે, ઘર્ષણ થાય છે ત્યારે ઉર્જા ઉત્પન્ન થાય છે. ઉર્જા જ્યારે આરોહ-અવરોહ કરે છે ત્યારે આવર્તન બને છે. આવર્તનમાં ઉત્પન્ન થનારી શ્રધ્ધા શબ્દોની યાત્રા બની અવિનાશી આત્મ પ્રાપ્તિનું સાધન બની જાય છે. આ યાત્રા સાધના છે, આરાધના છે, ઉપાસના છે.

લોકમાં શબ્દો ઘણાં છે. કેટલાક શબ્દો દ્વારા કોલાહલ ઉત્પન્ન થાય છે. કેટલાક શબ્દો દ્વારા કૌતૂહલ ઉત્પન્ન થાય છે. કેટલાક શબ્દો સ્વયં કીર્તન બની જાય છે. કીર્તનમય શબ્દ કૈવલ્ય પ્રગટ કરી શકે છે. પરમ ગુરુ ગૌતમસ્વામીથી પ્રગટ થનારા લોગસ્સના શબ્દો કૈવલ્ય સુધી પહોંચાડવામાં સક્ષમ રહ્યાં. સંજોગવશાત એક સક્ષમ સાર્થક પ્રયોગ આપણને પણ મળ્યો છે.

કીર્તનનું આવર્તન શબ્દો દ્વારા શરૂ થઇ શબ્દાતીત થઇ જાય છે. વાણી બની મૌનમય બને છે. આકારથી શરૂ થઇ નિરાકાર સુધી લઇ જાય છે. "કિત્તિઇસ્સં" ની પ્રતિજ્ઞામાં છ એ છ આવશ્યક સમાઇ જાય છે. કીર્તન કરવામાં આવે છે. "કરેમિ" અર્થાત કરુ છું. શું કરવું છે ? તો કહે છે કે કીર્તન કરવું છે. ત્રણ કરણ ત્રણ યોગથી કરવામાં આવેલું કીર્તન છઠ્ઠું આવશ્યક બની જાય છે. ચોવિસ જિનની આરાધના ચતુર્વિંશતિ સ્તવનું બીજુ આવશ્યક છે. સાડા ત્રણ આવર્તનની યાત્રામાં પાંચ વાર વંદના આ ત્રીજુ આવશ્યક છે. અનાદિકાળથી ત્યાગ કરીને દૂર નીકળી ગયેલા માટે માત્ર સાત ગાથાની લઘુ યાત્રા કરીને ઘરે પાછા ફરવાનો મોકો મળે છે. નિજ સ્વરૂપ સમઘરમાં પાછા ફરવાનું પ્રતિક્રમણનું ચોથું આવશ્યક છે. દેહમાં રહીને વિદેહીનો અનુભવ કરવો, સમાધિની સંપ્રાપ્તિ કરવી કાઉસગ્ગ છે. આ સફળતાનું ઉત્કૃષ્ટ સાધન લોગસ્સ છે. એ કારણે જ શ્વાસ-પ્રશ્વાસની પ્રસિધ્ધ પૂર્વ પરંપરાને સ્થાને બધે લોગસ્સના કાઉસગ્ગનું અવતરણ થયુ છે. છેલ્લું આવશ્યક પચ્ચક્ખાણ છે. સમગ્ર સૃષ્ટિ સાથેના વ્યવહારને તોડી પરમ તત્વ સાથેનાં સંબંધમાં જોડી સમસ્ત પાપ ક્રિયાઓનાં વિરામ દ્વારા પચ્ચક્ખાણ સુધી પહોંચાડનાર છઠ્ઠો આવશ્યક છે.

લોગસ્સ સૂત્રમાં દર્શાવેલ અંકોનું ખૂબ મહત્વ રહ્યું છે. મંત્ર અને ઉર્જાનાં સબંધોનું સ્વરૂપ સાત અંકોથી જ નિર્મિત છે. માત્ર સાડા ત્રણ આવર્તનની યાત્રામાં જ

પરમ તત્વનાં મિલનનું અદ્ભુત રહસ્ય આ સૂત્ર રજુ કરે છે. આપણાથી સાત રાજલોક દૂર રહેતા પરમાત્માનું સા..રે..ગ..મ..નાં સપ્ત સૂરોનાં લયથી નામ સ્મરણ કરવાનું છે. સપ્તરંગી વિવિધ રંગોમાં પરમાત્માનું સ્વરૂપ ધ્યાન કરવાનું છે. સાત તીર્થંકરોની સાત ચક્રોમાં પ્રતિષ્ઠા કરી, સ્થાપના કરી "જિણં" શબ્દથી ઉર્જાને ફેરવવાની પાછી વાળવાની મહાન પ્રક્રિયા અહીં ઉપલબ્ધ છે. ઓડીયો/વિડીયો કેસેટમાં જેમ એ સાઇડ બી સાઇડ ફેરવ્યે રાખીને આપણે આપણાં વિષયને પકડી શકીએ છીએ કંઇક એવું જ આયોજન અહીં કરવામાં આવ્યું છે.

**મૂળાધાર** :- આપણી ઉર્જાનો મૂળઆધાર છે. અહીં મૂળાધારથી સાદ કરવાથી આપણો અવાજ પરમાત્મા સુધી સરલતા થી પહોંચી શકે છે. એ સાંભળી ને પૂછશે બોલો શું કામ છે ? તો આપણે કહીશું અનાદિકાળથી થાકેલા અમે કેમેય કરી ને અડધી યાત્રા પૂરી કરી પ્રભુ ! હવે સાત રાજલોક પાર કરી તારી સમીપે પહોંચવું છે. એટલે તું કોઇ સાધન-સહારો આપ. ત્યારે તેઓ રસ્તો બતાડશે, એ માર્ગ પર ચાલવા માટે અહીં ત્રણ વ્યવસ્થા રાખવામાં આવી છે. એક સૂર્ય નાડી, બીજી ચંદ્રનાડી અને ત્રીજી મધ્યમા અથવા સુષુમ્ણા નાડી. આ નાડીઓ આપણા શરીરમાં લિફ્ટનું કામ કરે છે.

મૂળાધાર કહેવાય છે તલઘર ને. અહીં એ ભાવના ભાવવાની છે કે મારી અંદરના લોકનાં મૂળાઆધાર પરમાત્માને હું આમંત્રિત કરું છું. લોગસ્સ સૂત્રની પ્રથમ ગાથા આમંત્રણ પત્રિકા છે. એના દ્વારા પરમાત્માને આમંત્રણ મોકલવામાં આવે છે. આપણે ત્યાં જ્યારે પ્રસંગ આવે ત્યારે કેટલી બધી જાતનાં આમંત્રણ કાર્ડ ભેગા કરીએ છીએ. ગૌતમ સ્વામીએ આપણને તૈયાર કાર્ડ આપ્યાં છે. એમણે કહ્યું કે આમાં ભાવ અને ભક્તિ તમારા છે. મન વચન અને કાયાની કલમથી તમે પોતે લખો. પરમાત્મા તમારા છે તમે પરમાત્માનાં છો. પરમાત્માને તમે જાતે જ આમંત્રિત કરો. નિમંત્રિત કરો. તમારા બુલંદ અવાજથી એમનું આહ્વાન કરો.

**સ્વાધિષ્ઠાન** :- સ્વ નો અર્થ આપણું પોતાનું. અધિષ્ઠાન અર્થાત પ્રતિષ્ઠાન. આ આપણને પોતાને રહેવાની જગ્યા છે. આત્માનાં અસંખ્ય આત્મ પ્રદેશનાં કર્માણુઓથી આચ્છાદિત છે. એમ આઠ રોચક પ્રદેશ હોય છે. જે કાયમ ખાલી હોય છે, આ પ્રદેશો પર ક્યારેક કોઇ કર્માણુઓનો સ્પર્શ નથી થયો હોતો. આજ આઠ રોચક પ્રદેશોને લીધે આપણને આપણાં નિજનું જ્ઞાન થાય છે. જેમ સિધ્ધોનાં સમ્પૂર્ણ આત્મપ્રદેશ કર્માણુ રહિત હોય છે. એવી જ રીતે આપણાં આ આઠ રોચક પ્રદેશ કર્મોથી રહિત હોય છે. સ્વાધિષ્ઠાનનું આ સ્થાન મૂળાધારથી થોડું ઉપર પ્રજનન સ્થાનની નજીક હોય છે. અવેદી અવસ્થાના વેદનનું ધ્યાન અહીં જ સિધ્ધ થાય છે. અહી પરમાત્માનાં ચ્યવનનું ધ્યાન કરવાનું છે. મારા સ્વાધિષ્ઠાનમાં પરમાત્માનું ચ્યવન થઇ રહ્યું છે. પરમાત્માનાં ચ્યવનનાં સમયે ત્રણેય લોકમાં ઉધોત થાય છે.

સૃષ્ટિનાં સમસ્ત જીવોને ક્ષણવાર માટે સુખ અને આનંદની અનુભૂતિ થાય છે. ચ્યવન કલ્યાણકનું સ્વાધિષ્ઠાનમાં આત્મધ્યાન થવાથી મોક્ષની અનુભૂતિ પ્રગટ થાય છે.

**મણિપુર ચક્ર** :- આ છે આપણા નાભિમંડળની નજીકનું સ્થાન જેમ દોરામાં મણિ પરોવીને માળા બનાવવામાં આવે છે તેવી જ રીતે પ્રાણ ઉર્જા નાભિનાં મણકાઓમાં પરોવવામાં આવે છે. મંત્રો દ્વારા ઉર્જાની ઉત્પતિ અહીં જ થાય છે. આ જન્મ કેન્દ્ર છે. આ કેન્દ્રમાં જ આપણે માતા સાથે સબંધ સ્થાપિત કરેલો. હવે આમાં જ આપણે પરમાત્મા સાથે જોડાઇ જઇશું. હે પરમ તત્વ ! તારુ પરમ સ્વરૂપ મારામાં પ્રગટો . તારા સ્વરૂપનો મારામાં જન્મ થાય. તો મારુ કલ્યાણ થાય. આને આપણે ધ્યાનમય જન્મ કલ્યાણક કહીએ છીએ.

**અનાહત ચક્ર** :- જે મંત્ર મણિપુર સુધી પહોંચે છે તે ઉર્જામય બની હૃદય સુધી પહોંચે છે. સંસારમાં આને પ્રેમનું સ્થાન માનવામાં આવે છે. પ્રેમ, સ્વાગત અને અભિનંદન અહીં જ થાય છે. દુનિયાનાં પ્રેમનું પૂર્ણ વિરામ અને પ્રભુ પ્રેમની અવિરામ યાત્રાનો આ શુભ સંદેશ છે. હે પ્રભુ! તારી સાથેની પ્રેમ દીક્ષા અને સમર્પણનું આ આપણું દીક્ષા કલ્યાણક છે. યોગમાં યોગીઓએ હૃદયસ્થાનને અનાહત ચક્ર કહ્યું છે. આહત એટલે ટકરાવું, ઇજા, આઘાત. અનાહતનો અર્થ ઇજા આઘાતાદિથી રહિત થવું. સંસારનાં બધા સબંધોમાં, પ્રત્યેક કાર્યમાં ઘર્ષણ છે. પ્રભુ પ્રેમનો સાધના પંથ આઘાત રહિત છે. જ્યાં આઘાત નથી, ત્યાં વ્યાઘાત પણ નથી.

**વિશુધ્ધિ ચક્ર** :- જ્યાં વ્યાઘાત નથી ત્યાં જ વિશુધ્ધિ છે. પરમાત્માનાં પ્રેમની પ્રયોગશાળામાં પ્રવેશ કરતાં પહેલાં પૂર્વે કરેલાં પાપોનું પ્રાયશ્ચિત કરવું પડે છે. પ્રાયશ્ચિત લેતાં જ વિશુધ્ધિ થાય છે. અને વિશુધ્ધિ થતાં જ સાધક માયા, નિદાન અને મિથ્યાદર્શનથી અળગો થઇ જાય છે. શાસ્ત્રોમાં આને ઉત્તરિકરણ, પ્રાયશ્ચિતકરણ, વિશુધ્ધિકરણ અને વિશલ્યિકરણ નામ આપ્યું છે. કંઠકૂપમાં આનું સ્થાન બતાવેલું છે. વિશુધ્ધિની સાથે કાઉસગ્ગ મુદ્રા સિધ્ધ થવાથી વચનસિધ્ધિ પણ થાય છે. ટેક્સાસ યુનિવર્સિટી અને નાસા રિસર્ચ સેન્ટર વાળાઓએ સંશોધન કરીને પ્રમાણિત કર્યુ છે કે પ્રત્યેક અણુનું રૂપાંતર થઇ પાછુ ઉપયોગમાં આવી શકે છે. પ્રત્યેક અણુ રિયુઝેબલ છે. એની ઉપરથી જ એ લોકોએ ડેલિસ્કોપિક એન્ટેનાની શોધ કરી છે.

આગમોમાં કાઉસગ્ગ શ્વાસોશ્વાસ રૂપે હતો. આવશ્યક નિર્યુક્તિમાં આનો પુરાવો છે. પરંતુ સમયાંતરે કાઉસગ્ગમાં લોગસ્સને મુખ્ય સ્થાન મળવાનું કારણ પ્રતિક્રમણ છે. પ્રતિક્રમણ અર્થાત્ પાપોથી પાછા ફરવું. અને પોતાનામાં આવવું અને પાછું પાપ ન થાય એટલે લોગસ્સનો કાઉસગ્ગ કરવો. બહારનાં આક્રમણોથી બચવા લોગસ્સ સૂત્ર કવચનું કામ કરે છે. આનાથી સંક્રમણનો પ્રયોગ થાય છે. ઘરે

આવી વિશ્રાંતિ લેવા કાઉસ્સગ છે. વિશ્રાંતિ સમયે ઘરના બારી. બારણાં બંધ કરી દઇએ તો ધૂળ, માટી વગેરે પ્રવેશી ન શકે. આપણી ચારે તરફ વેરભાવનું ભયંકર પ્રદુષણ છે. અહીં પચ્ચક્ખાણ રક્ષણનું કામ કરે છે. લોગસ્સ સૂત્રમાં વર્ણવેલ છઠ્ઠા આવશ્યકની ભાવ ધારણા આ મુજબ છે.

| ભાવ સૂત્ર | આવશ્યક |
|---|---|
| (૧) કિત્તઇસ્સં | સામાયિક |
| (૨) ચઉવીસંપિ કેવલી..! ચઉવીસંપિ જીણવરા | ચઉવિસંસ્તવ |
| (૩) વંદે વંદામિ | વંદણા |
| (૪) વિહુયરયમલા પહીણઝરમરણા | પ્રતિક્રમણ |
| (૫) આરુગ્ગ બોહિલાભં સમાહિવરમુત્તમં | કાઉસગ્ગ |
| (૬) સિધ્ધા સિધ્ધિં મમ દિસંતુ | પચ્ચક્ખાણ |

વિશુધ્ધિ થયા પછી આપણી અર્પણ યાત્રાનો પ્રારંભ થાય છે. આપણે વિશુધ્ધિ ચક્રથી આજ્ઞા ચક્ર સુધી પહોંચીએ છીએ. બન્ને ભમરોની વચ્ચે તિલકનાં સ્થાને અંદરમાં આ ચક્ર જ્યોતિ સ્વરૂપે છે. આજ જગ્યાએ વિજ્ઞાને પિચ્યુટરી ગ્રંથિ હોવાનું કહ્યું છે, જેને એણે આજ્ઞાદાયિની અને સંદેશ વાહિની ગ્રંથિ તરીકે વર્ણવેલ છે. બધાં સૂચનો અહીં થી જ પ્રસારિત થાય છે. જેમ કે પગમાં કંઇક લાગે તો તરત જ પગ ઉપડી જાય છે. અચાનક આમ કેમ બને છે ? આનો જવાબ વિજ્ઞાન આપે છે. પગમાં કંઇક વાગે છે ત્યારે તેની જાણકારી પિચ્યુટરી ગ્રંથિને થાય છે. આ સમયે ગ્રંથિમાંથી કેટલાક પ્રકારનાં સ્ત્રાવ ઝરે છે. આ રસો એડ્રિનલીન ગ્રંથિની મદદ વડે પગને ઉંચો કરવાનો આદેશ આપે છે.

અહીં ઉર્જાસ્ત્રોત અત્યંત તીવ્રગતિ એ વર્તુળાકારે ફરે છે. જગતનાં પ્રત્યેક પદાર્થ ગોળ અને વર્તુળમય છે. સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારાઓ ગોળ છે. રોટલી, પાટલો, વેલણ, વાસણ, માટલું વગેરે ગોળ છે. આટલું જ નહીં આપણાં તરંગભાવો પણ ગોળ હોય છે. ક્રોધ, માન, માયા, રાગ,દ્વેષનાં તરંગો પણ ગોળ હોય છે. એમનું ગોળ હોવું એક સામાન્ય ઘટના છે. ભક્તિ અને ભાવોથી ઉત્પન્ન થતાં તરંગો પણ ગોળ હોય છે. મહત્ત્વ તો એ જાણવામાં છે કે આ વર્તુળાકારવલયનાં ચક્રની ફરવાની પ્રક્રિયા એના પરિવર્તનની પ્રક્રિયા અને તેના પરિણામની પ્રક્રિયા શું છે અને કેવી છે ? સામાન્ય પદાર્થ અને ક્રોધાદિ ભાવ તરંગોનું ચક્ર કાઉન્ટર કલોકવાઇઝ અર્થાત એન્ટીકલોક વાઇઝ હોય છે. સત્ જાગરણ માટે પરમસત્ પ્રત્યે કરવામાં આવતું શ્રધ્ધામય, જ્ઞાનમય, ધ્યાનમય, વિજ્ઞાનમય, સ્મરણ, સંસ્તવ આદિ દ્વારા ઉત્પન્ન થતી તરંગો કલોક વાઇઝ ફરે છે. આ સ્થિતિમાં ક્રોધ, કરુણા અને ક્ષમા રૂપે રૂપાન્તરિત બની જાય છે.

આજ્ઞાચક્ર તે ભાવના કેન્દ્રની સાથે આભા મંડળનું પણ મુખ્ય કેન્દ્ર છે. કાયોત્સર્ગ સમયે મહાપુરુષોની કરુણા પવિત્ર દેહરશ્મિઓ દ્વારા કિરણોત્સર્ગ કરે છે.

આને અનુગ્રહ કહેવાય છે. એટલે જ તો મહાપુરુષોનાં ચરણોમાં નમસ્કાર કરવામાં આવે છે. આ અનુગ્રહ પણ ગોળાકાર હોય છે. એ જ્યારે ચારે તરફ ક્ષેત્રાન્વિત થઇ ફેલાય છે ત્યારે તેને અવગ્રહ મંડળ કહેવાય છે. ગુરુનાં આસનની આજુબાજુ સાડા ત્રણ હાથ જેટલી આ અવગ્રહ મંડળની જગ્યા હોય છે. જેને ગુરુનો અવગ્રહ કહેવામાં આવે છે. કોઇએ એ અવગ્રહમાં પ્રવેશવું હોય તો "અણુજાણહ" એમ બોલીને ગુરુની આજ્ઞા લેવી પડે છે. આ વ્યાપ ગુરુના આત્મ શરીર પ્રમાણની ચારે તરફની મિત્ત માપવાળી ભૂમિનો માનવામાં આવે છે. ગુરુ મંડળમાં પ્રવેશ કરતાં પહેલાં શિષ્ય બન્ને હાથ આજ્ઞાચક્ર પાસે લઇ જઇ ગુરુ પાસે આજ્ઞા માગે છે. હે પ્રભુ! મને આજ્ઞા આપો હું તમારા અવગ્રહમાં, તમારા આભા મંડળમાં પ્રવેશ કરવા માગું છું. જ્યારે ગુરુ સ્વીકૃતિ આપે છે ત્યારે આપણે અવગ્રહમાં પ્રવેશ કરીએ છીએ, અને એ સાથે જ આપણો ગુરુ સાથેનો સર્મ્પક શરૂ થઇ જાય છે. આપણે નમસ્કાર કરીએ, ગુરુ આંખોથી વાત્સલ્ય હોઠોથી મુસ્કાન અને અંતઃકરણનાં અનુગ્રહ સાથે આશીર્વાદ મુદ્રા દ્વારા હાથ ઉંચો કરી નમસ્કાર સ્વીકારે છે. અને પોતાની અંતઃપ્રજ્ઞાથી ઉત્પન્ન થયેલી પ્રસન્નતાનું વરદાન આપણામાં પ્રગટ કરે છે.

**સહસ્રાર** :- અંતર્પ્રજ્ઞાનો મુખ્ય સ્રોત સહસ્રાર છે. પવિત્ર પ્રેમનું મહાગણિત અહીં થી જ ઉદ્‌ભવે છે. ૧+૧=૨ આ ગણિત છે. અને ૧+૧=૧૧ આ મહાગણિત છે. આ મહાગણિત પરમ રહસ્યોનો ભરેલો અખંડ પ્રેમ છે. હજારો આરાઓથી બનેલું આ ચક્ર સહસ્રાર ચક્ર છે. મગજમાં હજારો નાડીઓ છે. આપણા નમસ્કાર અર્પણનો એક પ્રકાર છે. આપણે તો ફક્ત અર્પણ કરવાનું છે. બદલાવવાનું કામ એ કરશે. એમની પાસે બધાં જ ઇલાજ છે. ક્રોધને ક્ષમા અને પ્રેમમાં બદલાવી નાખશે. આજે લોકો પોતાની આ નબળાઇ ને ખુલ્લંખુલ્લા કહે છે કે ગુસ્સો તો આવી જ જાય છે. એનો રસ્તો બતાવો. એનો રસ્તો કપટ રહિત ચરણોમાં અર્પણ થવું એજ એક માત્ર છે. હૃદયની બાયપાસ સર્જરી થઇ શકે છે, પરંતુ મગજની બાયપાસ સર્જરી નથી થઇ શકતી. અહીં વૃત્તિ પરિવર્તન થઇ શકે છે. અને આ પરિવર્તન સદ્‌ગુરુ અને પરમાત્મા સિવાય બીજું કોણ કરી શકે છે? માથું ધરી દેવાનું છે. માથું ધરી દેવા માટે તો "મત્થેણંવંદામિ"કહેવાય છે. આપણે માથું નમાવવાને બદલે ફક્ત હાથ જોડીએ તો "હત્થેણંવંદામિ" થઇ જાય છે.

મૂળાધારથી સહસ્રારનો પ્રવાસ એ યોગીઓ ની ભાષા છે. આ રસ્તો દેહનાં મધ્યભાગમાંથી પસાર થાય છે. સાત કરોડ સ્નાયુઓનાં તંતુઓ મગજમાં હોય છે એમ આજનું વિજ્ઞાન કહે છે. અપાર ક્ષમતા અહીં હાજર છે. ફક્ત તેનો ઉપયોગ કરવામાં નથી આવતો. આ રસ્તો, આ પંથ મુખ્ય ત્રણ નાડીઓમાં ચાલે છે. જેમા ઇડા અને પિંગળા જ્યાં સુધી કાર્યારત હોય છે ત્યાં સુધી વારાફરતી નિયમિત ચાલતી રહે છે. આ બન્નેની વચ્ચે એક મુખ્ય નાડી છે જે ઉર્જા-પરિણમન કરતી રહે છે. એને યોગીઓએ સુષુમ્ણા નાડી કહેલ છે. એ કરોડરજ્જુનાં મધ્યભાગે અતિ સુક્ષ્મ

જ્યોતિધારાનાં રૂપમાં, ઉર્જાનાં રૂપમાં અને વિધુતધારાનાં રૂપમાં વહેતી રહે છે.

આ ઉર્જાનાં પ્રયોગ માટે જ અહીં મંત્રની આમ્નાયનું પ્રાધાન્ય બતાવવામાં આવ્યું છે. સંપૂર્ણ જીવ સૃષ્ટિમાં ફક્ત માણસ જ શબ્દોનો પ્રયોગ કરી શકે છે. એમાંય સ્ત્રીઓનાં મગજમાં ૪૦૦૦ શબ્દો બોલવાની ક્ષમતા છે. આ ક્ષમતા અક્ષરોની નહીં, પણ શબ્દોની છે. આટલી ક્ષમતા તેના મગજનાં બન્ને ભાગોમાં વહેંચાયેલી હોય છે. એ કારણે જ તેના મગજનાં બન્ને વિભાગો સક્રિય રહે છે. કેટલીક સ્ત્રીઓ તો ૬૦૦૦ શબ્દો બોલવાની પણ ક્ષમતા ધરાવતી હોય છે. આ કારણે પણ સ્ત્રીઓ ચૂપ નથી રહી શકતી. એને બોલવાનો શોખ હોય છે. એવી જ રીતે પુરુષોમાં ૨૦૦૦ શબ્દો બોલવાની ક્ષમતા હોય છે. શબ્દોની સાથે ઉર્જાનાં આરોહ અવરોહથી પણ આપણને નિર્સગથી સ્ત્રાવિત અનુગ્રહ શક્તિ મળે છે જેને કોસ્મિક એનર્જી કહેવામાં આવે છે. જેવી રીતે ધરતીમાં ગ્રેવીટેશન ફોર્સ છે, એવી જ રીતે ઉપર અંતરિક્ષથી કીર્તન સમયે આપણા મગજમાં ગ્રેસ ફોર્સ આવે છે. આ ગ્રેસ ફોર્સ પણ વર્તુળાકારે આવર્તમય હોય છે. જોવો નીચેનું ચિત્ર સરળતાથી સમજાઇ જાશે.

The First Twelve Chakras



આપણે જેની પહેલાં ચર્ચા કરી છે એ સાત ચક્રો આમાં છે. આઠમો બ્રહ્માંડીય ફોર્સ છે જે અંદર પ્રવેશ કરે છે. નવમો પરમાત્મા તરફથી મળતો અનુગ્રહ ફોર્સ છે. અને દશમો ધરતી સાથે આપ લે કરવાનો છે. અહીં આવેલા દશ ચક્રોમાં આંતરિક સર્મ્પકનાં સાત કેન્દ્રો છે, અને બહારનાં સંર્પક માટે ત્રણ કેન્દ્રો છે.

પ્રત્યેક શબ્દો ભાષા વર્ગણા પુદ્ગલોનો સમૂહ છે. અક્ષરો અને વ્યંજનો એ નક્કી કરેલા હોય છે. તેના આપસી તાલ મેલથી શબ્દો બને છે. શબ્દોથી ભાષા બને છે, અને ભાષાથી સૃષ્ટિનું સંચાલન થાય છે. પ્રત્યેક શબ્દોનું પોતાનું એક પરિણામ હોય છે. વધારે યુધ્ધો શબ્દોને કારણે જ થયા છે. પ્રેમની પણ ભાષા હોય છે. આ બધી જાણકારી આપણને એ તથ્ય સુધી પહોંચાડે છે કે શબ્દોનું સામંજસ્ય તે વ્યવહાર જગત છે. આજ શબ્દોમાંથી માત્ર સાત શબ્દોની સરગમ બની છે. અને એમાથી સંગીત શાસ્ત્ર ઉત્પન્ન થયું છે. સંપૂર્ણ સંગીત શાસ્ત્ર માત્ર સાત શબ્દોથી ઉત્પન્ન થયું છે તે માનવીય બ્રહ્મવિધા છે. એમાં માનવીની ચેતનાનાં વિકાસની રૂપરેખા છે. આ લયનું વિજ્ઞાન છે. સંપૂર્ણ જગત લયબધ્ધ છે. સમ્પૂર્ણ ભારતવર્ષ, હિમાલય પર્વત અને મલય પર્વત લય લીલામાં આબદ્ધ છે. હિમાલય યોગ પ્રધાન પર્વત છે, અને મલય ભોગ પ્રધાન પર્વત છે. બન્નેમાં લયબદ્ધતા હોવી જરૂરી છે. લય તૂટે તો પ્રલય થાય છે. જ્યારે સૃષ્ટિનો લય તૂટે છે ત્યારે પ્રકૃતિમાં પ્રલય થાય છે, સાધનામાં લય જોડાય તો આત્માનો પરમાત્મામાં વિલય થાય છે. સાત સ્વરો લય બનાવે છે, અને તેનાથી ઉત્પન્ન થતુ સંગીત પરિણામ પ્રગટાવે છે. મલ્હાર રાગ ગાવાથી વરસાદનું વરસવું અને દીપક રાગ ગાવાથી દીપકોનાં પ્રગટવાની વાત ઇતીહાસમાં છે જ. ભારત વર્ષની આ મૌલિક સિધ્ધિનું રહસ્ય પણ અદ્ભુત છે. સાતેય સ્વરોમાં નિજચેતનાનાં વિકાસનો સ્વર વિધમાન છે , જોવો.

સા :- સાગરનું પ્રતીક છે. સંસાર સાગર છે. અનાદી કાળથી આપણે એમાં ડૂબકીઓ લગાવી રહ્યાં છીએ. જન્મ મરણ કરતાં જ રહીએ છીએ. જ્યારે આપણને કોઇ જ્ઞાની પુરુષનો સાથ સહકાર મળે છે ત્યારે તેઓ હાથ પકડીને એમાથી બહાર લાવે છે. સાગર માંથી જ્યારે બહાર નીકળીએ છે ત્યારે પહેલા જમીન ઉપર પ્રવેશ કરીએ છીએ.

રે :- અહીં જમીન પર રેતીનો પટ છે. રે - રેતીનું પ્રતિક છે. એટલે બીજો સ્વર રે છે. અહીં જ બરાબર સાવચેતી રાખવાની હોય છે. કેમકે જો આગળ ન ચાલ્યા તો સાગરની ભરતીનું પાણી પાછો આપણો સમાવેશ સાગરમાં કરાવી દેશે. એટલે ભગવાન મહાવીરે સુંદર કહ્યું છે,

તિણ્ણોહુ સિ અણ્ણવં મહં, કિંપુણ ચિઠ્ઠસિ તીરમાગઓ ।
અભિતુર પારં ગમિત્તએ, સમયં ગોયમ! મા પમાયએ ।।

તટ પર ઉભેલા શિષ્યને પ્રભુ કહે છે વત્સ ! આટલો મોટો સમુદ્ર તો તારો પાર થઇ ગયો તેમ છતાં રેતીનાં તટ પર તું શા માટે ઉભો છે ? અભિતુર હવે ઝડપથી આ પાર કરી લે. એમા ક્ષણ માત્રનો પણ વિલંબ નહીં કર.

ગ :- રેતી ઉપર સાવચેતીનાં શબ્દો સાંભળતા જ ઉંચે નજર નાખી તો ગગન દેખાણું. ગગન મંડળની સાથે સાથે જોડાયેલા ગ્રહ, નક્ષત્ર અને તારા વાળી આકાશ ગંગામાં વિચરણ કરવાનું મન થાય છે. પરમ પવિત્ર સ્વરૂપને યાદ કરી અને કહીએ કે હવે અમારો પંથ પ્રકાશમય બનાવો. અમને માર્ગદર્શન આપો. પરમાત્માને કરેલી પ્રાર્થના સફળ કરીએ છીએ. ગણધર અને પરમાત્મા જીવન યાત્રાનો સંદેશ રજુ કરે છે. ગ થી જોડાય છે ગગન અને ગણધર જેને સામાન્ય વ્યવહારમાં ગણેશ કહેવામાં આવે છે. ગણ ને ધારણ કરવાથી ગણધર અને ગણોના ઇશ (ભગવાન) હોવાને કારણે સ્વામી ગણેશ છે. એ સંદેશ આપે છે. જીવનનું માર્ગદર્શન આપે છે.

મ :- ગુરુ ગૌતમસ્વામી કહે છે, મનુષ્ય હોવા છતાં તું લાચાર કે પામર કેમ છો ? બહું જ મુશ્કેલીથી તને આ જન્મ મળ્યો છે. એને નકામો ન વેડફ. મમત્વમાં તો કેટલાયે જન્મો વ્યતીત કર્યા, હવે સમ્યક્ત્વનો સ્વીકાર કર. સ્વભાવમાં આવી જા. "મ" મનુષ્ય જન્મનો સ્વીકાર છે. સત્કાર છે. "મ" મમત્વમાંથી છુટકારો અને મનુષ્ય ભવની સાર્થકતાની નિશાની છે. "મ"મહાવીરનું વીરત્વ પ્રગટ કરે છે.

પ :- "પ" પવિત્રતાનો સૂચક છે તે કહે છે પવિત્ર બની ને પરમનો સંદેશ સ્વીકાર કર. આવો મોકો ક્યારે મળશે ? અહીં પણ જો તું સાવચેત નહીં બને તો પાછું પરિભ્રમણ કરવું પડશે. આત્મા સાથે પરમ સ્વરૂપનું જોડાઇ જવું પરમાત્મા છે. પવિત્રતા જ પરમતત્વ પરમાત્મા સાથે આપણને જોડે છે.

ધ :- "પરમાત્મા સાથે જોડાઇને સ્વયંનાં સ્વરૂપને સમજી લેવું એ ધર્મ છે". સ્વ એટલ સ્વરૂપમાં આવવું નિજરૂપમાં આવવું. પર સાથેનાં સબંધોથી મુક્ત થવું એ છે. આ પ્રયત્ન રૂપે તું સદગુરુનાં આદેશ, ઉપદેશ અને અનુગ્રહને મેળવી સન્માર્ગે ચાલવાનાં ધર્મનો સ્વીકાર કર.

નિ :- "નિ" સ્વર નિર્વાણનું પ્રતીક છે. ધર્મનું કામ નિર્વાણ પ્રગ્રટ કરવાનું છે. નિર્વાણ નિઃશ્રેયસ છે. નિરાગી, નિરોગી અને વિતરાગ સ્વરૂપની પ્રાપ્તિની અનુભુતિ ધર્મ છે, અને અભિવ્યક્તિ નિર્વાણ છે.

સા :- સપ્ત સ્વર પછી એક અંતિમ સર્વોચ્ચ સ્વર પાછો "સા" આવે છે. સાગરનાં "સા" થી શરૂઆત કરી નિર્વાણ સુધી પહોંચવાના પ્રયાસનો સાક્ષાત્કાર કર. જે નથી દેખાતું એને જોવું તે સાક્ષાત્કાર છે. જે હોવા છતાં પ્રત્યક્ષ નથી

તેનું પ્રગટ થવું સાક્ષાત્કાર છે. સંસારમાં જે અપ્રગટ છે એ અનુભવમાં નિજ સ્વરૂપમાં પ્રગટ થાય છે તેને સાક્ષાત્કાર કહેવાય છે.

આ સરગમ બે રીતે ગતિ કરે છે, જેને આરોહ અવરોહ કહેવામાં આવે છે. આરોહમાં સા..રે..ગ..મ..પ..ધ..નિ..સા..એમ ક્રમવાર ઉપરની તરફ આગળ વધતું જવાય છે. અવરોહમાં સા..નિ..ધ..પ..મ..ગ..રે..સા..એમ નીચે તરફ જવાનું હોય છે. સાતની આ યોજના સ્વરોનાં માધ્યમથી ઉર્જાનાં ઉર્ધ્વારોહણની યોજના છે. પ્રકૃતિ સાથેની સંયોજના છે. એ તે સમયે જ ગાવામાં આવે છે. રાત્રિનો રાગ રાતનાં અને દિવસનો રાગ દિવસમાં જ ગાવામાં આવે છે. સંગીતનાં સ્વરોનો મહિમા રાગ રંજિત છે. અને લોગસ્સમાં મંત્રોનો મહિમા વિરાગ જનિત છે. પ્રત્યેક મંત્ર વીતરાગ પુરુષની ઓળખાણનું ચિહ્ન છે. સાનિધ્યનો સંકેત છે. આપણી ઉર્જાનો સ્ત્રોત છે. આપણી ઉર્જાનાં પ્રવાહને વ્યવસ્થિત રૂપમાં લાવવા , ચલાવવા, પવિત્ર કરવા, પ્રવાહિત કરવામાં નામ મંત્ર સબંધિત બીજી, ત્રીજી અને ચોથી ગાથાનો બહુ મોટો ફાળો છે. સાત સાત નામોની આમાં ગૂંથણી છે. પ્રત્યેક સપ્તક પછી જિણં મંત્રનો બંધ છે. અનુબંધ છે.

સાત સ્વર, સૂર્યનાં સાત કિરણો, સાત વાર, મોહનીય કર્મની પ્રકૃતિ સપ્તક, સાત ચોઘડીયા જે આપણા દૈનિક કાર્યક્રમ સાથે જોડાયેલા છે. ચોઘડિયા અંદરો અંદર સાતનો સુમેળ છે. ચોઘડિયા દિવસ અને રાત એમ બે વિભાગોમાં વહેંચાયેલા હોય છે. દિવસ-રાત જેમ નાના-મોટા થાય તેમ તેમ આ સાત વિભાગ પણ વિભક્ત થતાં રહે છે. ચોઘડિયા પ્રમાણે કાર્યારંભ કરવાનું ભારતમાં બહુ જ મહત્વ પૂર્ણ ગણાય છે. ઋષિમુનિઓએ આપણી અંદર રહેલાં સાત ચક્રોમાં સાત ચોઘડિયા ગોઠવી આપ્યાં છે. જેમ કે,

૧.અમૃત :- અમૃતનું ચોઘડિયું સહસ્ત્રારમાં છે. મગજમાં છે અને મગજ કુંભ-કળશ છે, એમા અમૃત ભરો. પ્રાતઃકાળે જ્યારે ચેતા નાડી ખૂલે છે ત્યારે જાગરણની વેળાને અમૃતવેળા કહેવાય છે.

૨.લાભ :- આ આજ્ઞા ચક્ર સાથે સબંધ રાખે છે. એ કારણે જ નમસ્કારમાં બન્ને હાથોને કપાળ સુધી લાવવામાં આવે છે. આથી જ આજ્ઞા અને નમસ્કારનો સંબંધ લાભ ચોઘડિયા સાથે છે.

૩.ચલ :- ચલ ચોઘડિયાનું સ્થાન વિશુધ્ધિ ચક્રમાં છે. એટલે કે જે ગળામાં માંથી ખાવુ, બોલવું આદિ ક્રિયાઓ નિરંતર ચાલતી જ રહે છે તે ગળામાં જ ચલ ચોઘડિયું ચાલતું રહે છે. તેથી જ તેનું બીજુ નામ ચંચળ પણ છે. મનુષ્ય સિવાય સૌથી વધારે બોલવાની આદત પ્રાણીસૃષ્ટિમાં બીજા કોઇની નથી. મનુષ્ય નિરંતર બોલતો જ રહે છે. એટલે કંઠ સ્થાનમાં ચલ ચોઘડિયું ગણવામાં આવે છે.

૪.ઉદ્વેગ :- આકુળતા-વ્યાકુળતા હૃદયમાં થાય છે. ઉદ્વેગ થતા જ હૃદય તંત્રમાં પરિવર્તનનો પ્રારંભ થાય છે. દિલ કંપે છે. ધડકે છે. એટલે આ ચોઘડિયાને અનાહત સ્થાને ગણવામાં આવે છે.

૫.રોગ :- કોઇ રોગનુ મૂળ કારણ પેટ ગણવામાં આવે છે. માથું દુખતું હોય અને ડોકટર પાસે જઇએ એટલે પેલા જ પૂછવામાં આવે કે ગઇ કાલે શું ખાધું હતું ? આહારની અસર આપણા મન-મગજ અને દિનચર્યા પર થાય છે. મણિપૂર ચક્ર પેટમાં હોય છે. એટલે આ ચોઘડિયાનું સ્થાન પણ મણિપૂર ચક્રમાં જ ગણવામાં આવે છે.

૬.શુભ :- આ ચોઘડિયું સ્વાધિષ્ઠાન સાથે જોડાયેલું છે. આ જગ્યાએ જ આઠ રોચક પ્રદેશો છે. સ્વ નું આ અધિષ્ઠાન છે. પ્રતિષ્ઠાન છે. સ્વ શુભનો સહારો લઇ શુધ્ધ અને પરમ શુધ્ધ સુધી પહોંચાડે છે.

૭.કાળ :- કાળ ચોઘડિયું આપણી કરોડરજ્જુનાં સૌથી નીચે રહેલા મૂળાધારમાં ગણવામાં આવે છે. કાળ એક પ્રવાહ છે. આપણે જેને સમય કહીએ છીએ તે તો કાળનો એક વિભાગ છે. એક અખંડ તત્વ હોવા છતાં તેને વિભાગોમાં વહેંચી તેની અવિભાજ્ય સત્તાને સ્વીકારવામાં આવી છે. અનાદિકાળથી આપણી ચેતના મૂર્છાને કારણે, મૂઢતાને કારણે સુષુપ્ત પડેલી છે. અનાદિકાલીન મૂઢતા તૂટતા જે પ્રાપ્ત થાય છે તે અનંત કાળ સુધી રહે છે. સાદિ, સાંત, અનાદિ. અનંત વગેરે શબ્દો કાળ વાચક છે.

આ ચોઘડિયાઓ વારાફરતી ક્રમાનુસાર બદલાતા રહીને પોતાનું કાર્ય કર્યા જ કરે છે. સાત સ્વરો આરોહ અવરોહમાં વ્યવસ્થિત ગૂંથાઇને રાગ બને છે. એવી જ રીતે નામ મંત્રને ત્રણ પ્રયોગો દ્વારા અંદર પ્રગટ કરી એના દ્વારા સ્વયંના આનંદમય પ્રસન્નમય સ્વરૂપને પ્રગટ કરીએ તો પ્રભુનું સ્મરણ આપણા જીવનનો પ્રસાદ બની જાય.

આવો હવે આપણે લોગસ્સ સૂત્રનાં સપ્તર્ષિ મંડળની મુલાકાત લઇએ. આ એકદમ સરળ હોવા છતાં શરૂઆતમાં કોઇને અઘરું લાગે તો ડરતા નહી. એક રાજ હકીકત પામવા માટે સો કષ્ટો સહન કરવા પડે છે. વાસ્તવમાં હકીકત એ છે કે આપણું પોતાનું સ્વરૂપ આત્મસ્વરૂપ યોગાતીત અયોગી સ્વરૂપ છે. એ અયોગી સ્વરૂપમાં આવવા માટે તેને પ્રજવલિત કરવાને માટે આપણે પ્રયોગ અપનાવવો પડશે. અયોગ ને માટે પ્રયોગ. પ્રયોગ ને માટે સંયોગ અને સંયોગ ને માટે સુયોગ જોઇએ. અનાદિકાળનાં ભ્રમણમાં હવે પુણ્યયોગે લોગસ્સનાં કીર્તનનો સુયોગ પ્રાપ્ત થયો છે. સુયોગ પરમતત્વનો સંયોગ કરાવે છે. સંયોગ પરમયોગને પ્રગટ કરવાનો પ્રયોગ પ્રદાન કરે છે અને પ્રયોગ અયોગનો પંથ પ્રકાશિત કરે છે. જેઓ યોગોને

સંયોગ અને સુયોગથી નથી જોડતા, તે તત્વ-વિયોગી લોકો નિરંતર કર્મો બાંધ્યે જ રાખે છે. મન, વચન, કાયાનાં ત્રણેય યોગ કર્મ બંધનમાં ત્રણ પ્રકારનાં ફેવીકોલ રૂપે છે. જે કર્માણુઓનાં બંધન રૂપે ઉપયોગમાં આવે છે. આ ત્રણેય યોગો જો આપણને પરમ તત્વ સાથે જોડી દે તો તે પ્રશસ્ત યોગ બની પરમાર્થમાં સહયોગી બની શકે છે.

પ્રત્યેક પ્રયોગોની પોતાની વિધિ હોય છે. પ્રત્યેક વિધિની એક લય હોય છે. જેમ લય દ્વારા સંસાર ચાલે છે. એવી જ રીતે લય દ્વારા સંસાર સમાપ્ત પણ થાય છે. અનાદિ પરિભ્રમણનું કારણ પણ એજ છે કે પરમતત્વ સાથેનો આપણો તાલમેલ તૂટી ગયો છે. ગમે તેટલા પાવરફુલ બલ્બ હોય પણ પાવરહાઉસમાંથી વિજળીનો પૂરવઠો જો ન મળતો હોય તો એ બલ્બ શા કામનો ? જે વિમાનનો એરપોર્ટ ઓથોરીટી સાથે એરટ્રાફિક કંન્ટ્રોલર સાથે કે રડાર સાથે સંદેશ વ્યવહાર તૂટી ગયો હોય તે સંબંધવિહીન, આસ્થાહીન, લયવિહીન વિમાન આપણા પ્રવાસમાં કઇ રીતે સહયોગી થઇ શકે? તેનું ગમે ત્યારે અને ગમે તે થઇ શકે છે. આપણે પણ પરમાત્માથી વિખૂટાં પડી ગયા છીએ. આપણે ભક્તિ તો કરીએ છીએ. પણ પરમતત્વ રૂપી રડાર સાથે આપણે સંબંધ કે સંપર્ક નથી રાખી શક્યાં. આવી સ્થિતિમાં પસાર થતી આપણી જીવનયાત્રા મુક્તિ સુધી કેવી રીતે પહોંચશે? આરાધના દ્વારા ઉડાણ કરતા રહેવા છતાં પણ સંસારની લોકમાયા દ્વારા તેનું અપહરણ થતું જ રહે છે.

આપણે જોઇ શકીએ છીએ કે સંપૂર્ણ લોક લયબદ્ધ છે. આપણું હૃદય, મગજ અને પેટ વગેરે અવયવો પણ તાલ મેલમાં રહે છે. જો હૃદયનો લય તૂટે તો બાયપાસ કરાવવો પડે છે. મગજનો લય તૂટે તો ભય, ગુસ્સો, ભૂલકણાપણુ વગેરે થાય છે. મગજના કેટલાક ભાગોમાં લયમાં સાધારણ ફરક પડતા બ્લડપ્રેશર, બ્રેઇનહેમરેજ વગેરે થઇ જાય છે. પેટ, લીવર, કિડની તથા બધી અંતઃસ્ત્રાવી ગ્રંથિઓને પોતાનો તાલ મેળ હોય છે. એનો આપણને અનુભવ છે. લયનો મામુલી વિલય પ્રલય મચાવે છે. એ પણ આપણે જાણીએ છીએ.

એકાગ્ર બની શાંતીથી સાંભળો. પરમાત્મા આપણી સાથે છે. એટલે કંઇ જ મુશ્કેલી નથી. પ્રસૂતિ પહેલા માતા ગભરાતી હોય છે. બાળક થયા પછી તેના આનંદમાં તેને પ્રસૂતિ પીડાજનક લાગતી નથી, એવી જ રીતે પ્રયોગ પછી પરમાત્મા મિલનનાં આનંદથી બધાં જ દુઃખ દૂર થઇ જાશે. પ્રયોગનાં ત્રણ પ્રકાર છે.

(૧). આરોહમય.

(૨). આરોહ અવરોહમય અને

(૩). આવર્તમય.

પ્રથમ પ્રયોગમાં નીચેથી ઉપર તરફ સાતે ચક્રોમાં સાત ગાથાઓ દ્વારા આરોહણ કરવાનું છે.

પ્રથમ ગાથા મૂળાધાર ચક્રમાં –"લોગસ્સ ઉજ્જોયગરે"થી
"ચઉવીસં પિ કેવલી" સુધી
બીજી ગાથા સ્વાધિષ્ઠાન ચક્રમાં –"ઉસભં"..થી લઇ "ચંદપ્પહં વંદે"..સુધી.
ત્રીજી ગાથા મણિપૂર ચક્રમાં –"સુવિહિં ચ".. થી "સંતિ ચ વંદામિ".. સુધી.
ચોથી ગાથા અનાહત ચક્રમાં –"કુંથું અરં" ..થી "વડ્ઢમાણં ચ".. સુધી.
પાંચમી ગાથા વિશુધ્ધિ ચક્રમાં –"એવં મએ અભિથુઆ"થી "મે પસીયંતુ" સુધી.
છઠ્ઠી ગાથા આજ્ઞા ચક્રમાં – "કિત્તિય વંદિય મહિઆ"..થી
"સમાહિવરમુત્તમંદિંતુ".. સુધી.
સાતમી ગાથા સહસ્ત્રાર ચક્રમાં – "ચંદેસુ નિમ્મલયરા".. થી
"સિધ્ધા સિધ્ધિં મમ દિસંતુ" સુધી.

આવો વધારે સમજવા માટે આપણે આ ચિત્ર જોઇએ.

આમાં તમે જોઇ શકો છો કે લોગસ્સ સૂત્રની શબ્દ યાત્રા તમને મૂળાધારથી ઉપાડી ઉપર આરોહણ કરાવી, બધાં જ ચક્રોમાં ફેરવી સહસ્ત્રારથી બહાર અનંત બ્રહ્માંડ તરફ લઇ જાય છે. તમે ગભરાતા નહીં. ઉપરથી અવરોહિત થતી પરમ શક્તિ તમને સ્વ સ્થાને પાછા લાવશે.



શરૂઆતમાં આ પ્રયોગ તમારે સાત દિવસ સુધી રોજ ચાર વાર જરૂરથી કરવાનો છે. અગર ચક્રો તમારી પકડમાં ન આવે તો તેની તમે ચિંતા ન કરો. એ તો ઉર્જાને ચઢવાના પગથીયા છે. તમે ફક્ત ચાલતા રહો. બસ તમારુ ચાલવું એજ મારે માટે સાથ સહકાર છે. ઉર્જા પોતાના સ્થાનને પોતે જ ગોતી લેશે.

જ્ઞાની પુરુષો જે તથ્યોનાં ગૂઢ રહસ્યો આપણને બતાવી ગયા છે તે જાણી લેવા અત્યંત જરૂરી છે. પરમ બ્રહ્માંડથી પરમ સ્ત્રોત નિરંતર વહેતો જ રહે છે. એ સ્ત્રોત આપણે ભેગો નથી કરી શકતા તેથી આપણું પાત્ર ખાલી રહે છે.

બહાર ધોધમાર વરસાદ વરસી રહ્યો છે છતાં આપણું વાસણ ખાલી જ શા માટે રહે છે ? આમ જ લોગસ્સ સૂત્ર દ્વારા અનેક રહસ્યો અપ્રગટ હોવાને કારણે આપણે તેનો જોઇતો લાભ ન લઇ શક્યા તે આપણો પ્રમાદ કે અજ્ઞાનનું કારણ માનવું પડશે

આરોહની વિધિને આપણી અંદર વ્યવસ્થિત ચલાવ્યા પછી જ આપણે બીજા પ્રયોગોને બરાબર સમજી શકીશું. આજે પ્રયોગોને સમજવાનું કામ પૂરું કરવાનું છે. કેમકે કાલથી નામ-સ્મરણનો શુભારંભ થશે. ત્યારે પ્રયોગોને સમજવામાં અને વિધિવત કરવા સરળ થઇ જશે. પહેલાં આપણે પ્રત્યેક ચક્રોમાં એક એક ગાથા બોલીને આગળ વધીએ. ( અહીં પૂરા સૂત્રનું ઉચ્ચારણ કરવાનું છે.)

હવે આપણે બીજા આરોહ અવરોહ પ્રયોગ માટે આગળ વધીએ છે. આમાં ઉપર સાત ગાથા સુધી જઇ બ્રહ્માંડમાં લગભગ ૧૦ ફૂટ સુધી જવાનું છે. આ વિધિને આજનું વિજ્ઞાન પણ સ્વીકારે છે. સાતમી ગાથાને બોલતાં બોલતાં આગળથી નીચે તરફ નમતા નમતા પૂરા જોરથી આજ્ઞા ચક્ર તરફ આવી છઠ્ઠી ગાથા બોલવી. પછી વિશુધ્ધિમાં પાંચમી ગાથા. ચોથી ગાથા અનાહતમાં, મણિપૂરમાં ત્રીજી ગાથા, સ્વાધિષ્ઠાનમાં બીજી અને પેલી ગાથા મૂળાધારમાં બોલી વિધિ પૂરી કરવી. આવી રીતે આ યોજનામાં બે વાર લોગસ્સ આવે છે.



ચિત્ર જોવાથી આ વધારે સમજી શકાશે. જુઓ પ્રવાહમાં આરોહણ કરતાં કરતાં તમે તમારી કરોડ રજ્જુનાં માર્ગે ઉપર સહસ્રાર સુધી સરળતાથી પહોંચી શકો છો. આ ચક્રો શરીરનાં આગળ પાછળ નહી વચ્ચે છે, પરંતુ ચાલવાનો માર્ગ આગળ પાછળ બન્ને તરફ છે. ઉપર ચઢતા સાતમી ગાથા આવતા જ સૂર્ય ચંદ્ર પ્રકૃતિ માંથી સાગર સ્વરૂપે પરમ શક્તિને મળી ફરી પાછા આજ્ઞા ચક્રમાં આવે છે. પેલી વાર સાતમી ગાથા સહસ્ત્રારમાં સમાપ્ત થશે. પાછી અહીં જ સાતમી ગાથા શરૂ થઇ આજ્ઞાચક્ર સુધી પૂરી થઇ આજ્ઞા ચક્રમાં છઠ્ઠી ગાથા બોલવામાં આવે છે.

તમે આ બે ચિત્રો જોઇ શકો છો. આ મારી કલ્પના નથી પણ તમારું વિજ્ઞાન છે. ચિત્રની નીચે આપવામાં આવેલ ત્રણે નિયમો વિજ્ઞાનના આપેલા છે.

હા! એક વાત ધ્યાનમાં રહે, વિજ્ઞાનનો ઉદ્દેશ્ય અહી ફક્ત ઉર્દ સ્રોતને ચલાવવામાં જ છે. લોગસ્સનું કીર્તન કરવામાં નહી.

જેને આપણે આપણામાં ચલાવવા છે તેમાં આપણી ઇચ્છા કામ લાગે છે. અંતે ગાથાઓનું સમીકરણ આપણે પોતે કરવાનું છે. સાતે ચક્રોમાં ઉર્જાઓને ચલાવવાનો ક્રમ અહી આપવામાં આવ્યો છે. આપણને તો ફક્ત સાતે ગાથાઓનું સ્મરણ કરવાનું અદ્ભુત રહસ્ય લોગસ્સથી પ્રાપ્ત કરવાનું છે. જે વાહન ને ચલાવવામાં આપણને તકલીફ લાગે છે, તે વાહન આપણે ડ્રાઇવરને હવાલે કરી દઇએ છીએ. એવી જરીતે આપણે આપણી ધર્મયાત્રાનું આ વાહન ગૌતમસ્વામીને સોંપી દેવાનું છે. તેઓ આપણી આ યાત્રા આનંદ સાથે સંપન્ન કરી આપણને મોક્ષ સુધી પહોંચાડશે. કેટલાક લોકો પ્રવચન પછી ચિત્રોની ચર્ચા કરવા મારી પાસે આવે છે. કહે છે અમને આપી દો. મે કહ્યું જે છે તે તમારી સામે રજુ કરેલુ જ છે. થોડાક ઉંડા ઉતરશો તો આ બધું તમારી અંદર જ સમાવિષ્ટ થયેલું જણાશે. સામે જે રજુ થયુ છે તે પણ તમારુ પોતાનું જ છે. મને મારા ગૌતમસ્વામીએ બક્ષીસમાં લોગસ્સ આપેલો છે. એ સૂત્ર તમને સરળતાથી સમજાવવા માટે મારે આ ચિત્રની સહાયતા લેવી પડે છે. તમે ચિત્રોનાં ચક્કરમાંથી બહાર આવો અને અંદર ઉંડા ઉતરો. ચિત્રોથી તો ફક્ત સમજવાનું જ છે. જ્ઞાની પુરુષોનાં રહસ્યોને આ પ્રમાણે સાબિત કરી બતાવવા એ આપણી શ્રધ્ધાનાં પડકાર સ્વરૂપ છે. બુધ્ધિનું પ્રદર્શન છે. તો પણ આ પ્રદર્શનથી તમને પ્રભુ દર્શનનું સ્પર્શન થાય, એજ ઇચ્છા સાથે અહીં આ બધું રજુ કરવામાં આવ્યું છે.

હવે આપણે આવીએ છીએ મહત્વનાં રહસ્યમય અજ્ઞાત અને ગુપ્ત ત્રીજા આવર્તમય પ્રયોગ તરફ. અત્યાર સુધીનાં બધાં જ પ્રયાસો આ માટે જ કરવામાં આવેલા છે. આ પ્રયોગોમાં આપણે ૨,૩,૪, ગાથાનો જ ઉપયોગ કરવાનો છે. આમાં એક યોજનાબધ્ધ વ્યવસ્થા છે. ચોવીસ તીર્થંકરોમાંથી ૧ થી ૭, ૮ થી ૧૪ અને ૧૫ થી ૨૧ સુધીનાં પરમાત્માઓના નામ પછી "જીણં" શબ્દ આવે છે. કુલ સાત નામો સાત ચક્રોમાં પ્રતિષ્ઠિત કરી પાછળ કરોડ રજ્જુમાં "જીણં" શબ્દ સાથે નીચે ઉતરી પાછા મૂળાધાર સુધી પહોંચવાનું છે.




એમાંથી બહાર નથી જવાનું, જો સ્ત્રોત પોતાની મેળે બહાર નીકળી જાય તો તેને નીકળવા દેજો. ગભરાતા નહીં. તમને પાછી તાકાત મળી જશે. આ ક્રમ અંદર વર્તુળાકારે ચાલતો જ રહેશે. ૨૨ ભગવાનનાં નામોની યાત્રા ત્રણ વર્તુળો દ્વારા પૂર્ણ કરી ફરી જયારે મૂળાધાર માં પહોંચીએ છીએ ત્યારે બાકી રહેલાં ત્રણ નામો ૨૨મું મૂળાધારમાં, ૨૩મું સ્વાધિષ્ઠાનમાં, અને ૨૪મું વર્ધમાનનાં નામે નાભિમાં પરમાત્માને અન્તર્નિહિત કરી આગળ એમની સાથે આત્મ ચર્ચાની શરૂઆત કરવાની છે. આવી રીતે સાડા ત્રણ આવર્તનનાં આ સ્પેક્ટ્રમથી આપણું પરમાત્મા સાથે મિલન થાય છે. દૂધમાં જ ઘી સમાયેલું છે. પણ આજ દિવસ સુધી આપણે તેની પ્રક્રિયા ને જાણતા ન હતા. મહાગુરુ ગૌતમ સ્વામી મેળવણ લાવ્યા, દૂધનું દહીં બનાવ્યું, વલોવીને માખણ તૈયાર કર્યુ. તપાવીને ઘી બનાવ્યું. આપણે તો દૂધ જેવા છીએ. લોગસ્સ મેળવણ છે, વિધિવત્ પ્રયોગ વલોણુ છે. પાંચમીને છઠ્ઠી ગાથા માખણ છે. અને ગરમ કરો એટલે ઘી તૈયાર. સાતમી ગાથા કહે છે કે તારી પણ સિધ્ધોની જેમ સિધ્ધિ છે. તું માખણ ને ગરમ તો કર. આ રીતે આપણા અંતિમ લક્ષ્યનું આ ક્રિયા સ્વરૂપ છે. પ્રક્રિયાની સરળતા માટે અહીં કેટલાક પ્રયોગ શૈલીનાં ચિત્રો બતાવ્યાં છે. તીર્થંકર નામની પ્રતિષ્ઠા પ્રયોગમાં બધાને જુદા રાખવાની એને એવી જ રીતે જોવાની સગવડતા માટે અલગ અલગ ચિત્રો રજુ કર્યા છે.




પ્રત્યેક ચિત્રોમાં સપ્તકને ઉર્જા સ્ત્રોતમાં ફેરવવાની પધ્ધતિ દેખાડેલી છે. કુલ સાડા ત્રણ આવર્તનમાં સાડા ત્રણ સપ્તક છે. પ્રથમ સપ્તક સમ્યક દર્શનનું છે. બીજુ સપ્તક સમ્યક જ્ઞાનનુ છે. ત્રીજુ સપ્તક સમ્યક ચારિત્ર છે. અને ચોથું ત્રણ નામ વાળુ અર્ધું સપ્તક તપનું છે. ત્યાર પછી ઉર્જા આગળ હૃદય સુધી પહોંચતા જ આપણો સંપર્ક અચાનક પરમ તત્વ સાથે થઇ જાય છે. અભ્યાસ થઇ ગયા પછી કરોડ રજ્જુમાં નામ મંત્રથી ઉપર જઇ "જીણં" શબ્દથી આગળની બાજુ નીચે ઉતરી શકીએ છીએ. નામ સપ્તક પછી ઉપર ઉર્જાને ખાલી કરી નીચે ઉતરી મૂળાધારમાં પહોંચવાનું છે. સાધનાનો ક્રમ એજ રહેશે. ફકત ઉર્જા સ્ત્રોતમાં આરોહ અવરોહનો આ પણ એક પ્રકાર છે. અહીં આનો એટલે ઉલ્લેખ કરવો જરૂરી છે કારણ કે ક્યારેક ઉર્જા મૂળાધારથી કરોડ રજ્જુનાં માર્ગે ઉપર આવે છે. આવી સ્થિતિમાં ગભરાવવું નહીં એને પણ એક વિશેષ ઉપલબ્ધિ સમજી તેને સ્વીકારી લેવું. હવે આપણે આગળની વિધિનો પ્રયોગ કરીએ છીએ.

આ ચિત્રમાં બતાવેલો શક્તિ સ્ત્રોત અદ્ભુત છે. એને ધ્યાનથી જોવો તો એમાં ઉર્જા સ્ત્રોત મણકાઓની જેમ ફરતો દેખાશે. તમે હાથમાં ફરતી માળાને તો ઘણીવાર જોઇ હશે. પણ અહીં તો માળા પોતે પોતાનામાં જ ફરી રહી છે. માળાનાં બન્ને છેડાઓ જે મણિમાં બંધ હોય છે તેને મેર કહેવામાં આવે છે. આ છે આપણાં મેરુદંડનો ઉપરનો ભાગ જેને મેડુલાઓબલેંગેટા કહે છે. મેરની ઉપર કેટલોક દોરો વીંટાળી ઉપર આકાશ તરફ ખુલ્લો મૂકવામાં આવે છે. વીંટાળેલો ભાગ મગજ છે. અને ખુલ્લા દોરાઓ વાળની નિશાની છે. જે આપણા સમર્પણ યુકત નમસ્કાર કરવાના અને આશીર્વાદ લેવાનું સ્થાન છે. આપણી ઉર્જા સ્ત્રોતની નિશાની માળા છે. હવે આપણે ચોવીસે નામોનું સેટીંગ જોઇએ. ચિત્રો ફકત જોવાના નથી એને ધ્યાનથી જોઇ સમજી અને અંતર મનમાં પ્રતિષ્ઠિત કરવાના છે. નામ અને શબ્દોની પ્રતિષ્ઠા પછી બીજી મુલાકાતમાં ભાવો દ્વારા તત્વ-સ્પર્શ કરવાનો છે. ચોવીસ જીનવરોમાં સંયોગ, સબંધ, સ્થાપનનો પ્રયોગ કરવાનો છે. પ્રત્યક્ષનો આનંદ લેવાનો છે. હવે પ્રયોગના સંયોગ માટે પેલા વિયોગ પણ જરૂરી છે એટલે આપણે વિરામ લેશું.

# વદ્ધમાણં કરો વર્ધમાનં

કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ ।
વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વડ્ઢમાણં ચ ।।

શબ્દોના શુભ પુણ્ય પુંજમાં, પ્રગટે એવુ નામ તું છે.
નામોમાં તું રહે છતાં પણ નિજસ્વરૂપમાં અનામ તું છે.
સિધ્ધશિલામાં ભલે બિરાજે પણ મારા તો પ્રણામ તું છે.
પ્રણામ તું છે, પરિણામ તું છે, મમ ભાવોનો વિરામ તું છે.

# ૪.સ્વવિલય માં નિજાલય

અનામ ને નામમય પ્રણામ, અનામને નામ થી પ્રણામ.
નામ ને અનામમય પ્રણામ, નામ ને નામ થી પ્રણામ.
નામ તો અનામની ઓળખાણ છે,
ઓળખાણ પછી નામ પણ ભગવાન છે.

નામ તો જીવનનો પર્યાય છે. પર્યાયનો અધ્યાય છે. સ્વયંનો સ્વાધ્યાય છે. આમ તો આપણે ઘણા નામો લઇએ છીએ અને નામને નામથી જ ઓળખીએ છીએ. નામ ક્યારેક જાન પણ હોય છે તો નામ ક્યારેક ખુદ ભગવાન પણ હોય છે. નામ પરમાત્માનો અક્ષરદેહ છે. એટલે જ તો અનામી ભગવાન સ્વયં નામમાં પ્રગટ થાય છે. નામ અનામી ભગવાનને ઓળખવાની શુધ્ધ પર્યાય છે. અગર આ અનામ નામમાં ન બંધાત તો સ્મરણ કેવી રીતે કરી શકાત ? એ બંધાણો નહીં તો આપણે તેને બાંધ્યો. આપણે કેવી રીતે બાંધત એ અબંધ ને? પરમ નિગ્રંથ નિર્બંધને ? પોતાના જન્મો જન્મનાં બંધનથી મુકત થનારાને ? આપણને બંધનોમાંથી મુકત કરનારા એ નામને, નામવાળા અનામને આપણા નામનાં હજારો વંદન. આત્મ સ્વરૂપ અનામને અભિનંદન.

હે પ્રભુ ! અમે તમને બાંધ્યા છે શબ્દોમાં, શબ્દોમાં ભરી છે ચેતના, ચેતનામાં ભાવ, ભાવમાં ગુરુ ગૌતમનો પ્રભાવ. વહે સ્ત્રાવ જે બન્યું સ્તોત્ર. શ્રધ્ધાથી ઓત પ્રોત. નામ છે ચતુર્વિંશતિ. ટાળે છે ચારે ગતિ. આપે છે પરમ ગતિ. હે પ્રભુ! મારી સ્વીકારી ભક્તિ. મને દે તું શક્તિ. કેમકે મને તારી જ પ્રીતિ. મને આપ આ અસાર સંસારથી મુક્તિ. તારા નામાનુસાર ગુણોવાળા ભાવમાં અમારી મુક્તિનો આવિર્ભાવ છે.

**(૧) ઉસભં :-** પ્રથમ નામ મંત્ર છે ઉસભં. એનો અર્થ છે પરમપદની ગતિ. ઉસભં મંત્રનાં લોકભાષામાં વૃષભ અને ઋષભ એમ બે શબ્દો બને છે. વૃષભમાં વૃષ્ધાતુ વસ્તુ સીંચવા, વરસવા, વહેવડાવવાનાં અર્થે ઉપયોગ કરાય છે. ઋષધાતુ વહેવા અને પહોંચવાનાં અર્થે વપરાય છે. વૃષ અને ઋષ આ બન્ને ધાતુઓની આગળ અભ્ પ્રત્યય લગાડવાથી વૃષભ શબ્દ બને છે. આ જ શબ્દ નામ મંત્રમાં ઉસભં બની ગયો છે. નામ મંત્ર શબ્દનાં અર્થનું ગૌરવ બરાબર સાચવે છે. શબ્દોનાં બન્ને સ્વરૂપનાં અર્થમાં આ મંત્ર સફળ અને સાર્થક રહ્યો છે. આ નામ મંત્ર જ્યારે ચક્રોમાં પ્રતિષ્ઠિત થાય છે, ત્યારે તેનું સ્થાન મૂળાધાર ચક્ર હોય છે. પ્રથમ ચક્ર મૂળાધાર ઉર્જા શક્તિનો અને કરોડરજ્જુનો મૂળઆધાર છે. આ ચક્ર શક્તિનો ભંડાર છે. મંત્રનું

આલંબન આ શક્તિને વિકાસ અને ગતિમાં સહયોગ આપે છે. આપણે અહીં થી જ ઉર્જા ભરવાની છે. ઉપર લઇ જઇ ખાલી કરવાની છે. જેમ કૂવાનાં તળિયે બાલટી નાખીએ, પાણી ભરી એને દોરડાથી ખેંચી ઉપર લાવી ઘડો ભરીએ અને બાલટી ખાલી થતા પાછી કૂવામાં નાખીએ. બસ આવી જ રીતે મૂળાધારમાં ઉર્જા ભરવામાં આવે છે. ભર્યા પછી સહસ્ત્રાર સુધીનાં પ્રવાસમાં મૂળાધાર સક્રિય રહે છે. ઉપર સુધી પહોંચાડે છે. અહીં જો ભારવહનની તાકાત ન હોય તો શક્તિનું આરોહણ કેવી રીતે સંભવી શકે ? ઉપર સહસ્ત્રારનાં ઘડામાં શક્તિ ઉલેચવામાં આવે છે. અને ત્યાર પછી પાછી શક્તિ સંપાદનની રીર્ટન જર્નીની શરૂઆત થાય છે.

હે પરમાત્મા વૃષભ! અનંત શક્તિની વર્ષા કરવાવાળુ તારું નામ સાર્થક છે. મારા અનંત સ્વરૂપને પ્રગટ કરવા માટે આપણી અનંત શક્તિની વૃષ્ટિ કરી આપે મારા પર પરમ અનુગ્રહ કર્યો છે. આપણા નામ સ્મરણમાં હમેંશ લીન રહી મારા બધા કર્મો ક્ષય થઇ જાય એવી મારી ઇચ્છા છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત વીર્ય રૂપ અનંત ચતુષ્ટય તે મારી અનંત શક્તિનાં ઉદ્‌ગમ સ્ત્રોતને પ્રગટ કરે. એવી ભાવના સાથે આ ઉસભં નામ મંત્રની પ્રતિષ્ઠા કરવાની છે.

**(૨) અજિઅં** :- બીજા ભગવાનનું નામ અજિત છે. આ મંત્રનું સ્થાન સ્વાધિષ્ઠાન છે. સ્વાધિષ્ઠાન અર્થાત પોતાને રહેવાનું અધિષ્ઠાન. અહી આત્માનાં આઠ રોચક પ્રદેશો રહે છે. આ આપણી અવેદી અવસ્થાનું પ્રતિષ્ઠાન છે. આપણું નિજ સ્વરૂપ અવેદી છે. વેદાતીત હોવા છતાં અનાદિકાળથી એ વેદમય થતું રહ્યું છે. સ્વાધિષ્ઠાન પાસે જ આપણું વેદસ્થાન છે. આપણી વેદ અવસ્થાનું કેન્દ્રસ્થાન અવેદીનું વેદસ્થાન છે. અંદર અવેદીમાં વેદનું અજ્ઞાન છે. વેદની ભ્રમણામાં આપણે કાયમ પરાજિત થતાં રહ્યાં પણ હવે આપણને મળ્યા છે અજિત. એની સાથે કરીએ પ્રીત, તો કાયમ થશે જીત. પરમાત્મા અવેદી છે. તેઓ સ્ત્રી વેદાદિ વેદનું વેદન નથી કરતા પણ અનંતનું વેદન અવશ્ય કરે છે. આત્મા અંનત જ્ઞાન દર્શન આદિ અનેક ઐશ્ર્વર્યથી સંપન્ન છે એ અનંતનું પરમાત્મા વેદન કરે છે. આનંદઘનજી એ કહ્યું છે.

**આતમ અનુભવ રસ કે રસિયા, ઉનકો કહો વિરતંત..!**
**અવેદી વેદન કરે, વેદન કરે અનંત...............!**

**(૩) સંભવં** :- સંભવને પ્રાપ્ત કરવા સંભવ છે. અસંભવ નથી. સંભવનો અર્થ થાય છે પ્રગટ થવું. જનમવું, સંભવ થવું. સંભવ નામ મંત્રનું સ્થાન નાભિનાં મણિપુર ચક્રમાં છે. જન્મદાતા માતાની સાથે આપણે અહીંથી જોડાયેલા હતાં. હવે આજે આ સ્થાનથી જ પરમાત્મા સાથે જોડાવાનું છે. અવેદી માતા બનીને નામ મંત્રને જન્મ આપવાનો છે. અંતઃકરણનાં ગર્ભસ્થાનમાં એમને પ્રગટ કરવાનાં છે. આપણે કર્મમળથી ખરડાયેલા છીએ, દુર્ગંધિત થયેલા છીએ. આપણા પોતાના પ્રયત્નોથી મુક્ત થવું આપણા માટે અસંભવ છે. આપણને મુક્ત કરવા એમના માટે સંભવ છે.

સંભવનો જો સંભવ થાય તો આ સંસાર એની મેળે અસંભવ બની જાય. ગુરુ ગૌતમ સ્વામીએ સંભવ નામનું મંત્ર દાન કરી આપણી અધ્યાત્મ યાત્રાની સંભાવના પ્રગટ કરી છે. હે સંભવ નાથ ભગવાન! તમારી કૃપાથી મારી કર્મ મુક્તિ અને સિધ્ધ ગતિની સંભાવના સફળ થશે જ.

(૪) **અભિનંદણં** :- જેનો જન્મ થાય છે તેમને અભિનંદન મળે છે. અભિનંદન હૃદય થી થાય છે. હૃદય પાસેના આ ચક્રનું નામ અનાહત ચક્ર છે. અનાદિકાળથી નામ સ્મરણ ન કરવાને કારણે આપણે આહત થતા રહ્યાં છીએ. પીડિત થતાં રહ્યાં છીએ. હવે અનાહતમાં પરમતત્વનું અભિનંદન કરી અનંત આનંદને પ્રાપ્ત કરીએ. આત્મામાં અનંત જ્ઞાન દર્શન છે. આ ગુણો પરમાત્મામાં પ્રગટ થઇ ચૂક્યા હોય છે. આ ગુણો આપણામાં અપ્રગટ હોય છે. આજે આત્માનું પરમાત્મા સાથે અભિનંદન કરવાનું છે. આ અભિનંદન આપણા ગુણોનું અભિનંદન છે. હે પરમાત્મા! અભિનંદન કરવા યોગ્ય હૃદય સ્થાનમાં તમારું સ્વાગત કરીએ છીએ.મારી સમગ્રતા તમારું અભિનંદન કરે છે.

(૫) **સુમઇં** :- પરમ તત્વનું અભિનંદન કરી યાત્રાની પ્રગતિ કરતા જ હૃદય થી કંઠ સુધી પહોંચીએ છીએ. નામ સ્મરણ થી સ્વર ઉત્થાનનું આ પ્રગટ સ્થાન છે. મતિ તો આપણે જન્મથી જ લેતા આવ્યાં છીએ પણ એ મતિમાં સન્મતિ ક્યારે પ્રગટે ? આપણને સુગતિ ક્યારે મળે ? આ સ્થાનમાં જે ચક્ર છે તેનુ નામ વિશુધ્ધિ ચક્ર છે. વિશુધ્ધિ ચક્રમાં મંત્રનું રટણ કરવાથી મતિ સન્મતિ બની જાય છે. મિથ્યાત્વથી ભરપુર ભ્રમણા યુક્ત મતિ વિશુધ્ધિ ચક્રમાં છે. આ મંત્ર સ્મરણથી મતિ વિશુધ્ધ થાય છે અને મતિ સન્મતિ બને છે. હે પ્રભુ મને સન્મતિ આપ.

(૬) **પઉમપ્પહં** :- આ મંત્રમાં પદ્મપ્રભ શબ્દ છે. પદ્મ અને પ્રભ આ બે શબ્દોનું આમા સમીકરણ છે. પદ્મ અર્થાત્ કમળ અને પ્રભ અર્થાત પ્રકાશ. પદ્મપ્રભસ્વામી કમળની જેમ નિર્લેપ છે. હે પરમતત્વ ! તમારું નામ સ્મરણ મારી કષાયથી અનુરંજિત કઠોરતા નો ક્ષય કરશે એવો મને વિશ્વાસ છે. કર્મ, મળ અને આસક્તિથી લેપિત મારામાં નિર્લેપભાવ પ્રગટ થશે. પ્રભુ! હું આ ભવજળ સંસારમાં અલિપ્ત રહી શકું એવો મારા પર અનુગ્રહ કરો. હું નિરંતર અંધકારમાં ભટકી રહ્યો છું. તમે મને પ્રભ અર્થાત પ્રકાશ આપો, ઉજાસ આપો.

આપણાં આજ્ઞા ચક્રમાં કમળ છે. પરમાત્મા પદ્મપ્રભસ્વામીને પ્રણામ કરી આજે એમને આમંત્રિત કરીએ છીએ. અહીં પ્રતિષ્ઠિત કરીએ અને આજ્ઞાકિંત બનીને વિનંતિ કરીએ કે તમે મને મંગલમય જીવન જીવવા માટે આજ્ઞા આપો. અમારું આજ્ઞા કમળ તમને અર્પણ કરું છું, તમારી આજ્ઞા જ અમારી પ્રજ્ઞાનું ઉદ્ઘાટન કરશે. અમારા જીવન રૂપી પદ્મ કમળમાં પ્રદ્મનાથની પ્રભા પ્રકાશ પાથરશે.

(૭) **સુપાસં** :- પાર્શ્વ અર્થાત બાજુ, વિભાગ. આજ્ઞા ચક્રથી સહસ્ત્રારની યાત્રા

હવે બ્રહ્મરંધ્રમાં સમાવિષ્ટ થઇ રહી છે. અહીં મગજ ત્રણ વિભાગોમાં વિભાજીત છે. બૃહદ મસ્તિષ્ક જેનું કામ સમજવું અને નિર્ણય કરવો છે. લઘુ મસ્તિષ્ક જેનું મુખ્ય કામ સમતોલન બનાવી રાખવાનું છે. ત્રીજુ સુષુમ્ણાશીર્ષ છે જે સુષુમ્ના નાડીથી મસ્તષ્કનો સબંધ જોડે છે. મગજનાં આ બધાં વિભાગો મગજનાં અંદરનાં ભાગમાં ઢંકાયેલા રહે છે. આ બધાંની ઉપર પૂર્ણ ઉર્જામય સહસ્રાર વિભાગ છે. ત્યાં આ મંત્રની પ્રતિષ્ઠા કરવાથી બધાં પાસ અર્થાત્ આસપાસનાં વિભાગો સુ અર્થાત્ સુંદર લાગે છે. આપણું મગજ નિરર્થક વિચારો ચિંતાઓ અને ગ્લાનિઓથી ભરેલું છે. એને ખાલી કરી આ મંત્રથી પૂરિત કરી પવિત્ર બનાવવાનું છે. મગજનાં બધાં ભાગ સુપાર્શ્વ કરી ઉર્જાશક્તિને કરોડરજ્જુ તરફ વહેતી કરવાની છે.

હે પરમાત્મા! મારી આસપાસ ચારે તરફ તમે ઉપસ્થિત છો. એવો મને વિશ્વાસ છે. તમે સર્વજ્ઞ, સર્વદર્શી છો. બધું જાણો છો. જાવો છો. મારી બધી જરૂરિયાતને સમજો છો. જ્ઞાન દર્શન દ્વારા સદાયને માટે તમે મારી સાથે જ છો. તેવી મને શ્રધ્ધા છે. મે મારી જીવન નાવ તમને સોંપેલી છે. તમે મને ભવજળ પાર ઉતારો.

**જિણં** :- આ ઉર્જાનું સંચાલન કરવા માટેનો મંત્ર છે. ઉપર જઇ ઉર્જાને ખાલી કરી પછી અવરોહની સ્થિતિમાં પાછળ મગજ સાથે જોડાયેલ કરોડરજ્જુનાં માર્ગે પાછી નીચે તરફ ઉતારો. ઉર્જા વાહક આ મંત્ર સંપૂર્ણ લોગસ્સ સૂત્રનો પ્રાણ છે. પ્રત્યેક સાત તીર્થંકરોનાં નામની પાછળ આ મંત્ર આવે છે. આ મંત્ર સાડાત્રણ વલયની યાત્રાનો મુખ્ય આધાર છે. પ્રાણ વાહક, ઉર્જા વાહક, સર્વ રક્ષક પ્રત્યેક નામ મંત્રનો મુખ્ય નિયોજક જિણં મંત્ર અનાદિ કાળથી પાપોનો સંહારક રહ્યો છે. આ મંત્ર અત્યંત જલ્દી આત્મસાત્ થઇ જાય છે. પરમાત્માને માટે પ્રયુકત આ વાચક મંત્ર છે. અનાદિકાળની વાસનાઓનાં સંસ્કારને નાશ કરવા માટેનો આ સફળ અનન્ય મંત્ર છે.

**(૮) ચંદપ્પહં** :- પાછા મૂળાધારમાં આવી આપણે આપણી ચંદ્રનાડીનું પ્રભુત્વ એમને સોંપીએ છીએ. આ પરમાત્માનાં જન્મ સમયે પરમેશ્વરી માતાને ચંદ્રપાનનો દોહદ ઉત્પન્ન થયેલો. ચંદ્રપૂર નગરમાં જન્મ થયો અને ચંદ્રનાં ચિન્હ સાથે થયો. એમના સ્મરણ માત્રથી ચંદ્રનાડી શુધ્ધ થાય છે. ચંદ્ર જેવા સૌમ્ય પ્રભાવવાળા મારા જીવનરૂપી પુનમનાં ચંદ્ર હે પ્રભુ! વિષય કષાયનાં અગ્નિમાં તપતા એવા મારામાં તમારી સૌમ્યતા, શીતળતા અને નિર્મળતા પ્રગટ થાવ. તમારી પુણ્ય પરમાણુંવાળી નામ પ્રભાથી મારી આભાને શોભાયમાન કરો.

**(૯) સુવિહિં ચ પુપ્ફદંત** :- સંપૂર્ણ નામસ્તવમાં નવમાં ભગવાનનું નામ બે વાર આવે છે. બે નામ હોવાને કારણે આધાર ગ્રંથોમાં બે ધારણાઓ પ્રચલિત છે. એક માં સુવિધિ શબ્દને વિશેષણ અને પુષ્પદંતને નામ માનવામાં આવે છે. વિશેષણ અને નામના જ ક્રમમાં બીજી ધારણામાં સુવિધિને નામ અને પુષ્પદંતને વિશેષણ માનવામાં આવે છે. પહેલા આપણે કેટલાક આધારો પર નજર કરી આગળ બે નામને કારણો

અને રહસ્ય પર ભાવનાત્મક વિચાર કરીશું.

**સ્થાનાંગ સૂત્રનાં બીજા ઠાણામાં**:- વર્ણ કથનમાં "પુષ્પદંત" નામનો ઉલ્લેખ છે. "સમવાયાંગ સૂત્રમાં સુવિહિસ્સ ણં પુપ્ફદંતસ્સ અરહઓ છત્તઇસ ગણા" સૂત્ર ૮૬નાં આ પાઠમાં બન્ને નામોનો ઉલ્લેખ છે. આવશ્યક નિર્યુક્તિમાં ફકત "પુપ્ફદંત" નામનો બે વાર ઉલ્લેખ છે જેમ કે..

"સસિ પુપ્ફદંત સીઅલ આ ગાથામાં એમને ચંદ્રની જેમ શીતળ અને "સસિ પુપ્ફદંત સસિગોરા ગાથા ૩૭૬ માં ચંદ્રની જેમ પ્રભા વાળા વર્ણવેલા છે.

હવે આપણે આપણા ભક્તિ પૂર્વકનાં અર્થ તરફ જઇએ. આ વ્યવસ્થા સાથે આપણી ભાવનાત્મક ઉર્જા પણ જોડાયેલી છે. પુપ્ફદંત નામમાં બે શબ્દો છે. પુષ્પ અને દંત. પુષ્પ અર્થાત્ ફૂલ અને દંત અર્થાત્ દાંત અર્થાત પરાગ. આ અર્થનો પરમાર્થ છે પુષ્પપરાગ. મૂળાધારમાં જ્યારે ચંદપ્પહં મંત્ર જાપથી ચંદ્રનાડી ખૂલે છે ત્યારે મધ્યભાગથી ઉર્જાસ્ત્રોત ઉપર સ્વાધિષ્ઠાન તરફ આગળ વધે છે. અહીં થી આ સ્ત્રોત બે વિભાગોમાં વહેંચાઇ જાય છે. એક આગળ નાભિ તરફ અને બીજો પાછળ કરોડ રજ્જુ તરફ જાય છે. આ રીતે વિભક્તિકરણ વખતે આ સ્ત્રોત બે ધારા રૂપે વહેંચાઇ જાય છે. સ્પષ્ટિકરણ માટે આપણે આ ચિત્રનો સહકાર લેશું.




આપણું મૂળાધાર પુષ્પ છે. એમાંથી નીકળતો ઉર્જા સ્ત્રોત સ્વાધિષ્ઠાનનાં આગળ પાછળ બન્ને વિભાગોમાં ફેલાઇ જાય છે. સ્વ અધિષ્ઠાનમાં આપણી ઉર્જા જ્યારે બન્ને તરફ આવે છે, ત્યારે ઉપરોક્ત આકૃતિ દંતાકારમાં પરિવર્તિત થઇ જાય છે. પુષ્પદંત શબ્દ આ મુખ્ય સ્ત્રોતનો પરિચય છે. પરિણામ પણ છે અને પ્રક્રિયા પણ છે. આ પ્રક્રિયા સવિધિ હોવી જોઇએ . સંસારમાં અનેક વિધિઓ છે. જન્મ વિધિ, લગ્નવિધિ, સંસ્કારવિધિ વગેરે ઘણી બધી વિધિઓ છે. પણ આતો આપણા ઉર્જાસ્ત્રોતને સમ્યક્ માર્ગદર્શન આપવાવાળી પ્રભુ નામની પ્રાણપ્રતિષ્ઠા વિધિ. એટલે એને વિધિ નહીં "સુવિધિ"કહી છે. મોક્ષમાર્ગની મહાવિધિથી પ્રણિત ચંદ્રનાં ઉજ્જવળ, શુભ, શીતળ સ્ત્રોતને હવે નાભિ કેન્દ્ર તરફ આગળ વધારીએ છીએ.

**(૧૦) સીઅલં** :- શીતળ અર્થાત આહ્લાદક. હે શીતળનાથ ભગવાન પાપ-તાપ-સંતાપથી પીડાતા મને શીતળતા પ્રદાન કરો. તમારી શીતળ છાયા જન્મો-જન્મનાં તાપથી મુક્તિ અપાવવા શક્તિમાન છે. તમારા જન્મ પહેલાં તમારા પિતાશ્રીને કોઇ પણ જાતની દવા લાગું ન પડે તેવો પિત્તદાહ ઉપડેલો. ચ્યવન સાથે જ આપના ગર્ભપ્રવેશથી તે પિત્તદાહ શાંત થઇ ગયો. દેહ શીતળ બની ગયો. હે ! પરમ

તત્ત્વ અનેક જન્મોથી મારા આત્માને વિષય કષાયનો દાહ ઉત્પન્ન થયો છે. પ્રભુ આપના દેહની પવિત્ર રશ્મિઓની જેમ આપની ઉષ્ણતાને શીતળ રશ્મિઓમાં પરિવર્તિત કરવાની અદ્‌ભુત ક્ષમતા છે. આજે આપના નામ સ્વરૂપને મારા નાભિ કેન્દ્રમાં સ્થાપિત કરું છું. આપના નામનો જન્મ થતાં જ મારો કષાય તાપ સમાપ્ત થઇ જશે. અને મને યૌગિક શીતળતા પ્રાપ્ત થશે એવો વિશ્વાસ છે.

**(૧૧) સિજ્જંસં** :- શ્રેયાંસનાથ ભગવાન સમગ્ર સૃષ્ટિમાં સાક્ષાત્ છે. મારું અતંઃકરણ તમને સમર્પિત છે. જગતમાં પ્રેય અને શ્રેય ને હું ન સમજી શક્યો. મને પ્રિય પદાર્થોમાં રાગ થયો. અને અપ્રિય પદાર્થોથી દ્વેષ થયો. હે પ્રભુ! હવે મને પ્રેય નહી શ્રેય જોઇએ છે. શ્રેય અર્થાત્ શ્રેષ્ઠ. શ્રેય અર્થાત મોક્ષ. આ નામ મંત્રનું સ્થાન હૃદય છે. આગમોમાં "પરમ સોમણસ્સ હિયયા" ની નીતિ પ્રસિધ્ધ છે . હે ! પરમ શ્રેયાંસનાથ ભગવાન! મારા હૃદયમાં પધારો, મારા અંતઃકરણને પાવન કરો, મારા ભગવાન મારી શ્રેયસ સ્થિતિ મારામાં પ્રગટ કરો.

**(૧૨) વાસુપુજ્જં** :- આ નામ મંત્રનું સ્થાન વિશુધ્ધિ ચક્રમાં છે. વિશ્વાત્મા વાસુપૂજ્ય ભગવાનનાં નામમાં સમગ્ર વિશ્વનું મંગળ રહેલું છે. વસુ અર્થાત્ ધન, દેવ, આત્મા, પરમાત્મા, વિશ્વાત્મા. આત્મભાવોનાં પૂજ્ય! દેવોનાં પૂજ્ય! હે વાસુપૂજ્ય! આત્મસંપતિનાં સ્વામી! તમારા સ્મરણ માત્રથી અમારો આત્મ વૈભવ પ્રકાશવાન બની જાય છે. તમારું નામ આત્માની નિર્મળતા પ્રગટાવે છે. આજે આપણે વાસુપૂજ્ય સ્વામી નું વિશુધ્ધિ કેન્દ્રમાં પ્રતિષ્ઠાપન કરવાનું છે. કંઠકૂપનાં ઉંડાણમાં રહેલું વિશુધ્ધિ ચક્ર સ્વાત્મત્ત્વની સમૃધ્ધિનાં સ્વામીનું અહીં સ્મરણ ઉર્જા ભંડારનું પ્રગટીકરણ છે. પરમાત્મા લોકમંગળ સ્વરૂપ છે. તમે સમસ્તચૈતન્ય સૃષ્ટિનાં ત્રણે લોકમાં વાસુ ના પૂજ્ય છો. હે પ્રભુ! મારો વૈભવ પ્રગટ કરો.

**(૧૩) વિમલં** :- વિશુધ્ધિ ચક્રથી નિર્મળતાનાં સ્ત્રોતનું ઉર્ધ્વીકરણ કરી આપણે આજ્ઞા ચક્ર તરફ આગળ વધીએ છીએ. મલ અર્થાત્ રાગ દ્વેષ વિમલ અર્થાત વીતરાગ. આજ્ઞા ચક્રમાં વિમલનાથ ભગવાનને આપણે પ્રાર્થના કરીશુ પ્રભુ! અમને આજ્ઞા આપો, સંજ્ઞી પંચેન્દ્રિયનો જન્મ આજ્ઞા પાલનનો જન્મ છે. હે જિનેશ્વર! તમારી પરમ કરુણાથી હું અહીં સુધી પહોંચ્યો છું. હવે તમારી જ આજ્ઞાનું પાલન કરવાની તમારી પાસેથી આજ્ઞા માગું છું. "તુબ્ભેહિં અબ્ભણણુણાએસમાણે નિસહિ"તમારી નજીક આવી રહ્યો છું. "અણુજાણહ મે" મને તમારા સાનિધ્યમાં આવવાની આજ્ઞા આપો. હું પોતે વિમલ છું, નિર્મળ છું તો પણ કર્મ,કષાયના મલથી ખરડાયેલો છું. પ્રભુ! તમે "વિહુયરયમલા"છો. મને નિર્મળ કરો. વિમલ કરો.

(૧૪) અણંતં :- અહીં છે મસ્તકનું શિખર સહસ્ત્રાર કેન્દ્ર, મૂળાધારની મહાયાત્રા નું સર્વોચ્ચ શિખર. વિશુધ્ધ પરિણતિનું સમાહાર. જે ભગવાન પાસે આપણે દેહાધ્યાસથી છૂટવાની પ્રાર્થના કરી રહ્યા છીએ અને મોક્ષ માર્ગમાં પ્રવેશ કરવાની

આજ્ઞા માગી રહ્યાં છીએ. તેઓ કહે છે,

**એજ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષ સ્વરૂપ,**
**અનંત દર્શન જ્ઞાન તું અવ્યાબાધ સ્વરૂપ.**

(આત્મ સિધ્ધિ ગાથા ૧૧૬)

પરમાત્મા કહે છે તારું સ્વરૂપ અનંત જ્ઞાન દર્શનમય છે. મારી પાસે માંગવાની જરૂર નથી. એ તારી જ અંદર છે. તું પોતે જ મોક્ષ સ્વરૂપ છે. અનંત જ્ઞાન દર્શન યુક્ત તું અનંત સ્વરૂપમય છો. ફક્ત ઉપર ચઢેલા આવરણોથી જ તારે દૂર થવાનું છે. હજારો નાડીઓથી ઘેરાયેલા આ મગજમાં અવતરે છે પરમાત્માનો આ શુભ સંદેશ. આ સ્થાનને યોગીઓ એ સહસ્ત્રાર કહ્યો છે. જેનો અર્થ થાય છે. હજાર આરક વાળુ કેન્દ્ર. પરમયોગી અનંતનાથ ભગવાનની પ્રતિષ્ઠાથી આ ચક્ર અનંતનું કેન્દ્ર બની જાય છે. હે ! અનંતનાથ ભગવાન ! મને તમારું સાનિધ્ય આપી મારામાં અનંતતા પ્રગટ કરો.

**જિણં :-** આ અનંતની પૂર્ણતાનાં સંદેશનો, આદેશનો, ધર્મના સ્વરૂપનો, સ્વીકાર કરવા માટે જિણં મંત્રને કરોડરજ્જુ સુધી પહોંચવા દો. આ અનંતમય સ્ત્રોતને મૂળાધાર સુધી વહેવા દો. અને ત્યાં જુઓ હવે શું થાય છે ? મને વિશ્વાસ છે કે અહીં સુધી પહોંચતા જ અનંતાનુબંધી કષાયોનો નાશ થશે. અનંત જન્મોનાં પાપ કર્મોનો વિનાશ થશે. પાપ વિલયન–પાપ ક્ષયની આ મહાયાત્રામાં આપ સહું ને આમંત્રણ છે. જેઓ આવી ગયા છે તેમનું સ્વાગત છે. આવો આગળ જઇએ.

**(૧૫) ધમ્મં :-** ધર્મનો અર્થ છે ધારણ કરવું અને એનો મૂળ આધાર મૂળાધાર છે. ત્યાં જ ધર્મની ઉત્પતિ છે. ૧૫ માં ધર્મનાથ ભગવાનની અહીં તાત્વિક પ્રતિષ્ઠા થાય છે. પરમાત્મા કહે છે તું દેહાધ્યાસ છોડી દે તો તું કર્મનો કર્તા નથી. અને કર્તા નથી તો ભોક્તા પણ નથી. એજ તારો ધર્મ છે.

**છૂટે દેહાધ્યાસ તો નહિ કર્તા તું કર્મ**
**નહી ભોક્તા તું તેહવો એજ ધર્મનો મર્મ.**

(આત્મ સિધ્ધિ ગાથા ૧૧૫)

**(૧૬) સંતિં :-** ધર્મ જ્યારે મૂળ આધારમાં આવે છે તો આપણુ સ્વનું અધિષ્ઠાન શાંતિમય બની જાય છે. શાંતિ કંઇ બહારથી નથી આવતી એ આપણુ પોતાનું સ્વરૂપ છે. સ્વરૂપ શાંતિમય છે પણ આપણે સ્વરૂપથી દૂર થઇ બહાર આવીએ છીએ. બહારથી આપણા પર અશાંતિનું આક્રમણ થાય છે. તેથી વિષય કષાય આપણું સ્વરૂપ નથી. આપણું સ્વરૂપ શાંત છે. સત્ય છે. શાશ્વત છે. ક્ષમામય છે. એ સ્વાધિષ્ઠાનમાં શાંતિની સ્થાપના કરી આગળ વધીએ. શાંતિમય શાંતિનાથ ભગવાનનું અને આપણી આત્મ શાંતિનું અધિષ્ઠાન કેન્દ્ર આ સ્વાધિષ્ઠાન કેન્દ્ર છે.

શાંતિનું પ્રસારણ અહીં થી જ થાય છે.

(૧૭) કુંથું :- આ જ શાંતિને આપણે સૂક્ષ્મ કરી નાભિનાં મણિમાં પ્રવેશ કરાવીએ તો એ સૂક્ષ્મ બની, ઉર્જામય બની, પ્રાણમય બની, ચેતનામય બની જાય છે. સૂક્ષ્મ ને કુંથુ કહે છે. સૂક્ષ્માતિ સૂક્ષ્મ જીવો પર કરુણા કરવા વાળા પરમાત્મા! મને શિઘ્ર તારશો એવો વિશ્વાસ છે. તમારું શરણું અંગીકાર કરું છું. મને ચરણોમાં સમાવી લો.

પરમાત્મા મહાવીરનું શરણું લઇ ચમરેન્દ્ર, શક્રેન્દ્રરની ઉપર પરિઘ નામનું શસ્ત્ર ફેંકવા ગયો હતો. પ્રત્યુત્તરમાં શક્રેન્દ્ર એ તેની ઉપર વજપાત કર્યો હતો. જે ચમરેન્દ્રને ખતમ જ કરી નાખત પરંતુ અવધિ જ્ઞાનથી એને પરમાત્માનાં શરણે ગયેલો જોઇ સૌધર્મેન્દ્રએ એ શસ્ત્ર પાછું ખેંચી લીધુ ત્યારે એ પ્રભુ ચરણથી ચાર આંગળ જ દૂર રહી ગયું હતું. ભયભીત ચમરેન્દ્ર કંથવાનું રૂપ લઇ પ્રભુ ચરણમાં વિલિન થઇ ગયો. શક્રેન્દ્ર એ પ્રભુ પાસે ક્ષમા માગી અને ચમરેન્દ્રને અભયદાન આપ્યું. આપણે પણ સૂક્ષ્મ થઇ પ્રભુ ચરણોમાં સમાઇ જવાનું છે. જેને લીધે જગતમાં વ્યાપેલા વિષય કષાય રૂપી વજો થી આપણે આપણી જાતને બચાવી શકીએ. "નાક્રામતિ ક્રમયુગાચલ સંશ્રિતં તે" તારા ચરણ યુગલમાં સંશ્રિત,આશ્રિત, સંસ્થિત વ્યક્તિ ની ઉપર ક્રોધાદિ કષાય આક્રમણ નથી કરી શકતા.

(૧૮) અરં :- હવે આપણે એ પરમ સૂક્ષ્મ તત્ત્વને કેન્દ્રિત કરી હૃદયમાં સ્થાપિત કરી લઇએ. જે સૂક્ષ્મ છે તેનો વિસ્તાર કરીએ. વિસ્તારવા માટે, ગતિ કરવા માટે અહીં આરા આરક હોય છે. તમને સાયકલ યાદ હશે. એમાં પૈડાની વચ્ચે એક વર્તુળ હોય છે. એની આજુબાજુ કેટલાક તાર લગાડેલા હોય છે. જેને એક મોટી રીંગ વ્યવસ્થિત ગોઠવી રાખે છે. બસ! માત્ર એના જ જોરે સાયકલ ચાલે છે. આપણાં મગજમાં આ એન્ટેનાનું સ્થાન છે. જીવન પર્યંત જીવને ચાલવાનો આદેશ અને વ્યવસ્થાનું આદાન પ્રદાન બસ આ સાયકલ પર જ ગતિ કરે છે. એમાં આપણે "અરં ચ"મંત્રની પ્રતિષ્ઠા કરી ગતિમય જીવનને પ્રગતિમય બનાવીએ.

(૧૯) મલ્લિં :- એના બે અર્થ થાય છે. માલ્યકુલ વિશેષ અને મલ્લ યુધ્ધ. અનાહત ચક્રમાંથી ગતિ કરી વિશુધ્ધિ ચક્રમાં આવે છે. પ્રશ્ન થાય છે. અશુધ્ધિ આવે છે. શા માટે ? આપણે શા માટે વારંવાર વિશુધ્ધિ ચક્રમાં આવીને વિશુધ્ધ થવું પડે છે ? એનો જવાબ જ્ઞાની પુરુષો આપે છે કે વિષય કષાય ને કારણે અશુધ્ધિ આવે છે. હવે વિષય કષાયોનો સામનો કરવાનો છે. એની સાથે મલ્લ યુધ્ધ કરવાનું છે. એને જીતવાના છે. એટલે અહીં મલ્લિનાથ ભગવાનનું સ્મરણ કરવાનું છે. મલ્લક્ષેત્રમાં જીતાયેલા હે મલ્લિનાથ ભગવાન! અમને કર્મમળ સામે લડવાની શક્તિ આપો. કષાયોથી કુસ્તી કરી હરાવી દઉં અને મિથ્યાત્વ રૂપી મલ્લને જીતી લઉં. એવી શક્તિ આપો મને.

(૨૦) **મુણિસુવ્વયં** :- હે મુનિઓના મહામુનિ!. આગાર અને અણગાર એમ બન્ને પ્રકારનાં વ્રતોસ્વરૂપ વિરતિ ધર્મનાં મૂળઆધાર છો. મિથ્યાત્વ પછી અવિરતિનો પણ સંસારનાં પરિભ્રમણમાં બહુ મોટો ભાગ રહ્યો છે. આજ્ઞા ચક્રમાં આજે તારી મુલાકાત થતાં હવે મારા ધ્યાનમાં આવ્યું કે મેં અનેક વાર સંયમ લઇ અણગાર વ્રત ધારણ કર્યો પણ મારું વ્રત તારા વિના, તારી આજ્ઞા વિના સુવ્રત ન બન્યું. મુનિ બનવા છતાંયે મુનિત્ત્વ પ્રગટ ન થઇ શક્યું. તારી આજ્ઞા અને સાનિધ્ય ન હોવાને લીધે વ્રતોમાં સુરુચિ અને સુષ્ઠુભાવ ન રહ્યો હવે આજે આજ્ઞા ચક્રમાં તમારી પ્રતિષ્ઠા કરી મોક્ષદાયી વિરતિ ધર્મનો મારે સ્વીકાર કરવો છે.

(૨૧) નમિજિણં :- સહસ્ત્રાર ચક્ર મસ્તિષ્કનું પ્રતીક છે. "નમિ" નામ નમસ્કારનું સ્વરૂપ છે. નમસ્કારનાં ભાવોની સાથે તમને નમવાના ભાવો જાગે છે. તમારા જન્મનાં સમયે દુર્દાન્ત દુશ્મનોએ આખા નગર અને સૈન્ય સાથે તમારા પિતાને ઘેરી લીધેલા. અચાનક તમારી માતા આ જોવા અટ્ટાલિકા પર આરૂઢ થઇ એમને જોઇને બધાં દુશ્મનોએ માથા નમાવી દીધાં. સમર્પિત અને શરણાગત બની ગયા. બાહ્ય દુશ્મનોની જેમ વિષય, કષાય, પરિષહ, ઉપસર્ગ વગેરે દરેક શત્રુઓને તમે નમાવી નમિ નામ સાર્થક કર્યુ. તમારા ચરણોમાં અમારું મસ્તક નમાવી તમારા નમનના પ્રયોગને ધારણ કરી અમારા પ્રાણ પ્રવાહને કરોડરજ્જુનાં માર્ગ તરફ નમાવીએ છીએ.

(૨૨) **રિટ્ઠનેમિં** :-નેમિ અર્થાત્ ચક્ર.અરિષ્ટ નેમિનો અર્થ છે. અપમંગળ, અબ્રહ્મભાવ ને ખતમ કરવા વાળા ચક્ર જેવા અરિષ્ટનેમિ ભગવાન . હે અરિષ્ટનેમિ ભગવાન! . લગ્નના મંડપ સુધી આવ્યા અને રાજુલની સાથે સંસારનો પૂર્ણવિરામ કરવા વાળા તમે રાજુલ ને કઇ શક્તિ આપી કે બળાત્કાર કરનાર પુરુષ જાતિ વાળા રથનેમિ ને ઉપદેશ દઇ સત્ પ્રગટ કરાવવાનું સફળ સામર્થ્ય પ્રગટ થયું ? નારી હોવા છતાં જેણે ઉત્તેજિત રથનેમિની વાસના બાળીને ભષ્મ કરી નાખી. આજે મારા મૂળાધારનાં મંડપમાં પધારી મારો પણ સંસાર સમાપ્ત કરી દો. મારું સમગ્ર અસ્તિત્વ તમને અવિરામ અર્પણ છે.

આ શબ્દનો રથનેમિ શબ્દ પ્રયોગ પણ પ્રસિધ્ધ છે. સંયમને રથ સમજી શાસ્ત્રમાં પ્રવજ્યા માટે અઢાર હજાર શિલાંગરથનાં ગુણ બતાડેલા છે. સંયમ રૂપી રથ છે. જેમા આરૂઢ થઇ મોક્ષ પ્રાપ્ત કરવાનો છે. આ રથનાં નેમિ અર્થાત્ પૈડાની ધરીઓ જે ૧૮૦૦૦ હોય છે. હે રથનેમિ ભગવાન! તમારું નામ સ્મરણ જો એકવાર પણ કરવામાં આવે તો ૧૮૦૦૦ ગુણ પ્રગટ થાય છે. રિટ્ઠનેમિ શબ્દમાં નેમિની આગળ રિટ્ઠ શબ્દ લાગેલો છે. જેના કેટલાયે અર્થો થાય છે. અરિષ્ઠ શબ્દનો અર્થ સુખ, સૌભાગ્ય, અખંડ, પૂર્ણ, અવિનાશી વગેરે થાય છે. આ બધું સુલભ રીતે પ્રાપ્ત કરી આપનારા પરમાત્મા છે.

ધાતુની દ્રષ્ટિએ રિઠ્ઠનેમિ શબ્દ રિષ્ ધાતુ થી બન્યો છે. જેનો અર્થ ઇજા પહોંચાડવી એવો થાય છે. આ અર્થ દ્વારા કર્મ કષાયોને ખતમ કરવા વાળા પરમાત્મા એવો અર્થ થઇ શકે છે.

નેમિનો અર્થ પરિધિ ,તટ, વૃત, પૃથ્વી વગેરે અર્થ થાય છે. જેથી સિધ્ધશિલા નાં સ્વામી એવો અર્થ થાય છે. બધાંને ભેગા કરતા એનો જે મહા અર્થ બને છે એ છે અવિનાશી. નિર્વાણ સ્થિતિ રૂપ પિસ્તાળીસ લાખ જોજન વાળી અર્ધ ચંદ્રાકાર સિધ્ધશિલા પર શાશ્વત સ્થિતિનાં સ્વામી રિઠ્ઠનેમિ ભગવાન ! મારા પર આ સ્થિતિની પ્રાપ્તિનો અનુગ્રહ કરો.

**(૨૩) પાસં** :- પાર્શ્વ અર્થાત્ સર્વ. પાર્શ્વ અર્થાત્ વિભાગ. સર્વ ભાવોનાં જ્ઞાતા પરમાત્મા પાર્શ્વનાથ! આપ મારા બધાં પાસાઓને જાણો છો, ચ્યવન પછી તમારા પ્રભાવે તમારી માતાએ તમારા પિતા પાસે સપ્ત ફણીધર નાગને જોઇને હાથ ઉંચો કરી દીધો. પિતાજી એ પૂછયું કે આટલા અંધારામાં તને સાપ કેવી રીતે દેખાણો ? ત્યારે જ તમારી માતાએ તમારા આગમનની ની વાત તમારા પિતાશ્રીને કરી હતી. પ્રભુ વિષય કષાયનાં વિષધરો મારી આજુબાજુ ફરી રહ્યાં છે. તમારા સિવાય તેમનાથી મને બીજું કોણ બચાવી શકશે ?

**(૨૪) વઢ્ઢમાણં** :- હે વર્ધમાન રાજકુમાર ! અવેદી માતા બની તમને અમારા નાભિચક્રમાં સ્થાપિત કરીએ છીએ. તમે અમારા આત્મ ભાવોમાં આત્મ સ્ત્રાવોમાં સ્વભાવોમાં પ્રભાવોમાં નિરંતર વર્ધમાન બનતા રહ્યાં. તમારું નામ સ્મરણ અમારા આત્મ ગુણોને વર્ધમાન કરતું જ રહે છે.

ભાવનાત્મક અને મંત્રાત્મક શૈલીમાં તમે ચોવીસે જિનેશ્વરોનું નામ સાંભળી ચૂક્યાં. એમના સામાન્ય અર્થ પણ તમારા ધ્યાનમાં છે. કીર્તનની શૈલીમાં, ચક્રોની વિધિમાં હવે ત્રણે ગાથાઓનું સાથે સ્મરણ કરીએ. પેલા ધ્યાનથી સાંભળો. પછી પાછું ઉચ્ચારણ સંભળાવવામાં આવશે.

**ઉસભમજિઅં ચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઇં ચ ।**
**પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે ।।**
**સુવિહિં ચ પુપ્ફદંતં સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ ।**
**વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિં ચ વંદામિ ।।**
**કુંથું અરં ચ મલ્લિં વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ ।**
**વંદામિ રિઠ્ઠનેમિં પાસં તહ વધ્ધમાણં ચ ।।**

ગયા પ્રવચનમાં વર્ણવેલી વિધિ પ્રવચન પછી તમને ફરી વખત સમજાવી પ્રયોગાત્મક રૂપે કરાવવામાં આવશે. ગાથાને અંદરથી ખોલી, એના એક એક શબ્દોનો રસ પીતા પીતા પરમાત્માના નામને આત્મસાત્ કરવાનો છે. આ અક્ષર દેહ

છે. આ અક્ષરોમાં સમાયેલ છે તે અનક્ષર છે. આ અક્ષરોનાં આકારમાં છે એ નિરાકાર. નિરાકારને સાકાર કરીએ. સાકારનો સાક્ષાત્કાર કરીએ. કેમકે નામની સાથે પરમાત્માનાં નામકર્મનાં પુણ્યમય પુદ્‌ગલોનો સંચાર હોય છે. પવિત્ર પુરુષો ઉત્તમ સમયમાં જન્મ લે છે. તેમનું નામ કર્મ પણ ઉત્તમ હોય છે.

ભક્તામર સ્તોત્રમાં કહ્યુ છે,

યૈઃ શાન્તરાગરુચિભિઃ પરમાણુભિસ્ત્વં,
નિર્માપિતસ્ત્રિભૂવનૈક લલામભૂત ।
તાવન્તએવ ખલુ તેપ્યણવઃ પૃથીવ્યાં,
યત્તેસમાનમપરં નહિ રૂપમસ્તિ ।।

હે પરમાત્મા! તારું નિમાર્ણ એ પવિત્ર પરમાણુઓ દ્વારા થયું છે જે આ સંસાર માં ફક્ત એટલા જ હતાં. જન્મ સમયે પ્રકૃતિના શુભત્વનું જોડાઇ જવું એ એમના પુણ્યબળ ને કારણે જ થાય છે. ટૂંકમાં નામ માત્ર ભાષા વર્ગણાનાં પુદગલોનો સમુહવાચક શબ્દ છે. એ પવિત્ર અને પુણ્યમય હોવાને લીધે એનું આલંબન લેવામં આવે છે. એને યથાવત અન્તર્ગત કરવાની વિધિ પણ નક્કી કરવામાં આવેલી છે.

ધ્યેયમાં ઉપયોગી ની એકતા આલંબન છે. આમ્નાય નાં અનુસાર શ્રધ્ધા અને નિષ્ઠા સાથે એને સક્રિય કરવી એને સમાલંબન કહેવામાં આવે છે. લોગસ્સ સૂત્રની આ વિધિમાં નામ અને નામીની રૂપ અને રૂપીની વાચ્ય અને વાચકની એકાત્મકતા પ્રગટ થાય છે. આ એકાત્મક મંત્ર પ્રતિષ્ઠા, તત્વપ્રતિષ્ઠા, પ્રાણપ્રતિષ્ઠા અને ચૈતન્ય પ્રતિષ્ઠા થી જોડાઇ ને એક સંપૂર્ણતા પ્રગટ કરે છે.

જ્યારે ધ્વનિ ઉત્પન્ન થાય છે ત્યારે અક્ષર હોય છે. અક્ષર જ્યારે બોલાય છે ત્યારે શબ્દ બને છે. શબ્દ જ્યારે મહાપુરુષોનાં નામ સાથે જોડાઇને રટણનું સ્વરૂપ લે છે ત્યારે એમા મંત્ર પ્રતિષ્ઠા બને છે. મંત્રમાં પરમપુરુષ જ્યારે તત્વ રૂપે જોડાય છે ત્યારે તત્વ પ્રતિષ્ઠા થાય છે. એમા જ્યારે મંત્ર, તત્વ અને પ્રાણ ધારાની એકાત્મકતા જોડાય છે ત્યારે પ્રાણ પ્રતિષ્ઠા થાય છે. અને જ્યારે આત્માનો પરમાત્મા સાથે અભેદ થાય ત્યારે ચૈતન્ય પ્રતિષ્ઠા થાય છે. તમે જ્યારે જ્યારે ભાવપૂર્વક લોગસ્સ બોલશો ત્યારે ત્યારે આ બધું એની મેળે થઇ જશે. જેમ આપણે ભોજનની પાચક ક્રિયા વિશે સાંભળીએ છીએ, ત્યારે એ એક લાંબી પ્રક્રિયા લાગે છે. મોઢામાં મૂકશો, ચાવશો, અન્ન નળીથી નીચે ઉતારશો વગેરે સાંભળવું સમજવું અને યાદ રાખવું અઘરું છે પણ આપણે જ્યારે જમીએ છીએ ત્યારે બધી પ્રક્રિયાઓ ક્રમબધ્ધ એક સરખી એની રીતે થતી જાય છે. સાંભળવા અને સમજવામાં જે અઘરું લાગતું હોય છે તે ક્રિયા વખતે ખૂબ જ સરળ રીતે થઇ જાય છે. આવી જ રીતે લોગસ્સ પણ પ્રાણધારા સાથે જોડાતા એકદમ સરળ બની જશે, એને બિલકુલ અઘરું માનશો નહીં.

જપ જ્યારે યોગ સાથે જોડાય છે ત્યારે મંત્ર બને છે.
મંત્ર જ્યારે રટણ સાથે જોડાય છે ત્યારે તત્વ બને છે.
તત્વ જ્યારે ચેતના સાથે જોડાય છે ત્યારે પ્રકૃતિ બને છે.
પ્રકૃતિ જ્યારે પરમાત્મા સાથે જોડાય છે ત્યારે ધ્યાન બને છે.

પહેલા પરમાત્માનું ધ્યાન થાય છે. પછી પરમાત્મા એકરૂપતા દ્વારા આત્મવૃતિમાં સંક્રમિત થઇ જાય છે. આ ધ્યાનની સુંદર પ્રક્રિયા માટે અહીં એક ચિત્ર રજુ કરવામાં આવેલું છે.



પહેલા આને ખૂબ સારી રીતે સમજી લઇએ. લોગસ્સ સૂત્ર અંધકારમાં અજવાળું કરવાનું કામ કરે છે. એની ઉત્પતિ જ અંધિયારે તમે ઘોરે..! ની ગાથા થી થઇ છે. એના પરિણામ સ્વરૂપ એ અવતરિત થયું છે. લોક અંધકારનો અહીં અર્થ થાય છે અજ્ઞાનનો અંધકાર, અંતરમનનો અંધકાર. તાત્કાલિક જ અજવાળું જોઇએ. માત્ર સાત ગાથામાં આત્મજ્ઞાનની રમણતા, અખંડતા અને પરમજ્ઞાનીની એકાત્મકતાનાં સૂત્રનું નિમાર્ણ થયું. આત્મવૃતિ અંતે પરમાત્મવૃતિનું પરિણામ પ્રગટાવી આત્મામાં

પરમાત્મા સ્વરૂપની પ્રાપ્તિ કરાવે છે. આ નાનકડી ક્રિયાને અહીં લઘુ ચિત્ર દ્વારા રજુ કરવામાં આવ્યું છે. આઠ ખંડોમાં લોક વિભક્ત છે. બે વૃત છે, બહાર મોટો અંદર નાનો. લોકઅંધકાર વચ્ચેનાં વૃતમાં રજુ થયેલ ચિત્ર મારું આપણું આપ સર્વેનું છે. મોટા વૃતની ચોવીસ લાઇનો ચોવીસ તીર્થંકરોનાં અનુગ્રહ સ્વરૂપ પ્રકાશનાં કિરણો રૂપે પ્રજ્વલિત થતી જોઇ શકાય છે. ધારાઓ આપણા સુધી પહોંચ્યાં પછી આપણી આજુબાજુનું વાતાવરણ પ્રકાશિત થઇ જાય છે. આ ધવલતા ઉધોતની નિશાની છે. કાલીમાં અંધકારની નિશાની છે. આપણો કેન્દ્ર ભાગ હવે પ્રકાશમાન થઇ રહ્યો છે. એ સંપૂર્ણ મંડળ સ્વરૂપે પ્રકાશિત થઇ રહ્યો છે. ચારે તરફથી પવિત્ર પ્રકાશપુંજ આપણી પવિત્રતાની સાક્ષી દઇ રહ્યો છે. એને ચક્રની રીતે સ્પેક્ટ્રમની જેમ ફરતો જોતા તમને ખૂબ આનંદ આવશે. તમે એ ભાવના સાથે પોતાનું સ્વતંત્ર ચિત્ર પણ બનાવી શકો છો.

હવે આપણે "ચઉવીસં"ની સાથે સબંધિત "પિ"શબ્દની વાત કરીશું. લોગસ્સ ના ચોવીસ જિનેશ્વરો ની સાથે "પિ" દ્વારા જોડાયેલા જિનેશ્વરોના ગૂઢ રહસ્યો છે. એને મેળવીએ. ધ્યાનમાં આ અત્યંત સહેલુ છે. એક પ્રોસેસનાં રૂપે આજે અહીં રજુ થઇ રહ્યું છે.

ભરત ક્ષેત્ર અને ઐરવપત ક્ષેત્રમાં ચાર નામ શાશ્વત માનવામાં આવે છે. ચોવીસ તીર્થંકરોની ઉપરોક્ત નામ-પ્રતિષ્ઠાનાં સાડા ત્રણ આવર્તનમાં આપણી ચારે તરફ ઉર્જામય વર્તુળ મંડળ બની જાય છે. સાધના સમાપનમાં ફક્ત નામ જાપ કરવો હોય તો વધેલા ચાર ચક્રોમાં ચાર શાશ્વત તીર્થંકરોનાં નામ મૂકી દેવાની ગુરુ પરંપરા પ્રસિધ્ધ છે. એ ચાર નામ શાશ્વત હોવાથી હમેંશા રહે છે.

**૧. ઋષભદેવ. ૨. વર્ધમાન. ૩. વારિષેણ અને ૪. ચન્દ્રાનન.**

આમાં પ્રથમ બે નામ ઋષભદેવ અને વર્ધમાન ભરતક્ષેત્રનાં તીર્થંકરોનાં નામ છે. ચંન્દ્રાનન અને વારિષેણ આ બે નામો ઐરવત ક્ષેત્રનાં છે. આ ચોવીસીમાં અજિતનાથ ભગવાનનાં સમયે ભરતક્ષેત્ર, ઐરવતક્ષેત્ર અને મહાવિદેહ ક્ષેત્રમાં ૧૭૦ તીર્થંકરો થઇ ગયા છે. જ્યારે ભરત ક્ષેત્ર અને ઐરવત ક્ષેત્રમાં જે પાંચ-પાંચ વિભાગ છે. એ દસે ક્ષેત્રોમાં અને મહાવિદેહ ક્ષેત્રમાં પાંચે વિભાગની બીત્રીસે વિજ્યાઓમાં જ્યારે તીર્થંકરો થાય છે, ત્યારે ૧૭૦ તીર્થંકરો હોય છે.

$$32+32+32+32+32+5+5=170$$

# The 32 Chakras and the Spine




6A
Mental cent
6B
5A
5B
4A
4B
3A
centers
3B
2B
2A
1

૧૭૦ નાં અંકોનું પણ એક વિજ્ઞાન છે. પરમાર્થ એનું રહસ્ય છે. ઉંડાણમાં જઇશું તો આ બધું આપણામાંથી મળી શકે છે. આત્મસાત થવાથી આ બધું સ્વાભાવિક હોવા છતાં આજે વિજ્ઞાનનાં સહયોગથી એ પ્રમાણિત થઇ રહ્યું છે. માટે જ અહીંયા બધાં ચિત્રો રજુ કરવામાં આવ્યાં છે. આવો હવે આપણે ૧૭૦ પરમાત્માને આપણામાં ઉતારીએ પછી તેઓ આપણને ભવજળ પાર ઉતારશે. હવે ક્ષેત્ર ચર્ચા દ્વારા આત્મ ચર્ચા કરીએ. પહેલા સાત ચક્રીય વ્યવસ્થા વાળા ચિત્રમાં આપણે સાત ચક્રોની સાથે બ્રહ્માંડીય વ્યવસ્થામાં ધરતી, આકાશ અને વાયુમંડળોનાં સબંધોને જોઇ શક્યા છીએ. આજે આપણે જોઇ શકીએ છીએ કે એક વ્યક્તિ જેને ગતિમય સ્વરૂપે બતાડવામાં આવેલો છે . એમાં પહેલા મૂળાધારનો ઉર્જાસ્રોત આરોહ ગતિમાં દેખાઇ રહ્યો છે. સાતમું સહસ્રાર ચક્ર આકાશ તરફ અવરોહ ગતિમાં છે. બીજા ચક્રો સ્વાધિષ્ઠાનથી છઠ્ઠા આજ્ઞા ચક્ર સુધી પાંચ કેન્દ્રોમાં આગળ અને પાંચ કેન્દ્રોમાં પાછળ પ્રવાહિત થતો ઉર્જાસ્રોત દેખાડવામાં આવેલો છે. પહેલા અને સાતમાં ચક્રોનો સબંધ મેરુદંડથી નથી. આ બન્ને સ્વતંત્ર છે. સાતમું મેન્ટલ સેન્ટર માનસ કેન્દ્ર રડારનું કામ કરે છે. આને આપણે ટ્રાન્સમીટર પણ કહી શકીએ. ભાવનાત્મક આદાન-પ્રદાનમાં અંદરની જેમ બહાર પણ એ સક્રિય રહે છે. આભા મંડળનું નિયમન, પરિવર્તન, સંક્રમણ બધું આને સબંધે છે. આદાન-પ્રદાન વખતે આમાં પણ પરિવર્તન આવે છે. ઉદાહરણતઃ જ્યારે આપણે પ્રણામ કરીએ છીએ ત્યારે માથું નમાવીને આશીર્વાદ લઇએ છીએ, ત્યારે પણ સ્વીકારતો માથાથી જ કરીએ છીએ.

વચ્ચેના પાંચ ચક્રોમાં આગળ અને પાછળ ઉર્જાસ્રોત બતાવેલો છે. આગળનું એ અને પાછળનું બી નામ આપવામાં આવ્યું છે. એ ફિલીંગ સેન્ટર અર્થાત બોધજ્ઞાન અને અનુભૂતિનું કેન્દ્ર છે. બી વીલ સેન્ટર અર્થાત્ સંકલ્પ, નિર્ણય, અભિપ્રાય, ઇચ્છા, અભિલાષા, આકાંક્ષાનું કેન્દ્ર છે. આ વીલ સેન્ટરની નજીક તમે મેરુદંડનું એક રંગીન ચિત્ર જોઇ રહ્યાં છો. એમાં બત્રીસ આંતરચક્રો દેખાડવામાં આવ્યા છે, એ આપણા જીવનનાં સંચાર કેન્દ્રો છે, જે બહુ જ મહત્વ પૂર્ણ છે.

આમાં તમે એ પણ જોઇ શકો છો કે એક થી બાર સુધીનાં કેન્દ્રો ચિન્હ રહિત ફક્ત રંગ ભરેલા ખાનાઓ જેવા દેખાડવામાં આવ્યાં છે. એક થી બાર સુધીનાં ભાવ કેન્દ્ર નિશ્ચિત આકારમાં નથી રહેતા. પણ તેના રંગો નિશ્ચિત હોય છે. ઉર્જા પરિણામની અંદર જે નામ લખેલા છે તે તેનું ઉદ્ભવ સ્થાન છે. જ્યાં ચિન્હ અને રંગ દેખાડેલા છે તે પરિણમન સ્થાન છે. વચ્ચે અર્થાત્ ઉદ્ભવ સ્થાન અને પરિણમન સ્થાનની વચ્ચે એક કાળી રેખા દ્વારા ગ્રાફિક પધ્ધતિનું મધ્યાંતર સ્પષ્ટ કરવામાં આવેલું છે. આ બધાં ભાવ કેન્દ્રો છે. ચિત્રો ફક્ત નિશાની છે. એક થી બાર સુધીનાં ચિન્હોં પરિવર્તનશીલ હોવા ને કારણે તે નિશ્ચિત નથી થતા.

૧.જાગરણ – જાગરણ કેન્દ્ર છે. આળસ, પ્રમાદ, મૂર્છા, આસક્તિ જેટલા ઓછા હોય તેટલું જાગરણ વધુ હોય. જાગરણ એ સ્વાભાવિક સ્થિતિ છે. એટલે એનો કોઇ આકાર નથી.

## Your Twenty Spiritual Energy Centers

| | |
|---|---|
| 13 Yin | 23 Knowledge (of Good & Bad) |
| 14 Yang | 24 Cretion Center |
| 15 Balance of Polarities | 25 Manifestation |
| 16 Balance of Similarities | 26 Alignment |
| 17 Harmony | 27 Peace |
| 18 Freedom & Freewill | 28 Wisdom |
| 19 Kundalini | 29 Enjoyment |
| 20 Mastery | 30 Forgiveness |
| 21 Abundance | 31 Faith |
| 22 Clarity | 32 Grace |

૨. અનુભૂતિ – આ આપણી વાસ્તવિકતાછે. જે છે એ બધું અનુભુતિ પર જ નિર્ભર છે.

૩. વિભેદીકરણ – અહીં આપણે સારા નરસાનાં વિચારો કરીએ છીએ.ભેદવિજ્ઞાનનાં સમયે આ ચક્ર પૂરેપૂરું ખૂલે છે.

૪. પ્રેમ – આ કેન્દ્ર વાત્સલ્ય, પ્રેમ, સ્નેહ, પ્રણય, મિત્રતા, પરમ મિત્રતા અને ભક્તિમાં ઉઘડે છે.

૫. અભિવ્યક્તિ – આ કેન્દ્રની એ વિશેષતા છે કે તે સંવેગ ઉત્પન્ન થતાં જ ખૂલે છે અને પ્રગટ થાય છે. અન્ય સમયે પણ એ પૂર્ણ સક્રિય અને જાગૃત હોય છે.જે સમયે જેવા સંવેગ હોય તેવા સ્વરૂપે પ્રગટ થવાની આ કેન્દ્રમાં સ્વાભાવિકતા છે.

૬. દિવ્ય દર્શન – આંતરિક અવલોકન સમયે આ કેન્દ્ર ખૂલે છે.

૭. દૈવીય – આધ્યાત્મિક પરમદૈવીય તત્વો સાથે આ કેન્દ્રનો સંબંધ છે.

૮. સમય – આનો સંબંધ સામયિક છે. સૂતી વખતે ઉઠવાનો નિર્ણય કર્યો હોય તો બરાબર એ સમયે જ ઉઠાડવાનું કામ આ કેન્દ્ર કરાવે છે.

૯. આત્મદ્રષ્ટિ – સમતા, સમાનભાવનાં સમયે આ કેન્દ્ર ખૂલે છે. અહીં આત્મક્ષમતાનો અપાર ભંડાર છે.

૧૦. મૂળાધાર – સામૂહિક પૃષ્ઠભૂમિનું આ કેન્દ્ર છે. નાનુ દેખાવા છતાં અપાર ઉર્જાશક્તિનો ભંડાર અહીંભરેલો છે.

૧૧. રૂપાંતરણ – આ પ્રસારણ કેન્દ્ર છે. ભાવોના આદાન પ્રદાન વ્યવસ્થા અહીંથી થતી રહે છે.

૧૨. સંયોજન – સબંધોમાં, ભક્તિમાં, મિત્રતામાં આ કેન્દ્ર સક્રિય થાય છે.

દાર્શનિક દ્રષ્ટિથી કરોડરજ્જુનાં આ બત્રીસ કેન્દ્રો બે વિભાગોમાં વહેંચાય જાય છે–આત્મીય દર્શન અને પ્રાતિભ દર્શન. કરોડરજ્જુનાં એક થી બાર કેન્દ્રો આત્મીય દર્શન છે. એના ગુણ ધર્મોનો નફો નુકશાન એને પોતે ભોગવવાનો હોય છે. કરોડરજ્જુનાં તેરથી બત્રીસ આ વીસ કેન્દ્રો પ્રાતિભ દર્શન છે. પ્રતિભા અર્થાત્ સામેથી પ્રકાશિત થવું. જે પ્રતિભામાંથી પ્રગટ થાય છે તે પ્રાતિભ છે. "આ સંક્રામક દર્શન છે એના ગુણધર્મોના લાભહાનિ અન્યોન્યાશ્રિત હોય છે". એ પોતાનો પ્રભાવ બીજા પર પણ નાખે છે અને પોતાના ગુણોથી બીજાને પ્રભાવિત કરે

છે. આપણે આત્મીયદર્શન જોઇ ચૂક્યા છીએ. હવે આપણે આ ચિત્ર દ્વારા ૧૩ થી ૩૨ સુધીનાં કેન્દ્રોના ગુણ અને ચિન્હોને જોઇશું. પ્રત્યેક ચિન્હ પોતાનું અંગત રહસ્ય પોતાનામાં સમાવિષ્ટ કરી ૭૦ સે.મી.ની લંબાઇ વાળા મેરુ દંડમાં સમાઇ ગયા છે. એ ૨૦ મણકાઓ પાંચ વિભાગોમાં વહેંચાઇ જાય છે—

(૧) સરવાઇકલ :- આ વિભાગ ૧૨ સે.મી. લાંબો છે જેમા ૭ મણકાઓ છે.

(૨) થેરોમિક :- આ વિભાગ ૨૮ સે.મી. લાંબો છે જેમા ૧૨ મણકાઓ છે.

(૩) લમ્બર :- આ વિભાગ ૧૮ સે.મી. લાંબો છે જેમા ૫ મણકાઓ છે.

(૪) સેક્રમ :- આ વિભાગ ૧૨ સે.મી. લાંબો છે જેમા ૫ મણકાઓ છે.

(૫) કોકિસસ :- આ વિભાગ છેલ્લા મણકાથી પૂરેપુરો ઢંકાયેલો છે.

એક ખાસ રહસ્યને પામવા માટે આપણે ઉપરોકત વાતોને સમજવી પડે છે. આપણે આપણાં જ બ્રહ્માંડમાં અજિતનાથ ભગવાનનાં સમયનાં થયેલા ૧૭૦ પરમાત્માની પ્રતિષ્ઠા કરી બધાં કેન્દ્રોને પવિત્ર કરવાના છે. આપણે જોયું કે વચ્ચેનાં બીજાથી છઠ્ઠા એમ પાંચ કેન્દ્રોનાં આગળ- પાછળ સંબંધ છે. આગળ-પાછળ ને જોડવા માટે મધ્યભાગ તો છે જ. આવી રીતે આપણી અંદર આગળ પાંચ ભરતક્ષેત્રનાં પાંચ વિભાગ છે.

મધ્યમાં પાંચ ઐરવત ક્ષેત્રનાં પાંચ વિભાગ છે.

પાછળ મેરુદંડમાં પાંચ મહાવિદેહ ક્ષેત્રનાં પાંચ વિભાગ છે.

આમાં મેરુ દંડમાં ૩૨ કેન્દ્ર છે. આ ૩૨ કેન્દ્રોમાં ૩૨ વિજય માનીએ અને પાંચ મહાવિદેહનાં ૩૨ વિજયોમાં પરમાત્મા પધારે તો ૧૬૦ થઇ જાય. વિદેહ અર્થાત્ દેહ રહિત અવસ્થા. દેહમાં રહીને દેહાતીત સ્થિતિની અનુભુતિ મહાવિદેહ છે. આ સ્થિતિની આગળ ભરત ક્ષેત્ર અને વચ્ચે ઐરવત ક્ષેત્રમાં પણ પરમાત્માને પ્રગટ કરીએ તો ૧૭૦ પરમાત્મા આપણી અંદર બિરાજમાન થાય છે.

હે પરમાત્મા! પરમ આત્મ સ્વરૂપે તમે સર્વેમાં પ્રગટ થાઓ. દેહાલયમાં દેવાલય, દેવાલયમાં જિનાલય અને જિનાલયમાં સિધ્ધાલયની અનુભુતિ પ્રાપ્ત થાઓ. એજ શુભ કામના સાથે..!

## ૐ શાંતિ શાંતિ શાંતિ

# તિત્થયરા મેં પસીયંતુ

એવં મએ અભિથુઆ, વિહુયરયમલા પહીણજરમરણા।
ચઉવીસં પિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ।।

અભિસ્તોતા તું રજમળરહિત, પ્રક્ષીણા જન્મ મરણા,
પરમ સ્વરૂપે ચોવીસે જિન ! આપો અમને આત્મશરણા ।
જિનવર તીર્થંકર પસીયંતુ, ઉર આનંદ ભરણા,
પસન્નતામાં પ્રગટ થઇને વહો મુજમાં આત્મ ઝરણા ।।

# ૫. નિજાલય માં સ્વરાલય

માર્ગ બે છે. શ્રમનો અને વિશ્રામનો. સંઘર્ષનો અને સમર્પણનો. સંઘર્ષ વગર શ્રમ સંભવ નથી. અનાદિકાળથી જીવ સંઘર્ષ જ કરતો આવ્યો છે. વિશ્રામનું એને જ્ઞાન ન જ નથી. જ્યારે બધાં પ્રયત્નો નિરર્થક થઇ જાય છે, ત્યારે વિશ્રામની શરૂઆત થઇ જાય છે. ભગવાન બુધ્ધે જ્ઞાન પ્રાપ્ત કરવા માટે ખૂબ જ પ્રયત્નો કરેલા, પણ એમને જ્ઞાન પ્રાપ્ત થતું ન હતું. એક રાતે તેઓ ખૂબ થાકી ગયા. નિરાશ થઇ ગયા. વિચાર્યું, હવે કંઇ જ કરવું નથી. જ્યારે જ્ઞાન થવાનું હશે ત્યારે થઇ જશે. થાકેલાં હતા. બહુ જ સાધના થઇ ચૂકી હતી. બહુ રાત્રીઓ જાગી ચૂક્યા હતા. સૂઇ ગયા. નીંદર આવી. શિથિલ થઇ ગયા. રિલેક્સ થઇ ગયા. ખાલી થઇ ગયા. બિલકુલ ખાલી. જ્યારે જાગ્યા ત્યારે તેઓ સાચા જાગ્યા. એ નીંદર પણ છેલ્લી નીંદર હતી. એ જાગરણ પણ છેલ્લું જાગરણ હતું. જ્યારે નીંદર જ ન હોય અને જે રહે તે જાગરણ જ હોય છે. કારણ કે થાક નહોય તો સુવાનું કેવું ? જ્યારે શ્રમ ન હોય તો થાકવાનું કેવું ? જાગૃતિ થઇ જાગૃતીમાં જ્ઞાન હતુ. જ્ઞાન સાથે ભાન હતુ. પોતાના અસ્તિત્વનું પૂરું જ્ઞાન હતું. સંબોધિની પ્રાપ્તિ હતી. હવે કોઇ આપત્તિ ન હતી.

જ્ઞાન માટે, સમર્પણ માટે ખાલી થવું પડે છે. સમર્પણ પછી બધાં પ્રયત્નો નિરર્થક બની જાય છે. કોઇ શ્રમ નથી. સીધો વિશ્રામ છે ત્યારે જ કહ્યું છે,

માળા જપો ન કર જપ્યો. જિભ્યા કહિયો ન રામ ।
સુમિરન મેરા હરિ કરે મૈ તો કરુ વિસરામ ।।

જ્યાં સુધી ફક્ત સ્તુતિ છે ત્યાં સુધી શ્રમ છે. સ્તુતિ સ્વયં સ્તુત્ય રૂપમાં જ્યારે પ્રગટ થઇ જાય છે. ત્યારે પરમાત્મા જ પરમાત્મા પ્રગટ થઇ જાય છે. બીજુ કંઇ જ દેખાતુ નથી. ફક્ત સ્મરણ જ નિરંતરતા બની રહે છે. અવ્યકત વ્યકત થઇ જાય છે. એમના અસ્તિત્વની અનુભુતિ અભિવ્યકિત થઇ જાય એને કહેવાય છે અભિસ્તુતિ.

અભિસ્તુતિ થવાથી પરમાત્માનાં સાનિધ્યની પ્રતીતિ થઇ જાય છે. શરૂ થાય છે હવે સંવાદ. પ્રેમનાં બધાં ગીતોનો અનુવાદ. કહે છે પ્રભુને તમે મારા દ્વારા અભિસ્તુત છો. તમે અણમોલ છો, પરંતુ મારું સમર્પણ પણ મૂલ્યવાન છે. મને વિશ્વાસ છે કે સ્તુતિ નકામી નથી જતી. મારી પાસે થી ખસવું, દૂર થઇ જવુ હવે તમારે માટે બહુ જ મુશ્કેલ છે. તમે હવે ક્યાંય નહી જઇ શકો. હવે મારા મોક્ષની જવાબદારી તમારી ઉપર છે. પરમાત્મા પૂછે છે, કેમ ? તારી આજુબાજુ ઘણાં બધાં છે, મારી સ્તુતિ શા માટે કરે છે ?

પરમાત્માનો આ પ્રશ્ન આપણાં સમર્પણની આ છેલ્લી પરીક્ષા છે. સર્વોચ્ચ સમર્પણનો છેલ્લો દાવ છે. પ્રભુ! સ્તુતિનું ફળ મુક્તિ છે, એટલે એ તમારા વગર કેવી રીતે શક્ય છે ? અને તેથી જ તમારી સ્તુતિ કરીએ છીએ. અમને જોઇએ છે ફક્ત તમારું સ્મરણ અને અમારું નિષ્કામ સમર્પણ. તમારી ઉપસ્થિતિ અને અમારી નિર્દોષ સ્તુતિ. ભક્તામર સ્તોત્રમાં કહ્યું છે, બાલં વિહાય..! નિર્દોષતા વગર તું ક્યાં પ્રગટ થાય છે ? આનંદઘનજી કહે છે,

ગાય ન જાનૂ, બજાય ન જાનૂ
તુઝે રીઝન કી રીત ન જાનૂ.

તું કેવી રીતે રીઝે છે ? તેની મને કંઇ ખબર નથી. ન ગીત ન સંગીત બસ! ફક્ત તારા તરફ પ્રીત. ભક્તિ સમર્પણ. એક વાર એક સભાગૃહમાં પ્રાર્થના ચાલતી હતી. ખૂબ મોટા મોટા સ્તોત્ર બધાં સુમધુર અવાજમાં ગાઇ રહ્યાં હતાં. અંદરો અંદર ગીતોનો તાલ મેળ જામી રહ્યો હતો. એ મેળામાં એક બાળક પણ હતું. એને પ્રાર્થના ન હોતી આવડતી. નર્સરીમાં જતો હતો. આલ્ફાબેટ જાણતો હતો. એજ બોલવા લાગ્યો. એ. બી. સી. ડી. ઇ..

પ્રાર્થના પૂરી થઇ ગઇ. બાળક એમ ને એમ ઉભો હતો. હાથ જોડેલા, આંખો બંધ હતી. ખબર જ ન હોતી કે પ્રાર્થના ક્યારે પૂરી થઇ ગઇ? અનઔપચારિક સંબંધ આવા જ હોય છે. સમર્પણ અને ભક્તિ કાયમ અનૌપચારિક હોય છે. ઔપચારિકની સાથે એને કોઇ સંબંધ નથી હોતો. ઔપચારિકતાનો મેળો વિખરાવા લાગ્યો હતો પણ બાળકની સ્તુતિ તો પરમાત્માનાં મિલન સુધી પહોંચી ગઇ હતી. બધાંની આંખો ખૂલી ગઇ. સભાગૃહનાં સભ્યો એક બીજાને જોઇ રહ્યાં છે. મળી રહ્યાં છે. બાળકની આંખો બંધ હતી, બંધ આંખોથી જે દેખાય છે એ ભગવાન છે. ખૂલી આંખે જે દેખાય છે તે સંસાર છે. આ સર્વોચ્ચ સ્થિતિ માટે કબીરે એ કહ્યું છે,

નયનન કી કરી કોઠરી, પુતલી પલંગ બિછાય
પલકન કીચિક ડારિ કે, પિય કો લિયા રિઝાય.

દર્શન કહેવાય છે જોવાને. જોવાની વિધિમાં આંખો ખૂલે છે. પરંતુ પ્રભુ દર્શનમાં તો આંખો બંધ થઇ જાય છે. એમ કેમ બને છે? એના જવાબમાં કહે છે કે આંખો શયનગૃહ છે. કીકીઓ બીછાનું છે. બન્ને પાપણોં પડદા છે. પડદા નાંખીને જ પ્રભુપ્રેમ થાય છે. એટલે જ આપણે આંખો બંધ કરીએ છીએ.

બાળકની આંખો બંધ હતી. બધાંની પ્રાર્થના પૂર્ણ થઇ ગઇ હતી. બાળકની પ્રાર્થના પૂર્ણત્વમય બની ગઇ હતી. બધાં બાળક પર હસતા હતાં. બાળક મલકતું હતું પ્રભુ મિલન પર. લોકોએ તેને હલબલાવ્યો. જગાડયો. પ્રાર્થના પૂરી થયાની જાણ કરી. દિગ્મુઢ બની બાળક જોવા લાગ્યો. પ્રાર્થના સમાપ્ત થઇ શકે છે, પણ પ્રભુ પ્રેમ ક્યારેય સમાપ્ત થઇ શકતો નથી. લોકો એ હસતાં હસતાં પૂછયું તું શું બોલી રહ્યો

હતો. તને કઇ આવડતું તો નથી? એણે કહ્યું કેમ મને આલ્ફાબેટ તો આવડે છે. સાંભળીને બધાં ખડખડાટ હસ્યા. કેમ કે,

અલ્પશ્રુતં શ્રુતવતાં પરિહાસધામ।
ત્વદ્ભક્તિરેવ મુખરિ કુરુતે બલાન્મામ।।

અલ્પજ્ઞાની ઉપર વિદ્વાનો હસે એતો સંસારની સ્વાભાવિકતા છે. ભગવત્મિલન ની અપેક્ષાએ વિદ્વતાની ઉપેક્ષા થાય એ ભક્તિની સ્વાભાવિકતા છે. બાળકે કહ્યું તમે પણ આલ્ફાબેટ બોલી રહ્યા હતાં, હું પણ એજ બોલી રહ્યો હતો. ફરક માત્ર એટલો જ હતો કે તમે વડીલો છો, વિદ્વાનો છો, અક્ષર ગોઠવીને બોલતા હતાં. મને ગોઠવતા નથી આવડતા એટલે હું ફક્ત અક્ષરો જ બોલી રહ્યો હતો, એટલે મેં ભગવાનને કહ્યું કે હું બાળક છું. એટલે મારા અક્ષરો તું ગોઠવી લે જે.

આપણે ભક્તિ તો કરીએ છીએ પણ આપણી ભક્તિ બીજાઓ દ્વારા ગોઠવેલી હોય છે. કાં તો આપણે પોતે ગોઠવીએ અથવા જેમના પ્રત્યે આપણી ભક્તિ હોય એ પોતે ગોઠવે. બન્ને માંથી કોઇ પણ સ્થિતિ હોય પરંતુ આપણી સ્તુતિમાં સ્તોતાનું સામે રહીને સ્તુતિ સ્વીકારવું અભિસ્તુતિ છે. અભિ શબ્દ વ્યાકરણમાં ઉપર્સગ કહેવાય છે. આ ઉપસર્ગ પરિષહવાળો નથી પરંતુ જે શબ્દની આગળ લાગીને શબ્દોનો અર્થ બદલી નાખે તેને વ્યાકરણમાં ઉપર્સગ કહે છે. અતિ, અધિ, અનુ, અભિ, અવ, આ, ઉદ્, ઉપ, નિ, પરા, પ્રતિ, પ્રવિ, સમ.. આ પ્રકારે કેટલાયે ઉપસર્ગો છે. જેમ ક્રમણ શબ્દ છે એની આગળ આ લગાડવાથી આક્રમણ બનશે. એની આગળ સમ્ લગાડશોનો સંક્રમણ બનશે. અતિ જોડશો તો અતિક્રમણ બનશે. પ્રતિ લગાડશો તો પ્રતિક્રમણ બની જશે. અનુ જોડશો તો અનુક્રમણ બની જશે. આવી રીતે અહીં સ્તોતા શબ્દની આગળ અભિ ઉપસર્ગ લાગીને અહી અભિસ્તોતા શબ્દ બની ગયો છે. જેની સ્તુતિ કરવામાં આવતી હોય તેને સ્તોતા કહેવામાં આવે છે. ઉપસર્ગોમાં ચોથો જે અભિ ઉપસર્ગ છે , જેનો અર્થ થાય છે સમક્ષ હોવું. એની ઉપર થી અભિનંદન, અભિવ્યક્તિ, અભિમુખ, અભિવંદન, અભિસ્તુતિ વગેરે શબ્દો બને છે. અહીં શબ્દ છે અભિસ્તોતા.

સ્તુતિ જ્યારે પ્રકર્ષભાવમય બની જાય છે ત્યારે પ્રસ્તુતિ બની જાય છે. પ્રસ્તુતિ જ્યારે પરાકાષ્ટા એ પહોંચે છે ત્યારે સ્તોતા પ્રગટ થાય છે. સ્તોતાની સામે સ્તોતા દ્વારા સ્તુતિનું સાંભળવું અથવા સ્વીકારવું જ્યારે સાર્થક બને છે, ત્યારે એ સ્તોતા અભિસ્તોતા બની જાય છે. આજના આપણા આ લોગસ્સ સૂત્રનાં વાર્તાલાપનાં અભિસ્તોતા છે ચોવીસ પરમાત્મા. વિચારો આપણે કેટલા ભાગ્યશાળી છીએ! નેતાઓ અને અભિનેતાઓને માન પાન આપી પ્રમુખ સ્થાન સોંપવાને અગત્યતા સમજવા વાળા કળિયુગમાં સતયુગનાં સાક્ષાત્ સ્તુત્ય પોતે આપણા અભિસ્તોતા બની પ્રગટ થઇ રહ્યાં છે. આ કેવું આપણુ પરમ સોભાગ્ય! પરમ ત્રાતા

જગત્-ત્રાતા પોતે અભિસ્તોતા બની પધારે છે. લોગસ્સની આ સૂત્રધારા પરમનાં અસ્તિત્વનો પુરસ્કાર છે. જેના અસ્તિત્વ વિશે જગત સંદિગ્ધ છે. એ પોતે હાજર થઇ ગયા. હવે આપણે ઓલા ભગવાન એમ ન કહેવું જોઇએ. "એ" (પરમાત્મા) હવે "તમે" બની પ્રગટ થઇ ગયા છે. નામ કીર્તનનું પરિણામ પ્રગટ થઇ ગયું. અનામી નામમાં પ્રગટ થઇ ગયા. પ્રણામનું પરિણામ અભિસ્તોતાનું સાકાર થવું છે.

નિરાકાર સાકાર કેવી રીતે થઇ ગયા, જાણો છો ? એ નિરાકાર આપણા નિરાકાર માં એકરૂપ બની ગયા. આજ કીર્તનનું પરિણામ છે. આપણું પોતાનું નિરાકાર સ્વરૂપ કોઇ આકારમાં બંધાયેલુ છે. એ આકારે નિરાકારને આકર્ષિત કર્યા. એ શુભ પુણ્ય પુંજ જે કુદરતમાં વિખરાઇ ગયા હતાં એનું એકત્રીકરણ થયું. ઉત્તરીકરણ થયું. પાપોનું પ્રતિક્રમણ થયું. અને આપણામાં એમનું સંક્રમણ થયું. બસ સંક્રમણની આ પ્રક્રિયા કરી સ્તોતા અભિસ્તોતા બની ગયા. ચાલો એમની સાથે કરીએ હવે સંવાદ એવો સંવાદ કે જેમા કોઇ વિવાદ ન રહે. આપણા સાદને સાંભળી તેઓ આપણને પ્રતિસાદ અને પ્રસાદ આપે.

જે સામે છે એમનાથી આજે વાત કરવાની તક છે. એમને આપણા બનાવી લેવાનું અભિયાન છે. બોલવાની શરૂઆત આપણે જ કરીશું. એને કહી જ દેશું કે તું અમારો અભિસ્તોતા છે. તે સામે રહીને મારી સ્તુતિ સાંભળી છે. અત્યાર સુધી તું સંતાયેલો હતો. સંતાઇ ને સાંભળતો હતો. મને ખબર પણ નહોતી પડવા દેતો. પણ હવે તું મારી જકડમાં આવી ગયો છે. મને મારી ઉપર વિશ્વાસ છે. મને તારી પર વિશ્વાસ છે મને મારી સ્તુતિ પર વિશ્વાસ છે. મને તારા પ્રગટીકરણ પર વિશ્વાસ છે. મારા દ્વારા સ્તુતિનો સ્વીકાર કરવાવાળો તું જ એક માત્ર મારો સ્તોતા છે. કારણ મારા રૂપમાં તું જ પ્રગટ થઇ રહ્યો છે. આજે તારા સ્વરૂપમાં મને મારા રૂપનાં જ દર્શન થઇ રહ્યાં છે.

તારા ચરણોમાં મારું અર્પણ છે. તું મારું દર્પણ છે. દર્પણ જેવું હોય તેવું જ પ્રતિરૂપ પ્રસ્તુત કરે છે. કોઇ છુપાવતું નથી. તારા દર્પણમાં મારું દર્શન થઇ રહ્યું છે. મને એ વાતનો વિશ્વાસ છે કે મને પ્રગટ કરવાની તાકાત તારામાં જ છે. આજે તારામાં મારું રૂપ પ્રગટ થઇ રહ્યું છે એ પણ અપૂર્વ છે. મારું આવુ રૂપ મેં પહેલાં ક્યારેય નહોતું જોયું. આજે તને પણ જોયો અને મને પણ જોયો. મને ખબર નહોતી હું સ્ત્રી નથી. પુરુષ નથી પણ એ બધાંથી જૂદો જ અલગ માત્ર શુધ્ધ બુધ્ધ નિરંજન નિરાકાર ભગવાન આત્મા છું. સહજ આત્મ સ્વરૂપ શુધ્ધ ચિદ્રૂપ છું. નિર્મળ પરમાત્મા છું. બધાં જ પ્રર્યાયોથી રહિત મારા સિધ્ધત્વની સાથે પ્રગટ આ સ્વરૂપ તારું જ દર્શન છે. હવે તું મને છોડીને ક્યાંય નહીં જઇ શકે.

અત્યારે સાંભળી રહેલા અભિસ્તોતા મૌનમાં કહી રહ્યા છે. પરાવાણીમાં બોલી રહ્યાં છે. "વત્સ ! તું અત્યારે જ્યાં છો ત્યાં તારી આજુબાજુ સંસાર છે. કેટલાયે લોકો છે, અમેને પ્રીતિ કર. અનેક ગુરુ છે તેમની ભક્તિ કર. અનેક સમર્થ પુરુષ છે તેઓથી

શક્તિ પ્રાપ્ત કર. મારામાં તને શું રસ હોઇ શકે ? આ સબંધમાં શું દમ છે ? મારી સાથે શા માટે સબંધ રાખવો છે ? શું કોઇ ચોક્કસ કારણ છે ? ”

ગૌતમસ્વામી પરમાત્માનાં પ્રશ્નનો જવાબ દઇ રહ્યાં છે. શું પૂછ્યું તે કે હું શા કારણથી તારી સ્તુતિ કરું છું! આમ તો તારી કરુણા અને મારી સ્તુતિ નિષ્કારણ કહેવાય છે. એટલે જ “તું જગતનો અકારણ વત્સલ કહેવાય છે”. તારી કૃપા અહેતુકી કહેવાય છે. પણ અમે તને સકારણ પ્રેમ કરીએ છીએ. અમે વગર કારણે કોઇને પ્રેમ નથી કરતા. તારી સાથે સબંધ રાખવામાં બે ચોક્કસ કારણ છે જે બીજે ક્યાંય થી મળી શકે એમ નથી. અમે તારી સ્તુતિ એટલે કરીએ છીએ કે તું “વિહુયરયમલા” છો. અને “પહીણજરમરણા” છો.

તું એ છે જેના રજમળ સમાપ્ત થઇ ચૂકયા છે, અને તું એજ છો જે તારી સ્તુતિ કરે છે, જે તને ચાહે છે, જે તારી ભક્તિ કરે છે, તેને તું “વિહુયરયમલા” બનાવી શકે છે. “રજ” અર્થાત્ રાગ, “મલ” અર્થાત્ દ્વેષ. તું વીતરાગ બનતા જ આ રાગદ્વેષ થી રહિત બની ગયો અને રજમલનો બીજો અર્થ ત્રણેય કાળ સાથે સંબંધ ધરાવે છે. “રજ” તે વર્તમાન કાળમાં નવા બંધાતા કર્મો સાથે સંબંધ ધરાવે છે, અને “મલ” ભૂતકાળમાં બંધાયેલા કર્મો સાથે સંબંધ ધરાવે છે. આમાં રજ અર્થ વર્તમાન કાળથી અને મળ ભૂતકાળ થી સબંધિત કર્મનાશ કરવામાં સહયોગ આપે છે. રજને કર્મ અને મળને કષાય માનવવાથી ભવિષ્યકારક કર્મ બંધનોથી “વિહુય” મુક્ત થવાનું અર્થ ઘટન થાય છે. “રજ” અર્થાત્ કર્મ અને “મલ” અર્થાત્ કષાય:-પ્રભુ મારા પ્રત્યેક આત્મપ્રદેશ આ કર્મો અને કષાયોથી ખરડાયેલા છે. તું આ બધાંથી રહિત છો. અને અમને આ બધાંથી મુક્ત કરાવવાનું પણ નક્કી જ છે. હવે હું તમારાથી “વિહુય” વિહિત- રહિત ન થઇ શકું. તારા માં જ રચ્યો રહીશ.

સૈધ્ધાંતિક દ્રષ્ટિથી એક બીજો પણ અર્થ થઇ શકે છે રજ અર્થાત ધૂલ-માટી. જેને ખંખેરીને સાફ કરી શકાય . “મલ” અર્થાત મલીન. જેને સાફ કરવામાં મહેનત કરવી પડે છે, જે પ્રયત્નથી સાફ થઇ શકતું હોય એનું અર્થઘટન બે રીતે થઇ શકે છે. સ્પષ્ટ, બધ્ધ, નિધત્ત અને નિકાચિત. આમા પહેલા બે સ્પષ્ટ અને બધ્ધ “રજ” અર્થમાં ઘટિત થાય છે. નિધ્ધત અને નિકાચિત “મલ” અર્થમાં ઘટે છે. બીજી રીતે આત્મ ગુણોનો ઘાત કરનારા ચાર ઘનઘાતી કર્મો ૧. **જ્ઞાનાવરણીય ૨. દર્શનાવરણીય ૩. મોહનીય અને ૪. અંતરાય**. આ ચાર ઘાતિકર્મોને “મલ” ગણાવામાં આવ્યાં છે. **વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર** આ ચાર અઘાતી કર્મોને “રજ” ગણવામાં આવ્યાં છે.

રજમલનો બીજો પણ એક ગૂઢ અર્થ છે. મારો જન્મ પણ રજમલનાં મેળથી થયો છે. માતાની રજ અને પિતાના વીર્યથી મારા આ શરીરનું નિર્માણ થયું છે. પ્રભુ! અહીં

ક્યાં પવિત્રતા? ક્યાં શુચિ? કેમ રાખું આમાં રુચિ? તમારું પરમ પવિત્ર સ્વરૂપ અપાર્થિવ રૂપ. તમારી નિર્મળતાનો મને આસ્વાદ મળી ગયો. પ્રસાદ મળી ગયો. તે જન્મ અને મરણ પ્રક્ષીણ કરી નાખ્યાં છે. હું અનંતકાળથી જન્મ મૃત્યુમય બની રહ્યો છું. બીજા જન્મો તો ભૂલી ગયો. પણ સંજ્ઞી પંચેન્દ્રિયનાં જન્મમાં કેટલીયે વાર એક સાથે ૯ લાખ સંજ્ઞી મનુષ્યોની સાથે મેં જન્મ લીધો. ધક્કાઓ ખાધા, મૃત્યુ મેળવ્યું. અનેક નિષ્ફળ પ્રયત્નો પછી મારી એક મહેનત સફળ થઇ. બીજા ૮ લાખ ૯૯ હજાર ૯૯૯ ભાઇ બહેનોની સાથે સઘર્ષ કરી એમને હટાવી પોતાનો નંબર લગાવ્યો. બધાને હટાવ્યા. બધાને હરાવ્યા, બધાને ભગાવ્યા. અને માતાના ગર્ભમાં પ્રવેશ કર્યો. એને જ જીત માની લીધી. એવી રીતે કેટલીયે વાર જન્મ મૃત્યુને પોતે કર્યા અને અનેક વખત માતા પિતા બનીને બીજાઓનાં જન્મ મૃત્યુનું હું કારણ બન્યો. હે "વિહુયરયમલા"! તારો આ જ પવિત્ર પ્રસાદ આજે મને અમરત્ત્વનું વરદાન આપી રહ્યો છે. હું "આત્મા" જન્મ મૃત્યુથી રરિહત છું એવો તું મને અનુભવ કરાવી રહ્યો છે. જન્મ મૃત્યુ કરતાં કરતાં કેટલાયે જન્મો ચાલ્યા ગયા. પણ જડ ચેતનનાં સંયોજનની મને ક્યાં ખબર હતી? અનાદિ અનંતકાળનાં પરિભ્રમણ પછી આજે તારો અનુગ્રહ મારા પર થયો તેથી મારી સંજ્ઞા પ્રજ્ઞામય બની રહી છે. તારી આજ્ઞાની રાહ જોવાઇ રહી છે. તારા આ બન્ને અદ્‌ભુત સ્વરૂપોને જોઇને જ મારાથી તારી સ્તુતિ થઇ રહી છે.

કેટલો અદ્‌ભુત છે આ જવાબ. પરમાત્માને પરમાત્માની ઓળખાણ એક ભકત કરાવી રહ્યો છે. તું એવો છે મહાન. મને થઇ ગઇ તારી ઓળખાણ. હું ભકત તું ભગવાન. આટલું સાંભળી પરમાત્મા કહે છે ભલે હવે તારી ભક્તિ સકારણ બતાવી રહ્યો છે. તો બોલ શું કારણ છે? જે જોઇએ તે લઇ લે. અને મને છોડ. બસ અવસરને ઓળખવાનો આજ સમય છે. ભગવાન પોતે ભકતને અનુગ્રહિત કરી રહ્યાં છે. આચારંગ માં કહ્યું છે

**જહેત્થ મએ સંધિ ઝોસિએ ભવતિ।**
**એવં અન્નત્થ સંધિ દુજ્જોસએ ભવતિ।।**

જેવો મોકો મને આજે મળ્યો છે એવો મોકો ફરી મળવો બહુ જ દુર્લભ છે. આ જન્મમાં જે લાહવો મળી રહ્યો છે તેવો લાહ્વો ફરી મળવો દુર્લભ છે. આજે એનો પૂરો લાભ લઇ લેવો જોઇએ. ફરી આવો અવસર દુર્લભ છે. માંગવાની તો અમને આદત છે. ભગવાન પાસેથી તો આપણે હમેંશા માંગતા રહ્યાં છીએ પણ આજે ભગવાન સ્વંયં આપી રહ્યાં છે. જગત્જનની સ્વયંનાં વાત્સલ્યમય, કરુણામય, આનંદમય સ્વરૂપે પ્રગટ થઇ રહી છે. માંગવાથી તો દુનિયામાં બધાં આપે છે, પણ વણમાગ્યે જે આપે તે માતા હોય છે.

તમે ક્યારેય આ રૂપક સાંભળ્યુ હશે? કે એક વખત એક નદી કિનારે કોઇ સંત પ્રાણાયામ કરી રહ્યાં હતાં. પ્રાણાયામની વિધિમાં નાકનાં બન્ને ફણગા એક એક

કરીને વારાફરતી દબાવી રહ્યાં હતાં. અચાનક ત્યાં એક બાળક પહોંચ્યું. સંતની આંખો બંધ હતી. બાળક એમને જોઇ રહ્યું હતું. એને અચરજ થઇ રહ્યું હતું. કેમકે એણે આવું પહેલા ક્યારેય ન હોતું જોયું, ઉભો રહ્યો, જોઇ રહ્યો, પ્રાણાયામ પૂરો થયો. દરેક આયામનો વિરામ હોય છે. થઇ ગયો વિરામ, આંખો ખૂલી ગઇ. બાળકે પૂછ્યું તમે શું કરી રહ્યાં હતાં? ક્યારેક ક્યારેક બાળકો એવા પ્રશ્નો પૂછે છે કે જવાબ આપનારને સમજાવવું ભારે પડી જાય. સંત મહાત્માએ સાદી ભાષામાં સમજાવી દીધું કે ભગવાનનાં દર્શન કરતો હતો. બાળકે કહ્યું સારું ઘરે જતો રહ્યો. વાતનો વિરામ થયો, પણ જિજ્ઞાસા અવિરામ હતી. ઘરે ગયો પણ ક્યાંય ચેન ના પડે, શું દિવસ ? શું રાત ? સમય પૂરો થયો સવાર થઇ. અરુણોદયનાં શિશુ સૂર્ય સાથે બાળકનો પણ સૂરજ ઉગ્યો. ઉપડયો નદી કિનારે, નાક દબાવાથી ભગવાન આવે છે. આજે હું પણ ભગવાનને બોલાવું. આંખો કરી બંધ. દબાવ્યું નાક ને ઉભો રહી ગયો. બસ ભગવાને બાળકનું આ અડપલું જોયું. બાળકનું આ અડપલું એ કંઇ અપરાધ નથી. ભૂલ નથી, પણ જો હું હાજર નહીં થાવ તો તે અપરાધ ગણાશે. ખોટુ થશે. પધાર્યા પ્રભુ . બાળકનો હાથ પકડી લીધો અને કહ્યું કે નાક છોડ આંખો ખોલ, બાળકે પૂછ્યું કોણ છો તમે ? જવાબ મળ્યો જેને બોલાવવા માટે તે કોશિષ કરી એ હું . ભગવાન આવ્યા છે એવું માનીને એણે આંખો ખોલી. ભગવાને કહ્યું બોલ શું કામ છે ? બાળકે કહ્યું મારે કંઇ કામ નથી બસ મારે તો જોવુ હતું કે તમે આવો છો કે નહીં. ભગવાને કહ્યું સારું પણ હવે તને શું જોઇએ છે ? કાંઇ આપ્યાં વગર પાછા ફરે એ ભગવાન નહીં. કંઇ લીધા વગર પાછો ફરે તે ભક્ત નહીં. બાળકે કહ્યું સારું આજે નાક બંધ કર્યુ તો તમે આવવામાં મોડું કર્યુ મને પરસેવો થઇ ગયો. જીવ ગભરાવા લાગ્યો. ધ્યાન રાખજો નાક ઉપર આંગળી લગાડું અને તમે હાજર થઇ જજો. આવો હોય છે ભક્ત અને ભગવાનનો પ્રેમ. ક્યારેક ક્યારેક તો ભક્તિની ચરમ અવસ્થામાં ભક્ત ભગવાનને બ્લેક મેલ કરતો હોય છે. અહીં કહેવાય છે, તમે મારા અભિસ્તોતા છો તેથી તમારે મારી સ્તુતિનો સ્વીકાર કરવો જ પડશે. ભગવાને પૂછ્યું બોલ શું જોઇએ છે ? ભક્તએ જે માંગ્યુ એને હવે આપણે જોઇએ.

શરૂઆત થઇ ગઇ સંબંધની નિર્બંધનાં બંધનની. બંધના અબંધની. આખરે એ પરમતત્ત્વએ પૂછી લીધું બોલ શું જોઇએ છે ? બસ એજ રાહ જોવાઇ રહી હતી કે ક્યારે ભગવાન અમને પૂછે કે તારે શું જોઇએ છે ? અમે તો તૈયાર બેઠા છીએ. આપવું એમનો સ્વભાવ છે. લેવું અમારો સ્વભાવ છે. કોણ કહે છે કે જૈનોનાં ભગવાન નથી આપતા ? હું કહું છું કે એજે આપે છે એને બીજુ કોઇ નથી આપી શકતું. તેઓ અશાશ્વત નથી આપતા પણ શાશ્વત સદા આપતા રહ્યાં છે. જેનો ક્યારેય નાશ નથી થતો એવું એ આપે છે. આપણને લેતા નથી આવડતું. ભૌતિક પદાર્થોની અભિલાષામાં એ અપાર્થિવ સત્તાથી આપણી સમજુતી નથી થઇ શકતી. ગુરુ ગૌતમ કુશળ હતા. આપણી પાર્ટીનાં નેતા, જેમને પોતાનું બધું ઉપલબ્ધ હતું, છતાં ફક્ત

આ બધું તેઓ જનસમુદાય માટે કરતા હતા.

ગુરુ ગૌતમ સ્વામીએ એક એવો મંત્ર આપ્યો જેમા બધુ રામાઇ જાય. "જિણવરા! તિત્યયરા! મે પસીયંતુ!" ચાર શબ્દોનો આ અદ્દભુત મંત્રોચ્ચાર થયો. સંસારનાં વિવાદ, વિષાદ, વિસંવાદ અને અવષાદને સમાપ્ત કરવાનો એક અપૂર્વ મંત્રનો ઉચ્ચાર થયો. આપણા જીવનની બે અભિવ્યક્તિઓ પ્રબળ છે. અહંકાર અને તિરસ્કાર. જે સમગ્ર સંસારનું મૂળ કારણ છે. નિરંતર જન્મ-મરણની ગાડીના બે પૈંડા છે. આ બે અભિવ્યક્તિઓ વિભક્ત કરે છે. પ્રેમને , પરિવારને અને સમ્પૂર્ણ વ્યવહારને. આ અભિવ્યકિત વ્યક્તિની આગળ પાછળ વ્યક્ત થાય છે. અહંકાર હમેંશા આગળ રહે છે. તિરસ્કાર કાયમ પાછળ રહે છે. વ્યક્તિની પ્રશંસા અહંકાર આપે છે. નિંદા તિરસ્કાર કરે છે. પ્રશંસા મોઢા પર, આગળની તરફ સામે થાય છે. નિંદા પીઠની પાછળ થાય છે. આ બન્નેની આદતો અનાદિકાળની છે. એને એક ઝાટકે તોડવા માટે આ મંત્ર છે. "જિણવરા" શબ્દથી અહંકાર જાય છે. અને "તિત્યયરા" શબ્દથી તિરસ્કાર તૂટે છે. ઉર્જા સ્રોતમાં આગળ "જિણવરા" મંત્ર ચાલશે અને પાછળ મેરુ દંડમાં "તિત્યયરા" મંત્ર ચાલશે.

આપણે અહંકાર અને તિરસ્કાર બન્ને પર વિજય મેળવવાનો છે. કોઇ એક પરની જીત અધૂરી છે. અહંકારનું માન કષાય છે. તિરસ્કાર ક્રોધ કષાય છે. ક્રોધીનું નાક ઉંચુ હોય છે. માનીનાં ખભા ઉંચા હોય છે. માનવીય પ્રકૃતિ ક્ષમા, પ્રેમ અને સરળતા છે. માનવીય પ્રકૃતિનું નિસર્ગની પ્રકૃતિ સાથે આ અદ્દભૂત સામંજસ્ય છે. ક્રોધી અને માની બન્ને પ્રકૃતિથી વિરુધ્ધ હોવાને કારણે થાકેલા હોય છે. આજે મંત્ર મળી ગયો છે બન્ને કષાયને સમાપ્ત કરવાનો.

આગળ અહંકાર છે, પાછળ તિરસ્કાર છે અને વચ્ચે આપણે છીએ. એ બન્ને આપણા નથી. આપણો એ સ્વભાવ નથી. પારકા હોવાં છતાંયે અનાદિકાળથી તેઓ આપણી ઉપર દાદાગીરી કરે છે. કાઢો એને, આપણે ત્યાં જ રહેશું. ઉર્જાનાં ગતિસ્રોતમાં આગળ "જિણવરા" ની અને પાછળ "તિત્યયરા" ની પ્રતિષ્ઠા કરવી છે. વચ્ચે હું છું. હું પણ કઇ ઓછા મહત્ત્વનો નથી બાકી એમ કહો કે હું ના કેન્દ્ર બિંદુ ની અહંકાર અને તિરસ્કાર સીમાઓ છે. આ સીમારેખાને દૂર કરતા જ જિણવરા, તિત્યયરા અને હું આ ત્રણે મળી એક મંત્ર બની જશે. ગતિસ્રોતની પ્રગતિ કરીએ. એટલી વધારે પ્રગતિ કરીએ કે કોઇક ઠેકાણે આપણી અને પરમ સ્વરૂપની એટલે કે "મે" અને "જિણવરાતિત્યયરા"ની ભેદરેખા સમાપ્ત થઇ જાય. માંત્રિક અને તાત્ત્વિક પ્રતિષ્ઠા જ્યારે એક થઇ જાય છે ત્યારે આ શક્ય છે અને તે પણ જો મુશ્કેલી લાગે તો આવો ગુરુ ગૌતમને ફરીયાદ કરીએ કે આ બન્ને અહંકાર અને તિરસ્કાર અડીંગો જમાવીને બેઠા છે અમે એને કેવી રીતે હરાવીએ ?

ગૌતમ સ્વામી કહે છે ગભરાઓ નહીં! તમે પ્રવાસ શરૂ કરી ચૂક્યા છો, તો તેની પૂર્ણતાનો પ્રસાદ તમને અવશ્ય મળશે. યાત્રાનો પ્રારંભ પ્રયાસ છે અને યાત્રાની

પૂર્ણતા પ્રસાદ છે. જ્યાં સુધી અહંકાર રહે છે ત્યાં સુધી પ્રયત્ન કરવો પડે છે. પણ એને પરમાત્માનો અનુગ્રહ પ્રસાદ તોડી પણ શકે છે. પરમકૃપા હમેંશા અનાયાસ જ હોય છે તેને કોઇ આયાસ કે પ્રયાસની આવશ્યકતા નથી હોતી. લોકો કહે છે કે માંગ્યા વગર તો મા પણ દૂધ નથી પીવડાવતી, એ ખોટુ છે. માગવાથી તો કેટલાયે આપે છે, જે વગર માગ્યે દૂધ પીવડાવે એને મા કહેવાય છે. મા પાસેથી મેળવવા માટે કોણ પ્રયાસ કરે છે ? મા અને પરમાત્મા બન્ને આપ મેળે આપે છે. એક આપે છે જન્મ અને બીજો આપે છે અમરત્વ.

ગૌતમ સ્વામીએ એમના અનુભવની એક વાત કરતા કહ્યું કે ઘણી વાર એવું બનતું કે મારા સંપર્કમાં આવનારાઓને પરમાત્મા પાસે લઇ જતાં જ તેમને કેવળ જ્ઞાન પ્રાપ્ત થઇ જતું. એક વાર આવા કેટલાક શુધ્ધ આત્માઓને કેવળી બનતા જોઇ હું પોતે મારી જાત પ્રત્યે સંદિગ્ધ થઇ ગયો ! કે મારા જ દ્વારા સંબોધિત, મારા જ દ્વારા સંયમિત જીવો પરમાત્મા પાસે પહોંચતા પહોંચતા જ કેવળજ્ઞાની બની જાય છે તો મારી કેવળી દશાનું શું ? મારા મોક્ષનું શું ? હું ભવ્ય છું કે અભવ્ય ? મારા મનની આ ભાવનાને ઓળખી ભગવાન મહાવીરે મને અષ્ટાપદ આરોહણ કરવા કહ્યું. સાથે એ પણ કહ્યું કે આની ઉપર જે ચરમ શરીરી છે (જેનો આ ભવમાં જ મોક્ષ થવાનો હોય) એ જ આરોહણ કરી શકે છે. આ વાક્ય પર પણ હું ઉત્તેજીત થઇ ગયો. ત્યાં ગયો જ્યારે અષ્ટાપદ જોયો ત્યારે પોતાના સામર્થ્યમાં બહુ જ પ્રયત્ન કરવો પડે તેમ લાગ્યું. કરી આંખો બંધ. કર્યા યાદ ભગવાન મહાવીરને. એટલામાં તો પરમાત્માનાં અનુગ્રહનાં કિરણો મારા તરફ આવ્યાં. મને આશ્ચર્ય તો થયું પરંતુ તરત જ ધ્યાન આવ્યું કે જેમ ગ્રહો પોતાના કિરણો ધરતી પર પ્રસરાવી જીવ સુષ્ટિને પ્રભાવિત કરી શકે તો પ્રભુનો પ્રભાવ તો અદ્ભુત છે. બસ થોડી જ ક્ષણોમાં સૂરજ માંથી કેટલાક કિરણો નજીક આવ્યાં. વૃધ્ધ જેમ લાકડીને ટેકે ચઢે છે તેમ હું સૂરજનાં કિરણોને પકડીને અષ્ટાપદ પર્વત ચઢવા લાગ્યો. એ વખતે એ પર્વતનાં પ્રથમ પાદપર ચઢેલા ૫૦૦ તાપસોએ મને જોયો. બીજા પાદપરનાં ૫૦૦ તાપસોએ પણ મને જોયો. અને એમ વર્ષોનાં અથાગ પ્રયત્નો પછી ત્રીજા પાદપર સ્થિત ૫૦૦ એવી જ રીતે ૧૫૦૦ તાપસો આશ્ચર્ય ચકિત હતાં કેમ કે તેઓ વર્ષોથી સાધના કરી રહ્યાં હતાં. ત્યારે એ પહેલા, બીજા અને ત્રીજા પાદપર પહોંચી શક્યા હતાં. એમાંના કેટલાક તો આહાર જ નહોતા લેતાં. કેટલાક ફક્ત ફળ ફુલ અને પાંદડાનો જ ઉપયોગ કરતા હતાં. કેટલાક ફક્ત સેવાળનો ઉપભોગ કરતા હતાં. કેટલાક તો પંચાગ્નિ જેવી કઠણ તપશ્ચર્યા પણ કરતા હતાં. તો પણ શ્રધ્ધા અને વિશ્વાસથી પ્રયત્ન કરતા હતાં. આમાંની કોઇ પણ જાતની તપસ્યા કર્યા વગર આરોહણ કરતો મને જોઇ તેઓ આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયાં. મે એમના મનનું સમાધાન કર્યું. જિનેશ્વરનું સ્વરૂપ સમજાવ્યું. એમને અણગાર પદ આપ્યું અને પરમાત્માનાં અનુગ્રહ પ્રસાદની વાત કરી. જે મારા માટે પ્રભુ કૃપાથી સામાન્ય અને આસાન હતું એ માટે તો તેઓ વર્ષોથી

ખૂબ પ્રયત્ન કરી રહ્યાં હતા. અણગાર પદ મળતાં જ આ સર્વે તેમના માટે સહજ અને સ્વાભાવિક થઇ ગયું.

આમ આ રીતે એ તાપસોને સંયમિત અને સંબોધિત કરી પ્રભુ પાસે લઇ ગયો ત્યારે ૫૦૦ સાધુઓને તો પરમાત્માની વાત સાંભળીને કેવળ જ્ઞાન પ્રાપ્ત થયું. બીજા ૫૦૦ સાધુઓને પરમાત્માના સમવસરણનો વૈભવ જોઇને કેવળ જ્ઞાન પ્રાપ્ત થયું. ત્રીજા ૫૦૦ને સમવસરણમાં પ્રવેશ કરતાં જ પ્રભુનાં દર્શન કરીને કેવળ જ્ઞાન પ્રાપ્ત થયું. કેવળ જ્ઞાનની આ ઘટના મારા જ્ઞાનનાં અભાવે અજાણ રહી અને ૧૫૦૦ સાધુઓ સમવસરણમાં કેવળીની પર્ષદામાં ( સમવસરણમાં દેવી દેવતા, સ્ત્રી પુરુષ, સાધુ સાધ્વી, કેવળી વગેરેની ૧૨ બેઠકોની વ્યવસ્થા હોય છે. બેઠકની આ વ્યવસ્થાને પર્ષદા કે પરિષદા કહેવાય છે.) જઇને બેસી ગયાં. તેઓ જ્ઞાની છે તેમ ન જાણી શકવાને કારણે મેં તેઓને આ કામ કરવા માટે ઠપકો આપ્યો. તેઓ પ્રત્યેનો મારો ઉપાલંભ સાંભળી ભગવાને મને આ યોગ્ય છે એમ કહ્યું. આવો અદ્દ્ભુત હોય છે પરમાત્માનો અનુગ્રહ. ત્યારે બધાં જ આયાસ અને પ્રયાસ વગર અનાયાસ આવરણો તૂટે છે અને જ્ઞાન જાગે છે.

તો ચાલો જે પ્રયત્ન થી તમે લોકો થાક્યા છો એ પ્રયાસ માટે તમને વધારે ન થકવતા એને અનાયાસ બનાવવાના માર્ગે ચાલીએ. જે પગથીયા ચઢવા માટે જ્યારે આપણે આપણને અસમર્થ સમજતા હોઇએ ત્યાં લિફ્ટનો ઉપયોગ કરીએ છીએ. જે ચક્રોનાં સાડા ત્રણ વલયનાં ક્રમને અંતિમ "વધ્ધમાણ" શબ્દ દ્વારા આપણે મણિપૂરચક્રમાં સંપન્ન કરેલો, એ ક્રમથી વર્ધમાન ભાવોને અંદર ભરતા ભરતા હવે પાંચમી ગાથાનું એક સાથે ઉચ્ચારણ કરીએ. ગતિ સ્ત્રોતને અનાહત ચક્ર તરફ આગળ વધારીએ. એજ ભાવોની સાથે સીધા બેસી, આંખો બંધ કરી ગાથા બોલીએ. બિલકુલ ધ્યાનસ્થ થઇને બીજે બધે થી ધ્યાન હટાવી ફક્ત પ્રભુ સાથે ગાથા દ્વારા સંવાદનો પ્રારંભ કરીએ. આપણા અવાજને બુંલદ કરી શબ્દોનો ગંભીર ઘોષ કરીએ. મહાઘોષ કરીએ.

**એવં મએ અભિથુઆ, વિહુયરયમલા પહીણજરમરણા।**
**ચઉવીસં પિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ॥**

સંવાદમય યોજનાની આ ગાથામાં આપણને પોતાની અને પરમાત્માની ઓળખાણ તો થઇ ગઇ, સબંધ પણ થઇ ગયો એટલું જ નહીં વાતચીત પણ થવા લાગી. એક સાથે ચોવીસે સાથે સબંધ બંધાઇ ગયો. આપણને એટલો વિશ્વાસ તો થઇ ગયો કે આ ચોવીસ માથી કોઇને કોઇ તો આપણી સાથે રહેશે.

આ વાર્તાલાપ શરૂ થતાં જ અને "ચઉવીસં પિ" સુધી પહોંચતા જ પરમાત્માનાં પ્રસાદનો મંત્ર મેળવતા પૂર્વેની ક્ષણો આવી અને અચાનક જ ગાડી ઉભી રહી ગઇ. અહંકાર અને તિરસ્કારનાં ત્યાગની વાતો થી ક્ષોભ પામેલો ભક્ત થોભી

ગયો પણ ત્યાં જ ગૌતમ સ્વામીએ પ્રેમથી કહ્યું ગભરાઇશ નહીં આ હું મંત્ર આપું છું એનું સ્મરણ કર. આ મંત્ર સ્મરણથી પ્રભુનો અનુગ્રહ પ્રસાદ પ્રાપ્ત થશે અને તારા અહંકાર અને તિરસ્કાર સમાપ્ત થઇ જશે. રાગ દ્વેષથી આવવાળી, વિષમતાથી ઉભી થતી અવદશા આ પ્રસાદથી સમાપ્ત થઇ જશે. મંત્રનું એક સાથે ચાર વાર ઉચ્ચારણ કરીએ તે પહેલા ધ્યાનનું જે ચિત્ર આપની સમક્ષ રજુ કરવામાં આવ્યું છે તેને ધ્યાન પૂર્વક ચિત્તમાં ધારણ કરવું .




''जिणवरा तित्थयरा मे पसीयंतु''

जिणवरा तित्थयरा मे पसीयंतु......

જુઓ અહીં આ મંત્ર શૈલીને ચિત્રમાં બતાડેલી છે. અહંકારનો ક્ષય કરવા માટે આગળ છે "જિણવરા" મંત્ર. દ્વેષ અથવા તિરસ્કારનો ક્ષય કરવા માટે કરોડ રજ્જુમાં અનાહત સ્થાન પર "તિત્થયરા" મંત્ર છે. આપણા હૃદયમાં નિજસ્વરૂપ મંત્ર "મે" છે. અને ઉપરથી પ્રવાહનાં રૂપે સહસ્ત્રાર તરફથી આવતો "પસીયંતુ" મંત્ર છે. ચાર મંત્રો ભેગા થવાથી પ્રાપ્ત થતી શક્તિ દેહમાં પ્રવાહિત થઇ પગથી ઉત્સર્જિત થતી જોવા મળે છે. પ્રભુનો અનુગ્રહ પ્રસાદ સંતોનાં ચરણોથી પ્રવાહિત થતો રહે છે. એ કારણે જ ભારતમાં ચરણ સ્પર્શ, વંદના, નમસ્કાર અને પ્રણામની પ્રણાલી પરંપરાથી ચાલતી આવી રહી છે. આપો માથું મળશે ભાથુની કહેવત આ પરંપરાથી કહેવાતી રહી છે.

પરમાત્માના મિલનમાં ત્રણ ચીજો હોય છે. સંવાદ, પ્રસાદ અને આશીર્વાદ. આ ગાથાએ આપણને આ બધું સમજાવ્યું, શિખડાવ્યું અને સક્રિય બનાવ્યા. સંવાદ અને પ્રસાદ બન્ને છુપા હોય છે. ધ્યાન રાખજો પરમાત્મા સાથે સંવાદ થશે પણ કોઇને સંભળાશે નહીં. પ્રભુનો પ્રસાદ મળશે પણ બીજા કોઇને દેખાશે નહીં. આ બે ચીજો જેને પણ પ્રાપ્ત થાય તે મહેરબાની કરી ગુપ્ત રાખે. અન્યથા લોકો એને પાગલ કહેશે. આ એને જ મળશે જેની ભક્તિમાં શક્તિ હશે પરમને પ્રગટ કરવાની. એને મેળવવા માટે ભક્તિ સભર ભાવોમા ઓતપ્રોત થવું પડશે. આનંદઘનજીએ એને પ્રાપ્ત કરવા માટે કહ્યું– "કપટ રહિત થઇ આતમ અરપણા" પ્રભુ ચરણે નિષ્કપટ ભાવે આત્માનું અર્પણ કરવું પડશે. બધું દાવ પર લગાડી દેવું પડશે.

આ પ્રસાદ કોઇ પદાર્થ નથી કે નથી કોઇ બજારુ મીઠાઇ કે જેના બે ટુકડા ખાધા અને બીજા ટુકડાઓ અન્યને વહેંચી દીધા. સામાન્ય રીતે આપણે પદાર્થનાં નૈવેદ્ય બનાવી તેને પ્રસાદ રૂપે વહેંચીએ છીએ. પરંતુ આજનો આ પ્રસાદ વહેંચવાનો નથી લૂંટવાનો છે. તમારામાં જેટલી તાકાત હોય તેટલું લૂંટો. જેટલું આપણે લેશું એટલું એ વધશે. માં પોતાના પ્રેમને વહેંચતી નથી લૂંટાવે છે. જેટલું આપે છે વાત્સલ્ય એટલું પૂરબહારમાં ખીલી ઉઠે છે. પ્રભુ કૃપા પાસે આ દ્રષ્ટાંત પણ નાનુ લાગશે. તમે જ્યારે અનુભવ કરશો ત્યારે પોતે જાતે જ સમજી શકશો. આ કહેવાની નહીં કરવાની વાત છે. આ સાંભળવાની નહીં સમજવાની વાત છે. આ પદાર્થાતીત પ્રસાદની વાત છે. આ પ્રસાદ તો કૃપા, અનુગ્રહ, કરુણા અને પ્રસન્નતાનો દ્યોતક છે.

ત્રિલોકીનાથ ક્યારેય નારાજ નથી થતા. એમની આત્મીય પ્રસન્નતા નિરંતર પ્રવાહિત થતી રહે છે. આ પ્રસન્નતા રાગજનિત નહીં આત્મીય છે. સહજ અને સ્વાભાવિક છે. અંતર ચિત્તના પ્રતિબંધથી રહિત છે. પ્રવાહિત છે. સ્ત્રોતાન્વિત છે. કોઇ પણ વાતમાં વિશ્વાસ ન કરવાવાળું વિજ્ઞાન પણ પરમ સ્વરૂપને સન્મુખ રાખી ઉર્જા મેળવવાના પ્રયોગને મહત્વ આપે છે. નીચે લખેલા શબ્દો વિજ્ઞાનનાં જ છે. મેં એને એમ ને એમ રહેવા દીધા છે. ઇનફ્રંટ અર્થાત્ સન્મુખ. સન્મુખ અર્થાત્ સામે. વિજ્ઞાનમાં ધ્યાનની આ એક એવી પ્રક્રિયા છે જેમાં આપણાં સમક્ષ પરમાત્માનાં હસ્તા

ચેહરાની કલ્પના કરી તેના અંતર્દર્શન કરવા. એમની પાસે લોગસ્સ નથી. નથી આત્મધ્યાન કે નથી પરમભગવાન. તમારી પાસે બધું પ્રગટ છે.



Begin the Inner Smile by picturing a radiant, smiling face in front of you

આ મંત્ર અંતરસ્મિતનું વરદાન છે. આનો જપ અને ધ્યાન તનાવરહિત થવાની પ્રક્રિયા છે. આ પ્રક્રિયા આપણી પ્રસન્નતાની શક્તિનું ઉત્પાદન અને પ્રસારણ બન્ને કરે છે. આ અંતઃકરણની ભાષા છે. આત્મસંચરણની પરિભાષા છે. આમાં આપણી સ્વાભાવિકતા અને સહજતાનું દર્શન થાય છે. આ મંત્ર ધ્યાન, પ્રયાસ અને અભ્યાસ દ્વારા પરિણમિત થઇ પ્રસાદમય બની પૂર્ણત્વ પ્રગટ કરે છે. આજે તમે સ્વયં ધ્યાન કરો. આજ્ઞા ચક્રની અંદર ઉતરી જાઓ. મંત્ર તમને પૂર્ણ પ્રેમ, આનંદ અને પ્રસન્નતાથી ભરી દેશે. તમને પોતાને અનુભવ થશે કે એક અદ્‌ભુત પરમ શક્તિ સક્રિય વરદાન બનીને તમારી પર ઝરણાની જેમ વહી રહી છે.

લોકોને ચિત્રોનું બહુ જ કુતુહલ છે. હમણાં એક ચિઠ્ઠી આવી છે. ચિત્રને વધારે ખોલો. આજે તો તમને ખોલીને બતાવી દઉં છું પણ તમે વ્યાખ્યાન સાંભળવા આવ્યા છો. ભક્તિ કરવા આવ્યા છો. મને ડૉ. ની પદવી આપવા નથી આવ્યા. તમે મારો ઇન્ટરવ્યું નથી લઇ રહ્યા. ચિત્ર પોતે તમારી સામે ખુલી રહ્યું છે. હવે તો તમે પ્રયોગ કરો અને અનુભવ કરો, તમારુ અંતર વધારે ખૂલશે. ચિત્રો ખોલીને શું કરશો ? તમે તમારુ અંતર ખોલો તમારી અંદર જે પરમસ્વરૂપ છે તેનું સ્વરૂપ દર્શન કરો મજા તો ત્યારે આવશે. ભક્તિ એ નશો છે. નશો કરવાવાળો બીજાનો અનુભવ લે છે. જ્યારે

પૂછે છે કે આ પાનનો નશો કેવો છે ? નશો કેટલો સમય સુધી રહેશે ? નશો કર્યા પછી શું કરવું જોઇએ ? આવું બીજાને ક્યારેય નથી પૂછાતું. દરેક પીવા વાળાનો ફક્ત પોતાનો જ નશો હોય છે.

પૂજ્ય ગુરુમાતા એનો ખૂલાસો કરવા માગે છે. તમે અસમજણમાં ન રહો એટલે તેઓ આજ્ઞા આપી રહ્યાં છે કે જગત પાસે વિજ્ઞાન દ્વારા પરમ તત્વથી પ્રસન્નતા પ્રાપ્ત કરવાની વાત ભલે હોય, પરંતુ લોગસ્સ વગર એ પ્રક્રિયા અધૂરી ગણાશે. વિજ્ઞાનનું અધૂરાપણું જુઓ લોગસ્સ કેવી રીતે પૂર્ણ કરે છે ? એટલે અહીંયા મૂળલખાણ જ આપવામાં આવ્યું છે. વ્યાખ્યાન પછી તમે એ વાંચી લેજો.

## The Inner Smile

The Inner Smile is a powerful relaxation technique which begins at the mid-eyebrow and eyes. It utilizes the expanding energy of happiness as a language to communicate with the internal organs of the body.

A genuine smile transmits loving energy that has the power to warn and heal. By learning to smile inwardly to the organs and glands, the whole body will feel loved and appreciated. You will feel the energy flow down the entire length of the body like a waterfall. This is a very powerful way to counteract stress and tension.

(a) Sit on the edge of a chair with your hands clasped and eyes closed.

(b) Begin the Inner smile by picturing a radiant, smiling face in front of you.

પરમાત્માનો પ્રસાદ, પ્રસન્નતા આ કોઇ પ્રક્રિયા નથી. આ છે માત્ર અનુભવપરક અનુભૂતિ. પરમમાધુર્યનું પ્રગટીકરણ. મહાયોગી આનંદઘનજીએ પરમાત્માની સેવા પૂજાનું આજ ફળ બતાવેલ છે. "ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ કહ્યું" જો હમેંશા પ્રસન્ન રહેવુ હોય તો "પૂજા અખંડિત એહ રે ..!" પ્રસન્નતા અખંડ રાખવી હોય તો પૂજા પણ અખંડ રાખવી પડશે. પૂજા કેવી રીતે અખંડ રહી શકે છે ? થોડાક વખત પ્રભુનું સ્મરણ કરવું એ પૂજા નથી પૂ- પૂર્ણતા. પરમાત્મામાં પ્રગટેલી પૂર્ણતાની જા-જાત્રા પૂર્ણતાની જાત્રા એટલે પૂજા. આપણુ સ્વરૂપ પૂર્ણ છે પણ અપ્રગટ છે, એટલે આપણે પરમાત્માના પૂર્ણ આત્મીય સ્વરૂપમાં ડૂબકી લગાવીએ છીએ. પ્રસન્નતા જાતે પ્રસાદ

બનીને પ્રગટ થઇ જાય છે.

"જિણવરા" , "તિત્થયરા" શબ્દથી અહંકાર અને તિરસ્કાર વિલીન થતાં જ પ્રસન્નતા પ્રગટે છે. આ પ્રસન્નતાને જ સમ્યક્દર્શન કહેવામાં આવે છે. પ્રસન્નતા આપણું સ્વરૂપ છે. પ્રસન્નતા આપણો સ્વભાવ છે. પ્રસન્નતાએ આપણી વાસ્તવિકતા છે.

જિનવર અને તીર્થંકરની વચ્ચે આપણી પ્રસન્નતાનો સ્ત્રોત છે. પ્રસન્નતા પ્રસાદ છે. જીવન પોતે પરમાત્માનો પ્રસાદ છે. આત્મિક પ્રસન્નતાને જ્ઞાની પુરુષોએ પરમાત્માનું આમંત્રણ કહ્યું છે. આપણે શું પરમાત્માને આમંત્રિત કરશું! પરમાત્મા સ્વયં પોતાના નિર્મળ ચિદાકાશમાં આપણને આમંત્રિત કરે છે. એટલું વિશાળ છે આ ચિદાકાશ જેમાં અનંતો સમાઇ શકે છે. આવી સ્થિતિ જ્યારે આવે છે ત્યારે ભક્તિ સ્વયં ભગવાન બની જાય છે.

ભગવાનનો જે ભૂતકાળ હતો તે આપણો વર્તમાન છે અને જે ભગવાનનો વર્તમાન છે તે આપણું ભવિષ્ય છે. આ વાતની સાક્ષી છે પ્રસન્નતા.આપણી પ્રસન્નતા ભગવાન આપણને આપતા નથી પણ તે આપણામાં જ પ્રગટ કરે છે. જેમ સૂરજનાં કિરણો નીકળે છે , પ્રભાત થતાં કમળ ખીલી જ જાય છે. સૂરજે જઇને કમળને ખીલવાટ કે પમરાટ આપવો નથી પડતો પણ સૂરજ ઉગે છે આકાશમાં અને કમળ ખીલી જાય છે ધરતી પર. તેમ જ પરમાત્મા રૂપી સૂરજ ઉગે છે આત્મામાં અને પ્રસન્નતા પ્રગટે છે આપણા સહુની ચેતનામાં.

તમે તો વિજ્ઞાન પ્રેમી છો ને એટલે તમારા માટે મનોવિજ્ઞાનમાં એક કાર્ટૂન પિક્ચર આપવામાં આવ્યું છે. જે અહીં રજૂ કરવામાં આવે છે. આ ચિત્રનાં મુખ્ય અભિપ્રાય એજ છે કે જો પ્રસન્નતાથી વિપરીત આપણે વર્તીએ છીએ તો આપણા મગજની અસર આપણા આંતરડાઓ પર પડે છે. આ ચિત્ર આંતરાડાનું છે. પ્રસન્નતાથી વિરુધ્ધ કેવી કેવી સ્થિતિઓમાં આંતરડાઓ પર કેવી રીતે પ્રતિક્રિયા થાય છે એ આમાં બતાડવામાં આવ્યું છે. પ્રતિક્રિયા પૂર્વે સાવધાન થઇ જાઓ, પ્રસન્ન રહો. આંતરડાઓ પર પાંચ મનોક્રિયાઓની અસર પાંચ વિભાગો પર હોય છે. જુઓ રજૂ થયેલું ચિત્ર.

## The Abdominal Brain

The small intestine is in charge of digesting emotions as well as food. Different contractions of this intestine correspond to undigested emotions. In Chinese medicine it is called the abdominal brain. All negetive emotions are expressed in the small intestine by contraction and circumvolutions. Anger contracts the

right side of the intestine near the liver. Worry affect the upper left side near the spleen. Impatience and anxiety affect the top. Sadness affect both lower lateral sides. Fear affects the deeper and lower abdominal areas.




પરમ યોગી પુરુષોની પ્રસન્નતા તમને મળે એવી શુભકામના સાથે..

# ૐ શાંતિ શાંતિ શાંતિ

# સમાહિવરમુત્તમં દિંતુ

કિત્તિય વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિધ્ધા।
આરુગ્ગ બોહિલાભં, સમાહિવરમુત્તમં દિંતુ ।।

કીર્તન, વંદન, પૂજન લઇને ભલે થયો તું સિધ્ધવાસી,
સાથ ન છોડું હું તો તારો બની ગયો મમ હૃદયવાસી.
આરોગ્યબોધિ અને સંબોધિ એવી પામું હું ઉપલબ્ધિ.
જન્મ મુત્યુનાં ફેરા ટાળી ઉત્તમ આપો મને સમાધિ.

# ૬. સ્વરાલય માં જિનાલય

પ્રકટ ભાવોથી કરવામાં આવેલા નમસ્કાર પ્રણામ છે. પ્રણામ ત્રણ રીતે થાય છે. કીર્તન, વંદન અને પૂજન.

કીર્તનમાં ભક્તિ છે. વંદનમાં અભિવ્યક્તિ છે અને પૂજનમાં શક્તિ છે.

કીર્તનમાં નર્તન છે. વંદનમાં વર્તન છે અને પૂજનમાં અર્ચન છે.

કીર્તનમાં પોકાર છે. વંદનમાં સત્કાર છે અને પૂજનમાં સ્વીકાર છે.

પોકાર, સત્કાર અને સ્વીકાર એક થાય છે ત્યારે થાય છે સાક્ષાત્કાર. આજે પ્રવચન નહી પોકાર કરીએ. એવો પોકાર કરીએ કે પરમનો સાક્ષાત્કાર થઇ જાય. આ યાત્રાની શરૂઆત લોગસ્સ સૂત્રની છઠ્ઠી ગાથાથી કરીશું. જેને સાક્ષાત્કાર કરવો હોય તેઓ આ પ્રયત્નને પ્રેમ પૂર્વક શરૂ કરે.

કિત્તિય વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિધ્ધા।
આરુગ્ગ બોહિલાભં, સમાહિવરમુત્તમં દિંતુ ।।

કીર્તન અર્થાત્ ભાવભરેલા પ્રણામ. કીર્તન અર્થાત્ ભક્તિ ભરેલો પોકાર. વારંવાર કરેલો પોકાર કીર્તન કહેવાય છે. કીર્તનમાં સંવાદ નથી હોતો. પ્રત્યુત્તર કે સ્વીકારનો આમાં કોઇ અવકાશ નથી હોતો, પણ એના અસ્તિત્વનો વિશ્વાસ અવશ્ય હોય છે. આમાં હોય છે રટણ, સ્મરણ અને સમર્પણ. એની ભાષા પ્રેમ છે અને પરિભાષા નિયમ છે. કીર્તનમાં વિયોગ પૂરો થઇ જાય છે અને સંયોગની શરૂઆત થઇ જાય છે. પરમાત્મા છે કે નહીં તે ખબર નથી, અને જો છે તો ક્યાં છે ? એવી ભાષાનો પ્રયોગ અહીં નથી. અહીં તો વિશ્વાસ છે કે એ પરમાત્મા છે પણ દૂર છે. દૂર ભલે હોય પણ હું બોલુ તો અવશ્ય સાંભળે છે. જોઇએ મારા અવાજમાં જોશ. હૃદયમાં હોશ. પોકારવાનો ઉમંગ, ભક્તિનો રંગ અને નિરંતર સત્સંગ.

એક વાર મેળામાં એક બાળક ખોવાઇ ગયું. બાળક જ્યારે ખોવાઇ જાય છે તો રડવા લાગે છે. ખોવાઇ શું ગયું ફક્ત મા થી છુટૂ પડી ગયું. બાળક પણ મેળામાં હતું ને મા પણ મેળામાં હતી. બન્ને હતાં તો મેળામાં પણ તેમનું મિલન હતું જમેલામાં. બન્ને એક બીજાને ગોતે છે. આખા મેળામાં બન્ને ને જોવા માટે ઘણું બધું હતું, પણ બન્ને બીજુ કાંઇ જોતાં ન હતાં. બન્નેની આંખો બસ એક બીજાને ગોતી રહી હતી. ગોતવામાં પોકાર હતો, બન્નેની ભાષા જુદી હતી પણ ભાવ સરખો હતો. બાળકને રોતો જોઇ કોઇકને દયા આવી. બાળકની નજીક જઇ પંપાળ્યુ, સમજાવ્યું પૂછપરછ કરી

ઓળખાણ કરવાનો પ્રયાસ કર્યો. બોલ તારી મા નું નામ શું છે ? બાળકે કહ્યું મા. પટાવીને એને છાનું રાખવા પીપર, ચોકલેટ આપી તો બાળક વધારે જોરથી રડયું. મા મા કરતાં કરતાં એણે બધું ફેંકી દીધું. સજ્જને કહ્યું રડે તો છે પણ કહે તો ખરો તારી મા કેવી છે ? તો હું ગોતું. મેળામાં કેવી રીતે ગોતું તારી મા ને ? ઉંચી છે કે નીચી છે ? કાળી છે કે ગોરી છે ?.. વગેરે પ્રશ્નો કરવા લાગ્યા. જેમ જેમ પ્રશ્નો વધતાં ગયા તેમ તેમ બાળકનું રુદન વધતું ગયું. મોઢાથી મા મા કરતો હતો. અંદર થી પ્રશ્ન કરનાર ને કહેતો હતો, ગાંડા છો તમે મા તો મા હોય, ગોરી, કાળી, લાંબી, ટુકી એવી એની કોઇ ઓળખાણ નથી હોતી. આવું બધું વર્ણન સ્ત્રીઓ માટે છે મા માટે નથી. મા તો મા હોય છે. બીજી બધી પરિભાષાઓ વ્યાખ્યાઓ તમારા લોકો માટે છે મા ઓળખવાની ભાષા નથી મા તો વાત્સલ્યની પરિભાષા છે.

પરમાત્મા આપણી માતા છે, જીવન-માતા છે. મેળામાં ખોવાઇ ગયા છીએ. ખોવાણા શું ? છૂટા પડી ગયા છીએ. આપણુ અંતઃકરણ નિર્મળ ચિત્ત શુધ્ધિ વાળુ છે, પણ મેળામાં એ મેલુ થઇ ગયું છે. અહીં રાગ દ્વેષ તો બધાં કરી શકે છે પણ નિર્મળતા કોઇ નથી કરી શકતું. બાળકને નિર્મળ તો મા જ કરી શકે. સદગુરુ ને દયા આવે તો આપણને માતાનો મેળાપ કરાવવાની કોશિશ કરે. સંસારમાં તો પરમાત્માની ઓળખ નાત જાત ધર્મ અને સંપ્રદાયથી થઇ જાય છે. પણ એ પરમાત્માની પરિભાષા ન હોય શકે. પરમાત્માને તો ભાવવાહી ભાષામાં જ બોલાવાય છે. મેળામાં એને કોઇ રસ નથી. બાળક પોકારે અને મા એનો અવાજ ઓળખી લે. આ અવાજ મારા બાળકનો છે. જે બાજુથી એ અવાજ આવતો હોય છે એ બાજુ એ જાય છે. બાળક પાસે પહોંચે છે અને મેલા ઘેલા થઇ ગયેલા એ બાળકને તેડી છાતી સરસુ ચાંપી દે છે. પોકાર સાચો હશે તો પરમાત્મા જાતે પ્રગટ થશે. કેટલાયે પાપી હોઇશું આપણે છતાં તેડીને ગળે લગાડી લેશે. બસ શરત એટલી કે પોકાર ભાવ ભરેલો હોવો જોઇએ. ભક્તિ રસથી વહેતો હોવો જોઇએ.

પહેલા થાય છે પોકારની ઓળખાણ પછી એને સ્વીકારે ભગવાન. વંદન કીર્તન થી જુદુ નથી. કીર્તનની સફળતા વંદન છે અને વંદનનુ પરિણામ પૂજન છે. પૂજનનો આપણે જે અર્થ કરીએ છે તે દ્રવ્ય પૂજન છે. પરમાત્મા પદાર્થાતીત પરિણામ છે. પૂજનનો સાચો અર્થ છે અર્પણ, નિજત્વનું સમર્પણ. કીર્તન કરીએ છીએ પરમાત્મા પ્રગટ થાય છે. વંદન કરીએ છીએ નિજત્વ પ્રગટ થાય છે. નિજત્વનું જિનત્વને અર્પણ તે પૂજન છે. પદાર્થ તો પ્રતીક છે. નિજત્વનું પ્રતીક પદાર્થ કેવી રીતે બની શકે ? કયો પદાર્થ આત્મ સ્થાન લઇ શકે છે ?

ચૈતન્યની અવિરામ આત્મ શ્રુતિ સમર્પણ છે. અહીં સ્વયંને દાવ ઉપર લગાડી દેવાનો છે. કાંઇ જ નથી જોઇતું નો મહામંત્ર અહીં સાધના બની જાય છે. મને તું જ જોઇએ છે એવી ઉપાસના નિરંતર ચાલુ થઇ જાય છે. અહીં મોક્ષની પણ અભિલાષા નથી રહેતી. આવી સ્થિતિમાં એના અસ્તિત્વનો બોધ થાય છે તેને પામવાની શોધ

થાય છે. તેઓ દેખાતા નથી છતાં તેમને મેળવી લેવાની તમન્ના થાય છે. મેળવી લેવાની તમન્નામાં એમને સાદ પાડીને બોલાવવામાં આવે છે. આવી રીતે પરમાત્માને પ્રેમ ભર્યુ આમંત્રણ છે કીર્તન.

કીર્તનનાં બે સ્વરૂપ છે. એક છે ભાવનાસભર હૃદયથી કરવામાં આવતું નિ:શબ્દ સ્તવન. કીર્તનની આ વ્યાખ્યા સર્વોચ્ચ અને અંતિમ છે. તાલબધ્ધ રટણ એ કીર્તનનું બીજુ સ્વરૂપ છે. શબ્દોનું સામંજસ્ય થાય છે, સ્વરની મધુરતા અને શબ્દોનું સાહચર્ય હોય છે. ભક્તિનું ઐશ્વર્ય, શબ્દોનું સૌન્દર્ય, સ્વાભાવિક માધુર્યનું સમીકરણ એટલે જ કીર્તન.

કીર્તન પૂર્વે પરમાત્માનાં મિલનની સંવેદના જાગે છે. આ સંવેદના ભૂતકાળ છે. કીર્તન વર્તમાન છે અને સમાધિભાવ ભવિષ્ય છે. આ ગાથાની શરૂઆત કીર્તન છે. અને ગાથાની પૂર્ણાહુતી સમાધિ છે. આ એક એવી ગાથા છે જે કીર્તનથી સમાધિ સુધીનો એક માર્ગ પ્રસ્તુત કરે છે. આજે સૌથી વધારે અભાવ માર્ગનો છે. માર્ગ ન મળવાને કારણે ધર્મનું સંપ્રદાયકરણ થઇ ગયું છે. સહુ પોત પોતાના મત, પંથ અને સંપ્રદાયનો આગ્રહ રાખે છે. પૂજ્ય ચિદાનંદજી મહારાજ કહે છે

"મારગ સાચા કૌન બતાવે.. ?
જાકો જાય પૂછીએ તે તો સઉ અપની અપની ગાવે.. મારગ.."

અહીં માત્ર બે કડીઓમાં જ પૂરી રજુઆત થઇ ગઇ છે. બસ ચાલવાની જ રાહ જોવાય છે. આ તો યાત્રા છે. આપણી ચેતનાનો એ પૂર્ણ ચેતનામાં પ્રવેશ અર્થાત્ કીર્તન. પ્રથમ પ્રવેશ પછી પરિણમન અને અંતે પૂર્ણતાનું પૂર્ણ સ્વરૂપે પ્રગટવું. એક બંધનાતીત અપૂર્વ તત્ત્વની પ્રત્યક્ષીકરણની અદ્‌ભૂત પ્રક્રિયા. સમગ્રતાનો પ્રત્યક્ષ પરિચય. પરમતત્ત્વનો અગમ્ય અનુભવ.

કીર્તનમાં અનંતની પ્રતીક્ષા છે. અસ્તિત્વનો અહેસાસ છે. મિલનનાં અનુભવનો વિશ્વાસ છે. જો કીર્તનમાં એ (પ્રભુ) ન મળવાના હોય તો કીર્તન શા માટે કરવામાં આવે ? કીર્તનમાં સ્મરણ છે, રટણ છે, આહ્‌વાન છે. મધુર મુલાકાતની સફળતાનો વિશ્વાસ છે. કીર્તન પોકારનું એક રૂપ છે. પોકાર આકારની હોય છે. લોગસ્સ સૂત્ર આકારથી નિરાકારની યાત્રા છે. પોતાની નિરાકાર સ્થિતિની ગાથા છે. અરિહંતના આકારની અને સિધ્ધના નિરાકારની વાસ્તવિકતાના આમા દર્શન છે. પોતાના સિધ્ધત્વનું આમા કથન અને સ્પર્શન છે.

લોગસ્સ સૂત્રમાં કીર્તન શબ્દનો પ્રયોગ બે વાર કરવામાં આવ્યો છે. પહેલો શબ્દ ભક્તની ઓળખાણ છે અને બીજો શબ્દ ભગવત્સત્તાની ઓળખાણ છે. પહેલી ગાથામાં સાધક "કિત્તઇસ્સ"શબ્દથી કીર્તન કરીશની જાહેરાત કરે છે. પ્રતિજ્ઞા કરે છે. નિર્ણય અને નિશ્ચય કરે છે. સ્વ ને પ્રગટ કરે છે. આ કથન ભવિષ્ય વાણીનું કથન છે. આમાં કોઇ ચોક્કસ સમય નથી કહેવામાં આવ્યો, કે કીર્તન ક્યારે કરીશ ?

આ કથન ગૌતમસ્વામીની વિરહ અવસ્થાનું છે. હવે તો પ્રભુ નથી રહ્યા એમનું

સાનિધ્ય, સત્સંગ અને સંમેલન દુર્લભ થઇ ગયા. કોઇ પણ પ્રત્યક્ષ મુલાકાતની કોઇ સંભાવના નથી રહી. કોઇ પ્રતિજ્ઞા નથી રહી. આતુરતા, વ્યાકુળતા અને કુતુહુલતા નો કોઇ જવાબ નથી રહ્યો. તરત જ જઇને ચરણોમાં પહોંચી મસ્તક ઝુકાવવાનો હવે કોઇ મોકો નથી. વિસ્મિત નેત્ર, ઉન્નત લલાટ અને ઝુકેલા મસ્તકે જિજ્ઞાસા કોના ચરણોમાં વ્યકત કરવી ? હવે તો સ્મરણ, સ્તવન અને કીર્તન જ કરવામાં આવશે. હું તો હજીએ એને સાદ દેતો જ રહીશ. એનું કીર્તન કરતો જ રહીશ. હવે કોઇ નવા તીર્થંકર નથી થઇ શકવાના. ત્યાં તો પહેલા જ ૨૩ તીર્થંકરો તો હતાં જ પછી મહાવીર ત્યાં શા માટે ગયા ? જેવા એ ૨૩ અને અનંત સિધ્ધો હતાં એજ અવસ્થાને એમણે પ્રાપ્ત કરી લીધી. હું તો ચોવીસે ચોવીસનું સ્મરણ કરીશ. બધાંના નામ સ્મરણ કરીને પોકારીશ કોઇક તો મારો અવાજ સાંભળશે ને ? આ કારણે જ "કિત્તઇસ્સં" ની આગળ "ચઉવિસંપિ કેવલિ" શબ્દ મૂકવામાં આવ્યો છે.

પ્રથમ ગાથામાં પ્રયુકત આ આતુર પોકારનો ગાથા બે થી પ્રારંભ થાય છે. ગાથા બે થી ગાથા ચાર સુધી ચોવીસે જિનેશ્વરોનાં નામો સમાવી લેવામાં આવ્યાં છે. આ સ્મરણ હતું, કીર્તન હતું, પોકાર હતો. પરમાત્માના નામમાં એ શકિત છે જે સત્‌ને ઉજાગર કરે છે. સ્તવને જ સાનિધ્યનો આનંદ આપ્યો. મોહનું એક પડ તૂટયું. અખંડ ભક્તિ ધારામાં અંતઃકરણ ખૂલી ગયું. ગાથા પાંચ પરમાત્માનાં સાનિધ્યનું સ્વરૂપ લઇ રજુ થઇ. "જિણે"સ્વરૂપમાં વ્યાપ્ત થઇ. "ચઉવિસં " સાથે "પિ" શબ્દ જોડાઇ ગયો. જે ૧૭૦ પરમાત્માનાં સાનિધ્યનો આનંદ આપવા લાગ્યો.

છઠ્ઠી ગાથામાં કીર્તન આગળ વધ્યું. નામની સાથે પરિણામ પ્રગટ થઇ ગયું. આ ગાથામાં નામ, પ્રણામ અને પરિણામની એકતા છે. આમાં કીર્તન દ્વારા પરમાત્મા નો પરિચય આપવામાં આવ્યો છે. આ શબ્દો પરમાત્માના વાચક છે. ગાથાની શરૂઆતમાં રજુ થયેલ ત્રણેય શબ્દો પરમતત્વનાં સાનિધ્યના સાક્ષી છે. આ શબ્દો છે. "કિતિય-વંદિય-મહિયા". કેટલીક જગ્યાએ "મહિઆ" શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે એને ખોટુ ન સમજતા બન્ને શબ્દો સાચા છે. આ કથન ભકત દ્વારા પરમાત્મા પ્રત્યે કરવામાં આવેલું કથન છે. હે પ્રભુ! તમે મારા દ્વારા કિર્તિત છો, વંદિત છો, પૂજિત છો. હે પરમાત્મા! ભલે તમારે આ કીર્તન, વંદન અને પૂજનની આવશ્યકતા નથી પણ મારા માટે એ આવશ્યક છે. આ પ્રક્રિયા ત્રિક સિવાય મારો મોક્ષ નથી. આ રીતે સંબોધનમય સંવાદ શરૂ થઇ ગયો.

કિર્તીતનો અર્થ કેટલાક લોકો પ્રશંસનીય અને કીર્તનીય એમ કરે છે. "કિત્તિય" શબ્દ પ્રશંસા અર્થે નથી. કીર્તનીય અર્થાત કીર્તન યોગ્ય એવો પણ અર્થ બરાબર નથી. અહીં તો તમે કીર્તીત છો. જેનું કીર્તન થઇ ચૂક્યું છે, જે પણ કીર્તન કરે એ સહુથી તમે કીર્તિત છો. હું લોગસ્સ બોલુ ત્યારે મારા દ્વારા "કિત્તિય", કીર્તિત તમે એવો અર્થ થાય છે. લોગસ્સ બોલવા વાળાઓ તરફથી આ પરમાત્મા પ્રતિ અગાધ

ભાવભરેલું સંબંધમય સંબોધન છે. સંવેદનશીલ સંવાદ છે. કીર્તનનો અભિપ્રાય થાય છે કે કીર્તન કરવાવાળો, જેમના પ્રત્યે કીર્તન કરવામાં આવે છે. તે કીર્તન ફક્ત એમને જ પહોંચે છે. આ એક આધ્યાત્મિકતા સાથેની લૌકિક વ્યવસ્થા છે. શબ્દો કોઇ પણ સાંભળી શકે છે. પરંતુ ભાવ માત્ર એમના સુધી જ પહોંચે છે.વ્યવહારમાં કેટલીય વાર આપણે સૂત્ર, સ્તોત્ર, મંત્ર, સ્વાધ્યાય કે માંગલિક બીજા દ્વારા સાંભળીએ છીએ કે અન્યને સંભળાવીએ છીએ. એ વખતે શબ્દોનો અભિપ્રાય શબ્દનાં અર્થ સાથે નહીં પણ ભાવાર્થ સાથે રજુ થાય છે. સ્તુતિમાં સ્તોત્ય જ્યાં સુધી “તે” બનીને રહે છે ત્યાં સુધી શબ્દાર્થનું મહત્ત્વ રહે છે. પરંતુ એ જ્યારે “તું” બની જાય છે સમક્ષ હાજર થઇ જાય છે. ત્યારે શબ્દોમાં ભાવાર્થનું મહત્વ રહે છે. લોગસ્સ સૂત્રની પ્રથમ ગાથામાં પ્રયુક્ત શબ્દ તીર્થંકર, જિન અને અરિહંત દ્વિઅર્થી અર્થાત્ “તે” અને “તું” બન્ને અર્થો માટે વાપરવામાં આવ્યાં છે . ગાથા બે, ત્રણ, ચાર માં નાદસહિત મંત્રમય કીર્તન છે. ગાથા પાંચ અને છમાં પ્રત્યક્ષ સંવાદ છે. ગાથા સાતનાં અંતમાં “સિધ્ધા” શબ્દથી સિધ્ધો પ્રત્યે સંબોધન છે. સાંભળવાની સંસ્કૃતિ ભલે જૂની છે છતાં પણ ભાવોની પ્રકૃતિ તો સદાય નવીન જ હોય છે.

હવે મને વિશ્વાસ થઇ ગયો કે તું મારું કીર્તન લઇ ચૂક્યો છે. મારો પોકાર સાંભળી ચૂક્યો છે. તું મને ઓળખી ગયો છે. મને અહેસાસ છે કે તું તે જ છે. જેનું મારા દ્વારા કીર્તન થયું છે. અહીં ભક્ત હૃદયનાં અવાજમાં બહુ જોશ છે. ભગવાનની શક્તિથી ભક્તની ભક્તિ કંઇ નિર્બળ નથી હોતી. પહેલા પોકાર થાય છે એના પછી નમસ્કાર થાય છે પછી સ્વીકાર થાય છે. નમસ્કારમાં આપણે આપીએ છીએ, પૂજામાં આપણે લઇએ છીએ. એટલે જ પ્રણામ પછી પૂજન થાય છે. પરમાત્માની સેવા હોય છે. પ્રભુની આજ્ઞાનો સ્વીકાર હોય છે. વંદનમાં આપવાનું છે પૂજનમાં લેવાનું છે . જેટલા પ્રેમથી આપવામાં આવે છે એનાથી વધારે પ્રેમથી લેવાનું પણ હોય છે. સમર્પણ એ મફતનો સોદો નથી, અહીં તો વ્યાજ સહિત પાછું મળે છે, પરંતુ આપવાના હોય તો ? જો કીર્તન વંદન વ્યવહાર હોય તો પૂજન પણ કેવી રીતે સાચું હોઇ શકે ? એ પણ એક વ્યવહાર છે.

ગાથા બે ત્રણ અને ચારમાં વંદના શબ્દ પાંચ વાર રજુ થયો છે. અહીં “વંદે” શબ્દ ત્રણ વાર અને “વંદામિ” શબ્દનો બે વાર પ્રયોગ થયો છે. બન્નેનો અર્થ વંદન કરું છું. એમ જ થાય છે. વંદન કરવાનો મતલબ છે.

“કપટ રહિત થઇ આતમ અર્પણા”

આનંદઘનજીએ ચોવીસીનાં પ્રથમ ઋષભદેવ સ્તવનમાં કહ્યું હતું અર્પણમાં આત્માર્પણ જ જોઇએ. અને એ પણ કોઇ પણ પ્રકારની માયા કપટથી રહિત હોવું જોઇએ.

પરમાત્માના ચરણોમાં આપણે શું આપી શકીએ ? જગતમાં અનંત પદાર્થ છે.

પદાર્થોનું મૂલ્ય છે. વસ્તુ અને પદાર્થ ગમે તેટલા કિંમતી હોય પણ પરમાત્મા માટે તો બધુ તુચ્છ છે.આવા પરમતત્વ ને આપવાની મજા તો ત્યારે છે, જ્યારે આપણે આપણું જ આપીએ . જે આપણને ગમતું હોય. જે આપણું હોય એ જ આપીએ. હવે વિચારો આપણું શું હોઇ શકે છે ? આમ તો આપણે આખી દુનિયાને પોતાની માની લીધી છે. પણ આપણે એ પણ જાણીએ છે કે આમાનું આપણું કાઇ જ નથી. આપણું એજ હોઇ શકે છે જે આપણી સાથે આવે છે. આપણાં ગયા પછી જે અહીં રહી જાય છે એમાનું કાંઇ પણ આપણું ન હોઇ શકે. આપણાપણાની ભાષા અહીં બદલાઇ જાય છે. અનંતકાળ થી કેટલાયે દેહ ધારણ કરીને પણ આપણા આત્માનો એક પણ પ્રદેશ દેહમય નથી બની શક્યો. આત્માએ કોઇ પણ એક પુદ્‌ગલનો હજી સુધી સ્વીકાર નથી કર્યો. ભાવાનુભૂતિ કે ભ્રમમાં આપણે માની લઇએ છે કે આ બધું આપણું જ છે. જ્યારે આપણે પોતે પદાર્થ વગરના છીએ તો અર્પણ શેનું કરીએ ? એટલે જ લોગસ્સ કોઇ પદાર્થનાં અર્પણની ચર્ચા કે વિધિ નથી. અહીં પોતાના સમર્પણની વાત છે.

મારી પાસે મારું કાંઇ જ નથી. હું મને પોતાને ભેટ ચઢાવું છું. આપણી ચેતના એક સમગ્રતાની ઘટના છે. જેમાં પાછળ કંઇ શેષ રહેતું નથી. પોતાના અર્પણનું પ્રતીક છે મસ્તક. આપણે એને જ અર્પણ કરી દઇએ છીએ. શરીરમાં સૌથી વધારે વજનદાર છે મસ્તક. તેને પાંચ વાર નમાવવાથી દુનિયાનાં બધાં સંબધો તૂટી જાય છે અને પરમાત્મા સાથે સંબંધ બંધાઇ જાય છે. મસ્તક સાથે જોડાવાનો અર્થ ચેતના સાથે જોડાઇ જવું છે. કેમકે મસ્તક દ્વારા જ આપણી ચેતનાનો મુખ્ય ભાગ ૭૨ હજાર નાડીઓમાં વહી રહ્યો છે. મૂળાધાર ચક્રથી શરૂ થયેલી પ્રાણધારા શક્તિ સ્રોત રૂપે વહેતી કરોડરજ્જુમાં થઇ ને ઉપર ચઢે છે. આ પ્રાણધારાનો છેલ્લો છેડો સહસ્રાર માનવામાં આવે છે. જે મસ્તકમાં સમાઇ જાય છે. મસ્તક અમૃત કુંભ છે. ગભરાતા નહીં, તેઓ માથું લઇ નથી લેતાં પણ એને ભરી દે છે. લોકનું સંપૂર્ણ પ્રેમપાત્ર માત્ર એ પરમશક્તિ સ્વરૂપ છે. મસ્તક ઝુક્યું વિઘ્ન અટક્યું.

લોગસ્સ બોલ્યા પછી એમ નહીં કહેતા કે પરમાત્મા કંઇ રિસ્પોન્સ નથી દેતા. એ એટલો મોટો રિસ્પોન્સ આપે છે કે બધા પાપ, તાપ, સંતાપનું નિવારણ થઇ જાય છે. એટલા માટે જ અહીં પરમાત્માને વંદનીય નહીં પણ "વંદિય-વંદિત" કહ્યાં છે. ગાથા બે થી ચારમાં એમને વંદનીય ગણી વંદના કરી. હવે તો કહે છે કે મારી વંદણા જેણે સ્વીકારી એ મારા દ્વારા વંદિત તું જ છે. કીર્તન વચનથી થાય છે. વંદન મસ્તક થી થાય છે. અને પૂજન હૃદયથી થાય છે. આજ કાલ વિજ્ઞાન એક વાત કહે છે કે નમસ્કાર અને ભક્તિનાં સમયે મગજમાં એક રાસાયાણિક પરિવર્તન પણ થાય છે. એમનું કહેવું છે કે ભક્તિ કરતી વખતે આપણાં મગજમાં એન્ડોરિફિન નામે એક રસાયણ ઉત્પન્ન થાય છે. આ રસાયણ ભક્તિની ચરમ સીમાએ ઉત્પન્ન થઇ ચિત્રમાં બતાવ્યા પ્રમાણે મગજમાં ફેલાઇ જાય છે.



એ બહુ જ અલ્પ માત્રામાં બને છે. અગર જો એની સક્રિયતા વધી જાય તો એને સહન કરવું પણ મુશ્કેલ થાય છે. વિજ્ઞાનનું કહેવું છે કે આ રસાયણ પુરુષ કરતા સ્ત્રીઓનાં મગજમાં વધારે ઝરે છે. એની અસર અને પરિણામ વિજ્ઞાન મોરફીનનાં ઇંજેકશન જેવી કહે છે. એન્ડોરિફિન રસાયણ માનવ દેહમાં દર્દનિવારકનું કામ કરે છે. એ કારણે જ ભક્તિ, ભાવ, તપ, ત્યાગને વખતે પેદા થતાં આ રસાયણને લીધે વેદના સહન કરવાની શક્તિ વધી જાય છે. શાંતિનાં સમયે પણ ચોક્કસ માત્રામાં વધારો થતો હોય છે. સમ્યક્દર્શનમાં આ સમ્પૂર્ણ રીતે પ્રગટ થાય છે.

આપણે જોઇએ છીએ, સાંભળીએ છીએ, અનુભવ પણ કરીએ છીએ. કે મહાપુરુષોનાં આશીર્વાદથી વેદના ઓછી થઇ જાય છે. આ બધું આ રાસાયણિક પરિવર્તનથી સંભવ છે. વિજ્ઞાન હજી આની ઉપર આગળ શોધ ખોળ કરી રહ્યું છે. યોગી પુરુષોએ જે સાધના સમયે મેળવ્યું એને વિજ્ઞાન દ્વારા સમજવાનો આ નિરર્થક પ્રયાસ આપણી નબળાઇ માત્ર છે. ફક્ત તાત્વિક દ્રષ્ટિથી સમજતી વખતે પડતી તકલીફો ને દૂર કરવા, સરળ બનાવી સફળ રાખવા માટે વર્તમાન સમયે વિજ્ઞાનનો સહકાર લેવામાં આવ્યો છે. તો પણ વિજ્ઞાન કંઇ પૂરેપૂરુ સમજાવી તો નથી જ શકતું, કેમકે આ વાતનો સંબંધ ભક્તિ યોગ અને ભાવના સાથે છે આધ્યાત્મ અનુભૂતિનો વિષય છે. વિજ્ઞાન અભિવ્યક્તિનો વિષય છે.

શબ્દોની યાત્રા વિજ્ઞાન સમજાવી શકે છે. પ્રાણધારાનો ઉર્જામય પ્રવાહ વિજ્ઞાન

પકડી શકે છે પણ એનું વહેવાનું આપણી ભાવનાઓ સાથે સંકળાયેલુ છે. છતાં પણ આજે આપણે વિજ્ઞાનની મદદ એટલા માટે લેવી પડે છે કે એને સરળતા પૂર્વક સમજાવવામાં વિજ્ઞાન સફળ રહ્યું છે. જો કે ભાવધારાનાં એક પ્રયોગની સામે વિજ્ઞાને અતિપ્રયાસ વાળા હજારો પ્રયોગો રજુ કરવા પડે છે. જ્યારે કે ભારતનાં ભાવયોગીઓ આ બધું પ્રયોગો વગર અનાયાસ સફળ રીતે કરી બતાવે છે.

"મહિયા" નો અર્થ થાય છે ચિત્તની એવી શૂન્ય દશા જેમાં કોઇ વિચાર ન રહી શકે. આવી શૂન્ય દશામાંજ પરમાત્માની પૂર્ણતા પ્રગટ થાય છે. પૂર્ણતાનાં આ અવતરણને"મહિયા" એટલે કે પૂજન કહેવાય છે. ધ્યાનની આ પરમ સર્વોચ્ચ દશા છે. જ્યાં અહંકાર સમાપ્ત થઇ જાય છે ત્યાં જ "મહિયા"પ્રગટ થઇ જાય છે. "મહિયા" નો પૂજન અર્થ સર્વમાન્ય સુપ્રસિધ્ધ છે. પૂજનની આ વ્યાખ્યા દ્રવ્ય પૂજનની છે. કેમકે આમાં અહંકાર કર્તાભાવ રૂપે છે. પૂજા ફક્ત પૂજ્યની જ થાય છેઓ પરંતુ પૂજામાં દ્રવ્ય, વસ્તુ, પદાર્થ વગેરે વૈભવમાં પૂજ્યની અપેક્ષા પૂજકનું મહત્ત્વ વધારે હોય છે.

દશાર્ણભદ્રરાજા ભગવાન મહાવીર પાસે પૂજા દર્શનાદિને માટે જ પ્રસ્થાન કરી રહ્યાં હતાં. પણ અહંકાર પ્રધાન અને પૂજ્ય ભાવ ગૌણ હતો. એમના અહંકારને જાણીને એની વિશાળ શોભાયાત્રાની આગળ અદ્દ્ભૂત એક હજાર હાથીઓને ઉતારીને એમનો ગર્વ તોડયો હતો. દરેક હાથીઓને આઠ આઠ મોઢા હતા. દરેક મોઢા પર આઠ આઠ સૂંઢો હતી. દરેક સૂંઢો પર આઠ આઠ દંતશૂળો હતા. પ્રત્યેક દંતશૂળો પર આઠ આઠ વાવડીઓ હતી. પ્રત્યેક વાવડીઓમાં શતદ્દળ કમળો હતા. પ્રત્યેક કમળ પર દેવ દેવીઓ નૃત્ય કરી રહ્યાં હતા. અને એ બધાની વચ્ચે બધા હાથીઓ ઉપર ઇન્દ્ર પોતે ઇન્દ્રસ્વરૂપે દેખાઇ રહ્યાં હતા. આ હાથીઓ વૈક્રિય લબ્ધિનાં હતા. ઇન્દ્રએ ગર્વ તોડવો હતો. એમનું કહેવુ હતું કે જો પ્રભુની ભક્તિ વૈભવના કારણે શ્રેષ્ઠ મનાતી હોય તો દેવતાઓ પાસે તો અમાપ વૈભવ છે. રાજન્ ! તમે ગમે તેટલો ભવ્ય વૈભવ કરો પણ એ અમારી સામે તો સર્વથા તુચ્છ છે.

ઇન્દ્રનાં આ વૈભવ પૂર્ણ હાથીઓને જોઇને રાજા વ્યાકુળ થઇ ગયો. પરમાત્મા પાસે જાઉ. દર્શન તો કરી લઉ. પાછો તો નહીં ફરું. એવું બધુ વિચારતો રાજા સમવસરણમાં પહોંચે છે. ગમગીન ચહેરે હતપ્રભ બની પ્રભુની સામે જોવે છે. પરમાત્માનું અપૂર્વ સાનિધ્ય મળી ગયું. એટલે નમી તો ગયાં. દર્શન પણ કર્યા પરંતુ મન આકુળ વ્યાકુળ છે. ચિત્ત વિચલિત છે. અંતર મન વિભ્રમીત છે. નયનો આતુર છે. વિજયની અભિલાષા છે. પરાજયનો અફસોસ છે. દર્શનનો અર્થ થાય છે પરમાત્માનું સ્વરૂપ આંખોથી પી લેવું. અંદર ઉતારી લેવું એટલે તો દર્શનની પ્રક્રિયા આંખો ખોલીને જોવાની છે. પરંતુ દર્શનની વિધિતો આંખો બંધ કરવાની છે. પ્રભુ દર્શન થતાં જ આપણી આંખો આપમેળે બંધ થઇ જાય છે. આ તમારો પણ જાત અનુભવ હશે. ગુરુ દર્શન, પ્રભુ દર્શન આપણે આંખો ખૂલી રાખીને નહીં પણ બંધ

રાખીને કરીએ છીએ.

પરમાત્માએ દશાર્ણભદ્રનાં અંતઃકરણના પટ ખોલ્યા. સત્ય ઢંઢોળ્યું. જાગૃત કર્યા. એમણે કહ્યું દશાર્ણ! પૂર્ણભદ્ર નગરીનાં નાથ હોવાં છતાંયે તમે અનાથ બની રહ્યા છો ? જરા અંદર તો જુઓ ભદ્ર! તમારો મારી સાથે નિરપેક્ષ અને સંબંધાંતીત સંબંધ છે. તમે સ્વ નાં સ્વભાવમાં પ્રગટ થઇ જાઓ, પણ દ્રવ્યોથી પોતાને પ્રદર્શિત ન કરો. તમે જાતે પરમાત્મ સ્વરૂપ છો. મોક્ષ સ્વરૂપ છો. સર્વવિરતિનાં સ્વામી છો. ઉઠો જાગો પોતાને ઓળખો. અવિરત ઇન્દ્રનાં આ વૈભવ દર્શનથી અને તમારા સભાન વૈભવ પ્રદર્શનથી વ્યાકુળ ન થાઓ સ્વ દર્શન કરો.

પરમાત્માનાં શબ્દો સાંભળી દશાર્ણભદ્રનો વૈભવ પ્રદર્શનનો નશો ઉતરી ગયો. આત્મવૈભવ પ્રગટ થયો. પૂજનનો કર્તાભાવ સમાપ્ત થઇ ગયો. નિજત્ત્વભાવ પ્રગટ થઇ ગયો. ચેતના સ્વયં હવે પૂજા બની ગઇ. અહંકાર રહિત પૂજાની શરૂઆત થઇ. "મહિયા" સ્વયં મહિમા બની ગયા.

એમને ધ્યાન આવ્યું, ભાન થયું કે પરમાત્માની પૂજા પંથ છે. જેના પર ચાલવાનું હોય છે. પૂજામાં અનુરાગ હોય છે, પણ એનો પરમાર્થ છે સત્યનો અનુરાગ. દરેક વ્યક્તિનું પોતાનું એક પરમસત્ય હોય છે નિજચેતના. આવી રીતે "મહિયા" અર્થાત્ પોતાની ચેતના પ્રત્યે અનુરાગ. એનો બીજો અર્થ થાય છે મમહિતા અર્થાત્ મહિતા. સ્વયંમાં નિજત્ત્વનો બોધ ભલે નથી પરંતુ પરમતત્વની થનારી પૂજા ભક્તિમાં પોતાનું હિત નિશ્ચિત છે. આપણી પૂજા માટે પરમતત્ત્વનું કોઇ પ્રયોજન નથી હોતું, છતાં પણ એમની પૂજામાં આપણા સર્વ પ્રયોજનો સમાઇ જાય છે.

કીર્તન, વંદન, પૂજન આ પ્રણામત્રિક છે. કીર્તન વચનથી થાય છે, વંદન મસ્તકથી થાય છે અને પૂજન હૃદયથી થાય છે. હવે આપણે પ્રણામથી આગળ વધીને પરિણામ સુધી પહોંચવું છે. કારણ કે પરિણામ વગરની કોઇ પણ પ્રક્રિયામાં આપણને રસ નથી હોતો. પ્રત્યેક પ્રવૃતિનું પરિણામ અવશ્ય હોય છે. આપણે ફળ ઇચ્છીએ છીએ એટલે વિચારીએ છીએ કે શું પરિણામ આવી શકે ? કેટલું ફળ મળશે ? ક્યાં સુધી ફળ પ્રાપ્ત થશે ? આવા કેટલાયે વિચારો આપણને આવતા રહે છે. જ્ઞાની પુરુષો કહે છે કે આટલા બધા પ્રશ્નોમાં અટવાવાની જરૂર નથી. એનું પરિણામ નક્કી છે. ગેરેન્ટી કાર્ડથી વસ્તુઓ ખરીદવાવાળાઓને આવા પ્રશ્નોની આદત હોય છે. હકીકતમાં એ વસ્તુનાં અસ્તિત્વની અવધિ નક્કી હોય છે. વસ્તુમાં પરિવર્તન ત્યારે આવે છે જ્યારે પદાર્થ તે અવધિને પાર કરી લે છે. બેત્રણ વર્ષની જેટલી પણ સમય મર્યાદા હોય આપણે ત્યાં સુધી ગેરેન્ટી કાર્ડ સાચવી રાખીએ છીએ. જ્યારે વસ્તુ બગડે છે ત્યારે ગેરેન્ટી કાર્ડનો સમય પણ પૂરો થઇ ગયો હોય છે. પદાર્થની સાથે આવું બને છે. આપણે હવે આ મહાસૂત્ર વિષે વિચારીએ. લોગસ્સ સૂત્ર આપણને ગેરેન્ટી સાથે મળ્યું છે. એની કોઇ સમય મર્યાદા નક્કી નથી કરવામાં આવી કે અમુક સમય પછી તેની અસર ઓછી થઇ જશે કે ધીમી પડી જશે એવું આમાં કંઇ નથી.

આમાં તો જેમ જેમ સમય પસાર થતો જશે તેમ તેમ આ સૂત્ર વધુમાં વધુ પરિણામ આપતું રહેશે. એની ગેરેન્ટી સીમામાં કોઇ મર્યાદા નથી. શાશ્વતને વળી સમયની મર્યાદા શેની હોય ? નિર્બંધને વળી બંધન કેવું ? એની ગેરેન્ટી તો નક્કી પરિણામ જાહેર કરે છે. ચોવીસ તીર્થંકર, અરિહંત ભગવંત, પરમ જિનેશ્વરદેવ, કેવળી મહાપુરુષ અને સિધ્ધોનું અનુગ્રહ સૂત્ર એટલે લોગસ્સ. અહીં તો પરિણામ નિશ્ચિત છે અને તેની માત્રા સમયની સાથે વધતી જાય છે. વર્ધમાન થતી રહે છે. ત્યાં સુધી, જ્યાં સુધી આપણે એ સિધ્ધ સ્થિતિને ન પામી શકીએ. એની કિંમત ફક્ત આપણુ સમર્પણ છે. જેવો મોલ તેવો માલ. આ એક માત્ર શરત આપણને આ વ્યવહાર જગતમાં સમજાવવામાં આવે છે. બાકી તો પરમ તત્ત્વનો પ્રેમ તો શરત વિનાનો હોય છે. નક્કી છે, પ્રમાણિત છે, સદા સર્વદા ફલિત છે. વિના કારણે કરુણાથી પ્રેરિત છે.

પરિણામ સ્તરનાં આધારે લોગસ્સ સૂત્ર ત્રણ પ્રકારનાં પરિણામોમાં વિભક્ત થાય છે.

(૧) પ્રથમ એ પરિણામ જેને મહાપુરુષોએ જાહેર કર્યુ.

(૨) બીજુ એ પરિણામ જેને વિજ્ઞાને માન્યતા આપી.

(૩) ત્રીજુ એ પરિણામ જેને વ્યવહારિક રીતે જરૂરીયાત મુજબ આપણે નક્કી કર્યુ હોય.

પહેલા આપણે એ મહાપુરુષો દ્વારા જાહેર કરાયેલા પરિણામ તરફ જઇએ. જેણે આ સૂત્રનું નિર્માણ કર્યુ છે એ પરમ જ્ઞાની ગુરુ ગૌતમસ્વામી, આપણા સહુનાં અંતરયામી, આપણે એમને જ પૂછીએ કે આ કીર્તનનું , વંદનનું, પૂજનનું આપણને શું ફળ મળશે ? આપના આ પ્રશ્નની જાણકારી એમને હતી જ એટલે તો એમણે આ સૂત્રની સાથે જ એના પરિણામ પણ જાહેર કરી દીધા. જેને આપણે એમની જ ભાષા ને પરિભાષામાં જોઇ શકીએ છીએ. આનંદ મેળવી શકીએ છીએ. એમણે કહ્યું શાંતિની પ્રક્રિયાનાં પરિણામ પણ શાંતિમય હોય છે. શુભ અને શાંતિમય પ્રક્રિયા ત્રણ છે. આરોગ્ય, બોધિલાભ અને ઉત્તમ સમાધિ.

**કીર્તનનું પરિણામ આરોગ્ય છે.**
**વંદનનું પરિણામ સંબોધિ છે.**
**પૂજનનું પરિણામ સમાધિ છે.**

રોગનાં ત્રણ પ્રકાર છે. શારીરિક, માનસિક અને આત્મિય. દેહમાં ઉત્પન્ન થાય છે એ શારીરિક રોગ છે. ટેન્શન, ડિપ્રેશન વગેરે અનેક પ્રકારનાં મન મસ્તકને સંલગ્ન રોગ હોય છે તે માનસિક રોગ છે. જે આત્માને ભટકાવે, ભવ પરિભ્રમણ કરાવે એ આત્મિક રોગ છે. પહેલા બે રોગોનો ઇલાજ બધે જ શક્ય છે. એલોપેથીક, હોમીયોપેથીક, યુનાની વગેરે કંઇ કેટલીયે સારવાર પધ્ધતિઓ પ્રચલિત છે. પરંતુ આત્મરોગનો ઉપચાર કંઇ દરેક જગ્યાએ નથી હોતો. આત્મરોગના ચિકિત્સક બધે

દુર્લભ છે, શારીરિક અને માનસીક રોગનાં ચિકિત્સક દિન-પ્રતિદિન વધતા રહ્યાં છે. દવાઓ પણ વધી રહી છે. આત્મરોગનાં ચિકિત્સક અને દવાઓ ઓછી થતી જાય છે. જો આત્મ રોગનો ઇલાજ થઇ જાય તો ઉપરોક્ત બન્ને રોગોનાં ઇલાજની આવશ્યકતા નથી રહેતી.

આરોગ્યનું બીજુ નામ સ્વસ્થતા છે. સ્વ માં સ્થિરતા સ્વસ્થતા છે. દૈહિક પીડા રહિત સ્થિતિને પણ આરોગ્ય કહે છે. સ્વસ્થતાની આ સર્વમાન્ય સામાન્ય પરિભાષા છે. ગુજરાતીમાં કહે છે "પહેલું સુખ તે જાતે નર્યા". એટલે કે શરીરની સુખાકારી એ પહેલું સુખ છે. લોગસ્સ સૂત્રમાં આરોગ્યની વાત દેહની નહીં આત્માનાં આરોગ્યની વાત છે. પ્રશ્ન થાય છે કે શું આત્મા પણ બીમાર થઇ શકે છે ? આમ તો આત્મા શુધ્ધ બુધ્ધ નિરંજન છે. એટલે કંઇ નિશ્ચય દ્રષ્ટિથી આત્મા બીમાર નથી. પણ વ્યવહાર દ્રષ્ટિએ આત્મા બીમાર થઇ શકે છે. આમ બન્ને અભિપ્રાયો સાંભળી તમે મુંઝાઇ ગયા ને ? આવો આપણે એ વિષે ઉંડેથી વિચારીએ. જેમ આપણી પાસે સ્વચ્છ, શુભ્ર અને ચમકદાર નવા વસ્ત્રો છે. તેનો ઉપયોગ શરૂ થાય છે અને જેમ જેમ તે વપરાતા જાય છે તેમ તેમ તે મેલા થતા જાય છે. સાથે સાથે એની ચમક દમક પણ ઓછી થતી જોવા મળે છે. નવા વસ્ત્રો થોડાં જ વખતમાં જૂના જેવા લાગે છે પણ હવે જો સ્પેશ્યલ સાબુમાં ચોક્કસ વિધિપૂર્વક ધોઇ પછી સ્ટાર્ચ, ઇસ્ત્રી વગેરે કરવામાં આવે તો તે પાછા નવા જેવા થઇ જાય છે. તેની ચમક દમક પાછી આવી જાય છે. એમાં જે તાજગીપણું કે ચમક દેખાતા હોય છે તે એમ સૂચવે છે કે વસ્ત્રોમાં તાજગીપણું તો હતું જ ફક્ત તેની ઉપર લાગેલો મેલ દૂર કરી દેવામાં આવ્યો. આ તમારા રોજના અનુભવની વાત છે.

આજ રીતે આત્મા પોતે સ્વસ્થ છે. આરોગ્યમય છે. જ્ઞાનમય છે. સમાધિમય છે. અનાદિ પરિભ્રમણને કારણે એની ઉપર મેલ ચઢેલો છે .એની સ્વસ્થતામાં અવરોધ છે, રોગ છે, એ કારણે જ એ બીમાર છે. અહીં રોગનું મુખ્ય કારણ રાગ દ્વેષ છે. પદાર્થમાં, વ્યક્તિમાં, વસ્તુમાં પોતાની અસ્થિરતા અને પ્રિય અપ્રિયની નિરંતરતા અનંત સંસારનું કારણ છે. આ રાગ દ્વેષ એનું પરિણામ છે. એ જ રોગ છે. પ્રણામત્રિક આત્માને ધોવે છે. સાફ કરે છે. અહીં કોઇ મેડિસિનની નહીં પણ મેડીટેશનની આવશ્યકતા છે. આપણને દવા નહીં ધ્યાન જોઇએ છે. જગતમાં રોગ દૂર કરવા માટે દવા આપવામાં આવે છે અહીં પ્રભુ સ્મરણમાં સ્વસ્થતા સ્વયં પ્રગટ થઇ જાય છે. આપણું તણાવરહિત અસ્તિત્ત્વ પ્રગટ થાય છે. સ્વયંમાં સ્થિરતા તે ધ્યાન છે. આજ સ્થિરતા આપણને સ્વસ્થતા આપે છે. ગૌતમ સ્વામીએ એને બહુ જ વિગતવાર સમજાવ્યું છે કેમકે, એમાં રોગમાં પીડા હોય છે અજ્ઞાનતા એ પીડામાં એકરૂપતા અને અભેદભાવ લાવે છે. અસમાધિ એમાં અનુભૂતિમય થઇ જાય છે અને એજ કારણે પરિણામ ત્રિકમાં આરોગ્ય પ્રથમ છે પછી બોધિ અને અંતિમ તે સમાધિ છે.

હવે આપણે જોઇએ કે લોગસ્સ સૂત્ર આપણને કેવી રીતે શુધ્ધ કરી શકે છે ? સંસાર કર્માણુઓથી ખીચોખીચ ભરેલો છે. એમાં કોઇ પણ કાર્મિક અણુ એવો નથી જે

આપણા પ્રયત્ન વગર કે આકર્ષણ વગર સીધો આવીને આપણા આત્માને ચોંટી જાય. કર્માણુઓનું આવીને ચોંટવું એ આપણા દ્વારા જ એટલે કે આપણા પ્રયત્ન દ્વારા જ સંભવ છે. મન, વચન, કાયાનાં ત્રણેય યોગો, ભાવકર્મ અને રાગદ્વેષ દ્વારા એ આકર્ષાય છે. આ આકર્ષિત કર્માણુઓ આત્માને ચોંટી જાય છે. આત્મા સાથે બંધાઇ જાય છે. અનાદિકાળથી આ પ્રક્રિયા ચાલે છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ આત્મસિધ્ધિમાં એને બહુ સારી રીતે સમજાવ્યું છે.

ભાવકર્મ નિજકલ્પના, માટે ચેતન રૂપ,
જીવવીર્યની સ્ફુરણા, ગ્રહણ કરે જડધૂપ.

જે પર છે એને આપણા માનવા નો ભાવકલ્પ આપણી પોતાની ઉત્પન્ન કલ્પના છે. એ કારણે એ ચેતન રૂપ છે. આ આપણાપણું હકીકતમાં આપણું નથી. જ્ઞાની પુરુષોએ એને પર અર્થાત્ પારકું કહ્યું છે. જેટલું જોર ભાવ કર્મોમાં હોય છે જીવનું તેટલું વીર્ય સ્ફુરિત થાય છે. વીર્ય સ્ફુરણા થતાં જ જડ કર્માણુ આકર્ષાઇને આત્મા સાથે ચોંટી જાય છે, બંધાઇ જાય છે. બંધનની આ ક્રિયા અનાદિકાળથી ચાલી આવી છે. જો કે ચેતન અને કર્મ આ બન્નેનું અસ્તિત્ત્વ હમેંશા શાશ્વત છે, છતાં પણ ચેતન ક્યારેય જડ નથી થઇ શકતો અને જડ ક્યારેય ચેતન નથી થઇ શકતો.

આત્માનાં કર્મ બંધનની પ્રક્રિયાનાં ચાર પ્રકાર છે, (૧) સ્પષ્ટ (૨)બધ્ધ (૩) નિધત્ત અને (૪) નિકાચિત.

પ્રથમ પ્રકાર સ્પષ્ટ છે. આ પ્રક્રિયામાં કર્માણુ આત્મા સાથે માત્ર સ્પર્શ કરે છે. આ બંધનમાં ભાવોનાં આવેગ નથી હોતો. જેવી રીતે ઝાડુ કાઢીને ઘર સાફ કરવામાં આવે છે. ફક્ત ધૂળ હોય તો ઝાડુ થી સફાઇ થઇ જાય છે બીજી કોઇ ચીજની જરૂર નથી રહેતી. જેમ રેતી પર બેસીને ઉભા થતાં જ માત્ર કપડાં ખંખેરી નાખવાથી સાફ થઇ જાય છે. આવી જ રીતે આત્માનાં નિર્લેપ ભાવમાં બંધાયેલા કર્મ સ્પષ્ટ કહેવાય છે. આ બંધનથી મુક્ત થવા માટે પરમાત્માનું ભાવપૂર્વક સ્મરણ કરવામાં આવે છે. ઉદયમાં પણ આમાં વિષમતા બહુ ઓછી હોય છે. ગાથા પાંચમાં "અભિથુઆ" શબ્દનો ભાવ પ્રયોગ આજ કર્મ ક્ષયમાં પરમ સાધન સ્વરૂપ માનવામાં આવે છે.

બીજો પ્રકાર બધ્ધ છે. આમાં કર્માણુ માત્ર સ્પર્શતા જ નથી, પરંતુ ચોંટે પણ છે. બંધાય પણ છે. બંધન એટલું મજબૂત પણ નથી હોતું કે હથોડાથી ઠોકીને ફીટ કરી દીધું હોય, પણ દોરાથી બંધાયેલા જેવું હોય છે. પાણી ઢોળાયુ હોય અને ધૂળ પણ હોય તો માત્ર ઝાડુથી સફાઇ નથી થતી, એમાં પોતું કરવું પડે છે. આ કર્માણુઓનો નાશ કરવાનો ઉપાય પરમાત્માનું કીર્તન છે. સ્મરણ માત્રથી આ કર્મો દૂર નથી થતાં. વારંવારનાં રટણ કીર્તનથી આ કર્માણુઓ ખલાસ થઇ શકે છે.

ત્રીજો પ્રકાર નિધ્ધત છે. આ કર્માણુ ઓ ભાવવાહી સ્થિતિમાં બંધાયેલા હોય છે. આ બંધનમાં રસ હોય છે. જેમ ઘરમાં ફક્ત ઝાડુ પોતાથી સફાઇ શક્ય નથી હોતી

પણ સાબુ નાખીને સફાઇ કરવી પડે છે. જમવાના ટેબલ પર જે ચીકણું હોય છે એને સાફ કરવા પાણી સીવાય બીજી વસ્તુઓની પણ જરૂર હોય છે. જેમ વીટીંમાં નંગ જડાયેલો હોય છે એવી રીતે આ કર્માણુઓ આત્મા સાથે જડાયેલા હોય છે. એમના નાશનો ઉપાય વંદણા છે.

ચોથો પ્રકાર નિકાચિત છે એને ગાઢા કર્મો કહે છે. એનો નાશ થવો અત્યંત મુશ્કેલ હોય છે. ગાઢા કર્માણુ અત્યંત ગાઢા સ્વરૂપે આત્માની સાથે એકરૂપ થઇ ગયા હોય છે. આટલા ગાઢા હોવા છતાંયે આ કર્માણુઓ અને આત્માનું અસ્તિત્ત્વ કાયમ જુદું જ રહે છે. આ અત્યંત રસ પૂર્વક બંધાયેલા હોવાથી જટિલ હોય છે. સ્મરણ, વંદન, રટણ વગેરે થી એ દૂર નથી થતા. પૂજન ધ્યાન વગેરે આત્મા સાથે સંબંધિત હોવાથી એનાથી દૂર થવાની શકયતા છે. નહીંતર એને ભોગવવા જ પડે છે. જેમ જમીન કે કપડા પર રંગ કે તેલનાં ધાબા હોય છે અથવા ડાઘ હોય છે. એને કાઢવા સાબુ સીવાય અન્ય ડીટર્જન્ટ, કલીનર્સ વગેરેનો પણ ઉપયોગ કરવો પડે છે. એવી રીતે આ કર્મો પણ ગાઢા હોય છે. તો એનો ઉપાય પણ એવો જ હોય છે. પરમાત્મા સાથે આપણો સંબંધ ખૂબ ગાઢા બની જાય તો એનો નાશ થઇ શકે છે.

આવી રીતે અનંતકાળથી જીવ અનંત કર્મોને લીધે અનાદિ નિગોદ રૂપ અવ્યવહાર રાશિમાં રહે છે. જ્યારે એક જીવ સંસાર ચક્ર પૂરુ કરી નિર્વાણ પ્રાપ્ત કરે છે ત્યારે એક જીવ આ અવ્યવહાર રાશિમાંથી નીકળીને વ્યવહાર રાશિમાં આવે છે. જેમા જીવ ફકત જન્મ મૃત્યુ જ કરતો રહે છે એને અવ્યવહાર રાશિ કહે છે. એમાં જીવનો કોઇ પ્રયત્ન નથી હોતો એનો આગળનો વિકાસ હવે બીજાની મદદ વડે થાય છે. આવી રીતે જન્મ મૃત્યુ કરતાં જ્યારે કર્મોનું પાતળું પડ તૂટે છે દૂર થાય છે અને વિકાસ શરૂ થાય છે આવી રીતે જ્યારે એક જીવ સંસાર યાત્રા પૂરી કરી નિર્વાણ પ્રાપ્ત કરે છે. મુકત દશા પ્રાપ્ત કરે છે સિધ્ધ થાય છે. ત્યારે આ જન્મ મૃત્યુની અવ્યવહાર રાશિથી બહાર નીકળે છે. જે વિકાસ યાત્રામાં એ પ્રવેશ કરે છે એ વ્યવહાર રાશિ કહેવાય છે. આ સ્થિતિમાં લાવનારા સિધ્ધ પુરુષ એના વિદેહી પિતા બન્યા સમજવું જોઇએ. પૂર્ણત્વ પ્રાપ્તિની પ્રવેશયાત્રામાં એમણે આને જન્મ આપ્યો.

પરમાત્માના આપણી સાથે ત્રણ પ્રકોરનાં સંબંધો હોય છે. પ્રજ્ઞામય, આજ્ઞામય, અને કરુણામય. જીવની પોતાની બે દશા હોય છે.સંજ્ઞામય અને પ્રજ્ઞામય. અનાદિકાળથી જીવ સંજ્ઞાઓથી સંયુકત જ હોય છે. સંજ્ઞાઓ માટે તેને કોઇ પ્રયત્ન કરવાની આવશ્યકતા નથી હોતી. સંજ્ઞાના ચાર પ્રકાર છે આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞા. એ સીવાય બીજી ક્રોધ માન વગેરે સોળ અવાંતર સંજ્ઞાઓ જીવ સાથે સંકળાયેલી છે. સંજ્ઞા જીવ કરતો જ રહે છે. એમાં પોતાનુ કોઇ જ્ઞાન પણ નથી હોતું. જેમ કીડીને આહારની સંજ્ઞા છે. જ્યાં ગળપણ હોય ત્યાં પહોંચે છે. રસ્તામાં અવરોધ આવે છે અકસ્માત થાય છે. મરી જાય છે અવરોધ જોવાનો સમજવાનો અને એનાથી ચેતી જવાનું જ્ઞાન એને નથી હોતું. એવી રીતે અજ્ઞાન પણે

જન્મ મરણ કરતાં કરતાં એ આગળ વધતો રહે છે. આ યાત્રામાં જીવનો પરમાત્મા સાથે કરુણામય સંબંધ હોય છે.

ધીમે ધીમે કર્મ ક્ષય અથવા અકામ નિર્જરા કરતો કરતો એ જીવ મનુષ્ય જન્મ સુધી પહોંચે છે. અહીં એને પ્રજ્ઞા (જ્ઞાન) મળે છે. આ જન્મમાં સંજ્ઞાઓ તો હોય છે, પણ પ્રજ્ઞાને કારણે સંજ્ઞાનું સંયોજન થવાથી ઉપયોગમાં આવે છે. અહીં પરમાત્માનાં આજ્ઞામય સંબંધ શરૂ થાય છે. આ જન્મમાં સંજ્ઞાઓ તો છે પણ આજ્ઞાઓ સંકળાઇ જાય છે. આ આજ્ઞાઓ જ સંજ્ઞાઓને પૂરી કરી શકે છે. જ્યાં સુધી જીવ આજ્ઞા નથી સમજતો આગળનો વિકાસ અટકી જાય છે. કેમકે હવે આ જન્મમાં પરમાત્માની કરુણા કરતા આજ્ઞાનું મહત્વ વધારે છે. વિકાસનાં આ લેવલે પોતાની પ્રજ્ઞા પણ જાગૃત થઇ જાય છે. એટલે પરમાત્માએ એને આજ્ઞા ધર્મ આપ્યો. આહારસંજ્ઞા છે પણ શું ખાવું ? કેટલુ ખાવું ? કેવી રીતે ખાવું ? ક્યારે ખાવું ? એની આજ્ઞા એમણે આપેલી છે. ભયસંજ્ઞા છે, પણ તેઓ અભય દયાણં બની ને આવે છે. કહે છે તુ આત્મા છે. તને ક્યારેય કંઇ થતું નથી. તું અજર અમર અવિનાશી છે, મૈથુનસંજ્ઞા છે પરંતુ પરમાત્મા પહેલા મર્યાદાધર્મ આપે છે. પછી આત્માની બ્રહ્મવિધા પ્રગટ કરે છે. પરિગ્રહ સંજ્ઞા અનાદિવાસનાને કારણે થાય છે પરંતુ પરમાત્મા કહે છે તું ફક્ત પોતાના કર્મોનો જ ઉપયોગ કર્તા છે. બીજા જેટલાં પણ છે બધાં પારકા છે. તારું કાંઇ નથી. આ ભેગા કરેલા વ્યક્તિ કે વસ્તુમાંથી પ્રાપ્ત થયેલું સુખ-દુ:ખ તારી ભ્રમણા માત્ર છે. આ આજ્ઞા ધર્મ કરુણામય સંબંધને સાર્થક અને મહત્વપૂર્ણ કરે છે. આમાં હવે કોઇ પણ અકસ્માતની સંભાવના નથી.

હવે આપણે ઉપર દર્શાવેલા ત્રણ પરિણામોમાંથી બીજા વિજ્ઞાનનાં પરિણામને જોઇએ કે વિજ્ઞાન આને કેવી રીતે માન્યતા આપે છે. એ આપણે અનુભવીએ છીએ. કે ભોજનની જેમ કીર્તન વખતે પણ મોઢામાં જુદા જુદા રસ ઉત્પન્ન થાય છે. વિજ્ઞાનનું કહેવુ છે કે મોઢામાં રહેલી જુદી જુદી સ્વાદ ગ્રંથિઓથી વહેતો રસ ઉપરથી સૂક્ષ્મઆંતરિક્ષશક્તિ ધારાથી અવતરતી પરમ પાવન શક્તિનું અને ધરતી ઉપરથી આવેલી પવિત્ર ઉર્જા શક્તિનું આકર્ષણ કરે છે.

અહીં રજુ થયેલા ચિત્રમાં ગ્રંથિઓનાં નામ છે અને એ કેવી રીતે ઉપર નીચે શક્તિનું આકર્ષણ કરે છે એ પણ સ્પાઇરલ રૂપે બતાવવામાં આવેલું છે. છેવટે વિજ્ઞાન દ્રવ્ય કીર્તન વંદન સમાધિનું જ ચિત્ર અથવા વર્ણન કરી શકે છે. ભાવવાહી સ્થિતિનું કથન જે માત્ર ધ્યાન સાથે સંબંધ ધરાવે છે તેને બિચારું વિજ્ઞાન કેવી રીતે રજુ કરી શકે ? આ થઇ કીર્તનની વિજ્ઞાનમય પરિભાષા.

હવે ત્રીજા વ્યવહાર પરિણામમાં સાધક આશા અપેક્ષાની સાથે આરાધના કરે છે. એને બે વિભાગોમાં વહેંચીએ છીએ. કમ્પેરિઝન અને કોમ્પીટેશન એટલે કે સરખામણી અને હરીફાઇ. સરખામણીમાં એવું કે એણે લોગસ્સનો જાપ કર્યો તો તેનો છોકરો પાસ થઇ ગયો. લગ્ન થતાં ન હતા તો થઇ ગયા. એને ત્યાં રેડ ન પડી.




એટલે હું પણ એજ જાપ કરું. હરીફાઇમાં એણે બાર લોગસ્સનો કાઉસ્સગ કર્યો, હું પંદર લોગસ્સનો કરું. ભાવથી જોડાયા વગર પરિણામ નથી મળતું. સમયનાં અભાવે આપણે આ વિષે વધારે ચર્ચા નહીં કરીએ. કારણ કે કીર્તનથી આગળ આપણે સમાધિ સુધી પહોંચવાનું છે.

સંબોધિ હોવાથી સમાધિની ચિંતા નથી રહેતી. સંબોધિ સમાધિની પૂર્વ સૂચના છે. સંબોધિ વિશ્રામ છે. સ્વ નો સ્વીકાર છે. આપણે જોયું કે મોક્ષ પ્રાપ્તિમાં કર્મો બાધક છે અને તે કર્મો અંનત પ્રકારનાં છે. જ્યારે પહેલી વાર જિજ્ઞાસુએ આ સાંભળ્યુ ત્યારે પ્રભુને કહ્યું હે ભગવાન! અનંતને તો હું પાર નહીં કરી શકું. એને તમે ઓછા કરી નાખો. પરમાત્માએ આપણી ઇચ્છા પૂરી કરી છે. એમણે અનંત કર્મોને આઠ વિભાગમાં વહેંચી નાખ્યાં. શિષ્યએ તેને પણ ઓછા કરવાનું કહ્યું. ત્યારે ભગવાને કર્મોનું મૂળ અને કર્મોનો રાજા મોહનીય છે તેને કર્મોનું મૂળ કહ્યું તેનું સ્વરૂપ દર્શાવતા તેના પ્રકાર કહ્યાં. મોહનીયના બે પ્રકાર છે દર્શનમોહનીય અર્થાત્ જે આત્મા પ્રત્યે અનાત્મબુધ્ધિ ફેલાવે અને બીજુ ચારિત્રમોહનીય અર્થાત્ જે આત્માને આત્મા તરીકે ઓળખ્યા પછી એમાં આવવાવાળી સ્થિરતાને અટકાવવાવાળા ક્રોધ, માન, માયા,

લોભ, હાસ્ય, ભય, શોક, રાગ, દ્વેષ અબ્રહ્મભાવ (વેદાદિ).

શિષ્ય પૂછે છે એને કેવી રીતે દૂર કરવા. ત્યારે ઉપાય બતાવતા કહે છે બોધિ અને સમાધિથી એ દૂર થાય છે. એનો નાશ થાય છે. બોધિ અર્થાત્ ગુરુ પ્રાપ્ત બોધ જે આત્મબોધ પ્રગટ કરે. સમાધિ એટલે કે આત્મામાં રહેલી અનંત અવ્યાબાધ પરમ સમાધિ સુખને પ્રગટ કરવાવાળી વીતરાગતા. વીતરાગ દશા સ્વયંની દશા છે. સંપૂર્ણ યાત્રા દરમિયાન અર્ધા રસ્તાની એટલે કે ૫૦% જવાબદારી સદ્ગુરુની હોય છે. હવે વાત રહી વીતરાગતા પ્રગટ કરવાની એને શિષ્યએ પોતાના પ્રયત્નથી પ્રગટ કરવાની હોય છે કેમકે એ સ્વ દશા છે.

આત્મસિધ્ધિમાં કહ્યું છે,

કર્મો અનંત પ્રકારના તેમાં મુખ્યે આઠ,
તેમાં મુખ્યે મોહનીય હણાય તે કહું પાઠ।
કર્મ મોહનીય ભેદ બે દર્શન ચારિત્ર નામ,
હણે બોધ વીતરાગતા. અચૂક ઉપાય આમ।।

આજે આપણે સંબોધિ પ્રાપ્ત કરવાની છે અને સમાધિ સુધી પહોંચવાનું છે. એટલે આજે પ્રારંભમાં આપણે પ્રભુ સાથે વાતની શરૂઆત કરશું. સંવાદ નથી કરવાનો પ્રસાદ લેવાનો છે. આજે આપણે એમને બોલાવવાના છે. બૂમ પાડવાની છે. એમણે આવવાનું છે. હાથ પકડવાનો છે. સાથે લઇ જવાના છે. સમાધિ અપાવવાની છે. હવે પ્રશ્ન નહીં કરતા કે શું વીતરાગ પરમાત્મા કંઇક આપે છે ? પણ એ નિર્ણયને સ્વીકારીને આગળ વધજો કે ભગવાન કોઇ ભૌતિક ચીજ નથી દેતાં. પરંતુ સમાધિ એમના સિવાય બીજુ કોઇ આપી પણ નથી શકતું.

હવે આપણે રાજા શ્રેણિકનું જીવન જોઇએ. જેમાં પરમાત્માનાં બધાંજ સંબંધો અત્યંત સ્પષ્ટ છે. એકવાર શ્રમણ ભગવાન મહાવીર રાજગૃહ નગરમાં પધાર્યા. સમવસરણ તૈયાર થયું. કીર્તન વંદન ઉપદેશ હેતુ પરિષદ આવી. શ્રેણિક રાજા પણ ગયા. અચાનક એક કોઢીયો શ્રેણિકરાજા પાસે આવીને બેસી ગયો. નિયમ અનુસાર સમવસરણમાં ઘૃણા કે તિરસ્કાર ન કરી શકાય તેથી રાજા ચૂપ રહ્યાં. અચાનક રાજા શ્રેણિકને છીંક આવી અને કોઢીયાએ કહ્યું "ચિરંજીવ રહો". એટલામાં અભયકુમારને છીંક આવી એટલે એણે ફરીથી કહ્યું "મરો કે જીવો". કાળસૌકરિક કષાયને છીક આવી તો બોલ્યા "ન મર ન જીવ". એટલામાં ચોથી છીંક ભગવાનને આવતી હોય તેમ લાગ્યું અને એ બોલ્યો "મરી જા". રાજાને ક્રોધ આવ્યો. પેલા પુરુષને પકડવા માટે બેઠા થયા. તો એ અલોપ થઇ ગયો. શ્રેણિકરાજા એ આ છીંકોનાં રહસ્યને ખોલવાની ઇચ્છા વ્યક્ત કરી.

ભગવાને કહ્યું આ કોઢીયો પૂર્વજન્મમાં અતિભોજનની લાલચમાં કોઢીયો થઇ ગયો. પૂણ્યયોગે એક સર્વોષધિ લબ્ધિધારી શ્રમણનાં એને દર્શન અને ચરણ સ્પર્શ

થઇ ગયા જેનાથી એનો કોઢ દૂર થઇ ગયો. પ્રભાવિત થઇને એણે આગાર (ગૃહસ્થ) ધર્મ વ્રત અંગીકાર કર્યો અને મરીને દેવ થયો. દેવ સ્વરૂપે રહેલા એ કોઢીયાએ તમારા ભાવીનાં એક રહસ્યને આજે એક રૂપક દ્વારા ખોલ્યું છે.

હવે સાંભળો છીંકોનું રહસ્ય. કાલસૌકરિક કસાય જીવતો રહે તો હિંસા કરે અને મરે તો નરકમાં જાય. એથી એનું જીવવું અને મરવું બન્ને કંઇ સારા નથી. તેથી તેની છીંક સાંભળી દેવ સ્વરૂપે આવેલા કોઢીયાએ કહ્યું "ન મર ન જીવ". અભયકુમાર જીવે તો અહીં સુખ ભોગવે અને મરે તો અનુત્તર વિમાનમાં દેવ બને. તેથી અભયકુમારને છીંક આવી એટલે એણે કહ્યું "મરો કે જીવો". કેમ કે એ જીવે કે મરે એને બન્ને લોકમાં સુખ જ સુખ છે. હું જેટલો જલદી મરી જાઉ એટલું જ સારુ છે. કેમકે હું સિધ્ધગતિમાં અવ્યાબાધ સુખ ભોગવીશ. તેથી તેણે કહ્યું "મરી જા". હે શ્રેણિક! તમારું જીવતા રહેવું જ સારુ. કેમકે અહીં રાજ્ય સુખ ભોગવો છો અને મર્યા પછી તમારે નરકની વેદના ભોગવવાની છે. તેથી તેણે કહ્યું "ચિરંજીવ રહો".

રાજા શ્રેણિક ભગવાનનાં ચરણોમાં ઝુકી ગયાં. પરમાત્માને કહ્યું કરુણા સાગર! મને આ નરકની વેદનાથી મુક્ત કરો. ભગવાને કહ્યું કે એક વખત ગર્ભવતી હરણીનો શિકાર કરતી વખતે તમે ચિકણા કર્મો બાંધી આવતા જન્મ માટે નરક ગતિનાં આયુષ્યનો બંધ કરી લીધો છે. આવાત સાંભળી શ્રેણીકે પરમાત્માને વિનંતી કરી પ્રભુ! તમારા જેવા પરમતત્ત્વનો ભક્ત નર સમ્રાટ બની શું હું નરકમાં જઇશ? પ્રભુ આપ જે કહો તે કરવા તૈયાર છું. હું નરકમાં ન જાઉં તેવા ઉપાયો મને બતાવો. આ રીતે જીદ કરીને શ્રેણિકે નરક ગતિને ટાળવા માટેનો ઉપાયો જાણ્યાં. એને બદલી નથી શકાતું એવું જાણતા હોવા છતાં ભગવાને એને પાંચ ઉપાયો બતાવ્યા.

(૧) પુણિયા શ્રાવકની એક સામાયિક ખરીદવી.

(૨)નવકારસીનું અખંડ વ્રત કરવુ.

(૩)કાલસૌકરિક કસાઇ પાસે એક દિવસ હિંસા બંધ કરાવવી.

(૪)કપિલાદાસીનાં હાથે મુનિઓને આહાર દાન દેવું.

(૫)શ્રેણિકના દાદી ભગવાન મહાવીરના દર્શન કરે.

શ્રેણિકે કહ્યું પ્રભુ! આતો હું પાંચેય ઉપાયો અજમાવી શકું તેમ છું. આમ તો ઉપાય બધાં શક્ય જ હતાં. પોતાના સામર્થ્યની સંભાવના પ્રગટ કરતા શ્રેણિકે પગ ઉપાડયો.

આગળ હું કથાનો વિસ્તાર નહીં કરું. તમે બધાં જાણો જ છો કે દરેક ઇલાજ કેવી રીતે નિષ્ફળ થયો. અંતે એક દિવસ અનાથિમુનિની મુલાકાત થાય છે. સંજ્ઞાને તોડે છે પ્રજ્ઞાનને જગાડે છે અને પરમાત્મા સાથેનાં આજ્ઞામય સંબંધની ઓળખાણ કરાવે છે. અંતઃકરણનું પરિવર્તન થાય છે. આવે છે પ્રભુ ચરણોમાં અને કહે છે પ્રભુ! હું નરકમાં જવા તૈયાર છું. બસ મને એવું વરદાન આપો કે નરકમાં પણ તમારું ભાવપૂર્વક કીર્તન, વંદન અને પૂજન કરતો રહું. તમારું સ્મરણ સદાયે મારી સાથે રહે.

નરકમાં દુ:ખતો હોય જ છે. પણ હું એ દુ:ખોથી દુ:ખી ન થાવ. તમારા અનંતસુખમય આત્મ સ્વરૂપને ન ભૂલું. નરકમાં પણ આજ્ઞાપાલન કરી શકું એવી ભાવના રાખું. દેહ અને આત્મા અલગ છે. એવું જ્ઞાન જે તમે મારામાં પ્રગટ કર્યું છે. એને હું સાથે લઇ જાઉં. તમે મને સમાધિનું સમાધાન આપો. સમકિતનું દાન આપો. પ્રસન્નતાનું વરદાન આપો.

પરમાત્મા એ કહ્યું; " દેહ અને આત્માની ભિન્નતાને જાણવી આરોગ્ય છે. અને દેહ અને આત્માની ભિન્નતાને સમજવી બોધિ છે અને એનો સ્વીકાર કરવો તે સમાધિ છે. ભક્તિનું ફળ સમાધિ છે. સમાધિ જ પ્રસન્નતા છે. સમ્યક દર્શનનું પરિણામ પણ સમાધિ છે."

સમાધિની આગળ ત્રણ મહત્ત્વના શબ્દો છે. "વર", "ઉત્તમ" અને "દિંતુ". "વર"શબ્દ "સમાહિ" શબ્દની પાછળ જોડાયેલો છે. એના પછી "ઉત્તમ"અને "દિંતુ"છે. એમાં "વર"અર્થાત્ શ્રેષ્ઠ અને "ઉત્તમ" અર્થાત્ ઉત્તમોત્તમ. હવે વિચારીએ શ્રેષ્ઠ અને ઉત્તમમાં કેટલો ફરક છે. જન્મ અને મૃત્યુની વચ્ચે જીવન છે. જીવન મૃત્યુની પહેલા છે. પરમાત્માનું કહેવું છે, જેનું જીવન સમાધિમય હોય છે તેનું મરણ પણ સમાધિમય જ હોય છે. જીવનની કોઇ ક્ષણો સમાધિવિહીન ન હોવી જોઇએ. જેને બધું મળેલું હોય પણ જો જીવનમાં સમાધિ નહીં હોય તો તે દુ:ખી જ છે. જીવનનું શ્રેષ્ઠ હોવું એ જીવનની સમાધિ જ છે. જીવન શ્રેષ્ઠ હોવાથી મૃત્યુ પોતે જ ઉત્તમ બની જાય છે. એટલે મૃત્યુ સાથે પણ સમાધિ શબ્દ સંકળાયેલો છે. સમાધિયુક્ત મૃત્યુને સમાધિમરણ કહે છે. "વર"શબ્દ સમાધિ સાથે જોડાઇને જીવનને સમાધિ આપે છે. અને "ઉત્તમ" શબ્દ સમાધિ સાથે જોડાઇને સમાધિમરણ આપે છે. લોગસ્સ સૂત્રમાં રજુ થયેલો "સમાહિ" શબ્દ બન્ને બાજુની સમાધિ રજુ કરે છે. એ કારણે જ આગળ ગાથાને અંતે "દિંતુ" શબ્દ આપવામાં આવેલો છે. જેનો અર્થ છે આપો. આપવાની પ્રાર્થના કરવામાં આવી છે. જિનમાતા જાતે જ આ આપે છે પણ આપણી ધીરજ ખૂટે છે. સંકોચ દૂર થાય છે. શરમ છૂટે છે. ક્યારેય માંગતો નહીં. જરૂર પડે માગવું પડે તો ભગવાન પાસે જ માગજે. એમની પાસેથી લેવાનો આપણને હક્ક છે, અધિકાર છે. સમાધિ જેવી ચીજ એના સિવાય આપણને કોઇ આપી શકે તેમ નથી. એ એમની પાસે થી જ લેવી જોઇએ. બાકી બીજું બધું તો સંસારમાં મળી શકે છે. દુ:ખ બધે છે પણ દુ:ખમાં આપણે દુ:ખી ન થઇએ એવી વિદ્યા તો ફક્ત જિનમાતા સિવાય અન્યત્ર દુર્લભ છે. જે આવી સમાધિ આપી શકે એજ તો જિનેશ્વર છે.

તમને ખબર છે એકવાર ભગવાન મહાવીર સ્વામીનાં ધ્યાનમાં એક વિચિત્ર દ્રશ્ય ઉપસ્થિત થયું હતું. એક રાજકુમારી દાસી છે. માથે મુંડન છે, અઠ્ઠમ વ્રત છે. હાથ પગમાં બેડીઓ છે. વગેરે તેર ચીજો એક સાથે જોઇ, એ પણ જોયું કે એમના ત્યાં જવાથી એનુ દુ:ખ દૂર થઇ શકે છે. બંધન તૂટે છે. દ્રશ્ય જોતાં જ પ્રભુએ નિશ્ચય કર્યો

કે જ્યારે આ દ્રશ્ય સાકાર થશે ત્યારે આહાર લઇશ. ક્ષેત્રનો, વ્યક્તિનો કે સમય જાણવાનો એમણે ઉપયોગ ન લગાવ્યા. કેમકે તેઓ સત્યને સત્યની દ્રષ્ટિથી જોતાં હતાં. જે કાંઇ પણ બનવાનું જ છે તે બનશે. જ્યાં પણ બને. જ્યારે પણ બને જે કોઇની સાથે બને. એમાં આગળ પાછળ અત્ર, તત્ર, સર્વત્ર જે કાંઇ પણ ઘટના ઘટવાની છે તે ઘટશે જ. આ ઘટિત ઘટનાને આગળ તો તમે જાણો છો કે પાંચ મહિના પચ્ચીસ દિવસ પછી આ ઘટના બની. રાજકુમારી ચંદનામાં આ બધી ચીજો બને છે. ભાવવાહી સ્વરમાં તે કીર્તન કરે છે. મનોમન વંદન કરે છે. વગર દ્રવ્યોનું ભાવથી પૂજન કરે છે. કહે છે

ધ્યાન, ધૂપં, મનઃ પુષ્પં, પંચેન્દ્રિય હુતાશનં।
ક્ષમાજાપ, સંતોષ પૂજા, પૂજ્યો દેવો નિરંજનઃ।।
આવો મહાવીર નિરંજન! પધારો મહાવીર નિરંજન!

આ રીતે કીર્તન ચાલુ જ છે, પુકાર ચાલુ જ છે. ભક્ત જ્યાં અને જ્યારે પુકારે છે પરમાત્મા ત્યાં પહોંચે છે. કીર્તનનાં ફળથી બેડીઓ તૂટે છે. પ્રભુને ઓળખવાની પ્રજ્ઞા જાગે છે. અનાદિ સંસારની સંજ્ઞાઓ દૂર ભાગે છે. નમી જાય છે પ્રભુ ચરણોમાં. વંદનનાં પરિણામ રૂપે બોધિ પ્રગટે છે. પ્રભુ કહે છે ચંદના પોતાને ઓળખ; તું આત્મા છો. સ્ત્રી નહીં. તુ દાસી નથી. તું રાજકુમારી નથી. ચંદના તું ચેતના છો વિશુધ્ધ ચેતના. બોધિ આપી પ્રભુ પાછા ફર્યા. એટલે ચંદનાની આંખોમાં આંસુઓ ઉભરાવા લાગ્યાં. પ્રભુ સમાધિ સમાધિ સમાધિ! તમે પાછા જશો તો મને સમાધિ કોણ આપશે? "સમાહિવરમુત્તમં દિંતુ".

સમાધિ આપો પ્રભુ! સમાધિ આપો. સમાધિ ન હોવાને લીધે હું નિરંતર કર્મબંધન કરું છું. મને આ કર્મોથી કોણ મુક્ત કરશે? તમે જો સમાધિ આપ્યા વગર પાછા જશો તો મને નિર્વાણ પથ કોણ આપશે? જનજનનાં આંસુઓ લુછવાવાળા, પાપ-તાપ-સંતાપ દૂર કરવા વાળા આજે મારા આંસુ લુછતા જાઓ. આરોગ્ય અને બોધિ સાથે આજે મને સમાધિ પણ આપો ભગવાન! પોકાર સાંભળી પરમાત્માને પાછા ફરવું પડયું. કીર્તનમાં પોકાર છે. વંદનામાં વેદના છે. પૂજનમાં અર્પણ છે. પાછા ફર્યા પ્રભુ. આંસુ ભરેલી આંખોને અનુગ્રહ પૂર્ણ દ્રષ્ટિથી અનુગ્રહનું દાન આપ્યું. સમાધિનું વરદાન આપ્યું. પરાવાણીનો સ્રોત પ્રગટ થયો. પરમાત્માએ કહ્યું પરમશુધ્ધ ચેતના સ્વરૂપ વત્સા ચંદના! શુધ્ધ આત્મ સ્વરૂપમાં આવો. દેહાધ્યાસને લીધે અહંભાવ અને મમત્વભાવ છે અને એને કારણે જ કર્મબંધન છે. આત્મબુધ્ધિ પ્રગટ થવાથી ન તું કર્મની કર્તા છો. ન ભોક્તા છો. આજ શુધ્ધ ધર્મ છે. શાશ્વત ધર્મ છે. પરમ ધર્મ છે એને પ્રાપ્ત કર.

એ જ ધર્મ થી મોક્ષ છે. તું છો મોક્ષસ્વરૂપ.
અનંત દર્શન જ્ઞાન તું. અવ્યાબાધ સ્વરૂપ.

ભક્તનાં પોકારવાથી ભગવાને પાછા ફરવું પડે છે. પૂર્ણત્વ પ્રગટ ન કરે તો એ ભગવાન નહીં અને એમને પામીને પૂર્ણત્વ પ્રાપ્ત કરીએ નહી તો આપણે ભક્ત નહીં. એવી પરમ બોધિ સમાધિ મને, તમને અને આપણે સહુને જલદી પ્રાપ્ત થાઓ એજ અભ્યર્થના સાથે.

ૐ શાંતિ શાંતિ શાંતિ

# જિનાલય માં સિધ્ધાલય

ચંદેસુ નિમ્મલયરા, આઇચ્ચેસુ અહિયં પયાસયરા ।
સાગરવર ગંભીરા, સિધ્ધા! સિધ્ધિં મમ દિસંતુ ।।

ચંદ્રોમાં ઓ નિર્મળ ચંદ્ર! મમ મસ્તક અમૃત ભરે તું ।
સૂર્યોમાં તું અધિક પ્રકાશિત મમ હૃદયનાં તમ હરે તું ।।
સાગરવર ગંભીરા મારા ભવ જળ સાગર પાર કરે તું ।
મુજને મારી સિધ્ધિ આપો, સિધ્ધા સિધ્ધિં મમ દિસંતુ ।।

# ૭. જિનાલય માં સિધ્ધાલય

યાત્રાની શરૂઆત પ્રયાસથી થાય છે અને યાત્રાની પૂર્ણાહુતિ પ્રસાદથી થાય છે. પ્રયાસમાં આપણે થાકીએ છીએ. પ્રસાદમાં આપણે કંઇક ચાખીએ છીએ. આસ્વાદ કરીએ છીએ. મેળવીએ છીએ. ગૌતમ સ્વામીની સાથે આ અનંતયાત્રાની આ પૂર્ણાહૂતિ છે. આજે ગૌતમ સ્વામી પ્રસાદ વહેંચશે. જન્મો જન્મથી આપણે પ્રયાસ કરતા આવ્યાં છીએ તેથી થાકી ગયા છીએ. આજે ગાથા સાત યાત્રા પૂરી કરાવીને શિખરનું આરોહણ કરાવે છે. ગાડી, મોટર, બસ, વગેરે વાહનો રોડને સહારે રુટ અનુસાર ચાલે છે. ટ્રેનો પાટા પ્રમાણે સ્ટેશનો અનુસાર ચાલે છે. પરંતુ એરોપ્લેન (વિમાન) માટે આવો કોઇ રુટ કે પાટાઓ નથી હોતા કે કોઇ ચોક્કસ જગ્યાએથી જ એ પસાર થશે. એ તો ગગન વિહારી છે. પસાર થવાના સ્થાન નિશ્ચિત થાય છે. એનો સંર્પક ફક્ત રડાર સાથે જ હોય છે. રડાર સાથે સંર્પકમાં રહીને પોતાની ઇચ્છા અનુસાર ભ્રમણ કરતું રહે છે. લોગસ્સ સૂત્ર આ વિમાન છે. એની સહાયતાથી આપણે આજે અનંત આકાશમાં ઉડવાનું છે. પરમ ભગવત્સત્તા આપણી રડાર છે. પૂર્ણ સર્મપણ કરીને આરોહણ કરવાનું છે. અન્યથા ત્રિશંકુની જેમ લટકતા રહી જશું. વિમાન ઉડે તે પહેલાં પોતાનું સ્થાન નક્કી કરી લેજો. તમારી સીટ બુક છે. તેથી જ તમે બધાં લોગસ્સ સાંભળી રહ્યા છો, જપી રહ્યાં છો આનંદ લઇ રહ્યાં છો.

આજ નો પ્રવાસ શિખરનો પ્રવાસ છે. સહસ્રારનો પ્રવાસ છે. પ્રત્યેક ગાથાની નક્કી કરેલી વ્યવસ્થા પ્રમાણે આનો ઉદ્ભવ આજ્ઞાચક્ર છે. બન્ને ભ્રમરોની વચ્ચે પરમ તિલક રૂપે આ ગાથા ઉત્પન્ન થઇ સહસ્રારમાં પહોંચી સમસ્ત ભાલ પ્રદેશમાં પ્રવાહિત થઇ જાય છે. પ્રદેશની વ્યવસ્થામાં દેહવ્યાપી પ્રાણધારા પણ છે અને આપણા આત્મ પ્રદેશ પણ છે. બ્રહ્માંડની આ યાત્રા છે. આ પ્રવાસમાં આપણે ચંદ્રની નિર્મળતાનું પાન કરવાનું છે. સૂર્યનો પ્રકાશ મેળવવાનો છે. સમુદ્રની ગંભીરતાનો થાહ(ઊંડાઇ કે કોઇ પરિમાણની હદ, તળિયું; છેડો) ગગનની વિશાળતાનો અનુભવ કરવાનો છે. પ્રકૃતિથી પ્રકૃતિમાં આવવાનું છે. આકૃતિ માંથી અનાકૃતિને પ્રાપ્ત કરવાની છે.

આવો પહેલાં આપણે આ બ્રહ્માંડમાં વિચરીએ . જ્યાં સૂરજ છે, ચંદ્ર છે, અસીમ તરંગોવાળો સમુદ્ર છે. યાદ રહે બ્રહ્માંડના આ ચાંદો, સૂરજ મર્યાદામાં જ મળે છે. સૂરજ આથમતા જ દિવસ પૂરો થાય છે. કોઇ કહે છે સૂરજ છૂપાઇ ગયો, કોઇ કહે છે દિવસ છૂપાઇ ગયો. ફક્ત પૂનમની રાતે જ સંપૂર્ણ ચંદ્ર ઉગે છે. સુંદર સમુદ્ર રાત્રે ભયાનક દેખાય છે. આપણે એવો સૂરજ આજે ઉગાડવાનો છે જેનો ક્યારેય અસ્ત ન

થાય.જે હવે ક્યારેય છૂપાઇ નહીં. અનાદિ કાળથી એ સંતાયેલો છે. એને ખોવાયેલો સમજીને ગોતી રહ્યાં છીએ. જે ખોવાયલો હોય તેને ગોતવાનો હોય પણ જે સંતાયેલો હોય એતો પ્રગટ થાય તો જ મળી શકે છે. આજે આપણે એને પ્રગટ કરવાનો છે. એને મેળવવાનો છે. પોતાનો બનાવી લેવાનો છે.

પ્રકૃતિના ત્રણ પ્રકાર છે.

નિસર્ગ જનિત (૨) સ્વનિયોજીત (૩) સહજ સંચાલિત.

**(૧) નિસર્ગ જનિત** :- આ પ્રકૃતિ વિશ્વ સંચાલિત છે. એની પાર્થિવ સત્તામાં અપાર્થિવ તત્ત્વ અનાદિકાળથી ભરેલું છે. સમસ્ત જીવ રાશિ લોકમાં પરિભ્રમણ કરે છે. એને લોક વિશ્વ, સૃષ્ટિ, જગત, વગેરે અનેક નામોથી ઓળખાય છે. એમાં છે સૂરજ, ચંદ્ર, સમુદ્ર, વગેરે.

**(૨) સ્વનિયોજીત** :- પ્રકૃતિ એ છે જે આપણામાં ચાલે છે. "યદ્ પિંડે તદ્ બ્રહ્માંડે" ની જેમ આપણી અંદર પણ એક લોક છે. વિશ્વ છે. વિશ્વની જેમ આપણી અંદર પણ સૂરજ છે. ચંદ્ર છે. સમુદ્ર છે. સ્થૂલ આંતરિક્ષશક્તિધારાનાં પડછાયાની જેમ સૂક્ષ્મ આંતરિક્ષ શક્તિધારા આપણામાં નિરંતર વહેતી રહે છે.

**(૩) સહજ સંચાલિત** :- પ્રકૃતિ પરમ તત્વ છે. પરમ ભગવત સત્તા છે. આ શાશ્વત પ્રકૃતિ છે. નિત્ય છે. ઉદય-અસ્ત, સર્જન-વિસર્જન વગેરે દ્વંદ્વોથી દૂર છે. આ સહજ સંચાલિત પ્રકૃતિમાં શાશ્વત ચંદ્ર છે . અહીં હમેંશા પૂરબહાર પૂર્ણિમા રહે છે. આ નિત્યોદિત છે. એમાં અમાસ નથી હોતી. અહીં સૂર્ય હોવા છતાં તેનો ક્યારેય અસ્ત નથી થતો. તેનું અસ્તિત્વ અનંતકાળ છે. બીજી ઋતુઓની જેમ એની કળાઓમાં વધ ઘટ થવાનો અવકાશ નથી હોતો. અહીં સમુદ્ર અનંત રત્નોથી ભરેલો છે. અહીં કાયમ અમૃતનો પ્રવાહ મળતો રહે છે.

લોગસ્સ સૂત્રની ચર્ચા લોકથી થઇ છે. લોકને આપણે બધી ગાથાઓનાં માધ્યમ થી જોતાં આવ્યાં છીએ. દ્રવ્ય લોક, પરમાત્મ લોક, સ્વલોક, નિજલોક, વગેરે. દ્રવ્ય લોક પ્રકૃતિથી ભરાયેલો છે. એને લીધે છેલ્લી ગાથા દ્રવ્ય લોક દ્વારા પરમલોકનો સ્પર્શ કરાવી સ્વલોકમાં સમાયેલા આપણા સિધ્ધત્વનું ઉદ્ઘાટન કરે છે.

ગૌતમ સ્વામીની અંતર્યાત્રામાં હવે બધું સ્પષ્ટ થઇ રહ્યું હતું. પરમ તત્વ પ્રત્યે અનુરાગ વિરાગ આપે છે. સન્માર્ગ આપે છે. આત્માનું વિશુધ્ધ સ્વરૂપ પ્રગટ થઇ રહ્યું છે. પણ એને શબ્દોમાં કેવી રીતે વ્યકત કરવું ? શબ્દાતીતને શબ્દોથી સમજવું છે. રૂપાતીતનું રૂપ પ્રગટ કરવું છે. વિચાર્યુ ઉપમાઓની મદદ લઇ લઉં. પણ જે અનુપમ છે તેને ઉપમા કેવી રીતે આપું ? એટલે જ "નિમ્મલયરા", "અહિયં પયાસરા", "વર ગંભીરા" આ પ્રકારના વિશેષણોથી આપણને સમજાવ્યું. આ બધાંનો ખુલાસો કર્યા પહેલાં આપણે ગંભીર અવાજે ગાથાનો ઉચ્ચાર કરીશું.

ચંદેસુ નિમ્મલયરા,

આઇચ્ચેસુ અહિયં પયાસયરા ।

સાગરવર ગંભીરા,

સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ ।।

આવો ઉપમાઓ દ્વારા અનુપમની ઓળખાણ કરીએ. શબ્દોથી શબ્દાતીતનું સન્માન કરીએ. રૂપોથી રૂપાતીતને રૂપસ્થ કરીએ. સ્વલોકમાં આત્મસ્થ કરીએ. આપણે ક્યાં ઓળખીએ છીએ પરમ તત્ત્વને ? આપણે તો ઓળખીએ છીએ ચાંદ સૂરજ ને. સમયાતીતનું કાળાતીતનું આપણને ક્યાં જ્ઞાન છે. આપણે તો જોઇએ છીએ, અને સમજીએ છીએ, પણ એની વિશાળતા, ગંભીરતા અને ઉંડાઇને માપી તો નથી શકતા. કદાચ વૈજ્ઞાનિક સાધનો દ્વારા આ બધું માપી પણ શકાતું હોય તોયે પ્રભુની પ્રભુતા અને ગંભીરતાનું જ્ઞાન કેવી રીતે થઇ શકે ? તો પણ સંસારમાં દેખાતા પદાર્થોની ઓળખાણ થવાથી એ જ આલંબનોથી આપણે ભગવત્ સ્વરૂપને ઓળખવું છે. સ્વ રૂપને પીછાણવું છે.

કોઇ પણ ઓળખાણ જ્યારે ભગવાન બનવા જાય છે ત્યારે ભગવાન પણ ઓળખાણ બની જાય છે. તો ચાલો ચંદ્ર સૂરજને નિરખીએ અને પરમતત્ત્વને પોકારીએ. ઓળખીએ એ સાગરને અને જાણીએ "સાગરવર ગંભીરા" ને. હવે આપણે પેલા પ્રકૃતિને નીરખશું. પછી સ્વ નું અવલોકન કરીશું. ત્યાર બાદ પરમ તત્ત્વનાં દર્શન કરી જાતે દર્શનીય બની જશું.

ચંદ્રની નિર્મળતા એની ચાંદની છે. નિર્મળતાની સાથે પૂર્ણતા હોય છે. ચંદ્રની નિર્મળતા જ્યારે પૂર્ણતા પ્રગટ કરે છે ત્યારે તે પૂર્ણિમા કહેવાય છે. સુદ એકમ થી પૂનમ સુધી ચાંદો થોડો થોડો ખીલતો રહે છે. જેટલા અંશે એ વધે છે જેટલી કળા તેમાં પ્રગટ કરે છે. એ દ્વારા એકમ, બીજ, ત્રીજ વગેરે તિથિઓ કહેવાય છે. બીજ, ત્રીજને દિવસે ચાંદો તો જેટલો હોય તેટલો જ રહે છે. પણ આપણે એની પૂર્ણતાને જોઇ નથી શકતા. એ સમયે તેની કળાઓ અપ્રગટ થઇ જાય છે. સૂરજની જેમ ચંદ્ર અજવાળું નથી આપતો, તો પણ તેનું મહત્વ ખૂબ છે કેમકે તેના પ્રકાશમાં તેજ અને નિર્મળતા વધારે છે. તેજસ્વીતા માટે નિર્મળતા એની ગરિમા છે.

આપણો વિકાસ પણ ચંદ્રની જેમ આંશિક હોય છે. એકેંદ્રિય થી શરૂ કરી સંજ્ઞી પંચેદ્રિય સુધીનો આપણો પ્રવાસ મહત્વપૂર્ણ રહ્યો છે. સત્તામાં રહેલું આપણું પૂર્ણત્વ, અનંતજ્ઞાન, અનંત દર્શન, પૂર્ણ વીર્ય એકેદ્રિયમાં પણ હોય છે, પરંતુ તે આવરણમાં હોવાને લીધે અપ્રગટ રહે છે. સૂર્ય પોતે પ્રકાશ સ્વરૂપ છે. એના પ્રકાશમાં સંસાર સ્પષ્ટ થાય છે. પ્રકાશમાન બને છે. ભક્તામર સ્તોત્રમાં કહ્યું છે.

"સ્પષ્ટીકરોષિ સહસા યુગપજ્જગન્તિ" એકાએક એક સાથે સૂર્ય સર્વે પદાર્થોને સ્પષ્ટ કરે છે. એક પછી એક પ્રદાર્થ સ્પષ્ટ થાય એવું અહીં નથી બનતું.

અહીં સૂર્ય માટે આદિત્ય શબ્દનો પ્રયોગ થયો છે. આ કથન આગમનું પણ છે. સ્વયં ભગવાન મહાવીરે આ વિષય સ્પષ્ટ કર્યો છે. ગૌતમ સ્વામી અને પરમાત્મા મહાવીરનાં એક વાર્તાલાપમાં સ્પષ્ટીકરણ થયું છે. આવો ભગવતી સૂત્રનાં આ અવતરણોને જોઇએ.

હે ભગવાન! સૂર્યને આદિત્ય શા માટે કહેવામાં આવે છે? હે ગૌતમ ! સમય, આવલિકા, મુર્હૂત, ઉત્સર્પિણી, અવસર્પિણી, વગેરેમાં આદિભૂત કારણ સૂર્ય હોવાને લીધે આદિત્ય અર્થાત્ આદિમાં હોવાવાળો કહેવામાં આવે છે. સૂર્યને કારણે કાળની ગણતરી છે. ક્ષણો, પળો, કલાકો આ બધાંનો આરંભ સૂર્યને કારણે છે. અહો રાત્રાદિ કાળ, સમય, આવલિકા, મુર્હૂતાદિ ભેદ સૂર્યની અપેક્ષાએ જ હોય છે.

ઋતુઓ અનુસાર સૂર્યનાં કિરણોમાં હાનિ-વુધ્ધિ થતી રહે છે.

| | |
|---|---|
| કારતક માં | ૧૧૦૦ કિરણો હોય છે. |
| માગશર માં | ૧૦૫૦ કિરણો હોય છે. |
| પોષ માં | ૧૦૦૦ કિરણો હોય છે. |
| મહા માં | ૧૧૦૦ કિરણો હોય છે. |
| ફાગણ માં | ૧૨૦૦ કિરણો હોય છે. |
| ચૈત્ર માં | ૧૫૦૦ કિરણો હોય છે. |
| શ્રાવણ માં | ૧૪૦૦ કિરણો હોય છે. |
| ભાદરવા માં | ૧૪૦૦ કિરણો હોય છે. |
| આસો માં | ૧૬૦૦ કિરણો હોય છે. |

જ્ઞાની પુરુષો એ આપણી ચિત્તવૃતિને સૂર્યની કિરણો કહી છે. ઋતુઓ પ્રમાણે તેમા વધ ઘટ થતી રહે છે. "અણેગચિત્તે ખલુ અયં પુરિસે" માનવ ચિત્ત અનેક પ્રકારનાં હોય છે. અર્હદ્‌ગીતામાં ચિત્તવૃતિનાં આધારે મહિનાઓ ગણવામાં આવ્યાં છે. જ્યારે જેવી વૃતિ થાય તેવો મહિનો ગણવામાં આવે છે જેમ કે,

ધર્મ શ્રવણ માં શ્રાવણ માસ.

ધર્મ શાસ્ત્ર ચિંતનમાં ભાદરવો.

ધર્માર્થ તપ ભાવમાં આસો મહિનો.

સ્નાન, આભુષણ, રાજ્ય સત્તાની ઇચ્છામાં કાર્તિક માસ.

શિવ પદ પ્રાપ્તિની ઇચ્છામાં, સમર્પણમાં માગશર માસ.

પુત્રાદિ નાં અધિક પોષણની ઇચ્છામાં પોષ માસ.

શત્રુનાશ માં મહા માસ.

મૈથુન ક્રિયામાં ફાગણ માસ.

વિચિત્ર કાર્ય કરવામાં ચૈત્ર માસ.

પોતાની પરંપરામાં વૃધ્ધિ વૈશાખ માસ.

મોટાઇ માટે જયેષ્ઠ માસ અને

કલ્યાણની ઇચ્છામાં અષાઢ માસ માનવામાં આવે છે.

આ રીતે આત્મભાવોની વધ ઘટમાં નિજલોક ની આ ગણત્રી છે.

સમુદ્રની બે વિશેષતા છે. વિશાળતા અને ગંભીરતા. ઊંડાઇ વિશાળ નથી હોતી કેન્દ્રિત હોય છે. કેન્દ્રમાં સ્થિર હોય છે. કેન્દ્ર બિન્દુ થી શરૂ થઇ ફેલાવું એ વિશેષતા છે. તમે કેટલીય વાર જોયું હશે કે શાંત પાણીમાં કાંકરી નાખવાથી વર્તુળાકારે વલયો ફેલાય છે. તરંગોનાં માધ્યમથી વિસ્તાર પામે છે. આ પ્રયોગ અન્ય જળ સ્થાનોમાં થાય છે. સમુદ્રમાં સહજ રીતે મોજા ઉછળતા હોય છે અને તે ભરતી ઓટ સ્વરૂપે વિસ્તરતા રહે છે. એ કારણે પરમાત્માને અહીંયા સમુદ્રની ઉપમા આપવામાં આવી છે. સાગરની વિશાળતાની વિશેષતા રજુ નથી કરી, પરંતુ ગંભીરતા રજુ કરી છે. સાગરની વિશેષતા સાગરની ગંભીરતા છે. આપણી ચેતનાને કેન્દ્રથી ઉપર લઇ જનારો મંત્ર છે. ગંભીરતાનો સ્પર્શ કરવાનો છે. સામાન્ય રીતે બધાં વિશાળતાનો પ્રયાસ કરે છે. લોગસ્સ સૂત્ર કહે છે ગંભીરતા પ્રગટ કરો. વિશાળતા એની મેળે બની જશે.

તમે કેટલીયે વાર કહેવતમાં સાંભળ્યુ હશે કે ગાગર માં સાગર ભરેલો છે. જ્યારે કોઇક નાનકડા સૂત્ર અથવા વિચારમાં ગંભીર અર્થ રજુ થાય છે. ત્યારે આ કહેવતનો ઉપયોગ થાય છે. આજે આપણે આ કહેવતને સાર્થક કરવાની છે. સફળ પ્રયોગ દ્વારા એનો ઉપયોગ કરવાનો છે. મેં જોયું છે કે તમારી બધાંની પાસે અત્યંત ખૂબસૂરત ગાગરો છે. ભરેલી છે પણ નકામી વસ્તુઓથી, આત્મ વિકાસમાં બાધક ચિત્ત વૃતિઓથી એને કારણે આટલી સુંદર ગાગર માત્ર કચરા ટોપલી બની ગઇ છે. ગાગર છે આપણુ મસ્તક, આપણું માથું, નમાવી દો એને પ્રભુ ચરણોમાં. બધો કચરો ઠલવાઇ જશે પરંતુ સાથે એ પણ યાદ રાખજો કે ભરીને પાછું ઉપર ઉઠાવવાનું પણ છે. સાગરવર ગંભીરા ને જ ભરી દો. આ પ્રયોગની સાર્થકતા એજ છે કે સંપૂર્ણ સાગર અમારી ગાગરમાં સમાઇ જાય. ગભરાતા નહીં. એ ભરાશે કે નહીં એની ચિંતા પણ નહીં કરતા.

પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ પોતાની ૨૪ વર્ષની ઉંમરે થયેલા ભાગવતનાં અનુભવની સરસ વાર્તા કહી છે. ૨૦૧ વચનામૃતમાં એમણે કહ્યું છે કે અત્યંત ભક્તિભાવથી ભરેલી ગોપીઓ જ્યારે માખણ વેચવા નીકળે છે. ત્યારે શ્રીકૃષ્ણ ઘેલી ગોપીઓ માખણને બદલે માધવ લ્યો એમ બોલે છે. કોઇ માધવ લ્યો..! હો જી ! કોઇ માધવ લ્યો..! આનું અર્થ ઘટન કરતાં એમણે બહુ જ સારી રીતે સમજાવ્યું છે કે માખણથી ભરેલી ગાગરો માથે મૂકી ગોપીઓ માખણને બદલે માધવને શ્રીકૃષ્ણને વેચી રહી હતી. એમા બહુ ઉંડો અર્થ સમાયેલો છે.

ગોપી આપણી ચિત્તવૃત્તિ છે. મગજમાં સહસ્ત્રદળ કમળ છે. એમાંથી જે અમૃત ઝરે છે તે માખણ છે. સમગ્ર સંસારનું મંથન કરવામાં આવે અને માખણ કાઢવામાં આવે તો એ માત્ર ભગવત્ સત્તા જ છે. ગોપીઓ કહે છે, અમને એ બધું મળી ચૂક્યું છે. આ ભગવત્ સ્વરૂપ અમૃતની પ્રાપ્તિ કોઇ અમર પ્રેમથી ચાહતું હોય તો અમે એને જ આપી દઇએ. મસ્તકની ગાગરો ભરીને ગોપીઓ ગલ્લીઓમાં ફરી રહી છે.

આપણે આપણી ચિત્તવૃત્તિઓને ગોપીઓ બનાવીને મસ્તકની ગાગરમાં ભગવત્ સત્તાનો સાગર ભરવાનો છે. બધાં જ શાસ્ત્રોનું મંથન કરી ગૌતમ સ્વામીએ લોગસ્સ સૂત્ર માખણ રૂપે આપણને આપ્યું છે. ક્યાંક એમ ન બને કે આપણે મીઠું નાખેલી છાસ પીતા રહીએ. સમુદ્રનું પાણી તો મીઠાવાળું જ હોય છે. સમુદ્ર મંથનમાં ઝેર અને અમૃત બન્ને નીકળેલા. આવો આજે આપણે અમૃતપાન કરીએ અને આપણા સહસ્ત્રદળમાં પ્રભુને પ્રગટ કરીએ.

એને જ વધારે સ્પષ્ટ કરવું હોય તો આવો જોઇએ આ પંક્તિઓને જે આ ભાવોને સ્પષ્ટ કરે છે.

**ગગન મંડલ મેં ગાય બિયાયી, કાગદ દહી જમાયા।**
**છાછી છાછી પંડિત પીની, મૈં તો સીધા માખન ખાયા।।**

કબીરજી એ અહીંયા ચેતનાને ગાય કહી છે. ગગન મંડળ મસ્તક છે. અહીં ગાય વિયાણી છે. સહસ્ત્રાર થી અમૃત રૂપી દૂધ ઝરે છે. દૂધમાં જ્ઞાની પુરુષો મેળવણ નાખી દહીં જમાવે છે. એને વલોવવામાં આવે છે. વિદ્વાન પંડિતો એની ચર્ચાઓ કરી છાસ પીવે છે પણ મારા જેવાઓ તો સીધા માખણ જ ખાઇ જાય છે. છાશ પીવી છે કે માખણ ખાવું છે. ચાલો આપણે હવે પ્રકૃતીનું મંથન કરવું છે અને માખણ મેળવવું છે.

પ્રકૃતિ જે નિસર્ગ જનિત છે, એનાથી આપણે પરિચિત છીએ. એટલે હવે આપણે પેલા સ્વનિયોજીત અને પછી સહજ સંચાલિત પ્રકૃતિથી પરિચય કરીએ અને એનો સ્વીકાર કરીએ.

સ્વનિયોજીત પ્રકૃતિ અર્થાત આપણું માનવ જીવન. સૃષ્ટિનાં સંપૂર્ણ અસ્તિત્વજગતમાં માનવની સર્વોચ્ચ સત્તા સ્વીકારવામાં આવે છે. એજ માનવજગતમાં પરમ સત્તા પણ પ્રગટ થાય છે. પ્રત્યેક પ્રાણીનાં શરીરમાં મેરુદંડ હોય છે. એને હિન્દીમાં પૃષ્ઠવંશ, રીઢ અથવા આપણા ગુજરાતીમાં કરોડરજ્જુ કહેવામાં આવે છે. કરોડ અર્થાત્ કરોડ (સંખ્યા), રજ્જુ અર્થાત દોરી(નાડી). જે નાડીઓ કરોડરજ્જુ માંથી નીકળી શરીરનાં અન્ય ભાગોમાં વિસ્તાર પામે છે તે કરોડરજ્જુ અર્થાત એક કરોડરજ્જુમાં શરીર સંચાલનનાં અનેક દોરડાઓ લટકી રહ્યાં છે. મેરુ અર્થાત્ મધ્ય ભાગ દંડની જેમ માનવનાં કરોડરજ્જુની મધ્યમાં ઉભો રહેતો હોવાથી તેને મેરુદંડ કહેવાય છે. આ મેરુદંડ ફક્ત માણસની જ કરોડરજ્જુમાં ઉભો હોય છે. વૃક્ષોની કરોડરજ્જુ જમીનમાં ઉંધી હોય છે. એમાં મેરુદંડ ઉભો જ હોય છે, પરંતુ

ઉપરનો ભાગ નીચે હોય છે. શક્તિ સ્ત્રોત નીચેથી લઇ ઉપર ફેલાય જાય છે. અન્ય પ્રાણીઓમાં જેમ કે ગાય, ભેંસ વગેરેમાં કરોડરજ્જુ આડું, ત્રાસું અથવા તો વાકું હોય છે. આ મેરુદંડ પ્રાણ ઉર્જાનો ખજાનો છે. વિભિન્ન નાડીઓ દ્વારા આ પ્રાણ ઉર્જા શક્તિ વહેંચાતી રહે છે. માનવ શરીરમાં ૭૨,૦૦૦ નાડીઓ હોય છે. પરંતુ એમાં અનેક છિદ્રો હોવાથી પ્રાણવાયુ બે ગતિમાં ફરતો રહે છે. એક ગતિમાં સીધો ચાલે છે અને બીજી ગતિમાં છિદ્રો દ્વારા ચારે તરફ ફેલાતો રહે છે. એમાં ૭૨,૦૦૦ નાડીઓ મહત્વ પૂર્ણ છે. જે મૂળાધાર અને સ્વાધિષ્ઠાન પાસે જાળાઓ રૂપે ફેલાયેલી હોય છે. નાભિનાં મણિપુર ચક્રથી સુષુમ્નાનો માર્ગ શરૂ થાય છે. એ આજ્ઞા ચક્રમાં સમાપ્ત થાય છે.

આજ્ઞા ચક્રમાં સુષુમ્નાની સાથે બીજી બે નાડીઓ આવી મળે છે.જેને સૂર્ય નાડી અને ચંદ્ર નાડી કહે છે. યોગ શાસ્ત્રમાં એને ઇડા અને પીંગળા કહે છે. એમા ઇડા અર્થાત ચંદ્રનાડી શીતળ અને પીંગળા અર્થાત સૂર્યનાડી ઉષ્ણ, તેજસ્વી અને પ્રકાશિત હોય છે. શરીરમાં આ આવા આકારની હોય છે.




આ રીતે ઇડા-પીંગળા આપસમાં એક બીજામાં લપેટાઇને ફેલાય છે. સુષુમ્ના ગંભીર રીતે એક જ ગતિમાં સ્વાધિષ્ઠાન થી આજ્ઞા ચક્ર સુધી ચાલે છે. એનું સ્થાન આપણી કરોડરજ્જુમાં છે. વિશુધ્ધ ચક્રની નજીક આવી એ બે વિભાગમાં વહેંચાઇ જાય છે. અને આજ્ઞા ચક્રમાં જઇ બે પાંખડી વાલા કમળ સ્વરૂપે સ્થિર થઇ જાય છે. આ પાંખડીઓનો આકાર લં અને ક્ષં શબ્દ જેવો હોય છે. ૨૪ તીર્થંકરોનાં અનાહત આકૃતિમાં એટલે જ આ મંત્રો આપવામાં આવ્યા છે.

સૃષ્ટિના સૂર્ય ચંદ્ર માણસની અંદર આ નાડીઓ સ્વરૂપે હોય છે. સાધક સાધનામાં આગળ વધે છે ત્યારે તેને અગણિત સૂર્યોનો પ્રકાશ દેખાય છે. પ્રકાશ જે એક સેકંડમાં ૧,૮૬,૨૮૧ માઇલની ગતિથી ચાલે છે. ત્યાં માનવીય સંકલ્પ ૫,૪૫,૯૮૪ માઇલની ગતિથી ચાલે છે. એને જ કારણે મહાપુરુષોનાં આશીર્વાદમાં શક્તિ હોય છે. ચંદ્રકાંત અને સૂર્યકાંત નામના આ બે મણિઓ આપણા મણિપુર ચક્રના રત્નોનું નામ છે. માનવની અદ્‌ભૂત ક્ષમતા આ ત્રણે નાડીઓ દ્વારા વહેતી હોય છે.સમસ્ત પ્રાણ ઉર્જાનું નિયમન થાય છે. ત્યારે આપણી આજુબાજુ તેના વલયો રચાય છે. એક વલય ઉપર નીચે બીજા આજુ બાજુ અનેક વર્તુળોમાં ગતિ કરતા આ વલયોને નીચે ચિત્રમાં જોઇ શકાશે.



માનવ શરીરમાં ઇડા પીંગલા અને સુષુમ્ના દ્વારા આ વલયો બને છે અને ગતિ કરે છે. એમાં ભાવ પ્રમાણે આભાઓ નીકળે છે. આ આભાઓ પ્રગટ થઇને મંડળનું સ્વરૂપ લે  છે. ત્યારે આપણે એને આભા મંડળ એટલે ઓરા કહીએ છીએ. વલયમાં રજુ થયેલા વર્તુળો નિરંતર ફરતા રહે છે. આપણા વિષય કષાય અનુસાર એમાં અલગ અલગ રંગ બને છે. જૈન દર્શનમાં આ રંગોને લેશ્યા ના નામે ઓળખવામાં આવે છે. શુકલ ભાવોમાં શુધ્ધ દશામાં આ તરંગો રંગવિહિન બની જાય છે. જે પોતાનામાં શુકલ હોવાને લીધે એને શુકલ લેશ્યા નામ આપ્યું છે. વાસ્તવિક રૂપમાં વિષય કષાયો દ્વારા યોગ પ્રર્વતન થાય છે. ત્યારે તેમાં રંગો ઉપસી આવે છે. પ્રગટ થાય છે. આચારંગમાં એના માટે કહેવામાં આવ્યું છે.

જે ગુણે સે આવટ્ટે, જે આવટ્ટે સે ગુણે.

જે વિષય છે તે જ વલય છે. જે વલય છે તેજ વિષય છે. જુઓ રજુ થયેલુ ચિત્ર વલયોથી ઘેરાયેલા વ્યક્તિને જુઓ. જોવાથી પાશ બંધન જેવું સ્પષ્ટ બને છે. આ આપણો મોહપાશ છે. જીવ પહેલા ભાવથી પછી કર્માણુ ભાવોથી બંધાતો રહે છે.



માનવ શરીરમાં સ્ત્રી અને પુરુષનાં ભેદનું મુખ્ય કારણ નાભિ છે. હાથ, પગ, નાક વગેરે બધાં અવયવો સરખા હોવા છતાં પણ નાડી સંચાલન ભાવુકતા, પાચન સંસ્થાન, શારીરીક અને માનસીક ક્ષમતાઓમાં અસમાનતા હોવાનું કારણ નાભિ છે. એને નાભિ કમળ પણ કહેવામાં આવે છે. વ્યાવહારિક પ્રથાઓમાં અને પૂજાદિ કાર્યક્રમોમાં જ્યાં યુગલ રૂપે સ્ત્રી-પુરુષો સાથે બેસે છે. ત્યાં મોટે ભાગે સ્ત્રીને પુરુષની ડાબી બાજુએ બેસાડવાની પરંપરામાં રહસ્ય છુપાયેલું છે. હાથમાં બાધવામાં આવતું રક્ષા સૂત્ર પુરુષનાં જમણા હાથે અને સ્ત્રીઓનાં ડાબા હાથે બાંધવાની પરંપરા બધી જ નાભિ મંડળની વિભિન્નતાને કારણે જ હોય છે.

બન્ને કમરોની વચ્ચે આવેલું નાભિ કમળ કાચબા આકારે સ્ત્રીઓનાં શરીરમાં ઉર્ધ્વમુખે અને પુરુષનાં શરીરમાં અધોમુખે હોય છે. પરીક્ષા પ્રકરણ ગ્રંથની પ્રસ્તાવના નું પ્રસ્તુત ઉદાહરણ વિશ્વમાં એક મહાન રહસ્યને પ્રગટ કરે છે. આ જ વિચારોનાં આધારે વિદેશીઓએ એક તથ્ય રજુ કર્યુ છે. વલયમાં આકર્ષણ અપાકર્ષણ સ્ત્રી

પુરુષોમાં અલગ અલગ હોય છે. એમના દ્વારા રજુ થયેલું આ ચિત્ર જુઓ. એમાં પુરુષમાં આ પ્રક્રિયા દક્ષિણાવર્ત અને સ્ત્રીમાં આ પ્રક્રિયા ઉત્તરાવર્ત અર્થાત્ પુરુષમાં ક્લોકવાઇસ્ અને સ્ત્રીમાં કાઉન્ટર ક્લોકવાઇસ્ અર્થાત્ એન્ટીક્લોકવાઇસ્ બતાડવામાં આવી છે.



આપણું મસ્તક બુધ્ધિનું પ્રતીક માનવામાં આવે છે, અને હૃદય ભાવના, શ્રધ્ધા અને સમર્પણનું પ્રતીક માનવામાં આવે છે. મસ્તક નમાવવાનો અર્થ છે હવે મારી બુધ્ધિનું અર્પણ છે કેમકે બુધ્ધિ જ ઊંધી ચાલે છે. વાસ્તવિકતા અભિમુખ થવાને કારણે પરિભ્રમણ થતું જ રહે છે. સ્ત્રીઓ હૃદય પ્રધાન હોય છે. પુરુષ બુધ્ધિ પ્રધાન હોય છે. નાભિનાં ભેદને કારણે બન્નેમાં ભાવનાત્મક બહુ મોટું અંતર હોય છે. સ્ત્રી હૃદય પ્રધાન હોવાને કારણે ભાવુક, સ્નેહાળ, કોમળ હોય છે. પુરુષ બુધ્ધિ પ્રધાન હોવાને કારણે કઠોર હોય છે. એનો તમને અનુભવ થતો હશે, જે કુટુંબમાં સ્ત્રી બુધ્ધિ વાપરતી હોય અને પુરુષ હૃદય વાપરતો હોય ત્યાં શું થતું હોય છે. જેમ સ્ત્રીઓ બુધ્ધિ ચલાવે છે કે પુરુષ ઘરમાંથી ક્યારે બહાર જાય છે ? ક્યાં જાય છે ? ક્યારે આવે છે ? બુધ્ધિથી તર્ક કરે, શંકા કરે તો વિચારો શું થઇ શકે ? હવે બીજી તરફ જોઇએ પુરુષો કરગરે, કાકલૂદી કરે, વિનવણી કરે, તો વિચારો શું થઇ શકે ?

ભક્તિનાં ક્ષેત્રમાં બન્ને વાતો આપણે સમજવી છે. કેમકે અહીં આત્મ જ આત્મા છે. સ્ત્રી પણ નથી પુરુષ પણ નથી. આમાં તો અવેદીની વેદાતીત અવસ્થા છે.

આનંદઘનજી કહે છે–

**આતમ અનુભવ રસ કે રસિયા, ઉનકો કહો વિરતંત રે,**
**અવેદી વેદન કરે, વેદન કરે અનંત રે................!**

આત્મ અનુભવનો જેણે રસ પી લીધો એમની વૃત્તિનું તો પૂછવું જ શું ? એવા અવેદી મહાપુરુષ આત્માનાં અનંત સુખનું વેદન કરે છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય જેમનું પ્રગટી ચુક્યું છે. એવા પરમ પુરુષનાં અનુભવની વાત શી રીતે જણાવી શકાય ?

એને સમજવા માટે એટલું જ કહી શકાય કે આત્માર્પણનું અંતિમ રૂપ અનંતની પ્રગટતા છે. બસ આત્માર્પણ કરીએ. અર્પણમાં મસ્તક શ્રધ્ધાથી અને હૃદય પ્રેમથી ભરેલુ હોવું જોઇએ. પ્રેમ વગરનાં સૂના હૃદય સાથે કરેલા સમર્પણનો કોઇ અર્થ જ નથી. આપણે વગર હૃદયે જ "મત્થેણં વંદામિ" કહીએ છીએ. તમે અભિનંદન કાર્ડ મોકલાવો છો અથવા કોઇનું કાર્ડ આવે છે તો તેમાં કયુ ચિત્ર હોય છે ? હૃદયનું કે મગજનું ? હૃદય પ્રેમની નિશાની છે. હૃદયથી આપવામાં આવે છે. હૃદયથી લેવામાં આવે છે.

જીવન વ્યવહાર પણ પ્રેમ વગર નથી ચાલતો. તો પ્રભુ દરબાર તો પ્રેમનો જ બનેલો છે. પ્રાસંગિક રૂપે તમે પણ પ્રેમનું મહત્વ સમજો છો. પરંતુ જીવન વ્યવહારમાં એ કેટલો જરૂરી બની ગયો છે. સામાન્ય પણે તમે જેમાં રહો છો પછી તે બંગલો હોય કે ફ્લેટ તે મકાન નહી ઘર કહેવાય છે. મકાન અને ઘરની વ્યાખ્યા જ જુદી હોય છે. ઇંટ, ચુના, સીમેન્ટથી મકાન બને છે ઘર નહી. ઘર તો હૃદયથી, પ્રેમથી જ બને છે. અંગ્રેજીમાં કહેવત છે, "હાઉસ કેન બી બિલ્ટ બાય હેન્ડસ, બટ હોમ કેન બિલ્ટ બાય

હાર્ટ" હાથોથી ઇંટ, સીમેન્ટ, ચુનાનાં મકાન બાંધી શકાય છે પણ ઘર તો હૃદયથી જ બંધાય છે. પહેલાંના જમાનામાં પત્નીને એટલે તો ઘરવાળી કહેવામાં આવતી. ભરેલા ઘરમાં પણ કુંવારા છોકરાઓને લગ્ન ક્યારે કરવા છે ? એમ પૂછવાની બદલે ઘર ક્યારે બાંધવુ છે ? એમ પૂછવામાં આવતું.

આ ઘર નહીં પણ પ્રભુનો દરબાર છે. અહીં તો સર્વસ્વ ચઢાવી દો. લોગસ્સ સૂત્ર ત્રિકોથી ભરેલુ છે. આ ગાથામાં બે ત્રિકો છે.

પ્રથમ ત્રિક છે – ચંદ્ર, સૂર્ય, સાગર.

બીજી ત્રિક પ્રભુગુણની છે – નિર્મળતા, પ્રકાશ, ગંભીરતા.

નિસર્ગજગતમાં સૂર્ય, ચંદ્ર અને સાગર છે. સહજ સંચાલનમાં પ્રકૃતિની આ ત્રણે ઉપમાઓ પરમાત્મા માટે ઉપયોગમાં લેવાય છે. સ્વનિયોજીતમાં ચંદ્ર અમારા મસ્તકમાં, સૂર્ય હૃદયમાં સાગર આપણા પેટનું પ્રતીક છે. તમે જોયું હશે કે સમુદ્રમાં ભરતી ઓટ આવે છે. આ ભરતી ઓટનું સંચાલન ચંદ્રના કિરણો દ્વારા થાય છે. તિથિઓ અનુસાર એ વધતા ઓછા થતાં રહે છે. સમુદ્રમાં મીઠું છે. અને ચંદ્રના કિરણોને મીઠા અને પાણી સાથે સીધો સંબંધ છે. આપણા શરીરમાં પાણી છે. પણ પેટમાં સમુદ્રની જેમ ભરતી ઓટ છે. ક્યારેક કોઇકનાં પેટ ઉપર બરાબર નાભિ ઉપર કાન રાખીને સાંભળવામાં આવે તો બરાબર ભરતી ઓટનો અવાજ સાંભળવા મળશે. મગજ સંબંધી રોગો કે પાગલપણું પણ પુનમ અમાસ પ્રમાણે ઓછું વધારે જોવા મળશે. સૂર્ય હૃદયનું પ્રતીક છે. જ્યોતિષ શાસ્ત્ર અનુસાર સૂર્ય ગ્રહનાં દુષિત થવાને કારણે હૃદયના રોગ થાય છે. વધારે ખરાબ થવાથી બાઇપાસ સર્જરીની પરિસ્થિતિ સર્જાય છે. લોગસ્સની આ ગાથાના જાપથી બાઇપાસ સર્જરી થતી અટકી ગઇ હોય તેવા મારી પાસે અનેક લોકોનાં અનુભવ છે. જેમને હૃદયની તકલીફ હોવાને કારણે સર્જરી નહોતી કરાવવી. તેઓએ કહ્યું કે કોઇ ઉપાય બતાવો, એમને આ ગાથાનાં જાપ આપવાથી વગર ઓપરેશને તેઓ સ્વસ્થ થઇ ગયા.

હૃદયને વિશાળ રાખો, ઉદાર રાખો. હૃદયનો એક ખૂણો જે ખાલી છે એમાં પરમાત્મા સિવાય કોઇની પ્રતીક્ષા ન કરો. ન કોઇ બીજા સાથે પ્રેમ કરો. હૃદય તો અખંડ દીપક છે . એમાં પ્રભુની જ્યોત જલવા દો. બસ એમનો પ્રેમ વહેવા દો. જગતના બધાં જ સંબંધો નશ્વર છે. અન્ય પ્રેમ સંબંધો કાચનાં વાસણ છે. થોડાક ભટકાતા જ ચૂરેચૂરા થઇ જશે. પ્રભુ પ્રેમ શાશ્વત છે. એમાં આપણું સ્વરૂપ પણ નિત્ય છે. શાશ્વત છે. આપણે સ્વયં ફક્ત પર્યાય જ છીએ એવું માનીને ચાલીએ છીએ, પરંતુ આ પર્યાયની અંદર એક શાશ્વત શુધ્ધ ચિદ્સ્વરૂપ છે તેની અનુભૂતિ થવી એજ આપણા જીવનની સાર્થકતા છે.

આ સ્પષ્ટતા માટે આવો આ ચિત્ર જોઇએ. પ્રસ્તુત ચિત્ર આપણી વિચારધારા, આચારધારા અને ઉચ્ચતમ ભાવધારાની સમાધિદશાનું ચિત્ર છે. વિજ્ઞાન તો આખરે યંત્ર પ્રયોગ છે. એ આપણી સંપૂર્ણ નિરાવરણ આત્મ દશાનું ચિત્રણ તો નથી કરી

શકતા પરંતુ વિશુધ્ધ ચિદ્દશામાં ઉપજેલી આપણી માનસિકધારાને ગ્રાફિક સિસ્ટમથી ચિત્રાંકિત તો કરી શકીએ છીએ ને ? પ્રત્યક્ષાબોધ પ્રત્યેક વ્યક્તિનાં અલગ હોય છે. અહીં તેને ત્રણ ધારાઓમાં અલગ કરી ત્રણ નમુનાઓ દ્વારા ગ્રાફિક શૈલીમાં ચિત્રિત કર્યા છે.




A Graphic depiction of our perceptual cone

ચિત્ર નં. ૧ માં જૂઓ પર્વત રૂપે બે રેખાઓથી પ્રત્યાક્ષાવબોધ કરાવવામાં આવે છે. ડોટ્સ વાળો બહારનો ભાગ શાસ્ત્ર વિન્યાસ દ્વારા પ્રોયોગિક કર્માણુ રહિત નિરાવરણ સ્થિતિનું ચિત્રણ છે. મધ્ય ભાગ પૂરો ડોટ્સ રેખાઓનો અર્થાત્ કર્માણુઓથી ભરેલો છે. વિકલ્પ જન્ય દ્વંદ્વાત્મક સ્થિતિમાં આ નિચલા સ્તરે વધારે ફેલાય જાય છે. એને અનાદિનિગોદ ન કહી શકીએ. કેમકે એમાં વિકલ્પ નથી હોતો. એ દ્વંદ્વાત્મક સ્થિતિનું ચિત્રણ છે. નિગોદનાં જીવોનાં કર્માણુ એટલા ગાઢા હોય છે [redacted]ને ડોટ્સ રેખાઓથી ચિત્રિત પણ નથી કરી શકાતા. આ ગ્રાફિક મશીન એને કેવી રીતે પકડી શકે ? સર્વજ્ઞ પ્રભુ પોતાના અનંત જ્ઞાનમાં એને જાણી દેખી શકે છે.




B Cone of perception limited by definition personal reality

નં. ૨ ના ચિત્રમાં બતાવવામાં આવ્યું છે કે વ્યક્તિ જયારે પોતાના માટે વિચારે છે કે હું કોણ છું ? અને હું મારા માટે શું વિચારુ છું ? વ્યક્તિ પોતાના નિજસ્વરૂપને ભૂલી પોતે બાહ્ય પર્યાયનાં રૂપમાં જ પોતાને જૂવે છે. હું સ્ત્રી છું, હું પુરુષ છું, મા છું, પિતા છું, પૂત્ર છું, ડોક્ટર છું, વકીલ છું વગેરે. મારું નામ બહુ પ્રખ્યાત છે. બહુ ઓછા જીવો એ વિચારે છે કે હું આત્મા છું. અહીં આ ગ્રાફમાં આ બધું સ્પષ્ટ થઇ રહ્યું છે.



C. Cone of perception increased by high sense perception

નં. ૩ નો ગ્રાફ આપણા માટે અત્યંત નજીકપણું રાખે છે. જુઓ આ ગ્રાફમાં તમે આઠ ધારાઓ જોઇ શકો છો. પ્રથમ ધારા આવરણ સહિતની છે. એના પછી નંબર એકથી સાત સુધી આત્મિક વિકાસની સ્થિતિ છે. એને આપણે અધ્યાત્મમાં બે રીતે સમજી શકીએ છીએ. સાતમા ગુણસ્થાનક સુધી જીવનો ગ્રાફ છે. એના પછી એ શ્રેણી શરૂ કરે છે. બીજી રીતે જોઇએ તો લોગસ્સ સૂત્રમાં સાત ગાથાઓ જીવના નિરાવરણ પ્રયોગોની પ્રસ્તુતિ છે. સાતમી ગાથા આત્માની નિર્મળતા, તેજસ્વીતા અને નિરાવરણ ગંભીરતા પ્રગટ કરે છે. એના પછી તો સિધ્ધાવસ્થા તો છે જ.
એટલે જ અંતિમ ગાથાનું અંતિમ ચરણ છે..!

"સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ"

સિધ્ધ દશાની પ્રાપ્તિનાં ક્રમની યોજના અભૂતપૂર્વ છે. એમાં પ્રવેશ કરવા માટે પ્રથમ નિર્મળતાનો ગુણ જોઇએ. પરમાત્માને અહિંયા "ચંદેસુ નિમ્મલયરા" કહ્યાં છે. નિર્મળતા કહેવાનું તાત્પર્ય એટલું જ કે નિર્મળતા માટે પૂર્ણિમાનો ચંદ્ર અમાસની રાત્રે પૂરેપૂરો સંતાઇ જાય છે. અદ્રશ્ય બની જાય છે. આત્માની નિર્મળતા સદોદિત સદાબહાર નિર્મળતા પ્રગટ કરે છે.

સૂર્યનાં પ્રકાશ માટે અહીં "અહિયં" શબ્દ રાખવામાં આવ્યો છે. સૂર્ય સ્વયં પ્રકાશ સ્વરૂપ છે પરંતુ એ મર્યાદિત છે. આત્મસ્વરૂપ અનેક સૂર્યોથી પણ વધારે "અહિયં" એટલે કે વધારે પ્રકાશિત છે. સૂત્રના પ્રારંભમાં "ઉજ્જોયગરે" શબ્દ વાપર્યો છે, અને અંતમાં "પયાસયરા" શબ્દ વાપર્યો છે. ઉધોત અને પ્રકાશ વચ્ચેનું અંતર આપણે પ્રથમ પ્રવચનમાં જોઇ ચૂકયા છીએ. એટલે આજે એનું પુનરાવર્તન નથી કરતી. સૂર્ય

સ્પષ્ટ છે. સ્પષ્ટતા કરે છે. જે અસ્પષ્ટ હોય છે તેને સ્પષ્ટ કરે છે. ભક્તામર સ્તોત્રમાં સૂર્યની પ્રકાશકીય વ્યવસ્થાને સ્પષ્ટ કરવાનું જ કહેવામાં આવ્યું છે.

**સ્પષ્ટી કરોષિ સહસા યુગપજ્જગન્તિ**

સૂર્ય આ જગતમાં નિરપેક્ષ રહીને જગતને એક સાથે સ્પષ્ટ કરે છે. આજ સ્પષ્ટતાનાં સ્પષ્ટીકરણને આપણે પ્રકાશ કહીએ છીએ. સૂર્યની મદદથી પદાર્થોની સ્પષ્ટતા થાય છે. પરમાત્મા રૂપી સૂર્ય ચેતનાને સ્પષ્ટ કરે છે. ચેતના અનેક આવરણોને લીધે અનાદિકાળથી અસ્પષ્ટ રહી છે. ધુંધળી બની ગઇ છે. સ્વયં સ્પષ્ટ સ્વરૂપી હોવા છતાં અજ્ઞાનરૂપી અંધકારમાં ડૂબેલો છે. પરમાત્મા અહીં પ્રકાશ પાથરે છે. ટોર્ચ ફેંકી તેને સ્પષ્ટ કરે છે. એમના અનુગ્રહની બેટરીમાં આવરણોને તોડવાની ક્ષમતા છે. અંદર સ્પષ્ટ કરે છે. પરમાત્મા સિવાય આ ક્રિયા અન્ય કોઇ કેવી રીતે કરી શકે ?

પતિત બનીને મુનિમેઘમાં પરમાત્માએ સ્પષ્ટતા પ્રગટ કરી છે. ઊંડે સુધી લઇ જઇ ને હાથીનો ભવ સ્પષ્ટ કરાવે છે. વત્સ મેઘ! સસલાની દયા પાળીને રાજકુમાર બની ગયો. અને હવે બસ......... બેટરીનો પ્રકાશ આવી ગયો. મુનિમેઘમાં અતીત પ્રકાશિત બની ગયું. અંધકાર દૂર થયો. પ્રભાત થઇ. આળસ મરડીને મુનિ ઉભા થઇ ગયા. પોતાનામાં જાગૃત બની ગયા. સર્વ શક્તિમાન ચેતના જાગૃત બનતા જ બધાં જ પડદાઓ ખૂલવા લાગે છે.

ગૌતમ સ્વામીને યાદ આવી ગયું. પરમાત્મા મહાવીરે એકવાર કહ્યું હતું કે તારી મારી પ્રીત બહુ પુરાણી છે. ભવો ભવથી ચાલી આવે છે અને અંતે આજે પરમાત્મા મને એકલો મૂકીને ચાલ્યા જ ગયાં. ક્યાં ગયો એ ભવોભવનો પ્રેમ સંબંધ ? હે મહાવીર ! તમે મને સાથે તો ન લઇ ગયાં પણ છેલ્લી ક્ષણોમાં મને યાદ પણ ન કર્યો ? મારી તરફ એક નજર પણ ન નાખી ? આટલા નિષ્ઠુર બની ગયા ? તમને આ બિલકુલ શોભા નથી દેતું.

એટલું વિચારતા વિચારતા એવા કેટલાયે તરંગોમાં ગૌતમ સ્વામીની ચેતના સ્પષ્ટ થતી ગઇ. વીતરાગ પ્રત્યે કરેલો રાગ વીતરાગતા પ્રગટ કરે છે. પરમાત્મા કોઇ નવો પ્રકાશ નથી આપતા. એતો જે અપ્રગટ છે તેને પ્રગટ કરે છે. આપણે તો માટીનું કોડિયું છીએ. ભક્તિની વાટ અને શ્રધ્ધાનું તેલ હોય તો પરમાત્મા પોતાની જ્યોતિનો સ્પર્શ કરી આપણા દિવડાને પ્રગટાવે છે. ભક્તામર સ્તોત્રમાં કહ્યું છે,

**"કૃત્સ્નં જગત્ત્રયમિદં પ્રકટીકરોષિ"**

માત્ર જ્યોતિનો સ્પર્શ થતાં જ કૃત્સ્નં એકાએક ત્રણે જગત્ પ્રગટ થઇ જાય છે. જગત સામે આવતું નથી ત્યાં ને ત્યાં જ રહે છે. તેમ છતાં જ્ઞાનમાં પ્રગટ થઇ જાય છે.

હવે પરમાત્માનો અવાજ અંદરથી પ્રગટ થાય છે. તું મારી પાસે શા માટે માગે છે ? તારી અંદર જ તો બધું છે. વત્સ! અંદર જા પરમ કૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજી એ કહ્યું છે "અંતરનું સુખ અંતરની સમશ્રેણીમાં છે. સ્થિતિ થવા માટે બાહ્ય વિચારોનું વિસ્મરણ કર. આશ્ચર્ય ભૂલ" પત્રાંક ૧૦૮. ગૌતમ સ્વામીને પરમાત્માના શબ્દો યાદ આવે છે. વત્સ ઊંડાંણમાં જા! અંદર ઊંડાંણમાં જ ચેતનાનું પ્રગટીકરણ છે. એટલે કહે છે "સાગરવર ગંભીરા" સૌથી વધારે ઊંડાણ સમુદ્રનું જ હોય છે. પરમાત્મા કહે છે ગૌતમ ! જીવન પણ એક સમુદ્ર જ છે. સાવચેત રહીને ઊંડાણમાં ઉતરી જા. તારી ગહન ચેતનામાં જો હું સમાયેલો છું, ત્યાં જ હું હાજર છું. તું બહાર મને ખોજ નહીં. હું તારા અંદરનાં ઉડાણમાં જ છું. વત્સ ! ઊંડાણનો આરંભ છે પણ અંત નથી. એ અનંત છે. ત્યાં આગળ આપણે બન્ને એક છીએ. આપણે બે નો ભેદ તૂટશે ત્યારે અનંતમાં એકતા પ્રગટ થશે. તારા મારાનું અંતર સમાપ્ત થઇ જશે. ભય અને ભેદ તૂટી જશે.

"સાગરવર ગંભીરા" નું ચિંતન કરતા કરતા ગૌતમ સ્વામી અંતઃકરણનાં ઉંડાણમાં પહોંચી ગયા. નિરાગ શ્રેણીનું આરોહણ શરૂ થઇ ગયું. હું બહું જ મૂર્ખ છું. એ તો વીતરાગી,નિરાગી, નિર્વિકારી, સચ્ચિદાનંદ સ્વરૂપ, સહજાનંન્દી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્યપ્રકાશક છે. તેઓ મારામાં મોહ શા માટે રાખે ? હું એમને ઓળખી ન શક્યો! એમની પર્યાય રહિત વિમુક્ત વિદેહી દશાનું મને ભાન ન રહ્યું.

**દેહ છતા જેની દશા, વર્તે દેહાતીત,**
**તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત.**

એવા પરમ સ્વરૂપનો બોધ થઇ ગયો. પરમ મુક્તદશાનો સ્પર્શ થઇ ગયો. પરમાત્મા મહાવીરની દેહાતીત અવસ્થાને અનંત વંદના થઇ. પરિણામ પ્રગટ થયું. શોકમુક્ત બની એ નિરાગી બની ગયા. વીતરાગી બની ગયા.

હવે તેઓ એકલા નથી રહ્યાં. એમને મળ્યા ચોવીસ જિનેશ્વરો. અંદર એમને મળ્યાં એમના મહાવીર. ઊંડાણમાં ઉતરતા જ ચેતનામાં ચોવીસેય સાથે અનંત સિધ્ધો પ્રગટ થઇ ગયા. અનંત ચેતનાઓ એકમાં સમાઇ ગઇ. એક અને અનંતમાં કોઇ ફરક ન દેખાયો.

અંદરથી સ્ત્રોત પ્રગટ થયો. નિઃશબ્દ સ્થિતિમાં અનુગ્રહનું વરદાન પ્રગટ થયું. ક્યારેય ન બુજાય તેવો દિવડો ઝળહળી ઉઠયો. એ જ્યોતિ જગતની અનંત ચેતનાને પ્રગટ કરવાવાળું એક વરદાન હતું. આત્મસ્થિતિનું અવદાન હતું. આજ સુધી ચાલે તેવું અનુદાન હતું. સિધ્ધત્વનું અનુગ્રહદાન હતું. પ્રગટ થયું,

**સિધ્ધા સિધ્ધિં મમ દિસંતુ**

હે અનંત સિધ્ધો! નિર્વાણ પામેલ સિધ્ધ સ્થિતિવાળા ફક્ત મહાવીર જ નહીં, અહીં કહે છે.હે અનંત સિધ્ધ ભગવંતો! સિધ્ધિં મમ દિસંતુ! "મમ" અર્થાત મારી

"સિધ્ધિ" અર્થાત્ સિધ્ધદશા મારી વિશુધ્ધ આત્મ દશા મારામાં "દિસંતુ" અર્થાત્ સ્પષ્ટ કરો. મારી સિધ્ધિ મારામાં પ્રગટ કરો. પ્રભુ! હું તમારી સિધ્ધિનો ભાગ નથી માગતો. હું જાણુ છું, તમારી સિધ્ધિ અવિભાજ્ય છે. ભાગ કરીને વહેંચવાનું તમારું કોઇ પ્રયોજન નથી. હું તો "મમ સિધ્ધિ" મારી પોતાની સિધ્ધિ માગું છું અને તું આપવા માટે સમર્થ છે એટલે માગું છું.

"મમ્" નાં આ મંગળ ભાવોમાં "સો કરિસ્સઇ ઉજ્જોયં" પ્રગટ થયું. એજ અજવાળશે. એજ અંધકાર ને દૂર કરશે. એ જ સિદ્ધત્વ પ્રગટ કરશે. સોઽહં સોઽહં એ જ હું છું. આચારંગના વચનામૃત પ્રગટ થયા.

"સવ્વાઓ દિશાઓ, સવ્વાઓ અણુ દિશાઓ જો આગઓ અણુસંચરઇ સોઽહં"

પરમાત્મા મહાવીરના વચનામૃત પ્રગટ થયા. જેઓ આ દિશામાં અને વિદિશા માં પરિભ્રમણ કરે છે એ પણ હું જ છું અને અટલ ઊંડાણ ને સ્પર્શ કરી પરિભ્રમણ થી મુક્ત બની નિર્વાણદશા ને પ્રાપ્ત કરે છે એ પણ હું જ છું. સોઽહં નાં આ મંત્રધ્યાને ગૌતમ સ્વામીના પડળો ખોલી નાખ્યાં. આવરણો હટાવ્યા અને કૈવલ્ય પરમ નિધાન પ્રગટ થયું.

**પરમ પુરુષ પ્રભુ સદ્ગુરુ, પરમ જ્ઞાન સુખધામ।**
**જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ।।**

પ્રણામ કરતા કરતા આપણે પણ પ્રણામીને પ્રાપ્ત કરીએ. નામ લેવાવાળા અનામી બની જઇએ. પરમ સિધ્ધ દશા મને, તમને અને આપણને સહુંને શિઘ્ર પ્રાપ્ત થાઓ એજ મંગળ અભ્યર્થના.

## ૐ શાંતિ શાંતિ શાંતિ

# ૮. સિધ્ધાલય માં આત્મલય

પ્રત્યેક પ્રારંભ એક પૂર્ણની આહુતિ હોય છે. પ્રત્યેક પૂર્ણાહૂતિ એક પ્રારંભની અનુભૂતિ પ્રગટ કરતી હોય છે. લોગસ્સ સૂત્રની પૂર્ણાહૂતિમાં ગૌતમસ્વામીનાં કેવળજ્ઞાનનો પ્રારંભ હતો. ગૌતમસ્વામીના જ્ઞાનારંભમાં જ્ઞાનાવર્ણીય કર્મોની પૂર્ણાહૂતિ હતી. પ્રારંભથી પૂર્ણતાની યાત્રા આહુતિમાં આહતથી અનાહતની અનાવૃતિ છે. સૂત્ર પૂર્ણ થઇ રહ્યું છે. મહાવિદેહ ક્ષેત્રનું દેવ યુગલ અંજલિ બનાવી કરસંપુટ સાથે ભરતક્ષેત્ર તરફ પ્રયાણ કરે છે. જન્મો જન્મનો વિષાદ દૂર કરવાવાળો આ પ્રસાદ ભરત ક્ષેત્રવાસીઓને હર હમેંશ પ્રશન્નતા આપતો રહેશે. સમાધિનો માર્ગ આમાં જ નિશ્ચિત છે. ક્ષેત્રની અપેક્ષા એ આ શાશ્વત સૂત્ર આગામી ચોવીસી સુધી આલંબન આપતુ રહેશે. "જિણં" ના બીજમંત્રમાં એ સંપૂર્ણ સમાઇ ગયેલું છે. ક્ષેત્ર જોઇએ તો ભરત ક્ષેત્ર હોય કે મહાવિદેહ ક્ષેત્ર પરંતુ બીજમંત્ર એક જ છે. "જિણં" આ મંત્રથી જન્મો જન્મનાં સંસ્કારોનું પરિવર્તન થાય છે. સ્વદશાનું જ્ઞાન થાય છે. સ્વસ્થિતિની શોધ થાય છે.

સૂર્યોદય થઇ રહ્યો છે. ભગવાન મહાવીરની યાદ અપાવી રહ્યો છે. મહિનો કારતકનો છે. શુકલ પક્ષ છે. પ્રતિપદાનો દિવસ છે. મહાવીરની ચ..ોથી ભરેલો આ દિવસ છે. એક ઐતિહાસિક પુરુષનાં સાનિધ્યને ખોઇ ચૂકેલો આ દિવસ છે. એક સાક્ષી પુરુષનાં સહવાસને ગુમાવી ચૂકેલો આ દિવસ છે. તો પણ ભાવ અંધકારમાં લીન છે. પ્રભુની યાદમાં તલ્લીન છે. વિયોગમાં વિલિન છે. જાગૃત છે તો પણ નિંદ્રામાં તલ્લીન છે. પરમાત્માનાં પવિત્ર દેહ પરમાણુઓની અંતિમ ક્રિયા કરી દેવ સમુદાય પાછો ફરી રહ્યો છે. મધ્યમપાવાનો જન સમુદાય શાસનના નેતૃત્વની પ્રતીક્ષા કરી રહ્યો છે. હવે પ્રજાજનોને જોઇએ છે ઇન્દ્રભૂતિ ગૌતમસ્વામીનું આશ્વાસન અને સુધર્મા સ્વામીનું પ્રશાસન. શોકાતુર મધ્યમપાવાના પ્રજાજનો ધર્મ સભામાં પ્રવેશ કરે છે. સુધર્મા સ્વામી પાસે પરમાત્માની આભા અને ધર્મવાણીનાં પ્રભાદાન માટે નિવેદન કરે છે.

એજ સમયે એક દેવયુગલ પ્રવેશ કરે છે. એમના કર સંપુટની આંગળીઓ ની અંગુલીરેખાઓ પર ચોવીસે તીર્થંકરોના અસ્તિત્વની આભાઓ હોય છે. સિધ્ધત્વનાં સાક્ષીની પ્રભાઓ પ્રસન્નતાનો પ્રસાદ વહેંચી રહી હોય છે, બન્ને હથેળીઓનાં મધ્યભાગે નિજત્વ સ્વરૂપ ચૈતન્યની સાક્ષીનાં હસ્તાક્ષર હોય છે. હોઠો પર લોગસ્સ નાં શાશ્વત સૂત્રની પંક્તિઓ હોય છે. વાણીમાં વર્તમાન ચોવીસીના નામોની

સૂક્તિઓ છે. અંતઃકરણમાં પવિત્ર પુરુષોનાં પાવન ઉર્જાસ્ત્રોતની આકર્ષણ વિધિઓ હોય છે. અન્તર્યામીની મહાયાદમાં ઉદાસ તીર્થંકરનું સિંહાસન વિસરાલ છે. સાનિધ્યનું અંતરાલ છે. તીર્થંકર વિરહનો કાળ છે. કાળ ચક્રની આ કેવી માયા જાળ છે ?

સુધર્મા સભામાં પ્રવેશ કરતાં જ એમણે જોયું એક મૌન સન્નાટો. એકલતા છવાયેલી છે. ચૂપકીદી પથરાયેલી છે. પટ્ટાસન છે પણ અત્યારે ખાલી છે. એમ લાગી રહ્યું છે કે કોઇને બિરાજમાન કરવાની રાહ જોઇ રહ્યું છે. શોક મગ્ન ચતુર્વિધ સંઘ કોઇ યોજના બનાવી રહ્યું છે. એક પાટા પર સાત હાથની ઉંચાઇવાળા આકાર પ્રકારથી સમચોરસ, સંસ્થાનવાળા, વજ્રઋષભનારાચ સંહનનથી સુગઠિત, તેજોમય લાલિમાયુક્ત, અતુલ બળ, અદ્મ્ય ઉત્સાહ, અટલ ધૈર્ય, અથાહ ગાંભીર્ય, અક્ષોમ્ય ક્ષમાનાં આગાર, શાંતિનાં સાગર ભગવાન મહાવીરસ્વામીનાં સર્વસત્તાસમ્પન્ન શિષ્ય સુધર્માસ્વામી બિરાજ માન છે. સૂના શાસનનાં આપ કર્ણધાર છો. એમ જાણવા છતાં એ સંઘ નેતૃત્વને સ્વીકારતા નથી. તેઓ ઇન્દ્રભૂતિ ગૌતમની રાહ જોઇ રહ્યાં છે. લોક પરલોકનાં તારક, પ્રજાપાલક, શાસન રક્ષક ગૌતમસ્વામી અવશ્ય આવશે. શાસનની સત્તા સંભાળશે. યુગનું નેતૃત્વ કરશે. સંઘમાં જાગૃતિ લાવશે. મને આશ્વાસન આપશે. વાત્સલ્યનું અનુદાન આપશે. એમના મનમાં આશાનું એક કિરણ પ્રગટ થયું. એમના મનમાં એક વિચાર આવ્યો કે ભગવત્ સત્તાનું આ ખાલીપણુ વિશ્વની આ મહાન વિભૂતિ પરમાત્માનાં પ્રથમ પટ્ટધર ગૌતમસ્વામી દ્વારા દૂર કરી શકાય તેમ છે. અંધકારમાં પાછો પ્રકાશ થઇ શકે છે. તીર્થંકર રૂપી સૂર્ય તો નહીં ઉગી શકે પરંતુ ગણધર ગૌતમસ્વામીનાં આત્મ જ્ઞાનની જ્યોતથી દિપક તો પ્રગટી શકે છે ને ? એટલામાં દેવયુગલે પ્રવેશ કરતાની સાથે જ વાસ્તવિકતાને જાણી લીધી. સીધા સ્વધર્મમાં સંલીન સુધર્મા સ્વામી પાસે પહોંચી એમણે આ પ્રકારે જયનાદ કર્યો નિર્વાણ પ્રાપ્ત ભગવાન મહાવીરની જય હો, કેવલ્ય પ્રાપ્ત ગૌતમસ્વામીની જય હો, શાસન નાયક સુધર્માસ્વામીની જય હો. સુધર્મા સ્વામીનાં મન મગજને આ શબ્દો એ ઢંઢોળી મૂક્યાં. ચેતના જાગી ગઇ. કલ્પના ભાગી ગઇ. એમણે જાણી લીધું કે ભગવાન મહાવીરનાં જ્યેષ્ઠ અને શ્રેષ્ઠ અહર્નિશ, અપ્રતીમ સેવાભાવી, પ્રબુધ્ધ અને પ્રજ્ઞાશીલ ભગવાન મહાવીરનાં ધર્મ સંઘનાં અધિનાયક ઇન્દ્રભૂતિ ગૌતમસ્વામીને ભગવાનનાં નિર્વાણ પછી કેટલીક ક્ષણો બાદ કેવળજ્ઞાન પ્રાપ્ત થઇ ગયું છે. તેઓ જનમાનસનાં પરમ ઉપકારી બની ગયા છે. એટલે ભગવાન મહાવીરના ઉત્તરાધિકારી ન બની શકે. કારણ કે તેઓ સ્વયં આત્મજ્ઞાનના પૂર્ણ અધિકારી બની ચૂક્યાં છે.

સુધર્માસ્વામી સ્વયં આસન પરથી ઉઠીને ઉભા થઇ ગયા. ચતુર્વિધ સંઘનું નિવેદન સ્વીકાર્યું. ગણની અનુજ્ઞાનું દાયિત્વ સ્વીકાર્યું. શાસન સત્તાને માથે ચઢાવ્યું. દ્વાદશાંગી નીપ્રરુપણાનું ગ્રંથન કર્યું. આગમ પરિજ્ઞાનું મથંન કર્યું.

સમસ્ત ચતુર્વિધ સંઘ પટ્ટાભિષેકની તૈયારીમાં હતો. એજ વખતે મુનિશ્રીનાં ચરણ યુગલો પર દેવ યુગલોએ મસ્તક નમાવ્યું. ગોઠણને ટેકે બેસી ગયા. તેમનામાં મહાવિદેહ ક્ષેત્રમાં સાક્ષાત્ બિરાજમાન વિરહમાન પ્રભુનાં સાનિધ્યનું તથા પ્રાપ્ત થયેલ લોગસ્સ સૂત્રનું લાલિત્ય ટપકી રહ્યું હતું.

**અંધિયારે તમે ઘોરે, ચિઠ્ઠંતિ પાણિણો બહુ।**
**કો કરિસ્સઇ ઉજ્જોયં, સવ્વલોયમ્મિ પાણિણં।।**
**ઉગ્ગઓ વિમલો ભાણૂ, સવ્વલોયપભંકરો।**
**સો કરિસ્સઇ ઉજ્જોયં, સવ્વલોયમ્મિ પાણિણં।।**

ઉગ્ગઓ..! ની પંક્તિઓ બોલી સો કરિસ્સઇ ઉજ્જોયં .. સો કરિસ્સઇ ઉજ્જોયં નાં શબ્દ ઘોષ સાથે એમણે વાતાવરણનું મૌન તોડયું. સો એ લોગસ્સ સૂત્ર . કરિસ્સઇ કરશે. નક્કી કરશે. ઉજ્જોયં અજવાળાની ઘોષણા સાથે ગગન ગુંજવા લાગ્યું. ગૌતમસ્વામીની પરાવાણી દેવવાણી રૂપે ગુંજવા લાગી. નભ મંડળ ગુંજી ઉઠયું. ધરતી રંજીત થઇ ગઇ, લોગસ્સ સૂત્રની શાશ્વત શબ્દધારા વહેતા વહેતા શબ્દોમાં ચેતના ભરી નાદમાં અંતર્નાદ, અંતર્નાદમાં અનાહત બની સ્રોત બની વહેવા લાગી. સ્રોતમાં શબ્દો હતાં. શબ્દોમાં આકૃતિ હતી. આકૃતિમાં અનાકૃતિ હતી. પરમતત્વની પ્રકૃતિ હતી. વાતાવરણમાં આનંદ છવાયો. સુધર્માસ્વામીએ અનાહતનો પરમાનંદ મેળવ્યો. ગૌતમસ્વામીનાં કેવળજ્ઞાન પૂર્વેનો આ પ્રસાદ છે. કેવળ જ્ઞાનનો પૂર્ણ જ્ઞાનનો આમાં આસ્વાદ છે. સિધ્ધત્ત્વ પ્રાપ્ત પરમ પુરુષ મહાવીરની સાથેનો આ આત્મ સંવાદ છે.

ગૌતમ સ્વામીનું નામ સાંભળતા જ સુધર્મા સ્વામી ભાવવિભોર બની જાય છે. સર્વપ્રિય સંમોહન વ્યક્તિત્વ રેખાવાળા કરકમળોમાં પરમ મંત્રોષધિરૂપ પરમ મંગળ સ્વરૂપ કરે છે. એમને અનુભવ થયો કે જન સમુદાયને માટે હિતકારી, વાત્સલ્યમય આ અમીધારામાં મારે માટે આશીર્વાદ છે. પરમ તત્ત્વ સાથે સંવાદ છે. જગતહિતનો પ્રસાદ છે આંખો બંધ કરી સ્મૃતિલોકમાં જાય છે. ધ્યાનસ્થ બની સૂત્રને આત્મસાત્ કરે છે.

ધ્યાનમાં લીન મહાવીરની શાશ્વત સત્તામાં સંલીન સુધર્મા સ્વામી ને સંબોધિત કરી દેવ યુગલે ફરી કહ્યું ઉઠો મહાવીર પુત્ર સર્વભૂતાનુકમ્પી, પતિતપાવની, જગહિતકારિણી, ભવતારિણી, ભગવત વાણીને ભાવિત કરો. વીતરાગ વાણીનું વિમોચન કરો. જિનઉદ્દ્ઘોષનું ઉદ્દ્ઘાટન કરો. શાસન સત્તાનું સંરક્ષણ કરો. સંઘનું સંયોજન કરો. આગમનું આયોજન કરો. પ્રવચન વાણીની પાવન પ્રભાવના કરો. સિધ્ધશિલાનાં ચૈતન્ય મહાપુરુષને હૃદયશિલા પર બિરાજમાન કરો. પરમાત્માનું દેહ નિર્વાણ થયું છે પણ તેઓ અક્ષર છે. અક્ષર જ્યારે અવતરે છે, પ્રગટ થાય છે, આકાર લે છે ત્યારે શબ્દ બને છે. શબ્દ જ્યારે ઉચ્ચારણ કરે છે ત્યારે ભાષા બને છે. ભાષા

જ્યારે આપ લે કરે છે ત્યારે વાણી બને છે. વાણી જ્યારે સ્વાધ્યાય બને છે ત્યારે મંત્ર બની જાય છે. મંત્ર જ્યારે અવતરિત થાય છે ચક્રાકારે ફરે છે ત્યારે નાદ બને છે. અર્થાત્ અક્ષર જ્યારે કંઠથી બોલાય છે ત્યારે શબ્દ બને છે. જ્યારે મનથી બોલાય છે ત્યારે મંત્ર છે અને જ્યારે હૃદયથી બોલાય છે ત્યારે નાદ બની જાય છે.

પુદ્ગલોનાં લક્ષણમાં અવાજ, ધ્વનિ અને નાદને શબ્દ કહેલ છે. અને શબ્દને પુદ્ગલનાં ગુણ કહ્યાં છે. જ્ઞાનિઓ એ શબ્દોનાં ત્રણ પ્રકાર કહ્યાં છે.

(૧) સચિત :- જીવના મોઢામાંથી નિકળેલો શબ્દ.

(૨) અચિત :- વાસણો ખખડવાથી જે ધ્વનિ ઉત્પન્ન થાય છે તે.

(૩) મિશ્ર :- જીવનાં પ્રયત્નથી વગાડવામાં આવતા શંખ વગેરેનાં શબ્દો

શબ્દ જ્યારે યથાવત ઘોષકરતા કરતા નાદ બને છે. ત્યારે તેના બે પ્રકાર બની જાય છે. આહત અને અનાહત. આહતનો આપણને બહુ જ અનુભવ છે જે ટકરાવાથી ઉત્પન્ન થાય છે. આપણે અન્ય વ્યક્તિઓ કે પદાર્થોનાં આપસમાં ટકરાઇને ઉત્પન્ન થતાં જે પણ ધ્વનિ સાંભળીએ છીએ તે આહત છે. અનાહત અદ્ભુત છે કારણ કે તે અનાહુત છે, અપૂર્વ છે. એનું જ્ઞાન અધ્યાત્મ પ્રદેશ સિવાય ન બની શકે. આત્માનુભુતિની નજીક આવવાનો આ રસ્તો છે. પદાર્થો અનંત છે. એનો વિસ્તાર પણ વ્યાપ્ત છે. અનાહત સંક્ષિપ્તીકરણનો માર્ગ છે. આકાર હોવા છતાં એ નિરાકારનો સંકેત છે. શ્રાવ્ય હોવા છતાં એ અશ્રાવ્યની અભિવ્યક્તિ છે. નાદ હોવા છતાંયે નાદાતીતની અનુભૂતિ છે. અનુભૂતિ હોવાથી શબ્દાતીત છે.

જે કોઇ ત્રણ પ્રકારની અથડામણ વગર ઉત્પન્ન થાય છે એ અનાહત છે. જેને ઉત્પન્ન થવા માટે કોઇ સંજોગોની જરૂર પડતી નથી અને નથી તો એ કોઇ વિભિન્ન આકાર કે તરંગોથી બનતો. જેના તરંગો અને લય એક સરખા હોય છે એ છે અનાહત. કોઇ પણ પ્રકારનાં આઘાત વગર ઉત્પન્ન થતાં હોવાને લીધે એનો પ્રત્યાઘાત પણ નથી હોતો. જેનો આઘાત કે પ્રત્યાઘાત નથી હોતો એ અનાહત છે.

આહત શબ્દ મંત્ર-યંત્ર રૂપે અનેક હોય છે પરંતુ અનાહત માત્ર એક જ હોય છે. અનાહત હોવાથી એને બે રીતે સમજી શકાય છે, યંત્ર અને નાદ. બન્નેમાં રહે છે તો માત્ર મંત્ર. બન્નેના સંબંધ માત્ર ચેતસિક છે ચેતના સ્વયં સ્વરૂપા છે. અરૂપા છે. એટલે જ્યારે એની અભિવ્યક્તિ થાય છે. એ વખતે એ આકાર, તરંગ, કે નાદમય બને છે. કોઇ પરમ પવિત્ર પૌદ્ગલિક પરમાણુ પુંજમાં પ્રગટ થાય છે. દેહાતીતની આ દેહયાત્રા અનંત યાત્રાની પૂર્વ ભૂમિકા છે. એના વિસ્તારમાં પવિત્રીકરણની વ્યવસ્થા છે. પૌદ્ગલિક શબ્દોમાં નામની ચેતનાને જોડો. શરીરની અભેદ સંવેદનાને તોડો. પરમનાં સામીપ્યનો સંયોગ મેળવો. સાનિધ્યનો અનુયોગ કરો. કર્મોનો અનુબંધ તોડો. કીર્તન કરો, સ્તવન કરો, વંદન કરો, નમન કરો, ચેતનામય પૂજન કરો. તેઓ હાજર છે, પ્રત્યક્ષ છે, સર્વજ્ઞ છે, સર્વદર્શી છે એવો અનુભવ મેળવો. ભક્તિનાં ગીત ગાઓ. વિભક્તિને ભૂલી જાઓ.

બધાં લોકો આશ્ચર્યની અનુભૂતિ કરવા લાગ્યાં. શબ્દોમાં ચેતના ભરવા લાગ્યાં. દેવયુગલે લોગસ્સ સૂત્રની ભેટ ચઢાવી સુધર્માસ્વામીને, જીનશાસનનાં અન્તર્યામી ને, પરમાત્મા મહાવીરનાં શાસનનાં સ્વામીને. આ લ્યો ભરત ક્ષેત્રનું આ અણમોલ નઝરાણું છે. પ્રભુ પ્રત્યેનાં પ્રેમનું ગીત છે. આ ગીત ગાવો અને પ્રભુનો પ્રેમ પામો. જેવું દેવ યુગલે સૂત્ર પ્રારંભ કર્યુ સંપૂર્ણ વાતાવરણ આલોકમય બની ગયું. લોકમાં જ લોકાગ્રની અનુભૂતિ શરૂ થઇ. કર સંપુટની અંજલિ બની. ભાવાંજલિ સાથે અંજલિ ખૂલતી ગઇ. પ્રથમ ગાથા સંપન્ન થઇ. ગાથા બેની શરૂઆત થઇ. "ઉસંભ" શબ્દનાં ઉચ્ચાર સાથે જ દેવાંગનાંની હથેળીમાંથી એક વિશેષ આકાર રેખા સ્વરૂપે વિશેષાકૃત બની આકાશ તરફ પ્રસ્થિત બન્યો. બીજા નામોની સાથે પણ એવું જ બન્યું. સમજાય છે એ શું હતું. ? એ હતું નામમંત્રથી ઉત્પન્ન અનાહત યંત્ર. અનાહત નાદમાંથી જે તરંગો ઉત્પન્ન થાય છે તે બ્રહ્માંડમાં પહોંચી એક વિશેષ આકાર લે છે. આ આકારમાં નામી પુરુષનાં પવિત્ર ચેતસિક પરમાણુઓનું આકર્ષણ હોય છે. આપણે એને એમ પણ કહી શકીએ કે પરમ પુરુષોની પવિત્રતાનું એકીકરણ, આકર્ષણ, સરંક્ષણ અને સમાયોજન જે પ્રવાહોમાં વહી એક ચોક્કસ આકારમાં સમાઇ જાય છે એને યંત્ર કહે છે. આ છે અનાહત યંત્ર. પરમાત્મા જ્યારે નિર્વાણ પ્રાપ્ત કરે છે ત્યારે તેમની પ્રાણશક્તિ અહીં ધરતી પર રહી જાય છે પ્રભુના અધિષ્ઠાયક દેવ-દેવી આ પ્રાણઉર્જાનું આકલન કરે છે પ્રાણઉર્જા જ્યારે આકર્ષિત થાય છે ત્યારે આકારમાં પપિરણમે છે આ આકાર તે જ અનાહત યંત્ર.

ચોવીસ તીર્થંકરો અનાહત યંત્રો જે આજે મળે છે એ આચાર્ય આનંદઋષીજી મ.સા.નું અમૂલ્ય સંપાદન છે. આજે આ પણ અપ્રાપ્ય થઇ રહ્યાં છે. પૂજ્ય શ્રીની છેલ્લી મુલાકાતમાં આની જીર્ણ પ્રતોને પોતાના હાથે જીર્ણોધ્ધાર માટે મને આપી અને એનું રહસ્ય બતાવ્યું. એને આજે આપણે સાધના સ્વરૂપે જોવાનું છે. એનું શું પરિણામ આવે છે ? કે કેવો લાભ થાય છે ? એ બધું નહીં પૂછતા. ક્ષુલ્લક ભૌતિક સુખ મેળવી લેવા માટે પોતાની બુધ્ધિ અનુસાર આનો દૂરુપયોગ ન કરવો એવું મારું આપ સહુને અગંત નમ્ર નિવેદન છે. પરિણામ હું શું તમને બતાવવાની? તમે જાતે જ તેનો અનુભવ કરશો. હવે આપણે આ સાધનાનાં રહસ્ય તરફ આગળ વધીએ છીએ. આ યંત્રો મંત્રો વાળા નથી પણ આ મહામંત્રમાં દુનિયાનાં બધાં જ મંત્ર-તંત્ર સમાવિષ્ટ થઇ જાય છે. બોલો તમને શું જોઇએ છે ? હું હાજર છું. એવો ધ્વનિ એના રેખાંકનોમાંથી ઉભરતો આવે છે. પણ આ યંત્ર એમને બધું જ આપે છે જે સાધકને માટે આવશ્યક છે, પરંતુ એમને આ બધું મળે છે જેઓ એમ કહે છે કે મને કંઇ જ નથી જોઇતું.

આપણે પહેલા સાડા ત્રણ આવર્તનવાળી મંત્ર સાધનાને જોઇ ચૂક્યા છીએ. હવે આજે આપણે એજ નામ મંત્રોની જગ્યાએ એ અનાહતયંત્રોનું ધ્યાન કરવાનું છે.

(૧) સર્વપ્રથમ આપણે આ આકૃતિઓનો ગહન અભ્યાસ કરવો પડશે. આ અભ્યાસમાં ફક્ત આ રેખાચિત્રોને ઉર્જા દ્વારા વારંવાર મગજમાં અંકિત કરવાના છે.

આંખો બંધ કરી નામ લેતા લેતા ઉર્જાથી યંત્ર બનાવવાના છે.

(૨) જ્યારે મંત્ર બોલો છો ત્યારે તેનાથી સબંધિત યંત્રોને ચક્ર સહિતનાં મંત્ર સ્થાનમાં માનસિક રીતે લખવાનાં છે.

(૩) જ્યારે આકૃતિનો પૂર્ણ અભ્યાસ થઇ જાય ત્યારે નામની સાથે એને એના સ્થાન પર જોવાના છે. અર્થાત્ નામ સહિત અંકિત થતું હોય અથવા અંકિત થઇ ગયું હોય તેવું પ્રગટતું દેખાવું જોઇએ.

(૪) નામસ્મરણ સમયે એને ત્યાં ફક્ત અંતઃકરણની આંખે જ જોવાનું છે.

(૫) જે જોવે છે તે હું છું. જે દેખાય છે તે પરમ સ્વરૂપનાં નામની ઉર્જા છે. આ ઉર્જાથી મારું સંપૂર્ણ અસ્તિત્ત્વ ઉર્દમય બની રહ્યું છે. પરમમય બની રહ્યું છે. ધીરે ધીરે તમને અનુભવ થશે કે હું સ્વયં ભગવાન છું. નામ સાથે નામીનો સંબંધ છે. આમ પણ નામની સાથે સાથે નામ લેવાવાળાનો સંબંધ પણ કંઇ ઓછો નથી. આવો હવે આપણે અનાહત યાત્રામાં પ્રવેશ કરીએ. સગવડતા માટે સર્વપ્રથમ આપણે એક સાથે ચોવીસે અનાહત યંત્રોને જોઇ લઇએ.

અહીં રજુ થયેલ અનાહત યંત્રોની રેખાઓ એ છે જે એ મંત્રોચ્ચારની સાથે ધ્વનિ તરંગોની ઉર્જાઓ દ્વારા સ્વયં ઉત્પન્ન થઇ હતી. ધ્યાનમાં એ ધ્વનિ કંપનોને પકડી રાખવાથી બરાબર એજ રીતે આપણો સંબંધ ગોઠવાય છે. જેમ ટેલીવિઝનમાં અલગ અલગ માધ્યમો દ્વારા અલગ અલગ પ્રોગામો જોઇ શકાય છે. આ આકૃતિઓ માત્ર ચોવીસ જ છે. અને અહીં એ પૂર્ણ સ્વરૂપે અંકિત થતો જોવા મળે છે. ધ્યાનથી જોતાં એ વિવિધ પ્રકારનાં ૐ દેખાશે. સાધક ભલે ગમે ત્યારે જનમ્યો હોય, ગમે તે રાશિ સાથે સબંધિત હોય પણ આ ચોવીસમાંથી કોઇ એક સાથે તેને અચૂક સબંધ હોય છે. એ નામ મંત્ર અનાહત આકૃતિ અને ધ્યાન એના આત્મવિશ્વાસ અને આત્મ વિકાસનું પ્રતિનિધિત્વ સ્વીકારશે.

"સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ" કહી દેવયુગલે કહ્યું કે આ સૂત્ર મહાપ્રભુ ગૌતમસ્વામીની આપણા અંતર્યામીની સમાધિ પ્રત્યેની ભાવાંજલિનો અભિષેક છે. આ સમર્પણમાં સિધ્ધિની પ્રાપ્તિ છે. આનું પરિણામ કેવળજ્ઞાન છે. લ્યો આ કૈવલ્ય બીજ. આજ છે સમાધિ બીજ આજ છે નિર્વાણ બીજ.

બસ અલોપ થઇ ગયું દેવયુગલ. ઉઠયા મહારાજા નંદિવર્ધન. સુધર્મા સ્વામીએ લોગસ્સ સૂત્રને માથે ચઢાવ્યું. તેઓ લબ્ધિધારી હતા. સૂત્ર પ્રાપ્તિની સાથે જ સમગ્ર રહસ્યો તેમનામાં છતાં થઇ ગયા. રાજા નંદિવર્ધને પટ્ટાભિષેક કર્યો. પાટ ઉપર બિરાજમાન થઇ ને આર્ય સુધર્મા સ્વામીએ પરમાત્મા મહાવીરનાં વિરહથી વ્યાકુળ અને વ્યથિત જન સમુદાયને લોગસ્સ સૂત્ર દ્વારા પરમાત્મા મહાવીરની પ્રતિતી કરાવી. ત્રણ લોકની ભાવયાત્રાને લોગસ્સ સૂત્રની ત્રિકલયમાં સમાપ્ત કરવાની કળા રજુ કરી. હવે આપણે પાછા જ્યારે મળીશું ત્યારે લોગસ્સ સૂત્રમાં લયબધ્ધ ત્રિકલયની લય જોઇશું અને લયબધ્ધ બની જઇશું.


लं
क्षिं
लं
सं
वं
भं
ॐ उसभं जिणं
षं
शं
क्षिं
क्षिं
मूलाधार चक्र
लं
क्षिं
लं




# स्वाधिष्ठान चक्र


लं
क्षिं
लं
वं
ॐ
संभवं जिणं
क्षिं
क्षिं
मणिपुर चक्र
लं
क्षिं
लं


लं
क्षिं
लं
टं
कं
त्रं
खं
झं
गं
ॐ
अभिणंदणं
जिणं
जं
घं
छं
ङं
चं
क्षिं
क्षिं
अनाहत चक्र
लं
क्षिं
लं


लं
क्षिं
लं
इं
सुमइं जिणं
क्षिं
क्षिं
विशुध्दि चक्र
लं
क्षिं
लं


लं
क्षिं
लं
हं
पउमप्पहं जिणं
क्षिं
क्षिं
आज्ञा चक्र
लं
क्षिं
लं


लं
क्षिं
लं
सं
सुपासं जिणं
क्षिं
क्षिं
सहस्रार चक्र
लं
क्षिं
लं



लं
क्षिं
लं
सं
वं
हं
ॐ
चंदप्पहं जिणं
षं
शं
क्षिं
क्षिं
मूलाधार चक्र
लं
क्षिं
लं


लं
क्षिं
लं
लं
बं
तं
ॐ
रं
भं
ॐ पुष्पदंतं जिणं
क्षिं
क्षिं
यं
मं
स्वाधिष्ठान चक्र
लं
क्षिं
लं


लं
क्षिं
लं
प
फं
नं
डं
लं
धं
ढं
सीअलं
जिणं
दं
णं
थ
त
क्षिं
क्षिं
मणिपुर चक्र
लं
क्षिं
लं


लं
क्षिं
लं
टं
कं
खं
गं
घं
ङं
चं
छं
सिज्जंसं
जिणं
क्षिं
क्षिं
लं
क्षिं
लं
अनाहत चक्र



लं
क्षिं
लं
ज्जं
वासुपुज्जं जिणं
क्षिं
क्षिं
विशुध्दि चक्र
लं
क्षिं
लं


लं
क्षिं
लं
लं
हं
क्षं
ॐ विमलं जिणं
क्षिं
क्षिं
आज्ञा चक्र
लं
क्षिं
लं


लं
क्षिं
लं
तं
रं
सं
जिं
णं
गं
मं
पं
अ
र
हं
धं
नं
सं
इं
तं
ज्जं
वं
भं
तं
मं
तिं
ल्लिं
अणंतं जिणं
णं
कं
मं
रं
पं
गं
अं
हं
क्षिं
क्षिं
सहस्रार चक्र
लं
क्षिं
लं


लं
क्षिं
लं
सं
वं
मं
धम्मं जिणं
षं
शं
क्षिं
क्षिं
मूलाधार चक्र
लं
क्षिं
लं




# स्वाधिष्ठान चक्र


लं
क्षिं
लं
पं
फं
नं
डं
थुं
ॐ
धं
ढं
कुंथुं जिणं
दं
णं
थं
तं
क्षिं
क्षिं
मणिपुर चक्र
लं
क्षिं
लं




# अनाहत चक्र


लं
क्षिं
लं
लिं
मल्लि जिण
क्षिं
क्षिं
विशुध्दि चक्र
लं
क्षिं
लं


लं
क्षिं
लं
यं
ॐ मुणिसुव्वयं जिणं
क्षिं
क्षिं
आज्ञा चक्र
लं
क्षिं
लं


लं
क्षिं
लं
क्षिं
क्षिं
मिं
ॐ नमिं जिणं
सहस्त्रार चक्र
लं
क्षिं
लं


लं
क्षिं
लं
सं
वं
मिं
ॐ
ॐ रिट्ठनेमिं जिणं
क्षिं
क्षिं
षं
शं
मूलाधार चक्र
लं
क्षिं
लं


लं
क्षिं
लं
लं
बं
सं
रं
भं
ॐ पासं जिणं
क्षिं
क्षिं
यं
मं
स्वाधिष्ठान चक्र
लं
क्षिं
लं


लं
क्षिं
लं
पं
फं
नं
डं
णं
धं
ढं
दं
णं
थं
तं
ॐ वड्ढमाणं जिणं
क्षिं
क्षिं
मणिपुर चक्र
लं
क्षिं
लं

# અનાહત યંત્ર સાધના

## મૂલાધાર ચક્ર

હવે આપણે અનાહત યંત્રોના આલંબનથી ચક્ર સાધનાના સાડાત્રણ આવર્તોના અનુષ્ઠાનને ક્રમબધ્ધ જોઇએ

પ્રથમ મૂલાધાર ચક્ર છે. આ ચક્રમાં પહેલા, આઠમા, પંદરમા અને એકવીસમા જિનેશ્વરના અનાહત યંત્રો આવે છે. ક્રમબધ્ધ ચોવીસ તીર્થંકરની સાધના કર્યા બાદ અનાહત સિદ્ધ થઇ જતા આ ચક્રસાધના બહુ મહત્ત્વપૂર્ણ યોગદાન પ્રદાન કરે છે.






# मूलाधार चक्र


लं
क्षिं
लं
सं
वं
ॐ धम्मं जिणं
क्षिं
क्षिं
षं
शं
मूलाधार चक्र
लं
क्षिं
लं




मूलाधार चक्र

# અનાહત યંત્ર સાધના

## સ્વાધિષ્ઠાન ચક્ર

બીજું છે સ્વાધિષ્ઠાન ચક્ર. આ ચક્રમાં બીજા, નવમા, સોળમાં અને ત્રેવીસમા જિનેશ્વરના અનાહતો આવે છે.






स्वाधिष्ठान चक्र




स्वाधिष्ठान चक्र




स्वाधिष्ठान चक्र

# અનાહત યંત્ર સાધના

## મણિપુર ચક્ર

ત્રીજું છે મમિણપુર ચક્ર . આ ચક્રમાં ત્રીજા, દસમા, સત્તરમા અને ચોવીસમા જિનેશ્વરના અનાહત યંત્ર આવે છે.





मणिपुर चक्र




मणिपुर चक्र




मणिपुर चक्र

# અનાહત યંત્ર સાધના

## અનાહત ચક્ર

ચોથું છે અનાહત ચક્ર. આ ચક્રમાં ચોથા, અગ્યારમા અને અઢારમા જિનેશ્વરના અનાહત યંત્રો આવે છે.






अनाहत चक्र




अनाहत चक्र

# અનાહત યંત્ર સાધના

## વિશુદ્ધિ ચક્ર

પાંચમું છે વિશુદ્ધિ ચક્ર. આ ચક્રમાં પાંચમા, બારમા અને ઓગણીસમા જિનેશ્વરોના અનાહત યંત્રો આવે છે.






विशुद्धि चक्र


लं
क्षिं
लं
क्षिं
क्षिं
लं
क्षिं
लं
अः
अं
आं
इं
ईं
उं
ऊं
ऋं
ॠं
लृं
ॡं
एं
ऐं
ओं
औं
अं
ॐ मल्लिं जिणं
विशुद्धि चक्र

# અનાહત યંત્ર સાધના

## આજ્ઞા ચક્ર

છઠ્ઠું આજ્ઞા ચક્ર છે. આ ચક્રમાં છઠ્ઠા, તેરમા અને વીસમા જિનેશ્વરના અનાહતના યંત્રો આવે છે.





आज्ञा चक्र


लं
क्षिं
लं
ह्रं
क्षं
ॐ मुणिसुव्वयं जिणं
क्षिं
क्षिं
आज्ञा चक्र
लं
क्षिं
लं

# અનાહત યંત્ર સાધના

## સહસ્ત્રાર ચક્ર

સાતમું છે સહસ્ત્રાર ચક્ર. આ ચક્ર માં સાતમા, ચૌદમા અને એકવીસમા જિનેશ્વરોના અનાહત યંત્ર અવે છે.






सहस्त्रार चक्र


लं
क्षिं
लं
क्षिं
क्षिं
लं
क्षिं
लं
ॐ नमिं जिणं
णं
सं
तं
सं
सं
सं
एं
णं
एं
भं
एं
तं
वं
तं
सं
वं
भं
णं
सं
सं
तं
तं
वं
भं
णं
भं
एं
एं
वं
सं
तं
सं
तं
सहस्त्रार चक्र

# ૯. આત્મવિલય માં પરમાત્મા

આજે પટ્ટાભિષેકનો બીજો દિવસ છે. વૈશાલીનાં રાજકુમાર શ્રી નંદિવર્ધન વિચાર અવસ્થામાં બિરાજમાન છે. દૂતનો પ્રવેશ થાય છે. સંદેશો આપે છે કે મહાપ્રજ્ઞા સુદર્શનાં ત્રણ દિવસથી શોકાતૂર બનીને કંઇ જ લેતા નથી. પ્રિય બહેનનાં સમાચાર સાંભળીને નંદિવર્ધન બેઠા થઇને સમાચાર વાહકને કહે છે બહેનને મારો સંદેશો આપો કે શોક મુક્ત થવાને માટે આજે અહીં પધારે એવું મારું નિવેદન એમની પાસે રજુ કરો. અન્ય રાજપુરોહિતોને સાથે મોકલી બહેન સુદર્શનાને વૈશાલીમાં બોલાવે છે. શોક મગ્ન ભાઇ બહેનનું મિલન થાય છે. વૈશાલી પુત્ર નંદિવર્ધન બહેન સુદર્શનાને પ્રેમથી અટ્ઠમનું પારણું કરાવે છે. ભારતનાં ઇતિહાસમાં આ દિવસ ભાઇબીજનાં નામે પ્રસિધ્ધ થાય છે. ભાઇ બહેન એક બીજાને મળીને અંદરો અંદર ચિંતન કરે છે. નંદિવર્ધને બહેન સુદર્શનાને કહ્યું આપણે કેટલા ભાગ્યશાળી છીએ કે આપણો ભાઇ આ ભરતક્ષેત્રની ચોવીસીનાં અંતિમ તીર્થંકર છે. તીર્થંકરોનું નિર્વાણ તો મહોત્સવ હોય છે. એને પણ કલ્યાણક કહેવામાં આવે છે. નિર્વાણ પામીને પણ તીર્થંકરો જગતનું કલ્યાણ કરતા હોય છે કેમકે "નારકાપિ મોદન્તે યસ્ય કલ્યાણપર્વસુ".

પારિવારિક સંબધોને યાદ કરીને શોક કરવો તમને શોભા નથી આપતો. વિશ્વહિતકર ભગવાન જગતનાં નાથ બનીને રહ્યાં અને આજે ફક્ત આપણે નહીં સમગ્ર ભારતવર્ષની પ્રજા પોતાને અનાથ સમજી રહી છે. જગહિતકર પરમાત્મા મહાવીર તો કૃતકૃત્ય બની ગયા. દુ:ખ તો એ વાતનું છે કે હવે પાછું આ ચોવીસીમાં ભરતક્ષેત્રમાં કોઇ પણ તીર્થંકર નહીં થાય. તીર્થંકરોનો આ લાંબો વિરહકાળ ફક્ત સ્મૃતિઓ દ્વારા ધ્યાન દ્વારા પૂર્ણ કરવાનો છે.

તીર્થંકરોનો પ્રત્યેક અવસર જગતનાં કલ્યાણ હેતુ હોય છે. આપણા જીવન સાથે તથા આત્મવિકાસ સાથે એનો સંબંધ હોય છે.

તીર્થંકરોનું ચ્યવન આપણા અધ્યાત્મ જીવનની પ્રતીક્ષા છે.
તીર્થંકરોનો જન્મ આપણા અધ્યાત્મ જીવનની અપેક્ષા છે.
તીર્થંકરોની દીક્ષા આપણા અધ્યાત્મ જીવનની સુરક્ષા છે.
તીર્થંકરોનું જ્ઞાન આપણા અધ્યાત્મ જીવનની સુશિક્ષા છે.
તીર્થંકરોનું નિર્વાણ આપણા અધ્યાત્મ જીવનની સમીક્ષા છે.

તીર્થંકરોનાં ચ્યવનની પ્રતિક્ષા આપણે ત્યારે કરીએ છે જ્યારે આપણને કર્મક્ષયની, મુક્તિપ્રાપ્તિની તથા જીવનનાં સિધ્ધાન્તોને સમજવાની આવશ્યકતા લાગે છે. આપણી સત્-જાગૃતિની જિજ્ઞાસા જ્યારે તીવ્ર બને છે. ત્યારે તીર્થંકર પ્રભુનાં જન્મની અપેક્ષા થાય છે. તીર્થંકર બનવાના ત્રણ ભવ પૂર્વે તીર્થંકરનો આત્મા "સવિ જીવ કરુ શાસન રસિક"ની ભાવના કરે છે. એટલે ત્રણ જન્મોથી જ સમસ્ત જગતનાં જીવોનાં મંગળ અભ્યર્થના એમના આત્મતત્ત્વ સાથે જોડાયેલી હોય છે. દીક્ષા વખતે "કરેમિ ભંતે" સૂત્રને ઉચ્ચારતા જ આપણા કલ્યાણની યાત્રા અને આપણી રક્ષા-સુરક્ષાનાં અભિયાનની શરૂઆત થઇ જાય છે. પરમાત્માનાં જ્ઞાનમાં આપણા આત્મ શિક્ષાની દીક્ષા નિશ્ચિત છે. પરમાત્માનું નિર્વાણ આપણી સમીક્ષા બની જાય છે. કેમકે આપણે શું મેળવી શક્યા ? અને પ્રત્યક્ષ મુલાકાતથી આપણે કેટલા ભવો ઓછા કરી શક્યા ? તે આપણે નિર્વાણ સમયે જ વિચારી શકીએ.

પરમાત્માનું સાનિધ્ય જ્યાં અપેક્ષાઓને પૂર્ણ કરે છે ત્યાં નિર્વાણ આપણી સમીક્ષા બની જાય છે. એમનું સાનિધ્ય મેળવી આપણે આપણું સત્ કેટલું પ્રગટાવી શક્યા છીએ ? એવી આત્મ સમીક્ષા પરમાત્માનાં નિર્વાણ પછી ભવ્ય જીવોમાં દેખાઇ આવે છે. હવે ફક્ત સમીક્ષા જ સમીક્ષા રહી ગઇ. હવે આ સમીક્ષાઓ જ આત્મ શિક્ષાને સફળ બનાવી શકે. જન્મો જન્મથી આપણે જન્મો લેતાં રહ્યાં અને આપણા પરિવાર બનાવતા રહ્યાં. સંયોગ, વિયોગ, સુખ દુ:ખ બધું થતું રહ્યું. જન્મ મરણથી ક્યારે મુક્તિ મળે તેની સમીક્ષા કરો. આ મહાપુરુષોની સાથે પરિવારથી સંબધો બંધાયા પછી હવે જગતના કોઇ પણ જીવ સાથે આપણો પારિવારિક સંબધ બંધાય એ આપણને શોભતું નથી. ઉઠો બહેન શોકમુક્ત બનો. પરમાત્માની વાણીની અવધારણા કરો. કૈવલ્યની કામના કરો. સિધ્ધાવસ્થાની સદ્ભાવના કરો. આવી રીતે સમજાવતા સમજાવતા નંદિવર્ધનની બહેન સુદર્શનાની સાથે રથારુઢ બની મધ્યમ પાવામાં બિરાજમાન સુધર્માસ્વામી પાસે પહોંચે છે.

પ્રવેશ કરતા જ એમણે જોયું કે ભગવાન મહાવીરની અનઉપસ્થિતિમાં ચતુર્વિધ સંઘ સમસ્ત તીર્થનું નેતૃત્વ અનુશાસન પ્રશાસન માટે શ્રી સુધર્માસ્વામીનો સંઘાભિષેક કરી રહ્યો છે. પરમ મંગલ સ્વરૂપ પરમાર્હત પ્રભુ મહાવીરનાં મુખારવિંદ થી પ્રગટ થયેલી સકળસંઘ-અમંગળ વિધ્ન વિનાશિની અને સમગ્ર મહામંગલ પ્રદાયિની વાણીથી જન સમુદાયને નવ પલ્લવિત કરવા માટે પાટ પર સુધર્મા સ્વામી બિરાજમાન છે. મહારાજા કોણિક પ્રથમ પ્રવચન પ્રભાવના માટે શ્રીસંઘ સહિત રાજગૃહિમાં પધારવા માટે નિવેદન કરે છે. ભગવાન મહાવીર દ્વારા અનુપ્રાણિત અને તમારા દ્વારા આકલિત અવિચ્છિન્ન શ્રુત પરંપરાનું ઉદ્ઘાટન કરો અને જેને ભગવાન મહાવીરે પોતાની ચરણરજેથી પવિત્ર કરી છે. જીવનકાળનાં ચૌદ ચોમાસા કર્યા છે, જે ધરતીનાં કણ કણમાં ભગવાન મહાવીરની સુગંધ વેરાયેલી છે એ રાજ ગૃહીમાં તમે પધારો.

સુધર્મા સ્વામીનાં સાનિધ્યમાં ચતુર્વિધ સંઘનું મિલન થાય છે અને કારતક સુદ ત્રીજનો દિવસ સંઘ મિલનનો દિવસ બની જાય છે. વૈશાલીનાં અધિપતિ પોતાની બહેન સુદર્શના અને બીજા બધાં નગરવાસીઓ પોત પોતાના રાજ્યોચિત અપાર વૈભવ સાથે નિવેદનમાં સામેલ છે. શ્રી સંઘ સહિત સુધર્માપ્રભુ ચોથને દિવસે પોતાના વિશાળ શ્રમણસંઘ સાથે રાજગૃહિ નગરનાં ગુણશીલ ચૈત્યમાં પધારે છે. સુધર્મા સ્વામીનો પ્રતિનિવેદનનો શુભ સંદેશ સાંભળતા જ જંબુકુમારનાં હર્ષનો પાર ન રહ્યો. તેઓ એક પવન વેગી અને ધાર્મિક અવસરોચિત રથ પર સવાર થઇ સુધર્મા સ્વામીની સેવામાં પહોંચ્યા. એમણે સુધર્મા સ્વામીને અગાધ શ્રધ્ધા અને પરમભક્તિ સાથે વિધિવત્ વંદન નમસ્કાર કરી તેમના સાનિધ્યમાં યથાસ્થાને બેસી ગયા.

ઘટાદાર અમૃતવૃક્ષ (આમ્રપલ્લી) પાસેથી જેમ અમૃત ફળની જ અપેક્ષા રખાય, તેમ અરિહંત ભગવાનની જેમ સમગ્ર તત્ત્વોની વિધિવત્ વ્યાખ્યા કરવાવાળા આર્ય સુધર્માને જમ્બુકુમારે સવિનય નિવેદન કર્યું. ભગવાન તમારા દર્શનાર્થે આવતી વખતે નગરનાં દ્વારે સંકટ સમયે શત્રુઓથી નગરની રક્ષા માટે વિશાળ પથ્થર અને ગોળાયંત્રો મુકવામાં આવ્યા હતાં. એ જોઇને મને એવું લાગ્યું કે એમાથી એકાદો પથ્થર કે ગોળો મારી પર આવી પડે તો અવ્રતીદશામાં મારું મૃત્યુ થઇ શકે. એમ વિચારી મેં તમારી પાસે આર્હતી દીક્ષા ગ્રહણ કરી એ પરમપદની પ્રાપ્તિ હેતુ પ્રયત્ન કરવાનો દ્રઢ નિશ્ચય કર્યો છે. કૃપા કરી તમે મને દીક્ષિત થવાની આજ્ઞા આપો. હવે હું મારા માતા-પિતા પાસેથી આજ્ઞા મેળવી આપના શ્રી ચરણોમાં આવી દીક્ષા લઇ આત્મ કલ્યાણ કરવા માગું છું.

આર્ય સુધર્માએ કહ્યું સૌમ્ય ! જેનાથી તમને સુખ થાય . તેવું જ કામ કરો. શુભ કાર્યમાં વિલંબ કરવો સારો નહીં.

માતા પિતાની આજ્ઞા લઇ જંબુકુમારે મહાભિનિષ્ક્રમણ કર્યું. જંબુકુમારનાં મહાભિનિષ્ક્રમણ જનૌઘ (જુલુસ) નગરનાં મુખ્ય માર્ગો પર ક્રમાનુસાર આગળ વધતું નગર બહાર આવેલા એક આરામગૃહ પાસે પહોચ્યું, જ્યાં સુધર્મા સ્વામી પોતાના શ્રમણ સંઘ સાથે બિરાજમાન હતાં. પાલખી માંથી ઉતરી જંબુકુમાર પર૭ મુમુક્ષોની સાથે સુધર્મા સ્વામીની સન્મુખ પહોંચ્યા અને એમના ચરણો પર પોતાનું મસ્તક મૂકી પ્રાર્થના કરવા લાગ્યા. પ્રભુ! આપ મારા પરિજનો સહિત મારો ઉધ્ધાર કરો.

દીક્ષાર્થીઓ દ્વારા દીક્ષા લેતાં પહેલાં કરવામાં આવતી જરૂરી બધી જ ક્રિયાઓને સંપાદિત કરાવી આપનાર અનન્તર આર્ય સુધર્મા સ્વામીએ જંબુકુમાર એમના માતા ,પિતા, આઠે પત્નીઓ, પત્નીઓનાં માતા પિતા, પ્રધાનો તથા પ્રધાનોનાં ૫૦૦ સાથીઓને વિધિવત્ ભગવતી દીક્ષા આપી. દીક્ષા આપ્યા પછી સુધર્મા સ્વામીએ જંબુકુમારની માતા આઠે પત્નીઓની માતાઓને સુવ્રતા નામની આર્યાનાં આજ્ઞાનુવર્તિની શિષ્યા બનાવી દીધા.સુધર્મા સ્વામીએ પ્રભવમુનિને ખેમના

સાથીઓ સહિત જંબુ સ્વામીનાં શિષ્યો બનાવ્યાં.

પ૨૬ સાધકો સાથે દીક્ષિત જંબુસ્વામી ગુરુદેવનાં શ્રી ચરણોમાં માથું મૂકી દિનચર્યાની આજ્ઞા લેતા લેતા "પુચ્છેજ્જા પંજલિઉડો કિં કાયવ્વં મએ ઇહં ?" હાથ જોડીને પૂછયું "ભંતે ! હવે મારે શું કરવાનું રહે છે ?"

વત્સ ! દિવસને ચાર વિભાગમાં વહેંચી દે. પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય કરો. બીજા પ્રહરમાં ધ્યાન કરો. ત્રીજા પ્રહરમાં ભિક્ષા વહોરો અને ચોથા પ્રહરમાં સ્વાધ્યાય કરો.

વત્સ ! એવી જ રીતે રાતને પણ ચાર વિભાગમાં વહેચી દો. પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય. બીજામાં ધ્યાન. ત્રીજામાં નિંદ્રા અને ચોથામાં સ્વાધ્યાય કરો.

ભરત ક્ષેત્રનાં છેલ્લા કેવળી ૧૬ વર્ષનાં નવદીક્ષિત મુનિ જંબુએ પોતાના પરમ ગુરુ સુધર્મા સ્વામીનાં ચરણોમાં મસ્તક મૂકી નિવેદન કર્યુ ગુરુદેવ! મને ભગવાન મહાવીરનાં દર્શન કરાવી દો. તેમનું સાનિધ્ય પ્રાપ્ત કરાવી દો.

જવાબમાં આર્ય સુધર્મા સ્વામીએ કહ્યું

વત્સ ! જંબુ !

તે જ્ઞાત પુત્ર ભગવાન મહાવીર સ્વામી નિરાગી નિર્વિકારી હતા.સચ્ચિદાનંદ સ્વરૂપ સહજાનંદી હતાં. અનંતજ્ઞાની અને અનંતદર્શી હતાં. પરમ મહર્ષિ હતાં. ત્રૈલોક્ય પ્રકાશક હતાં. લોક નાયક હતાં. લોકના નાથ હતાં. અનેકોની સાથે હતાં. એ રીતે તેઓ દીપ પણ હતાં અને દ્વિપ પણ હતાં.

જંબુ સ્વામીએ પૂછયું શું હું એમને જોઇ શકું છું ?

હા વત્સ!

કેવી રીતે પ્રભુ ?

તમે ધર્મથી એમને જાણી શકો છો અને ધૈર્યથી એમને જોઇ શકો છો.

આ રીતે ચોથનો દિવસ ગુરુ શુષ્યનાં સંવાદનો દિવસ બની જાય છે. યાદોથી ભરાયેલા ઇતિહાસનો આ દિવસ પૂરો થતાં જ જંબુ સ્વામી પ્રભુમિલનની ઉત્કઠંતામાં રાત્રિ સમાચારીમાં પ્રવેશ કરે છે.

રાત્રી પસાર થાય છે. સુપ્રભાત થાય છે. આજની પાંચમ જગતનાં લાભનાં હિતની પાંચમ છે. રાજગૃહીનું ગુણશીલ ઉધાન પ્રભુ મહાવીરની યાદમાં ખોવાયેલું છે. પૂર્વે કેટલીયે વાર જાત જાતની જિનવાણી અહીંના વિશાળ સભા મંડપમાં ગુંજતી હતી. આ એજ ગુણશીલ ઉધાન છે જ્યાં પરમાત્મા મહાવીરનાં શિયળનાં ગુણોથી પલ્લવિત અહીં વિશાળ જન સમુદાયે પરમાત્મા મહાવીરની પ્રત્યક્ષ પરિણામી સાક્ષાત્કારની ક્ષણો વીતાવી હતી.

આજે ભગવાન મહાવીરનાં સમવસરણની જગ્યાએ સુધર્મા સ્વામીનો સભા મંડપ બનેલો છે. આ નૂતન અને પ્રથમ સભા મંડપમાં સુધર્મા સ્વામી પાટ પર બિરાજમાન છે. સભાનું આયોજન થઇ ગયું છે.

ભગવાન મહાવીરનાં વિરહથી વિષાદિત જનસમુદાયને જિનવાણી દ્વારા ભગવાનનાં સાનિધ્યનું અનુદાન પ્રસ્તુત કરવું છે. પ્રથમ વ્યાખ્યાનમાં પરમાત્માની દિવ્યતાના દર્શન કરાવવા છે. સંપૂર્ણ દ્વાદશાંગીનાં ચૌદપૂર્વનાં સાર રૂપ સૂત્રનાં મંગલાચરણ કરવાના પ્રયોજનથી સુધર્મા સ્વામીએ ભગવાન મહાવીરને પ્રણામ કર્યા. મહાપ્રભુ ગૌતમસ્વામીની આજ્ઞા લીધી. દેવયુગલનો આભાર માન્યો. અને પ્રવચનનો પ્રારંભ કર્યો.

નવદીક્ષિત શ્રમણ, શ્રમણીઓની સાથે ચતુર્વિધ સંઘને સંબોધિત કરતા કરતા આર્ય સુધર્મા સ્વામીએ ફરમાવ્યું. આયુષ્યમાન શ્રમણ, શ્રમણીઓ અને ભગવાન મહાવીરનાં ધર્મપ્રેમી શ્રાવક, શ્રાવિકાઓ! શ્રમણ ભગવાન મહાવીરે સામાયિકાદિ દ્વાદશાંગીમાં સમગ્ર મોક્ષમાર્ગની પ્રરુપણા કરી છે.

એ વખતે સાત હાથની ઉંચાઇવાળા કાશ્યપગોત્રીય જંબુ અણગાર આર્ય સુધર્મા સ્વામીથી બહુ દૂર નહીં બહુ નજીક નહીં એમ ઘુંટણો ઉંચા અને માથું નીચે કરી ધર્મ ધ્યાન, શુકલ ધ્યાન રૂપી કોષ્ઠ (આકર અથવા પ્રકોષ્ઠ) માં સ્થિત, સંયમ અને તપથી પોતાના આત્માને ભાવવિભોર કરતાં બિરાજમાન હતાં. સંજોગવશાત્ આર્ય જંબુનાં મનમાં શ્રધ્ધા, સંશય અને કુતુહલ પેદા થયું. તેઓ ઉઠયાં અને જ્યાં આર્ય સુધર્મા હતાં ત્યાં આવ્યાં. આર્ય સુધર્માને વંદન નમસ્કાર કર્યા અને તેમનાથી વધારે નજીક નહીં અને વધારે દૂર નહીં એમ બેસીને સાંભળવાની ઇચ્છાથી એમની સમક્ષ જઇ બેઠા. પછી વિનય પૂર્વક બોલ્યા. ભગવન! શ્રમણ ભગવાન મહાવીરે જે દ્વાદશાંગી આપી છે તેના સાર સ્વરૂપ સૂત્ર તમે અમને આપો. જેનું અમે કીર્તન, સ્તવન કરી શકીએ. એમની સિધ્ધ સ્થિતિ સુધીનો સમ્પર્ક અમે સ્થાપિત કરી શકીએ. તેમના પ્રત્યક્ષ મિલનની અનુભૂતિ અમે કરી શકીએ. નમસ્કારથી સાક્ષાત્કારની યાત્રા કરી સ્વયં સિધ્ધાવસ્થા પ્રગટ કરી શકીએ.

આર્ય સુધર્માએ જંબુ અણગારને સંબોધિત કરતાં કહ્યું હે! જંબુ શ્રમણ ભગવાન મહાવીરે દ્વાદશાંગીમાં જે કંઇ પણ કહ્યું એ બધું જ લોગસ્સ સૂત્રમાં સાર સ્વરૂપ આવી ગયું છે. એનું કીર્તન સ્તવન પણ થઇ શકે છે અને પરમાત્માની સિધ્ધ સ્થિતિ સુધીનો સંપર્ક પણ સ્થાપિત કરી શકાય છે. એટલું જ નહીં પણ પોતાની સિધ્ધઅવસ્થાનું ઉદ્‌ઘાટન પણ આમાં જ છે. આ સૂત્ર કૈવલ્યબીજ છે. એને સાંભળો અને સ્વીકાર કરો.

આ પાંચમે પંચાગુલી દેવી દ્વારા અંજલિમાં આકર્ષિત કરવાનું અદ્‌ભુત રહસ્ય પ્રગટ કરતા સુધર્મા સ્વામીએ કહ્યું વત્સ! સંપૂર્ણ પંચેન્દ્રિય પ્રાણી જગતનાં જીવોમાં ભલે પાંખ હોય કે પૂછડી હોય, તેઓ પાણી પર તરતા હોય કે પેટ ઘસડીને ચાલતા હોય તો પણ એ બધાંમાં માનવ પ્રાણી સહુથી શ્રેષ્ઠ પ્રાણી સમજવું ઘણું જ વ્યાજબી છે. માનવ જ જગતમાં ઉભો છે. બન્ને હાથ જમીનને અડતા હોવાથી જીવ ચાર પગવાળો કહેવાય છે. માનવીનાં બન્ને હાથ જમીનની ઉપર અલગ લટકે છે. જે આકાશ તરફ

ઉપર ઉંચા થઇ શકે છે. લેવડ દેવડમાં મદદરૂપ થઇ શકે છે. બન્ને હાથ જોડીને પ્રભુ સાથે સબંધ બાંધી શકે છે. માથા પર હાથ મૂકી ગુરુ શિષ્ય સાથે સંબંધ બાંધી શકે છે. એક હાથ, એક હાથમાં આપી સંસારનો પ્રારંભ થઇ શકે છે. હાથેથી જ પ્રેમ થાય છે. હાથેથી જ યુધ્ધમાં પ્રહાર થાય છે. હાથને કારણે જ અપના હાથ જગન્નાથ અને હાથે તે સાથે એવી કહેવતો બની છે.

આવો હાથની હથેલીઓની ભાગ્યરેખાઓમાં ભગવત્રૂપનું દર્શન કરીએ. આપણા કર સંપુટ અષ્ટમંગલ છે. હસ્તાંજલિ પરમમંગળ છે. માણસનાં હાથમાં અર્ધ ચંદ્ર રેખા છે. બન્ને હાથોની અંજલિ કરો તો એક સુંદર બીજનાં ચંદ્ર જેવી રેખા બની જશે. જ્યાં આપણા પરમ મંગલ સ્વરૂપ મહાવીર સ્વામી બિરાજમાન છે. છેલ્લી સિધ્ધશિલા આ ચંદ્રરેખા જેવી આકૃતિવાળી છે. સિધ્ધશિલાની નીચે બરાબર હથેલીનાં મધ્યભાગમાં આપણે સાધકો છે. આ ચંદ્રરેખાની ઉપર રહેલી આંગળીઓમાં સ્વાભાવિક ૨૪ રેખાઓ તમે જોઇ શકો છો. આ કર આંગળીઓની ૨૪ રેખાઓમાં ૨૪ ભગવાનની પ્રતિષ્ઠા કરો. રોજ પ્રથમ ૨૪ પ્રભુજીનાં દર્શન કરી સિધ્ધશિલામાં “સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ” ના મંત્ર દ્વારા પોતાના જ સિદ્ધત્વની પ્રભુને ભાવાંજલિ આપો. લોગસ્સ સૂત્રની પ્રથમ ગાથાનાં ચારે પદોથી ચારે દિશાઓ શુધ્ધ થશે. અંદર પ્રગટશે ભગવત્સત્તા. બીજી, ત્રીજી અને ચોથી આ ત્રણ ગાથાઓની આ પૌરવોમાં પ્રતિષ્ઠા કરો. નામોની સ્થાપના પૌરવોમાં કરતા કરતા ગાથા પાંચનું ધ્યાન ડાબા અંગુઠામાં અને ગાથા છ નું ધ્યાન જમણા અંગુઠામાં બોલીને હથેલીમાં સ્થાપિત કરવાની અને પરમસ્વરૂપને હૃદયમાં પ્રગટ કરવાનું અદ્ભુત સામર્થ્ય પ્રગટ થાય છે. સવારે ઉઠતી વખતે બન્ને હથેળીઓને જોડી આંખો પર અને મસ્તક પર લગાવી અને પછી જ આંખો ખોલવી જોઇએ અને પછી જ દુનિયા તરફ જોવું જોઇએ.

લોગસ્સ સૂત્ર વિધિ પ્રક્રિયા અને સફળતાને કારણે ત્રૈલોક્ય અબાધિત છે. આ સ્વાધ્યાયનું સાક્ષાત્ સ્વરૂપ છે પણ અસ્વાધ્યાયવાળો કાળદોષ આમાં નથી લાગતો. આ ક્ષેત્રથી પણ અબાધિત છે. દ્રવ્ય થી શુધ્ધ સ્વરૂપ છે. ભાવથી સિદ્ધ સ્વરૂપ છે.

## ચતુર્વિંશતિસ્તવ સૂત્ર

લોગસ્સ ઉજ્જોયગરે, ધમ્મ તિત્થયરે જિણે।
અરિહંતે કિત્તઇસ્સં, ચઉવીસં પિ કેવલી ।।૧।।
ઉસભંમજિયં ચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઇં ચ।
પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે ।।૨।।
સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ-સિજ્જંસ-વાસુપુજ્જં ચ।
વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિ ચ વંદામિ ।।૩।।

કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ।
વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વધ્ધમાણં ચ ।।૪।।
એવં મએ અભિત્થુઆ, વિહુયરમલા પહીણજરમરણા।
ચઉવીસં પિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ।।૫।।
કિત્તિય-વંદિય-મહિયા,જે એ લોગસ્સ ઉત્તમા સિધ્ધા।
આરુગ્ગ-બોહિ-લાભં, સમાહિવરમુત્તમં દિંતુ ।।૬।।
ચંદેસુ નિમ્મલયરા, આઇચ્ચેસુ અહિયં પયાસરા।
સાગર-વર-ગંભીરા, સિધ્ધા સિધ્ધિં મમ દિસંતુ ।।૭।।

મન, વચન અને કાયામાં ત્રણે યોગોમાં એકરૂપ થવાથી ત્રણ ગણી ઉર્જાઓ સંપાદિત થવા લાગી. સભાજનોમાંથી અનેકોને દેહમાં રહીને પણ દેહાતીત અવસ્થાનું જ્ઞાન થવા લાગ્યું. શરીર સ્થાનથી સ્થિર થઇ ગયું. વાણી મૌનમાં પરિણમી. મન ધ્યાનસ્થ થઇ ગયું. મન, વચન અને કાયાનાં ત્રણે યોગ સંક્ષિપ્ત બનતાં જ આત્મસ્થિરતાની શરૂઆત થવા લાગી.

કેટલાક જિજ્ઞાસુઓ હજી પણ ધ્યાનસ્થ નહોતાં થઇ શક્યાં. એમને મન, વચન, કાયાની સ્થિરતા માટે સુધર્મા સ્વામીએ લોગસ્સ સૂત્રમાં પ્રતિપાદિત ત્રિક રહસ્યોનું ઉદ્‌ઘાટન કર્યુ કે કાયાની સ્થિરતા કાયોત્સર્ગ છે. વાણીની સ્થિરતા મૌન છે અને ચિતની સ્થિરતા ધ્યાન છે.

સાડા ત્રણ વર્તુળોની ઉર્જાયાત્રાનાં આલંબનથી ત્રિલોકની યાત્રા પૂરી કરી ત્રિલોકીનાથનાં ચરણકમળોમાં સિધ્ધાલયનો આનંદ કરાવવાવાળા લોગસ્સ સૂત્રમાં પ્રેરિત ત્રિકો દ્વારા પરમનું અદ્‌ભુત સાનિધ્ય પ્રાપ્ત થઇ શકે છે. આ સૂત્ર દેહમાં રહેવા છતાં દેહાતીતની અનુભૂતિ મેળવવા માટે કાયોત્સર્ગ રૂપે રજુ થયું છે. ભક્ત અને ભગવાનની વચ્ચે ભક્તિ રૂપ કીર્તન અને ચતુર્વિંશતિ સંસ્તવન સ્વરૂપે રજુઆત પામેલું છે. સંસારમાં રહીને સિદ્ધાવસ્થાનાં આનંદની અનુભૂતિ કરાવવામાં સૂત્ર સિધ્ધાંત સ્વરૂપે આ લોગસ્સ મન, વચન અને કાયાએ ત્રણેનાં શોધનની, ગોપનની, પવિત્રીકરણની પ્રક્રિયા છે. આ ત્રિકોમાં લયબધ્ધ થઇ જવાથી સંસારનો નાશ થાય છે. આવો આપણે જોઇએ લોગસ્સ સૂત્રમાં રજુ થયેલી ત્રિકોનું સામંજસ્ય.

**૧. પરમત્રિક :-** તિત્થયરે-જિણે-અરિહંતે-ગાથા-૧
આ ત્રિકમાં પરમ આરાધ્યનાં ત્રણ સ્વરૂપ રજુ કરવામાં આવ્યા છે.

**૨.પ્રતિષ્ઠાનત્રિક :-** ગાથા ૨,૩,૪ની ગાથાત્રિકમાં સાડા ત્રણપ્રદક્ષિણામાં ૨૪ તીર્થંકરોનાં નામ જિણં મંત્ર દ્વારા પ્રતિસ્થાપિત છે. ૨૪ તીર્થંકરોનાં નામની પ્રતિષ્ઠા આપણને ચક્રોમાં

કરવાની પ્રક્રિયા આ ત્રિકમાંથી મળશે અને સંબંધ દ્વારા પરમાત્મા સાથે સંબંધ સ્થાપવામાં આવ્યો છે.

૩.પ્રણિધાનત્રિક :- અભિથુઆ, વિહુયરયમલા, પહીણજરમરણા, ગાથા ૫ ની પ્રથમ પંક્તિમાં આ ત્રિક છે. આમાં ધ્યાન અને સંવાદ દ્વારા પરમાત્મા સાથે સંબંધ સ્થાપિત કરવામાં આવ્યો છે.

૪.પ્રસ્તુતિત્રિક :- ગાથા ૫ અને ૭માં સાધકનાં કર્તા પણાને મહત્ત્વ આપતા એવા શબ્દત્રય/નો પ્રયોગ થયો છે. "મએ-મે મમ". અસ્તિત્વનો સ્વીકાર કરી પ્રકટ ભાવો સાથે અહીં સમર્પિત થઇ જવાની રજુઆત કરવામાં આવી છે.

૫. પ્રસાદત્રિક :- પસીયંતુ- સમાહિવરમુત્તમંદિતુ-સિધ્ધા સિધ્ધિ મમ દિસંતુ આ ત્રણે સાર્થક પ્રસ્તુતિ છે. પરમાત્મા પ્રસ્તુતિનો પ્રસાદ આપે છે. ઉત્તમ પુરુષોનો પ્રસાદ પણ ઉત્તમ હોય છે. ઉત્તમ સમાધિ અને સિધ્ધત્વનો પ્રસાદ તીર્થંકર સિવાય બીજું કોણ આપી શકે ?

૬. પ્રણામત્રિક :- "કિત્તિય-વંદિય-મહિયા" ગાથા-૬ કીર્તન દ્વારા સ્તવન રૂપે, વંદન દ્વારા નમસ્કાર રૂપે અને મહિઆ શબ્દથી પૂજન દ્વારા પરમાત્માને પ્રણામ કરવાની આ નમસ્કાર ત્રિક છે.

૭.પરિણામત્રિક :- "આરુગ્ગબોહિલાભંસમાહિવરમુત્તમંદિતુ"-ગાથા-૬ પરમાત્માની ઉપાસનાથી, કીર્તનથી, વંદનથી, પૂજનથી આપણને શું મળે છે ? ક્યા કારણથી આપણે પરમતત્વની ઉપાસના કરીએ છીએ ? એનો જવાબ આ ત્રિકમાં છે. આ ત્રિક પ્રત્યેક પ્રક્રિયાઓનું પરિણામ રજુ કરે છે.

કીર્તનનું પરિણામ – આરોગ્ય છે.

વંદનનું પરિણામ – બોધિ છે. (જ્ઞાન)

પૂજનનું પરિણામ – ઉત્તમ સમાધિ છે.

૮. પ્રતીકત્રિક :- "ચંદેસુનિમ્મલયરા-આઇચ્ચેસુઅહિયં પયાસયરા સાગરવર ગંભીરા"-ગાથા-૭

સંપૂર્ણ લોકાલોકને જાણવાવાળા સંપૂર્ણ લોકની યાત્રા સમાપ્ત કરી લોકનાં અગ્રભાગ પર સિધ્ધસ્થિતિમાં

સિદ્ધત્વ પ્રાપ્ત કરી ગયાં. હવે એમનું કેવી રીતે વર્ણન કરીએ ? લોકની અત્યંત નજીક પ્રકૃતિ છે. પ્રકૃતિમાં મુખ્ય સૂર્ય, ચંદ્ર અને સમુદ્ર છે. એટલે પરમાત્માને આ ત્રણે ઉપમાઓથી પણ વધારે ઔપમ્યવાળા કહેવા માટે આ ત્રિકનો પ્રયોગ થયો છે.

૯. પ્રભાવ પ્રસારણત્રિક :- "નિમ્મલયરા પયાસરા-ગંભિરા"-ચંદ્રથી પણ નિર્મળ સૂર્યથી પણ વધારે પ્રકાશ કરવાવાળા અને સાગરથી પણ વધારે ગંભીર કહીને પરમાત્માને ઉપમિત કરી એમનો પ્રભાવ પ્રગટ કરવામાં આવ્યો છે. નિર્વાણ પ્રાપ્તિ અર્થે આપણા માટે અહી શું રહી જાય છે ? આ ત્રણે પરમાત્માનાં ગુણો છે. ગુણો ગુણીમાં જ રહે છે. એ વાત તો નિર્વિવાદ છે. જેમ સુગંધ પુષ્પમાં જ નિહિત છે. પરંતુ પ્રસરવાના માધ્યમ દ્વારા એ બહુ દૂર સુધી પોતાનો પ્રભાવ પ્રસ્થાપિત કરે છે. એવી જ રીતે નિર્મળતા, પ્રકાશતા અને ગંભીરતા આ ત્રણે પરમાત્માની ગુણત્રિકોનો પ્રભાવ પોતાની પૂર્ણ પ્રસારણ પ્રભાવના કરે છે. આ રીતે આ ત્રિક પરમાત્માનાં ગુણોની પ્રસારણ પ્રભાવનાત્રિક છે.

આ દેશનાં આજનાં યુગનો સ્વાધ્યાય છે. ખીર્થંકરો જે બોલે છે તે દેશના છે. જ્યારે આપણે સાંભળીએ છે ત્યારે એ સિધ્ધાંત બની જાય છે. સુધર્મા સ્વામીની પ્રથમ દેશનાં પ્રભુનાં કેવળજ્ઞાનનાં સ્વરૂપે શ્રુતરૂપે અવતરિત થઇ. એ દિવસે અવતરિત થઇ હોવાને લીધે એ પંચમીને જ્ઞાનપંચમી અને શ્રુતપંચમી કહેવાય છે. પરમાત્માનાં નિર્વાણ પછી પણ આ દેશનાનો લાભ લઇ લોગસ્સ સૂત્રથી લાભાન્વિત થવાનું હોવાથી એને લાભપાંચમ પણ કહેવામાં આવે છે.

લોગસ્સનો મહિમા સાંભળી જંબુસ્વામી ભાવવિભોર બની જાય છે. સર્વપ્રિય સમ્મોહક વ્યાક્તત્વરેખાવાળા કમળોમાં પરમ મંત્રોષધિ રૂપ, પરમ મંગળ સ્વરૂપ લોગસ્સ સૂત્ર સ્વીકાર કરે છે. માથે ચઢાવી ચતુર્વિંશતિ સ્વરૂપને સાકાર કરે છે. એમાં એમને હિતપ્રદાયી, વાત્સલ્યમયી, અમીધારાની અનુભૂતિ થઇ. આંખો બંધ કરી એ ચોવીસે જિનોનાં સંસ્તવનમાં ધ્યાનસ્થ તથા આત્મસ્થ થવાની આજ્ઞા લેવા ઉભા થયા.

જિજ્ઞાસા સાથે જંબુસ્વામીએ સુધર્મા સ્વામીને પૂછયું ભંતે ! આ ચોવીસ જિનનાં સંસ્તવનથી જીવ શું મેળવી શકે છે ?

સુધર્મા સ્વામીએ કહ્યું ચોવીસ જિનોનાં સંસ્તવનથી જીવ દર્શનની વિશુધ્ધિને પ્રાપ્ત કરે છે.

ભંતે! આ સ્તવન કેવી રીતે કરવામાં આવે છે ?

આયુષ્યમાન્! લોગસ્સનાં સ્તવનની બે વિધિઓ રજુ થયેલી છે. કીર્તન અને કાયોત્સર્ગ.

ભંતે! કાયોત્સર્ગ કરવાથી શું લાભ મળે છે ? એ ક્યારે અને કેવી રીતે કરી શકાય છે. ?

વત્સ! કાયોત્સર્ગથી સર્વદુ:ખોનો નાશ થાય છે. ક્રિયા વિસર્જન અને મમત્વ વિસર્જન થાય છે. દેહની જડવૃત્તિ સમાપ્ત થાય છે. મતિની જડતા પણ સમાપ્ત થાય છે. સુખ દુ:ખની તિતિક્ષા થાય છે. જુદા જુદા વિષયોની અનુપ્રેક્ષા થાય છે અને ધ્યાન લાગી જાય છે.

વત્સ! દેહની સ્થિરતા કાયોત્સર્ગ છે અને ચિત્તની સ્થિરતા ધ્યાન છે!

કાયોત્સર્ગનો અર્થ છે કાયાનો ઉત્સર્ગ-ત્યાગ. આમ તો જ્યાં સુધી આયુષ્ય બાકી હોય ત્યાં સુધી કાયાનો ઉત્સર્ગ-ત્યાગ થઇ શકતો નથી. પરંતુ આ શરીર મારું નથી , હું એનો નથી, હું જુદો છું શરીર જુદુ છે. આ રીતે વિચાર કરવાથી શરીર પ્રત્યે મમત્વ ઓછું થઇ જાય છે. આ સ્થિતિનું નામ છે કાયોત્સર્ગ. જ્યારે કાયામાં મમત્વ નથી રહેતું ત્યારે કાયા પરિત્યક્ત થઇ જાય છે એને કાયોત્સર્ગ કહે છે. શાસ્ત્રમાં કાયોત્સર્ગને આભ્યન્તર તપનું સર્વશ્રેષ્ઠ અને અંતિમ તપ કહેવામાં આવ્યું છે. કાયોત્સર્ગનો મુખ્ય ઉદ્દેશ્ય છે, આત્માનું કાયાથી વિયોજન. કાયા સાથે આત્માનો જે સંયોગ હોય છે એનું મૂળ છે પ્રવૃતિ. જે એનો વિસંયોગ ઇચ્છે છે અર્થાત્ આત્માનાં સાનિધ્યમાં રહેવા માગે છે. એ સ્થાન, મૌન અને ધ્યાન દ્વારા સ્વનો વ્યુત્સર્ગ કરે છે.

સ્થાન :- કાયાની પ્રવૃતિનું શિથિલિકરણ-કાયગુપ્તિ.

મૌન :- વાણીનું સ્થિરકરણ-વાક્ગુપ્તિ.

ધ્યાન :- મનની વૃતિનું એકાગ્રીકરણ-મનોગુપ્તિ. કાયોત્સર્ગની વ્યાખ્યા છે.

આત્માનું દેહ સાથે સર્વથા એકત્વ-નિંદ્રા છે.

આત્માનું દેહ સાથે સર્વથા અલગત્વ-મરણ છે.

આત્માનું દેહની સાથે રહેવું છતાં ભિન્નત્વ-કાયોત્સર્ગ છે.

કાયોત્સર્ગમાં શ્વાશોશ્વાસ જેવી સૂક્ષ્મ પ્રવૃતિ હોય છે. બાકી પ્રવૃતિનો નિષેધ કરવામાં આવે છે.

અતિચાર શુધ્ધિ માટે કરવામાં આવતા કાયોત્સર્ગનાં અનેક વિકલ્પ હોય છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | દૈવસિક | — | કાયોત્સર્ગ |
| ૨. | રાત્રિક | — | કાયોત્સર્ગ |
| ૩. | પાક્ષિકિ | — | કાયોત્સર્ગ |
| ૪. | ચાતુર્માસિક | — | કાયોત્સર્ગ |

૫. સાંવત્સરિક – કાયોત્સર્ગ

આ કાયોત્સર્ગમાં ચતુર્વિંશ સ્તવનું ધ્યાન કરવામાં આવે છે. એના સાત શ્લોક અને અઠયાવીશ ચરણ છે. એક ઉચ્છવાસમાં એક ચરણનું ધ્યાન કરવામાં આવે છે. કાયોત્સર્ગ કાળમાં સાતમાં શ્લોકનાં પ્રથમ ચરણે "ચંદેશુનિમ્મલયરા" સુધી ધ્યાન કરવામાં આવે છે. આ પ્રકારે ચતુર્વિંશસ્તવનું ધ્યાન પચ્ચીસ ઉચ્છવાસોમાં સમાવિષ્ઠ થાય છે.

પ્રયોજનની દ્રષ્ટિએ કાયોત્સર્ગ બે પ્રકારનાં હોય છે.

**(૧) ચેષ્ટા કાયોત્સર્ગ** :- જે અતિચાર શુધ્ધિ માટે કરવામાં આવે છે.

**(૨) અભિનવ કાયોત્સર્ગ** :- વિશેષ વિશુધ્ધિ અથવા પ્રાપ્ત કષ્ટોને સહન કરવા માટે જે કરવામાં આવે છે.

ચેષ્ટા કાયોત્સર્ગનો કાળ ઉચ્છવાસ પર આધારિત છે. જુદા જુદા પ્રયોજનોથી એ આઠ, પચ્ચીસ, સત્યાવીસ, ત્રણસો, પાચસો અને એક હજાર આઠ ઉચ્છવાસ સુધી કરવામાં આવે છે.

અભિનવ કાયોત્સર્ગનો સમય જધન્ય અન્તર્મુહુર્ત અને ઉત્કૃષ્ટ એક વર્ષનો છે. બાહુબલિએ એક વર્ષનો કાયોત્સર્ગ કરેલો.

અવસ્થાની દ્રષ્ટિએ કાયોત્સર્ગ ત્રણ પ્રકારના છે.(૧) ઉભા રહીને.(૨) બેસીને.(૩) સૂઇને (સૂતા સૂતા). મુદ્રા પ્રકરણમાં આને ઉત્થિત મુદ્રા, આસિત મુદ્રા અને શયિત મુદ્રા કહેવામાં આવે છે.

**(૧) ઉત્થિત મુદ્રા** :- અર્થાત્ ઉભા રહીને આ મુદ્રામાં ઉર્ધ્વસ્થાન યોગની વિધિ બતાવવા કહ્યું છે કે કાયોત્સર્ગ કરવાવાળાએ બન્ને હાથો સીધા રાખી, સમપાદ અર્થાત્ બન્ને પગો સીધા સમશ્રેણીમાં રાખવા. આમાં બન્ને પગ પર શરીરનું વજન સમતોલ રહેવું જોઇએ. બન્ને પગ વચ્ચે ચાર આંગળની જગ્યા રહેવી જોઇએ. શરીરનો કોઇ પણ ભાગ આમાં ચલાયમાન ન થવો જોઇએ.

વિષમ સ્થિતિમાં ઉભા રહીને આપણા શરીરે ખૂબ વધારે કામ કરવું પડે છે. કેમકે ઉભા રહેતી વખતે આખા શરીરનું વજન આપણા બન્ને પગ અને એની વચ્ચે આવેલા ગુરુત્વાકર્ષણ બિંદુ સાથે સંતુલિત થઇ જાય છે. ગુરુત્વાકર્ષણ બિંદુ ઘડીયાલનાં લોલકની જેમ ડોલતું રહે છે. આ મુદ્રામાં અર્થિંગ, ગુરુત્વાકર્ષણ અને મસ્તકનું સંતુલન સમત્વ સ્થાપિત કરે છે. પ્રાણ ઉર્જા પણ નીચેથી ઉપર સુધી સમશ્રેણીમાં ફરવા લાગે છે. નાડિયોનાં આધારે આ પ્રાણ ઉર્જા જ્યારે જ્યારે સ્થાનોમાં અટકીને આદાન-પ્રદાન, સંવર્ધન, આરોહણ અને અવરોહણ કરે છે એ સ્થાનોને ચક્ર નામ આપવામાં આવે છે. પ્રાણ ઉર્જા અને ચક્ર સ્થાનનાં સંતુલનમાં મંત્રાક્ષર અને એનો ધ્વનિ અને એનાથી ઉત્પન્ન થતો આકાર સહયોગ આપે છે. ઉભા રહીને કરવામાં આવતા લોગસ્સ યુકત કાયોત્સર્ગમાં આ વિધિ અભૂતપૂર્વ

સામંજસ્ય સ્થાપિત કરે છે.

(૨) **આસિત મુદ્રા** :- આ મુદ્રામાં સીધા જમીન ઉપર આસાન તથા પટ્ટાસન પર બેસવાનું હોય છે. બેસવા માટે પદ્માસન, અર્ધપદ્માસન અથવા સુખાસન એમ કોઇ પણ એક કરી શકાય છે. કરોડ રજ્જુ સીધુ, સરળ અને સ્વાભાવિક રહેવું જોઇએ. કમરનું પુરું વજન બેઠકમાં નિતંબ પર સંતુલિત રહેવું જોઇએ. બેઠકનાં આ હિસ્સામાં જ્ઞાનેદ્રિયની બહુ જ ઓછી નાડીઓ હોવાને લીધે સમતોલપણાની બહુ ખબર નથી પડતી. આવી સ્થિતિમાં પગનાં કોઇ પણ ભાગમાં વજન વધી જવાથી ધ્રુજારી અથવા ખાલીપણાની અનુભૂતિ થાય છે. જો બેઠકમાં સંતુલન રહ્યું હોય તો લાંબા સમય સુધી કોઇ પણ અવરોધ વગર વધારે લાંબો સમય સુધી બેસી શકાય છે.

(૩) **શયિત મુદ્રા** :- આ મુદ્રામાં સાધક પાથરણું પાથરી અથવા પાટા પર સીધો સૂઇ જાય છે. આખાયે શરીરને શિથિલ અને નિશ્ચલ રાખે. આ મુદ્રામાં બન્ને પગ અને બન્ને હાથ એક બીજા શરીરથી અલગ રહેવાં જોઇએ. જે સાધક સીધો નથી સૂઇ શકતો એ ડાબે કે જમણે કોઇ એક પડખે સૂઇ શકે છે. આને એક પાર્શ્વ શયન કહેવામાં આવે છે. આમાં એક પગને વાળી બીજો પગ એની ઉપર લંબાવી અને બન્ને હાથ મસ્તક તરફ લંબાવી શિથિલીકરણ કરવામાં આવે છે.

વત્સ! કાયોત્સર્ગનું આ વિધાન પંચમ આરાનાં ભાવી સાધકોને માટે આત્મોત્થાન, આત્મશાંતિ, આત્મશુધ્ધિ, ચિત્તશુધ્ધિ અને કર્મક્ષય માટેનું પરમધ્યેય બનીને રહેશે. લોગસ્સ સૂત્ર આલંબન યોગ રૂપે પૂરે પૂરો સહકાર આપશે. આ યાત્રા "લોગસ્સ ઉજ્જોયગરે" શબ્દ દ્વારા આપણે જે લોકમાં છે ત્યાંથી શરૂ થઇ આપણને "સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ" દ્વારા મોક્ષ સુધી પહોંચાડે છે. વર્તમાનમાં આપણી સિદ્ધાવસ્થા જે અપ્રગટ છે છતાં તેના પણ આવરણોને ખોલે છે. અનુભૂતિ દ્વારા આનંદની અભિવ્યક્તિ કરાવે છે. આત્મદર્શન અને પરમાત્મ દર્શનની પૂર્ણ આનંદિત અવસ્થામાં ''સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ'' શબ્દ દ્વારા ધ્યાતા, ધ્યાન અને ધ્યેયની એકતા થાય છે. આ એકતામાં સાધકનું પૂરે પૂરુ સમર્પણ હોય છે. તે પૂરેપૂરો આનંદ પ્રાપ્ત કરી શકે છે. લોગસ્સનાં પૂર્ણ વિરામ સાથે સાધકનો સંસાર વિરામ થાય છે. આવી સિદ્ધાવસ્થાને હું, તમે અને આપણે સહુ બહુ જ જલદી મેળવી શકીએ એવી શુભ કામના સાથે..!..!..!..!

## ૐ શાંતિ શાંતિ શાંતિ



# श्रद्धा से बोलो भक्ति से बोलो

लोगस्स सूत्रं — प्रणमामि नित्यं
वद्धांमि तीर्थं — वंद्धामि जिणं
सुकर्णं सुपर्णं — उद्धारं विशालम्
अवलोकनीयं — देदीप्यमानं
एकात्मध्यानं — सिद्धालोकतोषं
कल्पं विकल्पं — स्वयं कल्पवृक्षं
देवा पूजन्ती — त्व पाद पद्मम्म
सर्व भीति मुक्तम — स्व ध्यान युक्तम्
समदृष्टि क्षायिक — प्रखर ज्ञान रूपम्
बहिरंग त्यागी — चिद्धानंद लीनं
वंद्धामि नित्यं — प्रणमामि नित्यं
जय हो विजय हो — सदा सर्वत्रं
लोगस्स सूत्र — परमं पवित्रं

संसार सागर से पार करा दो
सिद्धा मुझे मम् सिद्धि दिलादो।

लोगस्स सूत्र — प्रणमामि नित्यं

